SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda

Call No. BL
1515
. M4A8 G.17462

HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

# અવસ્તા સાહિત્ય

[શમ્સ-ઉલ-ઉલમા દસ્તુરજી ડૉ. માણેકજી નસરવાનજી ધાલા એમ. એ; પીએચ. ડી; લીટ. ડી; ની પ્રસ્તાવના સાથે]

: કર્તા :

દસ્તુર કઇઓજી દસ્તુર પેશોતનજી મીરઝાં,

ઉદવાડા.

: પ્રકાશક :

મીરઝાંખુશરો એન્ડ કું. : પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ : જામનગર.

Mahajan
PURCHASED
Date 23-3-62
Initial
G. 17462
Rs. 3.00

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

TBL
1515
.M4A8

: સર્વ હક્ક કર્તાને સ્વાધીન :

આવૃત્તિ પહેલી
ય. ઝ. ૧૩૧૪
ઇ. સ. ૧૯૪૪

કિંમત રૂ. ત્રણ.

: મુદ્રક :
ફરામરોઝ પી. મીરઝાં,
પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,
જામનગર.



દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરઝાં

વડાદસ્તુરજી, ઉદવાડા.

: ગાદીનશીન :

રોજ ૧૯-૯-૧૨૦૮ ય. ઝ.

: જન્મ :

૧૧૮૯ ય. ઝ.; ૧૮૨૦ ઈ. સ.

: મરણ :

રોજ ૩૦-૩-૧૨૪૯ ય. ઝ.

મ્હારા પૂજ્ય વડિલો

દસ્તુર બરજોર કામદીન

અને

દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરઝાં

ને

માનપૂર્વક અર્પણ.

**વીસ્પ સ્ત્વાઓ જરથુશ્ત્રિ યજમઇદે.**

સઘળા જરથોશ્તી કલામોને હમો વખાણીએ છીએ.

# ખુલાસો.

ઈ. સ. ૧૯૪૦માં પ્રગટ થયલી મારી કેતાબ 'જરથોશ્તી વિષયો'ના દિબાચામાં, 'અવસ્તા સાહિત્ય' સંબંધી મારો એક વિષય તે ચોપડીમાં સમાવી શકાયલો નહિં હોવાથી તે એક જુદીજ ચોપડી રૂપે પ્રગટ કરવાનો મારો ઇરાદો મેં જણાવ્યો હતો. તે અનુસાર આ નાનકડી કેતાબ જરથોશ્તી કોમ સનમુખ રજુ કરવાની હું રજા લઉં છું.

આ ચોપડી માટે કોઈપણ જાતની અસલ્યાતનો દાવો કરવામાં આવતો નથી. આ ચોપડી પ્રગટ કરવાની મૂળનેમ અવસ્તા સાહિત્યનો ટૂંક ઇતિહાસ અને હૈયાત અવસ્તા લખાણોની ટૂંક વિગતો સાદી અને સરળ ભાષામાં, જરથોશ્તી પ્રજા સનમુખ રજુ કરવાની છે. જરથોશ્તી વાચકો પોતાનાં ધર્મનું સાહિત્ય કેટલું અને કેવું હતું અને હાલે તે સાહિત્ય કેટલું અને કેવું છે, તેનો ઝાંખો ખ્યાલ આ ચોપડી ઉપરથી મેળવી શકશે તો મારી મહેનત સફળ થયલી સમજીશ.

આ ચોપડી તૈયાર કરવા માટે મેં અનેક વિદ્વાન લેખકોનાં પુસ્તકોની મદદ લીધી છે. ખાસ કરીને મારા પૂજ્ય ઉસ્તાદ સાહેબ, મુંબઈની મુલ્લાં ફીરોઝ મદ્રેસાનાં પ્રીન્સીપાલ, મરહુમ વિદ્વાન એર્વદ કાવસજી એદલજી કાંગાનાં અવસ્તાના તરજુમાનાં પુસ્તકોનો મેં મોટો આધાર લીધો છે, આ ચોપડીમાં જે અવસ્તાના ફકરાઓ રજુ કર્યા છે તે પણ એજ પુસ્તકોમાંથી—કોઈક જગ્યાએ સરળતાને ખાતર એબારતનાં સ્હેજ ફેરફાર સાથે-લેવામાં આવ્યા છે. આ રીતે જે જે પુસ્તકોની મેં મદદ લીધી છે, તેનાં વિદ્વાન લેખકોનો આભાર હું માનસહિત કબુલ રાખું છું.

આ પુસ્તકની પ્રસ્તાવના મારા માનવંત મિત્ર, વિદ્વાન વડા દસ્તુરજી સાહેબ સમ્શ-ઉલ-ઉલમા ડૉ. માણેકજી નશરવાનજી ધાલા, એમ. એ; પીએચ. ડી; લીટ. ડી., એ લખી આપવાની મહેરબાની કીધી છે, તે માટે એ માનવંત દસ્તુરજીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

મીરઝાં સ્ટ્રીટ,
ઉદવાડા.
રોજ ૩—૨—૧૩૧૪

**ફઈઓજી દસ્તુર પેશોતનજી મીરઝાં**

## અનુક્રમણિકા.


| | | વિષય | પાના |
|---|---|---|---|
| | | અર્પણ પત્રિકા | ... |
| | | ખુલાસો | ... |
| | | અનુક્રમણિકા | ... |
| | | પ્રસ્તાવના | ... |
| | | જીવનચરિત્રો | ... |
| | | દીબાચો | ... |
| પ્રકરણ | ૧ | અવસ્તા-જંદ-પાજંદ | ૧ |
| ,, | ૨ | અવસ્તા સાહિત્યનો ટૂંક ઇતિહાસ | ૫ |
| ,, | ૩ | દીનકર્દ પ્રમાણે અવસ્તાના ૨૧ નસ્કો | ૩૦ |
| ,, | ૪ | હૈયાત અવસ્તા સાહિત્ય | ૪૦ |
| ,, | ૫ | ગાથા સાહિત્ય | ૪૨ |
| ,, | ૬ | વંદિદાદ | ૭૩ |
| ,, | ૭ | યજશ્ન | ૯૪ |
| ,, | ૮ | વીસ્પરદ | ૧૧૩ |
| ,, | ૯ | યશ્ત સાહિત્ય | ૧૨૦ |
| ,, | ૧૦ | ખોરદેહ અવસ્તા | ૧૪૨ |
| ,, | ૧૧ | અવસ્તાના છુટા ભાગો | ૧૪૯ |


## પ્રસ્તાવના.

વિદ્વાન દસ્તુરજી સાહેબ કઇઓજી દસ્તુર પેશોતનજી મીરઝાંની કસાયલી કલમથી લખાયલા લેખો, તેના જ્ઞાની વિચારો, શુદ્ધ ભાષા અને સુંદર શૈલીને લીધે હંમેશ વાંચવા અને અભ્યાસ કરવા જોગ હોય છે. હાલ પોતાની બુઝર્ગ વયે તેમણે આપણા ધર્મનાં પવિત્ર સાહિત્યની તવારિખની સંક્ષેપમાં સમજણ આપનારૂં 'અવસ્તા સાહિત્ય' નામનું દોઢસોથી વધુ પાનાનું પુસ્તક પ્રગટ કરી જરથોસ્તી ધર્મનાં ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં સાહિત્યમાં કિંમતી ફાળો આપ્યો છે.

આપણા ધર્મની સર્વથી પુરાતન ભાષા તે અવસ્તા છે. પાછળથી જ્યારે તે વપરાતી બંધ પડી ત્યારે પહેલવી ભાષામાં થયલા તેના તરજુમા તથા શરેહને જંદ કહે છે. આપણા ન્યાગાનો તેને 'અવસ્તા વ જંદ' તરીકે ઓળખાવતા, યાને જેમ આપણે આજે 'ખોર્દેહ અવસ્તા બા માએની' યાને 'માએની સાથની ખોર્દેહ અવસ્તા' બોલીએ છીએ, તેમ એનો અર્થ એ થતો કે 'શરેહ સાથના અવસ્તા.' તે ઉપરથી 'જંદ અવસ્તા' લખવા બોલવાનો મહાવરો પડતાં જંદને પણ ભાષા તરીકે સમજવાની ભૂલ ચાલુ થઇ. છેલ્લા થોડાક દાયકાથી તે દૂર થવા પામી છે, છતાં હજી ઘણાંકો એવી ભૂલથી ભોળવાય છે. આ માટે અવસ્તા અને જંદ શબ્દોની વ્યાખ્યા આપી માનવંત દસ્તુરજી તેની ખરી હકીકત સમજાવે છે.

સાસાનીઅન જમાનાથી આજ સુધી ભણુતર ક્રિયામાં અવસ્તા અને પાજંદ એવી બે ભાષાઓનો આપણે ઉપયોગ કરીએ છીએ. અવસ્તા ભાષા સમજાતી બંધ પડતાં એમાં રચાયેલાં અસલ ભણુતરની જોડેજોડ, તેની પુરવણી, વધારા તરીકે તે વખતની પાજંદ નામની નવી સમજાતી ભાષામાં વધારાના નવાં ભણતરો રચવામાં આવે છે. તેની અક્કલપસંદ સમજણ અત્રે આપવામાં આવી છે.

જરથોસ્તી ધર્મની પુરાતન પવિત્ર ભાષાઓની તવારિખ આપવા ઉપરાંત, જરથોસ્તી ધર્મની તવારિખ અને સાથે સાથે જરથોસ્તી ધર્મ સાહિત્યના અભ્યાસની તવારિખ વાચક વર્ગ સનમુખ રજુ કરવામાં આવી છે.

તમામ અવસ્તા સાહિત્ય શરૂઆતમાં કેટલું હતું, તેની પૂરતી વિગત આપ્યા પછી જમાનાની ગીરદેશીએ તારાજ થતાં હાલમાં આપણા વચ્ચે બચી રહેલાં ઇજશ્ને, વંદિદાદ, વીસ્પરદ, યશ્તો, ખોર્દેહ અવસ્તા તથા છૂટા છવાયા મળતા અવસ્તા ફકરાઓની સામાન્ય હકીકત આપવામાં આવી છે, તેમ કરતાં ગાથાથી માંડીને તમામ અવસ્તા ભણતરોમાં શું શું બાબતોનો સમાવેશ થાય છે તેથી વાંચનારને વાકેફ કરવામાં આવે છે.

'અવસ્તા સાહિત્ય' નામનું આ પુસ્તક વાંચી રહેતાં એક જરથોસ્તી પોતાના ધર્મનાં તમામ મોજુદ અવસ્તા સાહિત્યનો આબેહૂબ ચિતાર પોતાની નજર સામે ખડો થતો જોઇ શકે છેઃ પોતાની રોજીંદી બંદગીઓમાં તે શું ભણે છે તથા પોતાનાં ઘરમાં થતી નાની ક્રિયાઓ યા આતશકદેહોમાં થતી મોટી ક્રિયાઓ વખતે કયાં ભણતરો, કઇ ભાષામાં ભણાય છે તે સઘળાંની સરસ અને સંતોષકારક માહિતગારી આ પુસ્તક મારફતે તે મેળવી શકે છે.

કોમની ધાર્મિક રાહબરી માટે વયોવૃદ્ધ દસ્તુરજી સાહેબે આ પુસ્તક મારફતે કરેલો પ્રયાસ વખાણને પાત્ર છે. આપણાં પવિત્ર ધર્મ સાહિત્યની એવી કિંમતી સેવા બજાવવા માટે દાદાર અહુરમજ્દ તંદરોસ્તીની હજાર ન્યામતો સાથની એમને ઉમરદરાઝી બખશે એવી આપણી દુઆ એમને આમીન.

**માણેકજી નસરવાનજી ધાલા.**



## દસ્તુર બરજોર કામદીન.

ઇ. સ. ૧૪૭૮–૧૭૭૩ માં હિંદુસ્તાનના જરથોશ્તીઓએ ધર્મ સંબંધી સવાલો ઇરાનના દસ્તુરોને પૂછાવ્યા હતા; અને ઇરાનના દસ્તુરોએ તેના જવાબો આપ્યા હતા. આ સવાલ જવાબોનાં લખાણો ફારસી રેવાયતોને નામે ઓળખાય છે.[1] આ રેવાયત સાહિત્ય સાથે જે ભણેલા લેખકોનાં નામો જોડાયલાં છે તેમાં દસ્તુર બરજોર કામદીન અગત્યની જગ્યા રોકે છે.

શ્રી ઇરાનશાહ આતશબહેરામ સાહેબને વાંસદાથી નવસારી લઇ જવામાં આવ્યા ત્યારે તેની ખીદમતમાં સંજાણા ટોળાના ત્રણ દસ્તુરો–નાગન રામ, ખુરશેદ કામદીન અને ચાઇઆ શહીયાર–હતા એમ કીસ્સે-સંજાન જણાવે છે. આ ત્રણ દસ્તુરો માહેલા પહેલા દસ્તુર નાગન રામના વંશથી દસ્તુર બરજોર કામદીન ઉતરી આવ્યા છે. કીસ્સે સંજાનના લખનાર દસ્તુર બહમન કૈકોબાદ, તેમજ રેવાયત સાહિત્યના બીજા જાણીતા લેખકો દસ્તુર દારાબ હોરમઝદીઆર અને હોરમઝદીઆર ફરામરોઝ પણ એજ કુટુંબના સભાસદો અને દસ્તુર બરજોર કામદીનના નજદીકના ખેશાઓ થાય છે.[2] ઉદવાડાના સંજાના ટોળાના મીરઝાં, માકુજીના, અને શહેરીઆરજીના અથોરનાન કુટુંબો દસ્તુર બરજોર કામદીનથી ઉતરી આવ્યાં છે.

દસ્તુર બરજોરનો જન્મ કયાં વર્ષમાં થયો હતો તે માલુમ પડતું નથી; પરંતુ તેઓ ઈ. સ. સત્તરમી સદીમાં હૈયાતી ભોગવી ગયા હતા એમ તેમની કારકીર્દિની નોંધો ઉપરથી માલુમ પડે છે.

દસ્તુર બરજોર ફારસી ભાષાનું ઉંડુ જ્ઞાન ધરાવતા હતા. ઇ. સ. સત્તરમી સદીમાં હિંદુસ્તાનના જરથોસ્તીઓને ઇરાનના દસ્તુરો સાથે ધર્મ સંબંધી સવાલ જવાબ થયા હતા તેમાં દસ્તુર બરજોર કામદીને ઉત્સાહભર્યો ભાગ લીધો હતો. ઇ. સ. ૧૬૨૬ અને ૧૬૨૭ની બહમન અસફનદીયારની રેવાયતો તેમજ ઈ. સ. ૧૬૭૦ની રૂસ્તમ ખોરશેદ અસફનદીયારની રેવાયતમાં હિંદુસ્તાનના બીજા દસ્તુરો સાથે દસ્તુર બરજોર કામદીનનું નામ લખાયેલું મળે છે.[3]

---

૧ જુઓ, આ ચોપડીના પાના ૧૭-૧૮.

૨ ડો. સર જી. જ. મોદી, Dastur Bahman Kaikobad and the Kisseh-i-Sanjan, p. 7; Darab Hormazyar's Rivayat, edited by Ervad M. R. Unvala, Introduction by J. J. Modi, pp. 24.55, 56.

3 એર્વદ બ. ન. ધાભર, Persian Rivayats of Hormazyar Framarz, pp. lxi, lxii, lxiii, 591, 592, 625.

ઇરાનથી જુદે જુદે વખતે આવેલી રેવાયતોનો સંગ્રહ કરવાનું તેમજ તેની નકલો કરવાનું કામ ઈ. સ. ૧૬૩૭–૩૮ માં દસ્તુર બરજોર કામદીને બજાવ્યું હતું, કે જે સંગ્રહ Dastur Barzo Kamdin's Collective Rivayat નાં નામથી ઓળખાય છે. આ ઉપરાંત, ઇરાનથી આવેલી રેવાયતોમાં જુદી જુદી બાબદો વિષે લખાણો મળે છે તે લખાણોનું વર્ગીકરણ (classification) કરી, દરેક બાબદ વિષે જુદી જુદી રેવાયતોમાં મળતાં લખાણો બાબદવાર ગોઠવી તેનો સંગ્રહ દસ્તુર બરજોર કામદીને કર્યો હતો. આ સંગ્રહ Dastur Barzo Kamdin's Classified Rivayat ને નામે ઓળખાય છે.[1]

ઇ. સ. ૧૬૪૬ માં દસ્તુર બરજોર કામદીને બહેરામ મહેરવાન યજદી નામના ઇરિનીને ઇરાન મોકલી ધર્મ સંબંધી કેટલાક સવાલો યજદ, કેરમાન અને ઇસફાહાનના દસ્તુરોને પૂછાવ્યા હતા; તેના જવાબો ઇરાનના દસ્તુરોએ આપ્યા હતા. આ સવાલ જવાબોનાં લખાણો 'દસ્તુર બરજોર કામદીનની રેવાયત'ને નામે ઓળખાય છે.[2]

દસ્તુર બરજોર કામદીને ફારસી ભાષાનો ઉંડો અભ્યાસ કર્યો હતો. તે ઉપરાંત અવસ્તા અને પહેલવીનું જ્ઞાન પણ તેઓ ધરાવતા હતા. સત્તરમી સદીનાં એક વિદ્વાન દસ્તુર તરીકે દસ્તુર બરજોર કામદીન જાણીતા હતા.

ઇ. સ. ૧૬૫૦ ના આરસામાં શેખ મહમદ મોહસન ફાનીએ લખેલી 'દબેસ્તાન' કેતાબમાં અશો જરથુશ્ત્રની જન્મભૂમિના સંબંધમાં 'નવસારીનાં બરજો'નો અભિપ્રાય ટાંકવામાં આવ્યો છે. પ્રૉ. શા. હો. હોડીવાલા અને ડૉ. સર જી. જ. મોદીએ દેખાડયું છે કે આ 'નવસારીના બરજો' તે પ્રખ્યાત દસ્તુર બરજોર કામદીન છે.[3]

---

૧ ડૉ. સર જી. જ. મોદી, Darab Hormazyar's Rivayat, Introduction, pp. 5-13, 18.

૨ એર્વદ ધાભરનું ઉપલું પુસ્તક, pp. lxii, 610, 611.

૩ પ્રૉ. શા. હો. હોડીવાલા, Studies in Parsi History, p. 93; ડૉ. જી. જ. મોદી, Cama Oriental Institute Papers, pp. 203-205, દબેસ્તાનમાં "બરજો" ને બદલે "તરરઉ" શબ્દ મળે છે. ફારસીમાં એ બંને શબ્દો એકસરખા અક્ષરોથી લખાય છે, તેથી આ ભૂલ થવા પામી છે. એ વિષે જુઓ, પ્રૉ. હોડીવાલા અને ડૉ. જી. જ. મોદીના ઉપલાંજ પુસ્તકો.



ઈ. સ. ૧૬૭૫ માં અથોરનાન કવિ મોબેદ રૂસ્તમ પેશુતન હમજીયાર પોતાનાં ગુજરાતી કાવ્યમાં રચેલાં જરથોસ્તનામામાં 'દસ્તુર બરજોર'ને પોતાના ગુરૂ તરીકે ઓળખાવે છે. શેઠ બહેરામગોર અંકલેસરીઆએ દેખાડયું છે કે કવિ રૂસ્તમના ગુરૂ 'દસ્તુર બરજોર' તે જાણીતા દસ્તુર બરજોર કામદીન છે.[1]

કવિ મોબેદ રૂસ્તમ વિષે શેઠ બહેરામગોર વધુમાં જણાવે છે કે:

'કવિનાં રચેલાં 'જરથોશ્ત નામું,' 'સ્યાવશ નામું' અને 'વીરાફ નામું' એ ત્રણે કાવ્યો ખુદ કવિએ આપેલાં પોતાનાં નામ અને ઓળખ ઉપરથી દીસે છે કે.......... કવિના ગુરૂ 'દસ્તુર બરજોર' નામે હતા, જેમના હાથ તલે કવિ 'જંદ અવસ્તા' અને 'વીરાફ' પઢયા હત; પોતાના ગુરૂ તરફની ફર્જ અદા કરવા કાજે, કવિએ 'વીરાફ'નો 'પ્રાકૃત' યાને ગુજરાતી તર્જુમો પ્રગટ કીધો હતો.'[2]

કવિ રૂસ્તમ પોતાના ગુરૂ દસ્તુર બરજોર વિષે પોતાનાં 'અરદાવીરાફ નામાં'માં લખે છે કે:

એ જંદ અવશતા શીધ ગૂર આગલ જાંણી,
અખરે અખર ભલી મંન ચંતાને આંહાંની.
દશતૂર બરજોર આગલ ભણેઓ વીરાફ,
તિણિ ભણાવી અરથ કરાવી મંન કીધૂ શાફ.
તે ગૂર ગનેઆંનીથી મિ શરવે ભેદજ લેહેઓ,
તે ગૂર ચરણથી હૂ શીધ શેવક થાએઓ.[3]

દસ્તુર બરજોર કામદીન રોજ ૩૦-૧૦-૧૦૪૫ ય. ઝ. (૧૬૭૬ ઈ. સ.) ને દીને બહેસ્તનશીન થયા હતા.

---

૧ શેઠ બે. તે. અંકલેસરીઆ, મોબેદ રૂસ્તમ પેશુતન હમજીઆરનું જરથોશતનામું, પ્રસ્તાવના, પાના ૧૯–૨૦

૨ ઉપલુંજ પુસ્તક, પ્રસ્તાવના, પાનું ૩

૩ ,, ,, ,, ,, ૨

## દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરઝાં.

દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરઝાંનો જન્મ ઇ. સ. ૧૮૨૦ માં ઉદવાડા ખાતે થયો હતો. પોતાના પિતાજી દસ્તુર રૂસ્તમજી ટેમુલજી મીરઝાંનાં હાથ હેઠળ શરૂઆતની કેળવણી, ફારસી ભાષા અને જ્યોતિષવિદ્યા વિગેરેની તાલીમ લીધી હતી અને માત્ર ૧૯ વર્ષની નાની વયે દસ્તુરી ગાદી ઉપર બિરાજમાન થયા હતા. દસ્તુર બરજોરજી વિદ્યા મેળવવા બહુ આતુર હોવાથી તેઓએ દસ્તુરીપદ ઉપર આવ્યા પછી પણ દમણ ખાતે વિદ્વાન મોબેદ ફરદુનજી મર્ઝબાનજી પાસે રહી ધર્મકેળવણી અને ફારસી ભાષાનો અભ્યાસ કરવા ઉપરાંત હકીમાનું પણ અચ્છું જ્ઞાન મેળવ્યું હતું. મરહુમ ફરદુનજી સાહેબ પોતાના આ ચંચળ ચેલા ઉપર અનહદ લાગણી ધરાવતા હતા અને પોતાનાં વીલમાં પણ પોતાનાં વારસોને ફરમાવી ગયા હતા કે: 'બરજોરજીને હરેક પાંતીએ મદદ આપજો.'[1]

મોબેદ ફરદુનજીના મરણ બાદ દસ્તુર બરજોરજીએ ઉદવાડામાં રહી ત્યાં હકીમું શરૂ કર્યું હતું. નાતજાતનાં તફાવત વિના તેઓ સર્વેની મફત સારવાર કરતા હતા; જનસેવાનાં એ કાર્યથી હજારો દર્દીઓનાં આશિષો મેળવ્યા હતા. દસ્તુર બરજોરજીએ હકીમાની તાલીમ પોતાનાં વડા બેટા એર્વદ ટહેમુલજી મીરઝાંને પણ આપી હતી અને તેઓએ પણ પોતાના પિતાજીને પગલે ચાલી હજારો દર્દીઓના આશિષ મેળવ્યા હતા.[2]

ઉદવાડાના જવાન અથોરનાનોને ફારસી ભાષા શિખાડવા એક ફારસી મકતબ દસ્તુર બરજોરજીએ ચાલુ કીધી હતી. તેનો ઘણાક જવાનોએ લાભ લીધો હતો.[3]

ઈ. સ. ૧૮૬૩ માં જરથોસ્તી ધર્મનાં વિદ્વાન અભ્યાસીઓ ડૉ. માર્ટીન હાઉગ અને સમ્શ-ઉલ-ઉલમા દસ્તુરજી હોશંગજી જામાસ્પ આશા ધર્મને લગતાં જૂનાં પુસ્તકોની શોધ કરવા પ્રવાસે નીકળ્યા હતા, ત્યારે તેઓને દસ્તુર બરજોરજીએ પોતાના કેતાબખાનામાંથી દારાબ હોરમઝદીયારની રેવાયતનો જૂનો હસ્તલેખ ભેટ આપ્યો હતો.[4]

---

૧ શેઠ કેકોબાદ બે. મર્ઝબાન, ફરદુનજી મર્ઝબાનજી, પા. ૧૩૪
૨ શેઠ શાપુરજી કા. હોડીવાલા, પાક ઇરાનશાહની તવારિખ, પા. ૫૯૭
૩ ,, ,, ,,
૪ બ. બે. પટેલ, પારસી પ્રકાશ, દફતર, ૨, પા. ૮૧



ઉદવાડા અંજુમનના કારોબારમાં એમનો અગત્યનો હિસ્સો હતો અને એમનાજ અમલમાં શેઠ માણેકજી કાવસજી દમણવાલાની આગેવાની અને સરદારી હેઠળ ઇ. સ. ૧૮૬૩ માં અંજુમનનું બંધારણ હસ્તીમાં આવ્યું હતું.

ઇ. સ. ૧૮૬૫ માં 'ધી નેટીવ જનરલ લાયબ્રેરી' સ્થાપવામાં દસ્તુર બરજોરજીએ બીજાઓ સાથે આગેવાન ભાગ લીધો હતો. એ લાયબ્રેરીનાં મેમ્બરોને દર માસે ભેગા કરી દસ્તુર બરજોરજી જુદા જુદા વિદ્વતાભર્યા વિષયો રજુ કરી ઉદવાડીયાઓમાં જ્ઞાનનો ફેલાવો કરવાના પ્રયત્નો કરતા હતા.

ઈ. સ. ૧૮૭૪ માં પુનાવાસી શેઠ દોરાબજી ઘાસવાલાએ ઉદવાડામાં ચાલુ કીધેલી અંગ્રેજી સ્કૂલનો વહિવટ દસ્તુર બરજોરજી હસ્તક હતો; અને એ સ્કૂલને ફત્તેહમંદ બનાવી ઉદવાડીયાઓમાં અંગ્રેજી કેળવણીનો ફેલાવો કરવા જહેમત ઉઠાવી હતી.

દસ્તુર બરજોરજી રોજ ૩૦ માહ ૩, ૧૨૪૯ ય. ઝ; તા. ૧૮-૧૨-૧૮૭૯ ને દિને ૫૯ વર્ષની વયે બહેસ્તનશીન થયા હતા.

## દીબાચો.

**સાહિત્ય-પ્રજાની કિંમતી મીરાસ:** સાહિત્ય એ એક પ્રજાની કિંમતી મીરાસ છે. એક દેશ કે પ્રજાની ભાષા, ધર્મ, તવારિખ, સંસ્કૃતિ, આચાર વિચાર, રીતરિવાજો વિગેરે અનેક વિગતો તે પ્રજાનાં સાહિત્યમાંથી મળી શકે છે. એક પ્રજાનું સાહિત્ય તે પ્રજા ઉપર તેમજ તે સાહિત્યનાં સમાગમમાં આવતી બીજી પ્રજાઓ ઉપર ઘણી અસર કરી શકે છે. આ સબબથીજ ઘણીક વખતે એક પ્રજાનું સાહિત્ય અનેક પ્રજાઓનાં આચાર વિચારમાં અસાધારણ ફેરફારો ઉત્પન્ન કરી શકે છે. એક પ્રજાનાં સાહિત્યમાં મળતી મહાન પૂર્વજોનાં ઉમદા કાર્યોની વિગતો લોકોને તેવાંજ ઉમદા કાર્યો કરવાની ભલી પ્રેરણા આપે છે. એક પ્રજાનું ઉમદા સાહિત્ય તે પ્રજાને ઉમદા અને વિચારશીલ બનાવે છે. એક પ્રજાનું સાહિત્ય તેનાં ચારિત્રનાં ઘડતરમાં, તેની સંસ્કૃતિની ખિલવણીમાં અને તેનાં સમાજની ઉન્નતિમાં મુખ્ય હીસ્સો આપે છે. ગોયા સાહિત્ય એ એક પ્રજાનો આત્મા છે. આ રીતે પ્રજાનાં જીવનમાં સાહિત્ય ઘણો અગત્યનો ભાગ ભજવે છે; અને તેથીજ સાહિત્ય એ એક પ્રજાની અમૂલ્ય મીરાસ ગણાય છે.

**ધર્મ-સાહિત્ય:** ધર્મને સાહિત્ય સાથે ઘણો ઘાડો સંબંધ હોય છે. એક પ્રજાની સંસ્કૃતિમાં ધર્મ જેટલો અગત્યનો ભાગ ભજવે છે, તેટલુંજ અગત્યનું સ્થાન સાહિત્ય ધરાવે છે. લગભગ તમામ પ્રજાઓનાં સાહિત્યની શરૂઆત ધર્મથીજ થઈ છે; એટલે લગભગ દરેક પ્રજાનું જૂનાંમાં જૂનું સાહિત્ય તે તેનું ધાર્મિક સાહિત્ય છે. ઇરાની, જરથોસ્તી અથવા પારસી સાહિત્યનો જૂનામાં જૂનો ભાગ તે અશો જરથુશ્ત્રનાં પાંચ ગાથાઓ અને ત્યાર પછીના અવસ્તા લખાણો છે. આ રીતે ઇરાની સાહિત્યની શરૂઆતજ ગાથા અને બીજાં ધાર્મિક લખાણોથી થઇ છે. તેજ પ્રમાણે હિંદુઓનાં સાહિત્યનો જૂનામાં જૂનો ભાગ તે તેમનાં વેદના ધાર્મિક લખાણો છે, એટલે હિંદુ સાહિત્યની શરૂઆત પણ તેનાં ધાર્મિક સાહિત્યથીજ થઇ છે. અને એજ પ્રમાણે બીજી અનેક પ્રજાઓનાં સાહિત્યના સંબંધમાં બન્યું છે. આ રીતે સાહિત્યની તવારિખમાં ધર્મ અને ધાર્મિક લખાણો ઘણો અગત્યનો ભાગ ભજવે છે અને ધર્મ તથા સાહિત્ય ઘણો નિકટ સંબંધ ધરાવે છે.



**અસલી લખાણો:** લખવાની કળાની શોધ થવા અગાઉ ધાર્મિક અને તવારિખી બાબદો વંશપરંપરા ઉતરતી આવતી. બાપ પોતાનાં બેટાને તે બાબદો શિખાડતો અને આ રીતે અનેક જાતની દંતકથાઓ, ગાયનો, ખ્યાલો, ભજનો વિગેરેનાં આકારમાં ધાર્મિક અને તવારિખી બાબદો પ્રજામાં જળવાઇ રહેતી અને તેનો પ્રચાર થતો. લખવાની કળાની શોધ પછી દરેક પ્રજા પોતાની ધાર્મિક તેમજ તવારિખી બાબદોને લખાણનાં આકારમાં —પદ્યમાં કે ગદ્યમાં—જાળવી રાખવા લાગી. પ્રથમ એવાં લખાણો જુદી જુદી તરેહવાર વસ્તુઓ ઉપર લખાવા લાગ્યાં. અસલી એસીરીયન પ્રજા ઇંટો ઉપર પોતાનાં લખાણો લખતી અને તેમનાં પુસ્તકખાનાઓમાં એવી ઇંટોનો સંગ્રહ રહેતો.[1] આ ઉપરાંત ગાયઢોરનાં ચામડાં, ઝાડનાં પાંદડાં, ઝાડનીછાલ, માટી, પત્થર વિગેરે પદાર્થો ઉપર લખવાની રૂઢી પણ અનેક અસલી પ્રજાઓમાં ચાલુ હતી. અસલી પ્રજાઓનાં પાદશાહો પોતાની યાદગાર ફતેહની નોંધ પહાડો ઉપર, મહેલોનાં સ્થંભો ઉપર કે ધાતુના પત્રાંઓ ઉપર કોતરાવતા.

**અસલી ઇરાની લખાણો:** અસલી ઇરાની હખામનિયન શહેનશાહો પોતાની ફતેહની નોંધો પહાડ ઉપર કોતરાવતા હતા, તેનાં અનેક દાખલાઓ મળે છે. આ ઉપરાંત એજ હખામનિયન શહેનશાહોનાં સોનાનાં અને રૂપાંનાં પત્રાં ઉપરનાં લેખો પણ હાલમાં શોધી કાઢવામાં આવ્યા છે. 'શત્રોઇહા-એ અઇરાન' નામની પહેલવી કેતાબ જણાવે છે કે શાહ ગુસ્તાસ્પના હુકમથી દીનને લગતાં લખાણો સોનાની તખ્તીઓ ઉપર લખવામાં આવ્યાં હતાં.[2] આ ઉપરાંત ધર્મને લગતાં લખાણો મુખ્યત્વે ઢોરોનાં ચામડાંનાં બનાવેલાં 'ચર્મપત્ર' ઉપર લખવામાં આવતાં હતાં. 'અર્દાવિરાફનામું' જણાવે છે કે દીનના 'અવસ્તા અને ઝંદનાં પુસ્તકો ગાયના ચામડાંઓ ઉપર સોનેરી સાહીથી' લખવામાં આવ્યાં હતાં.[3] અર્દશીર બાબકાનનાં સમયમાં તેનાં વડા વઝીર અને વડા ધર્મગુરૂ દસ્તુર તનસરે તબરીસ્તાનના પાદશાહ ઉપર લખેલા પત્રમાં પણ જરથોસ્તી ધર્મપુસ્તકોનાં ચર્મપત્રની વિગત મળે છે.[4] આ ઉપરાંત અરબી લખનારાઓ પ્રમાણે પણ અસલી ઇરાનીઓ પોતાનાં ધર્મપુસ્તકો ચર્મપત્રો ઉપર લખતા હતા.

---

૧ ડૉ. જી. જ. મોદી, શત્રોઈઆ—એ અઇરાન, પા. ૫૫

૨ ડૉ. જી. જ. મોદી, ઇરાની વિષયો, ભાગ ૩, પા. ૧૧૨

૩ દસ્તુરજી કેખશરૂ જામાસ્પઆશા, અરદાવીરાફ નામુ, પા. ૧

૪ ડૉ. જી. જ. મોદી, ઇરાની વિષયો, ભાગ ૩, પા. ૧૩૫

**જરથોશ્તી ધર્મસાહિત્ય** : જરથોશ્તી ધર્મને લગતું સાહિત્ય અનેક ભાષાઓમાં લખાયલું છે. ધર્મ એ એક એવો વિષય છે કે જે શ્રીમંત અને ગરીબ, ખાસ અને આમને માટે એકસરખી અગત્યતા ધરાવે છે. એક પ્રજા પોતાનાં ધર્મની વિગતો જાણવા માગે તો તે મુખ્યત્વે તે પ્રજાને સમજાતી ભાષામાં લખાયલી હોવી જોઇએ અને તેથી અમુક સંજોગો અનુસાર જેમ પ્રજાની ભાષા ફેરવાય તેમ તેના ધર્મનાં ફરમાનો દર્શાવનારાં સાહિત્ય-તે પ્રજાનાં ધર્મસાહિત્ય-ની ભાષા પણ બદલાવા પામે. તેવીજરીતે જેમ જેમ ઇરાની પ્રજાની ભાષામાં ફેરફાર થવા પામ્યા તેમ તેમ તે ફેરવાયલી નવી નવી ભાષાઓમાં ઇરાની ધર્મને લગતાં પુસ્તકો લખાવા પામ્યાં. ઇરાની પ્રજાએ પોતાના ઇતિહાસના જુદા જુદા તબક્કામાં અવસ્તા, પહેલવી, પાજંદ અને ફારસી ભાષાઓનો પોતાની માતૃભાષા તરીકે ઉપયોગ કર્યો છે; અને તેથી ઇરાની પ્રજાનું ધર્મસાહિત્ય પણ ઇતિહાસના જુદા જુદા તબક્કાઓમાં ઉપલી ભાષાઓમાં લખાયલું મળે છે. પારસીઓએ હિંદુસ્તાનમાં આવી ગુજરાતીને પોતાની માતૃભાષા બનાવી તેથી, અને તે સાથે આજે કોમનો મોટો ભાગ અંગ્રેજી ભાષાથી પણ માહિતગાર હોવાથી જરથોશ્તી ધર્મને લગતું સાહિત્ય ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમાં લખાવા લાગ્યું. તે ઉપરાંત યુરોપના નામાંકિત વિદ્વાનોએ જરથોશ્તી ધર્મસાહિત્ય તથા ઇરાની તવારિખનાં કિંમતી પુસ્તકો અનેક યુરોપ્યન ભાષાઓમાં છપાવી બહાર પાડયાં.

**અવસ્તા સાહિત્યની અગત્યતા** : આ રીતે અશો જરથુસ્ત્રના જમાના પછી જરથોસ્તીધર્મને લગતાં જુદી જુદી ભાષાઓમાં લખાયલાં આ ધર્મ-સંબંધી લખાણોનો મૂળ આધાર અસલ અવસ્તા લખાણોજ હોવાં જોઇએ. છતાં પણ જરથોસ્તીધર્મનાં મૂળ પુસ્તકોનાં શિક્ષણોમાં અને વિચારોમાં વખતનાં વહેવા સાથે સંજોગો અનુસાર ફેરફારો અને સુધારાવધારા થયલા આપણે જોઇએ છીએ. જરથોસ્તી ધર્મસાહિત્યમાં ગાથાનાં લખાણો સર્વથી પુરાતન અને અશો જરથુસ્ત્રનાં પોતાનાં લખાણો હોવાથી તેમાં અશો જરથુશ્ત્રનાં પોતાનાં શિક્ષણો તેની ખરી અસલ્યાત અને પવિત્રતામાં જળવાયલાં મળે છે; અને તેથીજ જરથોશ્તી ધર્મસાહિત્યમાં ગાથાનાં લખાણો સર્વથી ઉંચો દરજ્જો ભોગવે છે. ગાથાનાં લખાણો બાદ કરતાં જરથોશ્તી ધર્મનાં શિક્ષણો માટે બીજાં અવસ્તા લખાણો પણ ખાસ અગત્યના ગણાય છે. જ્યાં સુધી ગાથા સિવાયનાં અવસ્તા લખાણો ગાથાનાં શિક્ષણની મૂળ નેમ,



રહસ્ય (Spirit) ને મળતાં હોય અને ગાથાનાં રહસ્ય, મૂળ વિચારથી જુદાં પડતાં નહિં હોય; ત્યાંસુધી તે લખાણો જરથોશ્તીધર્મનાં ફરમાનો માટે સત્તાદાર ગણી શકાય. તેજ પ્રમાણે પહેલવી, પાજંદ, તેમજ ફારસી પુસ્તકોનાં સાહિત્યમાં સમાયલાં ધાર્મિક ફરમાનો જ્યાંસુધી અવસ્તાનાં અસલ લખાણોનાં રહસ્યની વિરૂદ્ધ જતાં નહિં હોય ત્યાંસુધી જરથોશ્તી ધર્મનાં સિદ્ધાંતો ગણી શકાય.

**અસલ અવસ્તા સાહિત્યનો વિસ્તાર** : અશો જરથુશ્ત્ર, જરથોશ્તી ધર્મ અને જરથોશ્તી ધર્મસાહિત્યને લગતી વિગતો ઘણીક પ્રજાઓનાં જૂના સાહિત્યમાં માલમ પડે છે. ગ્રીક, રોમન, આરમેન્યન અને મહોમેદન લખનારાઓ જરથોસ્તી ધર્મ અને જરથોસ્તી ધર્મસાહિત્યની વિગતો પોતાનાં લખાણોમાં આપી જાય છે. તે ઉપરથી માલમ પડે છે કે અશો જરથુશ્ત્ર અને તેમના બુલંદ મજદયસ્નીધર્મની વિખ્યાતી ઘણા જૂના જમાનામાં પણ તે વખતની દુનિયામાં ફેલાયલી હતી. દીનકર્દમાં અવસ્તાનાં લખાણોનો ટૂંક સાર આપવામાં આવ્યો છે તે ઉપરથી અસલ અવસ્તા સાહિત્ય ઘણો મોટો વિસ્તાર ધરાવતું હોવું જોઇએ, એમ આપણને સ્હેજે માલમ પડે છે. 'શત્રોઇહા-ઈ અઇરાન' નામની પહેલવી કેતાબ જણાવે છે કે ગુસ્તાસ્પ પાદશાહના ફરમાનથી દીનનાં લખાણની એક હજાર ને બસો પરગરદ સોનેરી તખ્તીઓ ઉપર તૈયાર કરવામાં આવી હતી.[1] આ ઉપરથી માલમ પડે છે કે અસલ અવસ્તા સાહિત્યનાં ૧૨૦૦ વિભાગો અથવા પ્રકરણો હતાં. ઇ. સ. ની ત્રીજી સદીમાં ઈરાનનાં શહેનશાહ અર્દશીર બાબકાનનાં વડા વઝીર દસ્તુર તનસર જણાવે છે કે આપણાં ધર્મપુસ્તકો ૧૨૦૦૦ ચર્મપત્રો ઉપર લખેલાં હતાં.[2] ગ્રીક લખનાર પ્લીની જણાવે છે કે, અસલ જરથોશ્તી ધર્મસાહિત્ય ૨૦ લાખ બેતોનું બનેલું હતું.

**હૈયાત અવસ્તા સાહિત્ય** : આ રીતે ઈરાની પ્રજા એક વખતે ઘણું વિશાળ અવસ્તા સાહિત્ય ધરાવતી હતી. જમાનાની ગીરદેશથી-ચઢતી પડતીનાં ચક્રાવાથી, તે વિશાળ અવસ્તા સાહિત્યનો ઘણો મોટો ભાગ નાશ

---

૧ ડો. જી. જ. મોદી, શત્રોઈહા-ઇ અઇરાન, પા. ૫૫

૨ ડો. જી. જ. મોદી, ઇરાની વિષયો, ભાગ ૩, પા. ૧૩૫

પામ્યો. તેનો એક બહુજ નાનો ભાગ બચવા પામ્યો. તેને આપણે એક અમૂલ્ય વારસા તરીકે જાળવી રાખ્યો.

**અવસ્તાની ગુજરાતી આવૃત્તિઓ :** અવસ્તા સાહિત્યના વિદ્વાન અભ્યાસીઓએ અવસ્તાની અનેક આવૃત્તિઓ પ્રગટ કીધી છે. તે ઉપરાંત બંદગી કરવા માટે જરથોશ્તીઓનાં દરરોજનાં ઉપયોગમાં આવે એવા હેતુથી મુંબઇનાં પારસી ચોપડી વેચનારાઓ તરફથી અવસ્તાની અનેક આવૃત્તિઓ–ખાસ કરીને ખોરદેહ અવસ્તાની આવૃત્તિઓ–ગુજરાતી લીપીમાં બહાર પડતી રહી છે. ઘણે મોટે ભાગે આ ગુજરાતી આવૃત્તિઓમાં આપેલાં અવસ્તા ભણતરો તદ્દન અશુદ્ધ, અને તેથી અનર્થ ઉપજાવનારાં હોય છે. આવી આવૃત્તિ પ્રગટ કરનારાઓ પોતે અવસ્તા અભ્યાસીઓ હોતા નથી કે તેઓ અવસ્તા અભ્યાસીઓની મદદ લેતા નથી; અને તેથી અવસ્તાના અભ્યાસની મદદ વિના બહાર પડેલી આવી અશુદ્ધ ચોપડીઓથી જરથોસ્તી કોમમાં અશુદ્ધ ભણતરોનો ઘણો ફેલાવો થયો છે. આવી અશુદ્ધ ઉચ્ચારની આવૃત્તિઓ કોઈ પણ રીતે ઇચ્છવાજોગ નથી.

**આવકારદાયક સુધારો:** થોડાં વર્ષો આગમજ આવી હાલત પારસી કોમમાં ઘણે દરજ્જે હસ્તી ધરાવતી હતી. જરથોસ્તીઓ ઉપરાંત મોબેદી પેશો કરનારા અથોરનાનો પણ આવી અશુદ્ધ ગુજરાતી લીપીમાં છપાયલી ચોપડીઓનો ઉપયોગ કરતા હોવાથી જેમ બહેદીન વર્ગ તેમ અથોરનાન વર્ગનાં ભણતરો મોટે ભાગે અશુદ્ધ બની ગયાં હતાં. હાલમાં આ દિશામાં આવકારદાયક સુધારો થતો જાય છે, એમ આપણે સંતોષ સાથે જોઇએ છીએ. જ્યારથી જાણીતા ધર્મઅભ્યાસી મરહુમ એર્વદ તહેમુરસ દીનશાહજી અંકલેશરીઆની અવસ્તા લીપીમાં છપાયલી અવસ્તા કેતાબો વપરાતી થઈ ત્યારથી અથોરનાનોનાં ઉચ્ચારોમાં ઘણે દરજ્જે સુધારો થયો છે. મરહુમ એર્વદ કાવસજી એદલજી કાંગાની અવસ્તા કેતાબો અને મરહુમ એર્વદ બરજોરજી ઐરચજી બજાંએ, તેમજ મુંબઇની જરથોસ્તી જશન કમિટિએ પ્રગટ કીધેલી શુદ્ધ ઉચ્ચાર સાથની કેતાબો, તથા ગાથા સોસાયટીએ પ્રગટ કીધેલી કેતાબોએ પારસી કોમમાં અવસ્તા ભણતરોનાં ઉચ્ચાર તેમજ સમજણનાં સંબંધમાં ઘણો સુધારો કર્યો છે. વળી હાલમાં ચોપડી વેચનારાઓએ પણ અવસ્તા અભ્યાસીઓનાં શુદ્ધ જોડણીના પુસ્તકો ઉપરથી અવસ્તાની ચોપડીઓ પ્રગટ કરવાનો આવકારદાયક સુધારો કર્યો છે.



**અવસ્તા સમજીને ભણવાની જરૂરિયાત:** એટલું તો સૌ કોઈ કબુલ કરશેજ કે જે બંદગી આપણે કરીએ તે સમજીને કરીએ તો તેથી સમજ્યા વિનાની બંદગી કરતાં વધુ ફાયદો હાંશલ કરી શકીએ. એટલે અવસ્તા ભાષામાં કરવામાં આવતી બંદગીઓ સમજીને, તે બંદગીનો અર્થ અથવા ભાવાર્થ જાણીને, કરવામાં આવે તો તે વધુ ફાયદાકારક થઈ પડે. અવસ્તા સમજીને ભણવાની અગત્યતા સાસાનિયન જમાનાના ભણેલા દસ્તુરોએ પણ સ્વીકારી છે, તેથીજ તેઓએ અવસ્તાનો પહેલવી તરજુમો કરવા ઉપરાંત તે જમાનામાં સમજાતી પાઝંદ ભાષામાં કેટલીક બંદગીઓ રચી હતી. અસલની કેટલીક કેતાબોમાં અવસ્તાનાં એક વાકય અથવા ફકરા પછી તુર્ત તેનો પહેલવી, ફારસી કે ગુજરાતી તરજુમો આપવામાં આવ્યો છે. આ દેખાડે છે કે ઘણા જૂના જમાનાથી આપણા પૂજ્ય વડિલો અવસ્તા સમજીને ભણવાની અગત્યતા સમજતા આવ્યા છે. ફારસી ભાષામાં લખાયલી અનેક મોનાજાતો પણ આ બીનાનો એક અચ્છો પૂરાવો છે. અલબત, કોઇ પણ સંજોગોમાં અવસ્તા બંદગી છોડી દેવાની હિમાયત કરી શકાયજ નહિ; પરંતુ અવસ્તા બંદગી ભણ્યા પછી તેનો ભાવાર્થ સમજવામાં આવે અને તે ઉપર મનન કરવામાં આવે તો બેશક બંદગી કરનારને વધુ ફાયદો થઈ શકે. આવી રીતે અર્થ કે ભાવાર્થ સમજીને અવસ્તા બંદગી કરવાથી બંદગી કરનારનાં મનમાં ઉંચ વિચારો ઉત્પન્ન થઈ તે તેની જીંદગીમાં પ્રેરણારૂપ થઇ પડે; તેનાં અંતઃકરણમાં ભકિતભાવનો વધારો થઇ એકચિતથી સાચ્ચી પરસ્તેશ અને સેતાયશ કરવા તે શકિતવાન થઈ શકે. સદ્ભાગ્યે મરહુમ એર્વદ કાવસજી એદલજી કાંગાના અવસ્તાનાં તરજુમાનાં પુસ્તકોથી અવસ્તા સમજીને ભણવા માટે પારસી કોમ ઉલટ લેતી થઇ છે; અને તે પછી મરહુમ એર્વદ બરજોરજી ઐરચજી બજાં, મુંબઇની જરથોસ્તી જશન કમિટિ, ગાથા સોસાયટી અને કેટલાક પારસી બુકસેલરોએ ભાવાર્થ સાથની અવસ્તા બંદગીની ચોપડીઓ પ્રગટ કીધી છે. વળી શમ્સ–ઉલ–ઉલમા દસ્તુરજી ડૉ. માણેકજી ન. ધાલાએ બહાર પાડેલી અવસ્તા–અંગ્રેજી અને અવસ્તા-ગુજરાતી બંદગીની ચોપડીઓમાં અવસ્તા ભણતરો સાથે તેનો ભાવાર્થ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં, સાદી અને સરળ છતાં બહુ આકર્ષક શૈલી અને ઉંચ ભક્તિમય બંદગીના રૂપમાં ઘણી સુંદર રીતે આપવામાં આવ્યો છે. આ સઘળાંથી અવસ્તા સમજીને ભણવાની ઘણી સવળતા થઇ છે. એ સવળતાનો ઉપયોગ કરી સર્વે હમદીનો પોતે જે અવસ્તા બંદગી કરે તે તેનો ભાવાર્થ સમજીને કરવાની કોશેષ કરશે તો તેઓ તેનો વધુ ઉત્તમ લાભ મેળવી શકશે.

**આ પુસ્તકની નેમઃ** અસલ અવસ્તા સાહિત્ય, તેનો વિસ્તાર, તેની તવારિખ, હાલે બચી રહેલું અવસ્તા સાહિત્ય અને તે સાહિત્યમાં સમાયલી અગત્યની વિગતો સાદી અને સરળ ભાષામાં આપી, પારસી કોમનાં એ પવિત્ર ધર્મશાસ્ત્રે શિખાડેલી ઉમદા ફિલસુફી, તેનું ઉત્તમ નીતિશાસ્ત્ર, તેનાં વહેવારૂ અને અક્કલપસંદ ફરમાનો અને તેનાં ઉંચ મીનોઇજ્ઞાન શિખાડનાર સુંદર સબકોનો કાંઇક ઝાંખો ચિતાર જરથોશ્તી કોમ સનમુખ રજુ કરવો એ આ પુસ્તકની નેમ છે; અને જરથોશ્તી વાચકો એમાંથી એ સઘળાંનું કાંઇક પણ જ્ઞાન મેળવી શકશે તો આ પુસ્તક લખવાની અને પ્રગટ કરવાની નેમ સફળ થયલી ગણાશે.

**કર્તા.**

**આ પુસ્તક મુંબઈ, અમદાવાદ અને ઉદવાડા ખાતે નીચેને ઠેકાણે મળશેઃ**

મી. જાલ ઈ. બારીઆ, ઓલ્બર્ટ બિલ્ડીંગ, હોર્નબી રોડ, ફોટ, **મુંબઇ**

**એર્વદ શાપુરજી** હો. મીરઝાં, વકીલ અગીયારી, **અમદાવાદ**

**એર્વદ નરીમાન** હો. સીધવા, મીરઝાં સ્ટ્રીટ, **ઉદવાડા**

વી.પી.થી મંગાવનારાઓએ મહેરબાની કરી નીચેને ઠેકાણે લખવુંઃ

**મીરઝાંખુશરો એન્ડ કું. : પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ : જામનગર.**

પ્રકરણ પહેલું

## અવસ્તા-જંદ-પાજંદ

**અવસ્તા**

જરથોશ્તી ધર્મનું અસલ સાહિત્ય સાધારણરીતે 'અવસ્તા' નામથી ઓળખાતું આવ્યું છે. આ 'અવસ્તા' નામથી ઓળખાતાં સાહિત્યમાં 'અવસ્તા' શબ્દ કોઇપણ ઠેકાણે વપરાયલો મળતો નથી; અને તેથી 'અવસ્તા' શબ્દના અર્થ અને તેની ઉત્પત્તિના સંબંધમાં વિદ્વાનોમાં મતફેર હસ્તી ધરાવે છે.

પ્રો. આંકેટીલ 'અવસ્તા' શબ્દને મૂળ શબ્દ 'વચ'(=બોલવું) ઉપરથી નીકળેલો ધારે છે, અને તે ઉપરથી 'અવસ્તા' શબ્દનો અર્થ 'શબ્દ', 'વચન', 'Word' એવો કરે છે.

પ્રો. મ્યુલર 'અવસ્તા' શબ્દનો અર્થ–'અવ+સ્તા' (=ઉભું રહેવું) અથવા 'અવ+સ્થા' ઉપરથી–જે કાંઇ સ્થાપન થયેલું તે એવો કરે છે; અને તે ઉપરથી 'અવસ્તા' એટલે પવિત્ર પુસ્તકોનું અસલ લખાણ, text, એવી સમજણ આપે છે.

ડૉ. સ્પીગલ એવું જણાવે છે કે 'અવસ્તા' શબ્દ 'અફ્સમન્' ઉપરથી નીકળ્યો છે; અને તેથી તેનો અર્થ 'કવિતા' અથવા 'કવિતાઇ શ્લોક' એવો થાય છે.

પ્રો. બેનફી 'અવસ્તા' શબ્દને 'અફ્સ્તા' સાથે સરખાવી તેનો અર્થ 'બંદગી' કરે છે.

સાસાનિયન જમાનાના સીક્કાઓ ઉપરનાં પહેલવી લખાણોમાં 'અવસ્તાન્ ઓ યજ્દાન્' (એટલે 'યજ્દાન ઉપર વિશ્વાસ,' 'Confidence in Yazatan' અથવા 'Faith in God') એવા શબ્દો મળે છે. આ શબ્દો માંહેલા 'અવસ્તાન્' (અવસ્તા 'અઇવી–સ્તવન્') શબ્દ ઉપરથી 'અવસ્તા' શબ્દ નીકળેલો કેટલાક વિદ્વાનો ધારે છે, અને તે (અવસ્તા 'સ્તુ'=વખાણ કરવી) ઉપરથી તેઓ 'અવસ્તા' શબ્દનો અર્થ 'વખાણ', 'ભક્તિ' એવો કરે છે.

વળી કેટલાક અભ્યાસીઓ 'અવસ્તા' શબ્દને અસલી ઇરાની ખીલારોકી લેખોમાં મળતા 'ઉપસ્તામ' (=મદદ, મહેરબાની) શબ્દ સાથે સરખાવે છે.

વીસ્પરદ કર્દો ૧૧, ફ. ૧૯માં 'આવીસ્તેમ્' શબ્દ વપરાયલો મળે છે. ડૉ. મીલ્સ 'અવસ્તા' શબ્દને 'આવીશ્ત' સાથે સરખાવી, અવસ્તા શબ્દનો અર્થ 'નીતિ અને ક્રિયાને લગતા કાયદાઓ' એવો આપે છે.

શમ્સ-ઉલ-ઉલમા દસ્તુર કયકોબાદ દસ્તુર આદરબાદ જણાવે છે તે પ્રમાણે વંદિદાદની ૧૮ મી પરગરદનાં ફકરા ૧-૪ માં વપરાયલા 'અન્-અઇવ્યાસ્ત' શબ્દમાંનો 'અઇવ્યાસ્ત' શબ્દ 'અવસ્તા' સાથે સરખાવી શકાય. વળી તેઓ સમજાવે છે તેમ વંદિદાદમાં આવેલો 'અઇવ્યાસ્ત' શબ્દ સંસ્કૃત 'અભિ+અસન' અને 'અભિ+અસ્ત' શબ્દોને તદ્દન મળતો શબ્દ છે; અને તે ઉપરથી 'અવસ્તા' શબ્દનો અર્થ 'અભિયાસ', 'જેનો અભ્યાસ કરવામાં આવે તે,' અથવા 'જે ભણવામાં આવે તે'–Study, 'What is studied or repeated'–યાને 'અવસ્તા' એટલે 'ધાર્મિક સાહિત્ય,' 'scripture.'

ડૉ. હાઉગ અને ડૉ. વેસ્ટ 'અવસ્તા' શબ્દની ઉત્પત્તિ 'અ+વિદ્+તા' ઉપરથી આપે છે, અને તેનો અર્થ અવસ્તા 'વિદ્' (=જાણવું) ઉપરથી 'જે કાંઈ જણાયલું અથવા જાહેર થયલું તે' 'What is announced' અથવા 'What is known', અને તે ઉપરથી 'જ્ઞાન' 'knowledge' અથવા 'Revelation' એવો કરે છે. ડૉ. હાઉગ જણાવે છે તે પ્રમાણે હિંદુ ધર્મશાસ્ત્રોનું નામ 'વેદ' પણ આજ મૂળ શબ્દ ઉપરથી નીકળ્યું છે; એટલે 'અવસ્તા' શબ્દનો આ અર્થ અને શબ્દોત્પત્તિ આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

ઉપર પ્રમાણે 'અવસ્તા' શબ્દના જુદાજુદા અર્થો કરવામાં આવ્યા છે; પરંતુ પહેલવી લખાણોમાં આ શબ્દ 'અવીસ્તાક' અથવા 'અવસ્તાક' એવો મળે છે તે અસલ જરથોશ્તી ધર્મસાહિત્યને માટે તેમજ તે સાહિત્યની ભાષાને માટે પણ વપરાય છે. 'અવસ્તા' એ જરથોશ્તીધર્મનાં અસલ પવિત્ર સાહિત્યનું નામ છે; પણ તે સાહિત્ય જે ભાષામાં લખાયું છે તે ભાષાનું નામ આજે આપણે જાણતા



નથી; અને તેથી સાહિત્યને તેમજ તેની ભાષાને આ 'અવસ્તા' નામ લાગુ પાડવામાં આવ્યું છે. સાધારણ રીતે હાલનું અવસ્તા સાહિત્ય ઇરાનના પૂર્વ ભાગમાં, અને ખાસ કરીને 'બેક્ત્રીઆ' અથવા 'બલ્ખ'માં લખાયલું માનવામાં આવે છે, અને તેથી તેની ભાષાને 'બેક્ત્રીઅન' અથવા 'ઓલ્ડ બેક્ત્રીઅન' એવું નામ સૂચવવામાં આવ્યું હતું; પણ વિદ્વાનોને તે વાજબી લાગ્યું નહિં. આ પ્રમાણે ઇરાનીઓની અસલની ભાષામાં લખાયલાં જરથોશ્તી ધર્મને લગતાં પવિત્ર લખાણો તે અવસ્તા સાહિત્ય.

**જંદ**

અસલ અવસ્તાનાં ધાર્મિક લખાણોમાં સમાયલા ઉચ્ચ વિચારો, ફિલસૂફી અને ફરમાનો આમવર્ગને એકદમ સમજ નહિં પડે એ તદ્દન સ્વાભાવિક છે. આમવર્ગને ધાર્મિક ફિલસૂફીની સમજણ આપવા માટે ઇરાની પ્રજાનાં ભણેલા ધર્મગુરૂઓએ વખતોવખત ધર્મનાં અસલ લખાણો ઉપર શરેહ અને ટીકા કરીને તે લખાણોનો અર્થ, સમજણ વિગેરે લખ્યાં હતાં. અસલ લખાણો ઉપર આવી રીતે થયલી 'શરેહ' યાને 'ટીકા' તે 'જંદ.'

આ જંદ શબ્દ અવસ્તા 'આજ઼ઇન્તી' (=શરેહ; સરોષ યશ્ત ફ. ૮) ઉપરથી નીકળ્યો છે; અને તેનાં મૂળ શબ્દ અવસ્તા 'જ઼ન્' (=જાણવું) ઉપરથી 'જ઼ઇન્તી' અને 'જંદ' શબ્દોનો અર્થ સમજણ, શરેહ, ટીકા, એવો થાય છે.

આવી જંદ અથવા શરેહ છેક અવસ્તા જમાનામાં અવસ્તા ભાષામાં થયલી પણ આપણને મળે છે; દાખલા તરીકે યજ઼શ્ન હા ૧૯, ૨૦, અને ૨૧ અનુક્રમે 'અહુનવર' 'અષેમ્' અને 'યેંઘ્હે હાતાંમ્'ના પુરાતન પવિત્ર ભણતરો ઉપર અવસ્તા જમાનામાં, અવસ્તા ભાષામાં થયલી શરેહ યાને જંદનાં લખાણો છે. ગાથાનાં લખાણો ઉપર પણ અવસ્તા જમાનામાં અવસ્તા ભાષામાં શરેહો થયલી હોવી જાઇએ, પરંતુ તે હાલે હસ્તીમાં નથી.

થોડા દાહેકાઓ આગમજ જંદ શબ્દ ખોટા અર્થે વપરાતો હતો અને હાલે પણ ઘણીક વખતે આપણે આ શબ્દને ખોટી રીતે

વાપરીએ છીએ; હાલમાં પણ આપણા અસલ અવસ્તા પુસ્તકોને માટે તેમજ તેની ભાષાને માટે ‘જ઼ંદ્’ શબ્દ વાપરીએ છીએ અને તેઓને ‘જ઼ંદ્’, ‘જ઼ંદ્ અવસ્તા’, ‘જ઼ંદ્ ભાષા’ કે ‘જ઼ંદ્ લખાણો’નાં નામોથી ઓળખીએ છીએ; પરંતુ તે ભૂલભર્યું છે. પહેલવીમાં ‘અવસ્તા ઉ જ઼ંદ્’ (અવસ્તા અને જ઼ંદ્) એવા શબ્દો મળે છે તે ‘અસલ અવસ્તા લખાણ અને તેની શરેહ’ને માટે વપરાયલા છે. સાસાનિયન જમાનામાં અવસ્તા ભાષા બોલાતી બંધ પડી ગઇ અને તેથી તમામ જ઼રથોશ્તી પ્રજાને પોતાનો ધર્મ સમજાવા માટે તે જમાનાના બાહોશ દસ્તુર સાહેબોએ અવસ્તા પુસ્તકોનો પહેલવી ભાષામાં શરેહ સાથે તરજુમો કર્યો. આ તરજુમો સાધારણ રીતે ‘જ઼ંદ્’નાં વાજબી નામથી ઓળખાય છે; કારણ કે આ પહેલવી તરજુમામાં અવસ્તાના તરજુમા ઉપરાંત, અસલ અવસ્તા લખાણોની સમજણ, શરેહ અને ટીકા આપવામાં આવ્યાં છે. પહેલવી લખાણોમાં ‘અવસ્તા ઉ જ઼ંદ્’ એવા શબ્દો ‘અસલ અવસ્તા લખાણો અને તેનાં પહેલવી તરજુમા’ને માટે વપરાયલા મળે છે.

**પાજ઼ંદ્**

વખતનાં વહેવા સાથે અસલ અવસ્તા લખાણો ઉપર લખાયલી જ઼ંદ્ યાને શરેહની પણ વધારે સમજણ જાહેર પ્રજાને આપવાની જરૂર ઉભી થઇ. તેથી શરેહ યાને જ઼ંદ્ની વધારે સમજણ આપવા માટે તે શરેહ ઉપર પણ શરેહ કરવામાં આવી; અને તે ‘પાજ઼ંદ’ નામથી ઓળખાઇ. પાજ઼ંદ્ શબ્દ અવસ્તા ‘પઇતિજ઼ઇન્તી’ એટલે ‘શરેહ ઉપર શરેહ’–‘ઉપટીકા’ ઉપરથી નીકળ્યો છે. પહેલવી લખાણમાં ગેર–ઇરાની શબ્દો ભેળાયલા છે; પરંતુ બોલવામાં તો હંમેશાં ઇરાની શબ્દોજ વપરાતા હતા. સાસાનિયન જમાનામાં તે વખતની સમજાતી ભાષામાં રચાયલાં ભણતરોમાં આવી રીતે ગેર-ઇરાની શબ્દો નહિં લખતાં સઘળા ઇરાની શબ્દોનો ઉપયોગ કરી તે ભણતરો હાલની અવસ્તા લીપીમાં લખવામાં આવ્યાં, તે પાજ઼ંદ્ ભણતરોને નામે ઓળખાયાં; અને તેની ભાષા પાજ઼ંદ્ ભાષાને નામે ઓળખાઈ. આફ્રીનગાનનો દિબાચો, આફ્રીનો, આશિર્વાદ વિગેરે ભણતરો આવી રીતે પાજ઼ંદ્ ભાષામાં લખાયાં અને તે આજસુધી એજ પાજ઼ંદ્ ભાષામાં ભણવામાં આવે છે.

પ્રકરણ બીજું.

## અવસ્તા સાહિત્યનો ટૂંકો ઇતિહાસ.

અવસ્તા સાહિત્ય જમાનાની ગીરદેશનો ભોગ બન્યું છે; ચઢતી પડતીનાં અનેક ચક્રાવામાંથી તે પસાર થયું છે; એક મહાન પ્રજાનાં મહાન સાહિત્ય તરીકેની જાહોજલાલી તેણે ભોગવી છે; અને છેવટે એક નાની કોમનાં પડી ભાંગેલાં–વેરવીખેર થઇ ગયલાં–છિન્નભિન્ન થઇ ચૂકેલાં સાહિત્યની દશાએ પણ તે પૂગ્યું છે. જેમ એ સાહિત્ય પડી ભાંગ્યું છે તેમ તેના ઇતિહાસનાં ઘણાક સફાઓ પણ અંધકારમાં અટવાઈ ગયા છે; તેની તવારિખનું સીલસીલાબંધ લખાણ બહુ જુજ મળે છે. પહેલવી દીનકર્દનું ત્રીજું પુસ્તક અવસ્તા સાહિત્યની તવારિખ ઉપર બહુ અગત્યનું અજવાળું નાખે છે અને તેથી આ બાબદમાં તે ઘણું અગત્યનું પુસ્તક ગણાય છે.

**ગાથા સર્વથી પુરાતન.**

હાલનાં અવસ્તા સાહિત્યમાં ગાથાનાં લખાણો વધારે પુરાણાં અને પવિત્ર ગણાય છે. ગાથાનાં લખાણો અશો જ઼રથુશ્ત્રનાં પોતાનાં લખાણો છે એમ આપણે ઘણાં જૂના જમાનાથી વાજબી રીતે માનતા આવ્યા છીએ. યજ઼શ્નમાં જણાવવા પ્રમાણે પાંચ ગાથાનાં લખાણો અશો જ઼રથુશ્ત્રનાં લખાણો છે.[1] અવસ્તા તેમજ ત્યારપછીનાં પહેલવી લખાણોમાં પણ ગાથાને ઘણી અગત્યતા આપવામાં આવી છે. યજ઼શ્નની થયલી રચના વખતે પણ ગાથાનું પુરાતનપણું અને મહત્વતા ધ્યાનમાં રાખી ગાથાનાં લખાણોને યજ઼શ્નનાં ભણતરમાં અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. આ રીતે અસલથીજ ગાથાનાં લખાણોને અશો જ઼રથુશ્ત્રના લખાણો તરીકે આપણે ગણતા અને માન આપતા આવ્યા છીએ. આપણી આ અસલની માન્યતાને આજનાં વિદ્વાનો પોતાનાં આગળ વધેલા અભ્યાસનાં પરિણામે એક તવારિખી સત્ય તરીકે કબુલ રાખે છે. ગાથા સિવાયનાં બીજાં અવસ્તાનાં લખાણો અશો જ઼રથુશ્ત્ર પછી તેમનાં જાયનશીનોએ

---

૧ યજ઼શ્ન, હા ૫૭, ફ. ૭

લખેલાં છે એ આપણી માન્યતા તદન વાજબી છે. ગાથા અને તે સિવાયના બીજા અવસ્તાની ભાષા, તેમાં સમાયલી બાબદો અને વિચારો –એ સઘળાં વચ્ચે ખુલ્લો તફાવત દેખાય છે, અને તે સ્પષ્ટ પુરવાર કરે છે કે ગાથાની ભાષા અને ગાથાનાં લખાણો બીજાં અવસ્તા લખાણો કરતાં વધારે પુરાતન છે. ગાથા અને અવસ્તાનાં લખાણોમાં મુખ્યત્વે કરીને અશો જરથુશ્ત્ર પોતાને માટે પહેલા પુરૂષમાં બોલે છે; ત્યાં અશો જરથુશ્ત્ર પોતાની ખાહેશ અને બંદગી અહુરમજ્દ સનમુખ પહેલા પુરુષમાં રજુ કરે છે; તેમજ અહુરમજ્દ સાથની પોતાની ગોફ્તેગોમાં તેઓ પહેલા પુરુષમાં અને દાદાર અહુરમજ્દ બીજા પુરુષમાં રજુ થાય છે. ગાથા સિવાયનાં બીજાં અવસ્તા લખાણોમાં અશો જરથુશ્ત્ર મુખ્યત્વે કરીને, ત્રીજા પુરુષમાં રજુ થાય છે. આ લખાણોમાં દાદાર અહુરમજ્દ અને અશો જરથુશ્ત્ર વચ્ચે થયલી ગોફ્તેગો કોઈ ત્રીજો માણસ રજુ કરતો હોય એવી રીતે જોવામાં આવે છે.

ગાથાનાં લખાણોમાં દાદાર અહુરમજ્દ અને અશો જરથુશ્ત્ર વચ્ચે થયલી ગોફ્તેગોની વિગતો મુખ્યત્વે કરીને નીચલા આકારોમાં મળે છે:

"ઓ અહુરમજ્દ! હું તારી નજદીક પહોંચું"[૧]

"ઓ અહુરમજ્દ!...તુંને હમો આજુરદે કરીશું નહિં"[૨]

"ઓ અહુરમજ્દ!...તું પોતે મને શીખાડ"[૩]

"જે કાંઇ હમણા બને છે તથા હવે પછી બનશે તે બાબે, અએ અહુરમજ્દ! તુંને હું પૂછું છું"[૪]

ભુરા "માણસની શિક્ષા બાબે અએ અહુરમજ્દ! તુંને હું પૂછું છું"[૫]

"સારી દાનેશવાળો શખ્સ...કેવો ગણાય તે બાબે હું તુંને પૂછું છું"[૬]

---

૧ યજશ્ન, હા ૨૮, ફ. ૨
૨ ,, ,, ૨૮, ફ. ૯
૩ ,, ,, ૨૮, ફ. ૧૧
૪ યજશ્ન, હા ૩૧, ફ. ૧૪
૫ ,, ,, ૩૧, ફ. ૧૫
૬ ,, ,, ૩૧, ફ. ૧૬



"અએ અહુરમજ્દ! દુનિયાની પેદાયશમાં તું સર્વથી ચઢતો"[૧]

"અએ અહુરમજ્દ! તુંને હું પૂછું છું તે તું મને ખરૂં કહે"[૨]

"અએ સારી પાદશાહી ધરાવનારા અહુરમજ્દ......હું તને પૂછું છું."[૩]

ગાથાનાં લખાણોમાંથી મળતા ઉપલા અને બીજા એવા અનેક દાખલાઓમાં અશો જરથુશ્ત્ર પોતે પહેલા પુરૂષમાં અને દાદાર અહુરમજ્દ બીજા પુરૂષમાં રજુ થાય છે.

અવસ્તા લખાણોમાં દાદાર હોરમજ્દ અને અશો જરથુશ્ત્ર વચ્ચે થયલી ગોફ્તેગો નીચલા આકારોમાં મળે છે:

"પેરેસત્ જરથુશ્ત્રો"="જરથુશ્ત્રે પૂછયું."

"ઓઓત્ અહુરો મજ્દાઓ"="અહુરમજ્દે જવાબ આપ્યો."

ઉપલા દાખલાઓ પ્રમાણે અવસ્તા લખાણોમાં અશો જરથુશ્ત્ર અને દાદાર અહુરમજ્દ ત્રીજા પુરૂષમાં રજુ થાય છે; અને એ બે વચ્ચેની ગોફ્તેગો કોઇ ત્રીજો માણસ રજુ કરે છે.

ગાથા અને અવસ્તાનાં લખાણોમાંનો ઉપલો તફાવત દેખાડે છે કે ગાથાનાં લખાણો અશો જરથુશ્ત્રનાં પોતાનાં લખાણો છે; જ્યારે તે સિવાયનાં બીજાં અવસ્તા લખાણો અશો જરથુશ્ત્રનાં જાયનશીનોનાં હોવાં જોઇએ. બંનેની ભાષામાં જે તફાવત છે તે ગાથાના લખાણોનું વધુ પુરાતનપણું દેખાડે છે. વળી અવસ્તા લખાણોમાં ગાથાઓ વિષે અનેક લખાણો અને ઇસારાઓ મળે છે; જ્યારે અવસ્તા લખાણો વિષે ગાથામાં કશો ઇસારો નથી. આ ઉપરથી પણ ગાથા બીજાં અવસ્તા લખાણો કરતાં વધારે પુરાતન છે એમ માલમ પડે છે.

**ગાથાનો જમાનો.** ગાથા કયા જમાનામાં લખાયા–બીજા શબ્દોમાં બોલ્યે તો અશો જરથુશ્ત્ર કયા જમાનામાં થઇ ગયા–તે વિષે ઘણી હેરફેર સહાદતો મળે છે અને તેના પરિણામે આ બાબદ વિષે અભ્યાસીઓમાં પણ ઘણો મતફેર હસ્તી ધરાવે છે.

---

૧ યજશ્ન, હા ૪૩, ફ. ૫
૨ યજશ્ન, હા ૪૪, ફ. ૧-૧૯
૩ ,, ,, ૪૪, ફ. ૨૦

આપણા પહેલવી પુસ્તકો-બુનદહેશ, અરદાવિરાફનામુ વિગેરે-જણાવે છે તે પ્રમાણે અશો જરથુસ્ત્રે દીન ફેલાવ્યા પછી ૩૦૦ વરસ સુધી તે સારી હાલતમાં રહી. ત્યારપછી એલેકઝાન્ડરે ઇરાન જીત્યા પછી ઇરાનનાં સાહિત્યનો નાશ કીધો અને તેથી દીનને ઘણું નુકસાન થયું. ઇતિહાસ જણાવે છે તેમ ઈ. સ. પૂર્વે ૩૩૧ માં એલેકઝાન્ડરે ઇરાન જીત્યું. એટલે પહેલવી પુસ્તકો અશો જરથુશ્ત્રનાં જમાનાને ઇ. સ. પૂર્વે ૬૩૧ નાં અરસામાં મૂકે છે. હાલનાં અભ્યાસીઓનાં ઘણા મોટા ભાગનાં મત પ્રમાણે આ સને ભૂલભર્યો છે.

ગ્રીક લખનારાઓ અશો જરથુશ્ત્રનાં જમાનાને ઘણા પુરાણા વખતમાં મૂકે છે. તેઓમાં પણ આ બાબદમાં ઘણો મતફેર ધરાવે છે. જુદાજુદા ગ્રીક લખનારાઓ ઈ. સ. પૂર્વે ૬૩૪૮ થી ઇ. સ. પૂર્વે ૬૦૦ સુધીનાં અરસામાં અશો જરથુશ્ત્રનાં જમાનાને મૂકે છે.[1]

આગલા જમાનાના આ લખનારાઓમાં પણ આટલો મોટો મતફેર હસ્તી ધરાવે છે, એ બીનાજ દેખાડે છે કે અશો જરથુસ્ત્ર ઘણા જૂના જમાનામાં હસ્તી ભોગવી ગયા છે.

મરહુમ વિદ્વાન એર્વદ શહેરીયારજી દાદાભાઈ ભરૂચા આ બાબદમાં વિદ્વતાભરેલું વિવેચન કરતાં જણાવે છે કે અવસ્તામાં અશો જરથુસ્ત્રને મદદ કરનારા તેમજ તેમની સામે થનારાઓનાં નામો મળે છે; તેજ મુજબ અશો જરથુસ્ત્રના આ સમકાલીન પુરૂષોનાં નામો ઋગ્વેદમાં પણ મળે છે. અવસ્તા તેમજ ઋગ્વેદમાં જણાવવા પ્રમાણે આ પુરૂષો વચ્ચે ધર્મને લગતી લડાઇઓ થઈ હતી. અવસ્તામાં જણાવ્યા પ્રમાણે કય વિશ્તાસ્પે અશો જરથુશ્ત્રને ધર્મ ફેલાવવાના કામમાં મુખ્ય મદદ કીધી હતી; અને તેજ પ્રમાણે કય વિશ્તાસ્પ, જઈરિવઇરિ (ફારસી જરીર), વીસ્તઉરૂ અને બીજા કયાની પહેલવાનો ધર્મની લડાઇમાં ઉતર્યા હતા; તેઓ અરજાસ્પ, ઉસીક્ષ, તાંથ્રવન્ત, માના અને બીજા દેવયસ્નો સાથે જરથોસ્તી ધર્મને માટે લડયા હતા. ઉપર જણાવેલા જરથોસ્તી તેમજ દેવયસ્ની ધર્મની તરફેણવાલાઓનાં નામો તેમજ ઉપલી ધાર્મિક લડાઇ વિષેનાં ઇસારાઓ આપણાં અવસ્તા સાહિત્યમાં ગાથા, આવાં યસ્ત અને

[1] શેઠ ખ. રૂ. કામાજીનું 'જરથોસ્ત નામુ' બીજી આવૃતિ, પા. ૧૦૦



ગોશ યસ્તમાંથી મળે છે; તેજ પ્રમાણે, એર્વદ શહેરીયારજી જણાવે છે તેમ, ઉપલાં નામો અને ઉપલી ધાર્મિક લડાઈ વિષેનાં ઇસારાઓ હિંદુઓના ઋગ્વેદમાંથી મળે છે. અવસ્તા સાહિત્ય પ્રમાણે, કય-વિશ્તાસ્પ, જઇરિવઇરિ, વીસ્તઉરૂ વિગેરેએ જરથોસ્તી ધર્મની તરફેણમાં લડત ચલાવી તેથી આ નરોને અવસ્તામાં માન સહિત યાદ કરવામાં આવ્યા છે. તેમજ અવસ્તામાં અરજાસ્પ, માના, ઉસીક્ષ, તાંથ્રવન્તને જરથોશ્તી ધર્મ અને ઇરાની પ્રજાના વિરૂધીઓ અને ધર્મને નુકશાન કરનારાઓ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. તેથી ઉલટુંજ ઋગ્વેદમાં માના અને ઉસીક્ષને મોટો દરજ્જો આપવામાં આવ્યો છે. આ રીતે ઉપર જણાવેલા જરથોશ્તી ધર્મની તરફેણ કરનારા તેમજ તેનો વિરોધ કરનારા પુરૂષો સમકાલીન પુરવાર થાય છે. એર્વદ શહેરીયારજીએ દેખાડયું છે તે પ્રમાણે ઋગ્વેદ અને અવસ્તામાં જણાવેલા અરજાસ્પ અને બીજા જરથોશ્તી ધર્મની વિરૂદ્ધમાં લડત ચલાવનારાઓએ પોતે ઋગ્વેદનો શરૂઆતનો ભાગ લખ્યો હતો; અને આ ધાર્મિક લડાઇ ચાલવાની તુરતજ આગમજ અથવા તો લડાઇ ચાલતી હતી તે વખતે જરથોશ્તી ધર્મના વિરૂધી વેદિક ઋષિઓએ ઋગ્વેદનો પહેલો ભાગ ગાયો હતો, એમ ઋગ્વેદના એક શ્લોક ઉપરથી માલમ પડે છે. આ ઉપરથી વાજબી રીતે અનુમાન કરી શકાય છે કે જે જમાનામાં ઋગ્વેદ હસ્તીમાં આવ્યો તેજ અરસામાં અશો જરથુશ્ત્રે શાહ વિશ્તાસ્પનાં રાજ્યઅમલ દરમ્યાન પોતાનો ધર્મ ફેલાવ્યો; અને તેજ અરસામાં ગાથા રચાયા. આ ઉપરથી ઋગ્વેદ અને ગાથા સમકાલીન ઠરે છે. વેદના અભ્યાસીઓ જણાવે છે તેમ વેદ ઇ. સ. પૂર્વે ૪૦૦૦ વરસ ઉપર હસ્તીમાં આવ્યા હતા; તો તેજ અરસામાં ગાથા પણ લખાયલા હોવા જોઇએ.[1]

**દીની સાહિત્ય.** દીનકર્દનાં ત્રીજા પુસ્તકમાં જણાવવા પ્રમાણે મહાન શહેનશાહ કય વિશ્તાસ્પે દીની સાહિત્યની નકલો કરવાનો તેમજ તે સાહિત્ય 'ગંજે શપીગાન' નામના પુસ્તકખાનામાં જાળવી રાખવાનો તેમજ તેની નકલો લોકોમાં વહેંચવાનો હુકમ કર્યો. તે પછી તેણે તે સાહિત્યની

[1] K. R. Cama Memorial Volume માં એર્વદ શે. દા. ભરૂચાનો વિષય: The Date of Zoroaster.

એક નકલ 'દજ઼ે નપીસ્ત' ('સાહિત્યના કિલ્લા') માં રાખવાનો હુકમ કર્યો. 'શત્રોઇહા-ઇ અઇરાન'[1] નામની પહેલવી કેતાબ જણાવે છે કે 'ગુસ્તાસ્પ શાહના ફરમાનથી દીનનાં લખાણુની એક હજાર બસો પરગરદ સોનેરી તખ્તીઓપર તૈયાર કીધી અને લખી અને તે આતશ (બહેરામ)નાં ખજાનામાં મેલી.' આ રીતે શાહી ફરમાન અનુસાર બાદશાહી ખજાનામાં તેમજ બાદશાહી કેતાબખાનામાં દીની સાહિત્યની જાળવણી કરવામાં આવી, તેમજ તેની નકલો લોકોમાં ફેલાવવામાં આવી.

**સીકન્દરે કરેલો દીની સાહિત્યનો નાશ.**

દીનકર્દ જણાવે છે તે પ્રમાણે જ્યારે સીકન્દર ઇરાન ઉપર ચઢી આવ્યો ત્યારે દીની સાહિત્યની બે નકલો એક સમરકંદ ખાતે 'ગંજે શપીગાન'માં અને બીજી પરસીપોલીસ ખાતે 'દજ઼ે નપીસ્ત'નાં કેતાબખાનામાં રાખવામાં આવેલી હતી. સીકંદરના હાથે ઇરાન ઉપર આવેલી આફત વખતે જે કાંઇ દીની સાહિત્ય 'દજ઼ે નપીશ્ત'માં હતું તે બાળી નાખવામાં આવ્યું; 'ગંજે શપીગાન' માંહેલું દીની સાહિત્ય ગ્રીક લોકોને હાથ જઈ પડયું; તે ગ્રીસ લઈ જવામાં આવ્યું; અને તેનો ગ્રીક ભાષામાં તરજુમો કરવામાં આવ્યો. 'અરદાવિરાફ નામુ' જણાવે છે કે 'દીનનાં સઘળાં અવસ્તા અને જ઼ંદ, તૈયાર કરેલાં ગાયનાં ચામડાંઓ ઉપર સોનેરી સહીથી લખાયલાં હતાં તે સીકંદરે બાળી નાખ્યાં અને ધર્મગુરૂઓને કતલ કર્યા'[2] 'શત્રોઇહા-ઇ અઇરાન'માં જણાવવા પ્રમાણે 'લેઆનતીભર્યા સીકંદરે સાત પાદશાહોની દીનકર્દ (દીની સાહિત્ય) બાળી નાખી અને દરીઆમાં નાખી દીધી'[3] સીકંદરે ઈ. સ. પૂર્વે ૩૩૧ માં ઈરાન ઉપર ચઢાઇ કીધી હતી; એટલે એ સાલમાં જ઼રથોસ્તી દીની સાહિત્યનો કેટલોક ભાગ નાશ પામ્યો; જે સાહિત્ય બચ્યું તે તદન વેરવીખેર હાલતમાં આવી પડયું.

સાહિત્યની આવી રીતે ખરાબી કરવાના આ કામ માટે સીકંદર ઈરાની પ્રજાની નામોશીમાં આવી પડયો. ગુસ્સા અને

૧ ડૉ. જી. જ. મોદી, 'શત્રોઇહા-ઇ અઇરાન,' પા. ૫૫

૨ દસ્તુરજી કેખશરૂ જામાસ્પઆશા, 'અરદાવિરાફનામુ,' પા. ૧

૩ ડૉ. જી. જ. મોદી, 'શત્રોઇહા-ઈ અઇરાન,' પા. ૫૫



દારૂની બુરી અસરો હેઠળ તેણે આ કામ કર્યું, પણ તવારિખનવેશો જણાવે છે તેમ જ્યારે તેણે પોતાનાં આ કાર્ય માટે વિચાર કર્યો ત્યારે તે પસ્તાવો કરવા લાગ્યો. કિંમતી ઇરાની સાહિત્યની આવી બરબાદી અને નાશ કરવાનાં ગુનાહ માટે તેણે તમામ પહેલવી લખનારાઓની ખફગી પોતાને માથે વહોરી લીધી. પહેલવી લખનારાઓ ઇરાની પ્રજાનાં ત્રણ મોટા શત્રુઓ તરીકે ઝોહાક, અફરાસીયાબ અને સીકંદરને ગણે છે.

**પાર્થિયન જમાનામાં દીની સાહિત્યની બહેતરીનું કાર્ય.**

ઇ. સ. પૂર્વે ૨૫૦ માં ઇરાન દેશમાં પાર્થિયન અથવા અર્શકાનિયન શહેનશાહતની સ્થાપ્ના થઇ. એક વખતે એવું માનવામાં આવતું હતું કે પાર્થિયનો જ઼રથોસ્તીઓ નહિં હતા; પણ ઇરાની સાહિત્યના અભ્યાસીઓએ હવે પૂરવાર કર્યું છે કે પાર્થિયન રાજાઓ ઇરાનીઓ હતા; જ઼રથોસ્તીઓ હતા. તેઓના જમાનામાં આતશકદેહો હસ્તી ધરાવતાં હતાં; આતશ અને પાણી, સૂર્ય અને ચંદ્ર વિગેરે તે દાદારની ઉત્તમ પેદાયશોની સેતાયશ જાએજ઼ હતી. દીનકર્દ જણાવે છે તેમ અર્શકાનિયન 'વલખશે' અવસ્તા સાહિત્ય જે છુટા ટુકડાઓના આકારમાં દેશના જુદા જુદા ભાગોમાં વેરવીખેર હાલતમાં પડયું હતું તે સઘળું એકઠું કરવાનો હુકમ કર્યો હતો. પાર્થિયનવંશમાં વલખશ નામના પાંચ પાદશાહો થઇ ગયા છે; તેઓમાંથી કયા વલખશે આ આ કામ કર્યું તે દીનકર્દ ઉપરથી માલમ પડતું નથી; પણ વિદ્વાનોનાં અનુમાન પ્રમાણે વલખશ પહેલો જેણે ઇરાન ઉપર ઇ. સ. ૫૧ થી ૭૮ સુધી રાજ્ય કર્યું હતું તેણે આ હુકમ બહાર પાડયો હતો.

**દીની સાહિત્યની ફરી રચના-શહેનશાહ અર્દશીર અને દસ્તુર તનસરનું મહાન કાર્ય.**

ઇ. સ. ૨૨૬ માં ઇરાનની મહાન સાસાનિયન શહેનશાહતનો પાયો નંખાયો. આ નામાંકિત શહેનશાહતનાં મહાન સ્થાપક શહેનશાહ અર્દશીરે ઇરાન દેશમાં પોતાની સત્તા જમાવી. ધર્મને લગતા ઘણાક સુધારા વધારા તેણે કર્યા. શહેનશાહ અર્દશીરે પોતાના વડા વજીર અને ધર્મગુરૂ, દસ્તુર તનસરને દીની સાહિત્યને એકઠું કરી તેની ફરી રચના કરવાનું કામ સોંપ્યું. અવસ્તા સાહિત્યના બચી

રહેલા ભાગો અને લખાણો; તેમજ તેના કકડા બુકલા જે આખા દેશમાં વેરવીખેર હાલતમાં પડ્યા હતા, તે સઘળા ભેગા કરી, પોતાના જ્ઞાન અને અભ્યાસવડે દસ્તુર તનસરે દીની સાહિત્યનાં લખાણોની નવેસરથી ગોઠવણુ કરી; તેની ફરી રચના કીધી. ગોયા વેરવીખેર થઈ ગયલાં અને નાશ પામવાની અણી ઉપર આવેલાં સાહિત્યને નવું જીવન આપ્યું. આ બાબદમાં દીનકર્દ, પુસ્તક ત્રીજું જણાવે છે કે:

'શહેનશાહ અર્દશીરે ઇરાની રાજ્યની સ્થાપના કરી અને દીની સાહિત્ય જે ભાંગી તૂટી હાલતમાં હતું તે એક ઠેકાણે એકઠું કરવામાં આવ્યું; અને તે ઉપરથી વડાધર્મગુરૂ અશો તનસરે અવસ્તા સાહિત્યની નવેસરથી ગોઠવણુ કરી; અને આ રીતે તેણે અવસ્તા સાહિત્યને બાદશાહી ખજાનામાં સાચવી રાખ્યું અને તેની નકલો દેશમાં પૂરી પાડી.'

ઉપર મુજબ ઇ. સ. ની ત્રીજી સદીમાં શહેનશાહ અર્દશીર અને દસ્તુર તનસરના ભેગા પ્રયાસથી અવસ્તા સાહિત્યની ફરી રચના થઈ; અને તે વખતેજ જુદીજુદી બાબદો અનુસાર અવસ્તા સાહિત્યને ૨૧ પુસ્તકોમાં વહેંચી નાખવામાં આવ્યું હોય; કે જેને આપણે હાલે ૨૧ નસ્કોનાં નામથી ઓળખીએ છીએ.

દીનને આરાસ્તે કરનાર-શહેનશાહ અર્દશીર.

પાજંદ આફ્રીનોમાં જરથોશ્તી ધર્મની સેવા બજાવનારા મહાન નરોની યાદ કરવામાં આવી છે, તેમાં શહેનશાહ અર્દશીરનું નામ પણ મળે છે. રપીથવનની આફ્રીનમાં[1] શહેનશાહ અર્દશીર બાબકાનની યાદ સાથે દીનને 'આરાસ્તે કરનારાઓ, સમારનારાઓ અને સુધારનારાઓ'ની યાદ કરવામાં આવી છે; અને તે ઉપરથી માલમ પડે છે કે શહેનશાહ અર્દશીરને દીનને 'આરાસ્તે કરનાર, સમારનાર અને સુધારનાર' તરીકે ઓળખવામાં આવ્યો છે.

૧ ફકરો, ૧૦



દીન અને રાજ્યની ઐકયતા.

દીન સાથે રાજ્યની ઐકયતાની જરૂરીઆત હાલની દુનિયા સારી રવેશે પીછાણે છે: આવીજ ઐકયતાની જરૂરીઆત શહેનશાહ અર્દશીરે આશરે ૧૭૦૦ વર્ષ આગમજ પીછાણી હતી. શહેનશાહ અર્દશીર બાબકાનનાં ધર્મને લગતાં ભલાં કાર્યો અને સુધારા વધારા વિષે, તેમજ રાજ્યને લગતા સુધારા વધારા વિષે, દસ્તુર તનસરે એક વિગતવાર પત્ર તબરીસ્તાનના પાદશાહ જશનફ્શાહ ઉપર લખ્યો હતો. પહેલવી ભાષામાં લખાયલો આ અસલ પત્ર હાલે આપણી પાસે નથી. પણ આ પહેલવી પત્રનો પાછળથી અરબી ભાષામાં તરજુમો કરવામાં આવ્યો હતો. આ અરબી તરજુમો પણ હાલે હૈયાત નથી; પરંતુ આ અરબી ઉપરથી તેનો ફારસીમાં તરજુમો કરવામાં આવ્યો હતો તે હાલે હસ્તી ધરાવે છે. તેમાં શહેનશાહ અર્દશીરનાં રાજ્યને લગતાં અને ધર્મને લગતાં ભલાં કાર્યો માટે દસ્તુર તનસર જણાવે છે કે:

"પાદશાહ દીનમાં વડો છે અને ખુદા તેનો યાર છે. તું જાણે છે કે સિકંદરે ઇસ્તખરમાં આપણા ધર્મ પુસ્તકો, જે ૧૨૦૦૦ ચર્મપત્રોપર લખેલાં હતાં, તે બાળી નાખ્યાં. થોડુંક યાદદાસ્તથી બચી રહ્યું છે, પણ હાલનાં લોકોનાં બિગાડથી, જૂની હકીકતો વીસરાવાથી અને નવાઇઓ માટે લોકોનાં શોખોથી, ખરૂં સત્તાભર્યું શું તે કહેવું મુશ્કેલ થઇ પડયું છે. માટે જરૂરનું થઇ પડયું છે કે દીનને સજીવન કરવા એક મજબુત માણસ જોઇએ. હવે એ કામ માટે તેં શાહનશાહ (અરદેશર) કરતાં કોઈ બીજો વધારે લાયક માણસ સાંભળ્યો યા જોયો છે? આગળ જ્યારે દીનનું જ્ઞાન લોકોમાં વધારે હતું, ત્યારે પણ એક મજબુત અને ડાહ્યા રાજાની, દીનની જાળવણી માટે, અગત્ય હતી, કારણ કે દીનની બાબતોનો જ્યાં સુધી અક્કલથી ખુલાસો થાય નહિં ત્યાં સુધી તે કાયમ રહે નહીં. ત્યારે હાલમાં, જ્યારે પોતાના બાપ બપાવાના વખતમાં બનેલી હકીકતો લોકો ભૂલી જાય છે, ત્યારે દીન સજીવન કરનાર એક ડાહ્યા પાદશાહની કેટલી બધી અગત્ય છે.'[1]

૧ ડૉ. જી. જે. મોદી, 'ઈરાની વિષયો', ભાગ ૩, પા. ૧૩૫'

દસ્તુર તનસરના ઉપલા શબ્દો ઉપરથી માલમ પડે છે કે શહેનશાહ અર્દશીર 'દીન અને રાજ્યની ઐકયતા' (Unity of Church and State) ઉપર ખાસ ધ્યાન આપે છે. જેમ દીનને રાજ્યની જરૂર છે તેમ રાજ્યને દીનની જરૂર છે; અને તેથીજ શહેનશાહ અર્દશીરે પોતાની દીન સમારવાનું અને તેને આરાસ્તે કરવાનું કામ માથે લીધું. તેના પરિણામે તેણે જ઼રથોશ્તી દીન અને દીની સાહિત્યને આરાસ્તે કરવા ઉપરાંત પોતાના રાજ્યની પણ આબાદી કીધી. તેણે પોતાનાં એ કાર્યોથી ઇરાની પ્રજાની અને જ઼રથોશ્તી ધર્મની તવારિખમાં પોતાનું નામ અમર કર્યું.

**દસ્તુર આદરબાદ મારેસ્પંદ-અવસ્તાનો પહેલવી તરજુમો.**

સાસાનિયન શહેનશાહ શાહપુર બીજા (ઇ. સ. ૩૦૯-૩૭૯) ના રાજ્યઅમલ દરમ્યાન ઇરાનના નામાંકિત દસ્તુર આદરબાદ મારેસ્પંદે અવસ્તા સાહિત્યનો પહેલવી ભાષામાં તરજુમો કર્યો. વળી તેઓએ અવસ્તા લખાણોની વધુ સમજ આપવા માટે તે ઉપર શરેહો કીધી. દસ્તુર આદરબાદનાં આ ઉમદા કાર્યથી તે વખતની ઇરાની પ્રજા જ઼રથોશ્તી ધર્મનાં ઉમદા ફરમાનો અને ફિલસૂફીથી વાકેફ થઇ. અવસ્તા લખાણોનો પહેલવી તરજુમો કરી દસ્તુર આદરબાદે જ઼રથોશ્તી સાહિત્યની અનુપમ સેવા બજાવી છે. તેમની એ સેવા જેમ તેમનાં પોતાનાં જમાનામાં ઇરાની પ્રજાને ધર્મ સમજાવવામાં ઉપયોગી નિવડી, તેમ તે પછીના જમાના માટે પણ એમની એ સેવા ઉપયોગી અને અમૂલ્ય નિવડી; કારણ કે આ પહેલવી તરજુમો અને શરેહ આજે પણ અવસ્તા અભ્યાસ માટે ખાસ અગત્યના ગણાય છે. પહેલવી 'જ઼ંદે વોહુમન યશ્ત'માં દસ્તુર આદરબાદને 'રાસ્ત દીનને સ્થાપનાર' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. વળી 'આફ્રીને રપિથ્વિન'માં દસ્તુર આદરબાદને 'પઓઇર્યોત્કએષ' એટલે આગેવાન ધર્મગુરૂ અને એક મહાન મોબેદની ઉપમા આપી છે.

**'દીનને સમારનાર' શહેનશાહ નોશીરવાન.**

સાસાનિયન જમાનાના મહાન અને પ્રખ્યાત શહેનશાહ નોશીરવાન આદેલ (ઇ. સ. ૫૩૧-૫૭૯) નું નામ પણ જ઼રથોશ્તી ધર્મ સાહિત્યમાં ઘણું જાણીતું છે. શહેનશાહ નોશીરવાનનાં રાજ્ય અમલ દરમ્યાન અવસ્તા સાહિત્ય ઉપર લખાયલી પહેલવી શરેહમાં સુધારો વધારો કરવામાં આવ્યો. 'આફ્રીને



રપિથ્વિન'માં શહેનશાહ નોશીરવાન આદેલ (ખુશરો-ઇ કવાદાન)ને ઇનસાફ આપનાર, અદલ, દીનને પવિત્રાઇ આપનાર અને 'દીનને સમારનાર' તરીકે જણાવવામાં આવ્યા છે.

**આરબોને હાથે થયેલી ખરાબી**

ઈ. સ. ૬૪૧ માં છેલ્લા સાસાનિયન શહેનશાહ યજ઼દગર્દ શહેરીયારની હાર થઇ અને સાસાનિયન શહેનશાહતનો અંત આવ્યો. રાજ્યની પડતી સાથે ધર્મની પડતી પણ આવે એ તદન સ્વાભાવિક છે. અને તેજ રીતે આરબોની ઇરાન ઉપરની ફતેહમંદ ચઢાઈ પછી જ઼રથોશ્તી ધર્મ સાહિત્યને એકવાર ફરીથી ગંભીર નુકશાન પૂગ્યું. દીનકર્દ જણાવે છે તે પ્રમાણે આરબો તરફથી રાજ્યના ખજાનાનો અને કેતાબખાનાનો નાશ કરવામાં આવ્યો; અને આ રીતે અવસ્તા સાહિત્ય એકવાર ફરીથી ભાંગીતૂટી હાલતમાં આવી પડયું.

**ઇ. સ. ની ૯ મી સદીનું અવસ્તા સાહિત્ય.**

મહાન સાસાનિયન શહેનશાહતના નાશ પછી જ઼રથોશ્તી દીની સાહિત્યને નુકસાન પુગ્યું ખરૂં; પરંતુ આપણે સાધારણરીતે એવું માનીએ છીએ કે સાસાનિયન જમાનાના અવસ્તા સાહિત્યનાં ૨૧ નસ્કોનો મોટો ભાગ અરબોને હાથ નાશ પામ્યો; પણ તે અમુક દરજ્જે ગેરવાજબી છે. આપણી એક અગત્યની પહેલવી કેતાબ દીનકર્દના આઠમાં તેમજ નવમાં પુસ્તકોમાં આપવામાં આવેલા અવસ્તાનાં ૨૧ નસ્કોના ટૂંક સાર ઉપરથી માલમ પડે છે કે જે જમાનામાં દીનકર્દનું પુસ્તક લખાયું તે જમાનામાં ૨૧ નસ્કોનો ઘણો મોટો ભાગ બચી રહેલો હોવો જોઇએ. ઇ. સ. ની ૯ મી સદીમાં હાલના પહેલવી દીનકર્દની શરૂઆત દસ્તુર આદરફ્રેનબગ ફરરોખજ઼ાદે કીધી અને એ કામ તેવણ પછી દસ્તુર આદરબાદ હેમીદે ઇ. સ. ની ૯ મી સદીના છેવટના ભાગમાં પૂરૂં કર્યું. આ દીનકર્દના લખનાર જણાવે છે કે: 'વશ્તગ નસ્કનાં અવસ્તા અને તેનો પહેલવી તરજુમો જળવાયલો નથી.' વળી તેઓ કહે છે કે: 'નાદર નસ્કનો પહેલવી તરજુમો નથી અને તેના અવસ્તા મળ્યા છે તેમ જાળવી રાખવામાં આવ્યા છે.' આ ઉપરથી ખુલ્લું માલમ

પડે છે કે દીનકર્દના લખનારે અસલ અવસ્તા નસ્કો અને તેના પહેલવી તરજુમાને આધારેજ દીનકર્દમાં ૨૧ નસ્કોનો સાર આપ્યો છે. આ ઉપરથી આપણે વાજબીરીતે અનુમાન કરી શકીએ કે આરબોએ ઇરાન જીત્યા પછીની આશરે ત્રણ સદીઓ સુધી અવસ્તાનાં ૨૧ નસ્કો અને તેનાં પહેલવી તરજુમાનો ઘણો મોટો ભાગ હસ્તી ધરાવતો હોવો જોઇએ. આ ૨૧ નસ્કોમાંથી દીનકર્દનાં લખનારને ‘વશ્તગ’ નસ્કના અવસ્તા તેમજ પહેલવી તરજુમો અને ‘નાદર’ નસ્કનો પહેલવી તરજુમો મળ્યાં હતાં નહિં. તે સિવાય સઘળાં નસ્કો ઇ. સ. ની ૯ મી સદી સુધી હૈયાત હોવાંજ જોઇએ. આ પ્રમાણે સાસાનિયન જમાનાનાં અવસ્તા સાહિત્યનો ઘણો મોટો ભાગ ઇ. સ. ની ૯ મી સદી સુધી હસ્તી ધરાવતો હતો. સાસાનિયન શહેનશાહતના નાશ પછી ત્રણ સદીઓ સુધી ઇરાનના જરથોશ્તીઓનાં નામાંકિત દસ્તુરોનાં અભ્યાસ અને ઇલમના અનેક પૂરાવાઓ આજે પણ તે વખતનાં પહેલવી પુસ્તકો પૂરા પાડે છે. ઇ. સ. ની ૯ મી સદી પછીના જમાનાનાં જરથોશ્તી દીની સાહિત્યનાં સફાઓ અંધકારમાં છે. ઇ. સ. ની ૯ મી સદી સુધી જળવાઇ રહેલાં અવસ્તા સાહિત્યનાં ઘણા મોટા ભાગનો નાશ તે પછીના જમાનામાં થયલો હોવો જોઇએ. આટલો મોટો વિસ્તાર ધરાવતાં સાહિત્યનો કયારે, કેવી રીતે અને કોને હાથે નાશ થયો તે ચોકસપણે કહી શકાતું નથી. સાતમી સદીમાં ઇરાનની પડતી પછી થયલી સાહિત્યની ખુવારી કરતાં પણ નવમી સદી પછી થયલી ખુવારી વધારે ભયંકર અને નુકસાનકારક કહી શકાય; કારણ કે એ અરસામાં અવસ્તાનાં ૨૧ નસ્કોનો ઘણો મોટો ભાગ સંપૂર્ણ નાશ પામ્યો છે.

**દસ્તુર નેર્યોસંગનો સંસ્કૃત તરજુમો.**

સાસાનિયન શહેનશાહતની પડતી પછી, પોતાના પવિત્ર ધર્મનાં રક્ષણને માટે, પોતાની માતૃભૂમિને છેલ્લી સલામ કરી પારસી કોમ હિંદુસ્તાન આવી વસી. હિંદુસ્તાન આવ્યા પછી પારસીઓનાં એક ધર્મગુરૂ, નામાંકિત દસ્તુર નેર્યોસંગે જરથોસ્તી ધર્મને લગતી પહેલવી કેતાબોનો સંસ્કૃતમાં તરજુમો કર્યો. પહેલવી યજશ્ન, પહેલવી ખોરદેહ અવસ્તા, મીનોખેરદ, શીકંદ ગુમાની વીજાર વિગેરે પહેલવી પુસ્તકોનો દસ્તુર નેર્યોસંગે



કીધેલો સંસ્કૃત તરજુમો આજે પણ હૈયાત છે. આ સંસ્કૃત તરજુમો પહેલવી ભાષાનાં અભ્યાસ માટે ખાસ અગત્યનો ગણાય છે. તે વખતનાં પહેલવી લખાણો ઉપર તેમજ પહેલવી ભાષાના અભ્યાસ ઉપર આ સંસ્કૃત તરજુમો ઘણું અજવાળું નાખે છે.

**રેવાયતનો જમાનો.**

ઇરાનથી હિંદુસ્તાન આવ્યા પછી પારસીઓ સદીઓ સુધી સંજાણમાં વસ્યા. વખત જતાં ગુજરાનનાં અને બીજાં કારણોસર પારસીઓ સંજાણથી નીકળી ગુજરાતનાં બીજા ભાગોમાં વીખેરાવા લાગ્યા; આવી રીતે જુદેજુદે ઠેકાણે જઇ વસેલા પારસીઓમાં ધાર્મિક રિવાજો અને ક્રિયાઓના સંબંધમાં વખત જતાં ફેરફારો થવા લાગ્યા; અને તેનાં પરિણામે તેઓમાં ક્રિયાઓ અને ધાર્મિક રાહ રસમોના સંબંધમાં મતફેરી ઉત્પન્ન થઇ. આ મતફેરીનો છેડો લાવવા માટે ઇ. સ.ની ૧૫મી સદીમાં નવસારી, સુરત, ભરૂચ, ખંબાત અને અંકલેસરના જરથોશ્તીઓએ ધાર્મિક ક્રિયાઓ, ભણતરો અને રિવાજોનાં સંબંધમાં ઇરાનના જરથોશ્તીઓનાં ધર્મગુરૂઓને સવાલો પૂછાવવાનું નક્કી કર્યું. આ માટે ઇ. સ. ૧૪૭૮ માં તેઓએ ભરૂચનાં એક જરથોશ્તી નરીમાન હોશંગને ઇરાન મોકલ્યા; અને તેજ વર્ષમાં આ સવાલોનાં જવાબો સાથે નરીમાન હોશંગ ઇરાનથી પાછા ફર્યા. આવી રીતે આશરે ત્રણ સદીઓ—ઇ. સ. ૧૪૭૮ થી ઇ. સ. ૧૭૬૮-નાં અરસામાં આશરે બાવીસ વખત હિંદુસ્તાનનાં જરથોશ્તીઓએ જુદાજુદા ગૃહસ્થોને ઇરાન મોકલી ધર્મને લગતા સવાલો પૂછાવ્યા અને ઇરાનના જરથોશ્તી ધર્મગુરૂઓએ તેનાં જવાબો આપ્યા. આ સઘળા સવાલો અને તેનાં જવાબોનાં લખાણને આપણે ‘રીવાયત’ના નામથી ઓળખીએ છીએ. આ રીવાયતનાં સાહિત્યમાં ક્રિયાઓ, રાહરસમો અને રિવાજોને લગતા સંખ્યાબંધ સવાલોના તે વખતની ચાલતી રસમ મુજબ જવાબો આપવામાં આવ્યા છે. આ રીવાયતનાં લખાણો ઉપરથી માલમ પડે છે કે તે વખતના ઇરાનના દસ્તુરો હિંદુસ્તાનના દસ્તુરો કરતાં ધર્મની બાબદમાં વધારે ખબરદાર હતા. તેઓનો મુખ્ય અભ્યાસ અવસ્તા મારફતે નહિં, પણ અવસ્તાના પહેલવી અને કેટલીક વખતે ફારસી તરજુમાઓ મારફતે હતો અને તે મારફતે તેઓ પોતાનો

ધર્મ સમજતા હતા. આ રીવાયત સાહિત્ય તે જમાનાની જરથોસ્તી રાહરસમો અને રિવાજો ઉપર ઘણું અજવાળું નાખે છે. આ રીવાયતના લખાણો મધ્ય જમાનાના ઈરાનના તેમજ હિંદુસ્તાનનાં જરથોશ્તીઓની હાલત ઉપર, તેમની તવારિખ ઉપર અને તેમની રહેણી કરણી ઉપર પણ ઘણો પ્રકાશ નાખે છે.

**દીની સાહિત્યના અભ્યાસની ફરી શરૂઆત.**

ઇ. સ. ૧૭૨૧ માં ઇરાનના એક ભણેલા ધર્મગુરૂ દસ્તુર જામાસ્પ વેલાયતી હિંદુસ્તાનમાં, સુરત ખાતે આવ્યા. તેઓ પહેલવી ફ્રવષી, પહેલવી નીરંગસ્તાન અને બીજી કેટલીક કેતાબો પણ પોતાની સાથે લાવ્યા. તેમણે પહેલવી તરજુમા મારફતે, તે વખતની સમજણ પ્રમાણે જરથોશ્તી ધર્મજ્ઞાન હિંદુસ્તાનનાં જરથોશ્તી ધર્મગુરૂઓને આપ્યું. સુરતના જરથોશ્તીઓમાં આ વખતે ક્રિયાઓના સંબંધમાં જે મતફેર ઉભો થયો હતો તે બાબતમાં તેઓને દસ્તુર જામાસ્પે ઇરાનની તે વખતની રાહરસમોની સમજ આપી. આ ઉપરાંત, તેઓએ હિંદુસ્તાનના ધર્મગુરૂઓને પહેલવી અને ફારસી લખાણોના અભ્યાસ મારફતે જરથોસ્તીધર્મની કેળવણી આપી. દસ્તુર જામાસ્પના ચેલાઓમાંના મુખ્ય સુરતનાં પ્રખ્યાત દસ્તુર દારાબ કુમાના હતા.

**આંકેટીલ ડ્યુ પેરોં.**

ઇ. સ. ૧૭૫૪ માં વંદિદાદનાં ત્રણ કે ચાર પાનાઓ ફ્રાન્સના જવાન અભ્યાસી આંકેટીલ ડ્યુ પેરોંના જોવામાં આવ્યાં; અને તે ઉપરથી આ ચંચળ જવાન અભ્યાસીએ આ લખાણની ભાષાનો અભ્યાસ કરવાનો કસદ કર્યો. ઇ. સ. ૧૭૫૫ માં ફ્રાન્સથી ઉપડી, ત્રણ વર્ષની મુદત પછી, અસંખ્ય હાડમારીઓ વેઠતો તે હિંદુસ્તાનમાં આવ્યો. ઈ. સ. ૧૭૫૮ માં આંકેટીલ સુરત ખાતે આવ્યો, અને ત્રણ વર્ષ સુધી સુરતનાં દસ્તુર દારાબ કુમાનાના હાથ હેઠળ પહેલવી મારફતે અવસ્તાનો તેણે અભ્યાસ કર્યો. ઇ. સ. ૧૭૬૧ માં તે ફ્રાન્સ જવા ઉપડયો. દસ વર્ષની મહેનત પછી તેણે ઈ. સ. ૧૭૭૧ માં 'જંદ-અવસ્તા'નાં ત્રણ મોટાં પુસ્તકો છપાવી બહાર પાડયાં. આ પુસ્તકોમાં તેણે અવસ્તા લખાણોનો ફ્રેન્ચ ભાષામાં તરજુમો અને હિંદુસ્તાન ખાતેના પોતાના અભ્યાસનું વિગતવાર વર્ણન આપ્યું છે.



**યુરોપમાં અવસ્તા અભ્યાસની શરૂઆત.**

જ્યારે આંકેટીલે પોતાનું અવસ્તાના તરજુમાનું પુસ્તક બહાર પાડયું ત્યારે તે વિષે તરેહવાર અનુમાનો થવા લાગ્યાં. તે જમાનાના અવસ્તાઅભ્યાસ અનુસાર થયલા આ તરજુમાનાં પરિણામે યુરોપના વિદ્વાનો હૈયાત અવસ્તા સાહિત્ય તરફ શંકાની નજરથી જોવા લાગ્યા. કેટલાકો એવું માનવા લાગ્યા કે આંકેટીલે જે પુસ્તકોનો તરજુમો કર્યો હતો તે જરથુશ્ત્ર જેવા મહાન પુરૂષનાં અને જરથોશ્તી જેવા મહાન ધર્મનાં મૂળ પુસ્તકો હોઇ શકે નહિં; અને તે પુસ્તકો માત્ર પાછળથી ઉપજાવી કાઢવામાં આવ્યાં હતાં. આવી માન્યતા માત્ર અવસ્તાના ભૂલભર્યા તરજુમાને આભારી હતી; પરંતુ આ શરૂઆતના ભૂલભર્યા તરજુમા મારફતેજ આજે આપણે ઘણે દરજ્જે સત્યની રોશની જોવા ભાગ્યશાળી થયા છીએ. આ શરૂઆતના ભૂલભર્યા તરજુમા ઉપરથી ઉભી થયલી તકરારેજ અવસ્તા અને ઈરાની સાહિત્યના અભ્યાસને વેગ અને ગતિ આપ્યાં છે. આંકેટીલે બહાર પાડેલા તરજુમા પછી હૈયાત અવસ્તા સાહિત્યની અસલ્યાત માટે લગભગ ૫૦ વર્ષ સુધી જોશભેર તકરારો ચાલી; પરંતુ તે વખતે આ સવાલનો કાંઈ પણ વાજબી ફડચો થઇ શકયો નહિં. ઈ. સ. ૧૮૧૯–૨૨ માં પ્રોફેસર રાસ્કે અને ઇ. સ. ૧૮૨૫ માં પ્રોફેસર બરનુફે ઇરાનની મુસાફરીઓ કીધી અને ઇરાનથી ઘણાક કિંમતી અવસ્તા હસ્તલેખો યુરોપમાં લઇ ગયા. તે હસ્તલેખો હાલે યુરોપની લાઇબ્રેરીઓમાં, અને ખાસ કરીને કોપનહેગન યુનિવર્સીટી લાઇબ્રેરીમાં, મોજુદ છે. આ ઉપરાંત તેઓએ ઈરાની ભાષાઓનો અભ્યાસ કર્યો. અવસ્તા સાહિત્યના અભ્યાસમાં યુરોપના વિદ્વાનોને જે મુખ્ય અને અગત્યની ચીજ માલમ પડી તે આ કે અવસ્તાના ઘણા શબ્દો સંસ્કૃતને તદન મળતા આવતા હતા. તેઓએ અવસ્તા અને સંસ્કૃત ભાષાઓ વચ્ચે ઘણું ધ્યાન ખેંચવા જોગ મળતાપણું દેખાડી આપ્યું, અને તે મારફતે અવસ્તા ભાષાનું પુરાતનપણું પુરવાર થયું. આ ઉપરાંત આજ અરસામાં પ્રોફેસરો બરનુફ, લાસેન, રોલીનસન અને બીજાઓએ બહીસ્તુન અને પરસીપોલીસ ખાતેના ખીલારોકી લેખોનો ઉકેલ કર્યો. આ ખીલારોકી લેખોના અભ્યાસ ઉપરથી માલમ પડયું કે હખામનિયન જમાનાના પાદશાહોની ભાષા અવસ્તા ભાષાને ઘણી

મળતી આવે છે; અને તે ઉપરથી અવસ્તા ભાષાનાં પુરાતનપણાની વધુ પૂરવારી મળી.

**શરૂઆતની મતફેરી-સંસ્કૃત સ્કૂલ.**

જેમ જેમ અવસ્તા સાહિત્યનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ વેદ અને સંસ્કૃતના યુરોપીઅન અભ્યાસીઓને લાગ્યું કે અવસ્તા સાહિત્ય સમજવા માટે સંસ્કૃત ભાષાનાં જ્ઞાનની ખાસ જરૂર છે; અને સંસ્કૃત મારફતેજ અવસ્તા સાહિત્ય સમજાવી શકાય. તેઓએ એવી દલીલ કીધી કે અવસ્તા અને સંસ્કૃત ભાષાઓ ઘણે દરજ્જે મળતી આવે છે, તેઓ બંને બહેનપણીઓ છે; અને તેથી, પહેલવી નહિં પણ સંસ્કૃત મારફતે અવસ્તા સાહિત્યના તરજુમા થવા જોઇએ, કારણ કે સંસ્કૃત ભાષા એકલીજ અવસ્તાની ચાવી ગણી શકાય.

આવી દલીલ કરનારાઓમાં પ્રોફેસરો રોથ, બેનફી, હાઉગ વિગેરે સંસ્કૃતના મહાન અભ્યાસીઓ હતા. તેઓની વધુ દલીલ એવી હતી કે પહેલવી તરજુમા મારફતે અવસ્તાનો તરજુમો કરવો તે અસલ અવસ્તાના લખાણોનો તરજુમો નહિં, પણ પહેલવીનો તરજુમો અને તે પહેલવી તરજુમાની સમજણ આપવા બરાબર કહેવાય. તેઓના કહેવા પ્રમાણે અવસ્તા જમાના પછી અનેક જુદા જુદા વિચારો ઇરાની પ્રજામાં દાખલ થયા, જુદે જુદે વખતે પ્રજાના વિચારોમાં તરેહવાર ફેરફારો થયા; આ સઘળા વિચારો પહેલવીમાં દાખલ થવા પામે એ તદ્દન સ્વાભાવિક છે; અને તેથી પહેલવી મારફતે અવસ્તાની અસલ સમજણ અને અર્થ મળી શકે નહિં. ત્રેડીશન પોતાના જમાનાનાં વિચારો જૂના જમાનાનાં સાહિત્યમાં જોવાની કોશેષ કરે, એટલે પહેલવી તરજુમો કરનારાઓ પોતાના જમાનાના વિચારો અવસ્તામાંથી વાંચવાની કોશેષ કરે; અને આ રીતે અસલ અવસ્તા સાહિત્યના નહિં એવા વિચારો પહેલવી તરજુમાઓમાં અને ત્રેડીશનમાં આવી ગયા હોય એ બનવાજોગ છે. આ પ્રમાણે અવસ્તા સમજવાની ચાવી સંસ્કૃત અને વેદ છે, અને નહિં કે પહેલવી. સંસ્કૃત સ્કૂલની આ દલીલો હતી.



**પહેલવી સ્કૂલ.**

પહેલવીનાં નામાંકિત પંડિતો ડૉ. સ્પીગલ, યુસ્તી અને બીજા વિદ્વાનો અવસ્તાના તરજુમા અને સમજણ માટે પહેલવીની હિમાયત કરવા લાગ્યા. ડૉ. સ્પીગલે અવસ્તા-પહેલવી લખાણો છપાવીને બહાર પાડયાં, તેમજ પહેલવી ભાષાનું વ્યાકરણ અને અવસ્તાનો તરજુમો પ્રગટ કર્યાં. ત્રેડીશનલ પહેલવી સ્કૂલનાં આગેવાનોએ જણાવ્યું કે અવસ્તા અને વેદની ભાષાઓ મળતી આવતી હોય તેથીજ માત્ર વેદની ભાષા તેજ અવસ્તાની ભાષા છે અને અવસ્તાની ભાષા તેજ વેદની ભાષા છે એમ કહી શકાય નહિં. પહેલવીનાં આ હિમાયતીઓની દલીલ એવી હતી કે જો સંસ્કૃત પ્રમાણે અવસ્તાનો તરજુમો કરવામાં આવે તો તેથી ઘણાક શબ્દોનો ખોટો અર્થ થવાનો સંભવ છે; કારણ કે અવસ્તા અને સંસ્કૃતમાં એક-મળતા શબ્દો બંને ભાષાઓમાં જુદા જુદા અર્થે વપરાયલા મળે છે; જેમકે અવસ્તા 'દએવ' બુરી શક્તિને માટે વપરાય છે; જ્યારે એને મળતો સંસ્કૃત 'દેવ' ખુદાનાં અર્થે વપરાય છે. અવસ્તા 'મૅરૅઘ' એટલે પક્ષી; પણ સંસ્કૃતમાં 'મૃગ' એટલે એક જાતનું હરણ; અવસ્તા 'રતુ' એટલે દિવસનો એક ભાગ, એક ગાહ; પણ સંસ્કૃત 'ઋતુ' એટલે મોસમ; અવસ્તા 'મઇન્યૂ' એટલે અણદીઠ શક્તિ, પણ સંસ્કૃત 'મન્યુ' એટલે ગુસ્સો; અવસ્તા 'દહ્યુ' એટલે પ્રાંત, દેશ, પણ સંસ્કૃત 'દસ્યુ' એટલે ચોરોની ટોળી. આ મુજબ, પહેલવી સ્કૂલની દલીલ પ્રમાણે, અવસ્તા અને સંસ્કૃતમાં એકમળતા શબ્દોનો અકેકથી ઉલટો અથવા તદન જુદોજ અર્થ મળે છે. તો પછી જો સંસ્કૃત મારફતે અવસ્તાની સમજણ આપવામાં આવે તો તેમાં ઘણો અનર્થ થવાનો સંભવ રહે, અને તેથી અવસ્તાની સમજણ પહેલવી મારફતે થવી જોઇએ. આવી રીતની દલીલ ત્રેડીશનલ પહેલવી સ્કૂલે રજુ કીધી.

**સંસ્કૃત અને પહેલવીની ભેગી જરૂરીઆત.**

સંસ્કૃત અને પહેલવી સ્કૂલો વચ્ચે સમાધાનીનો માર્ગ ગઇ સદીની અધવચ્ચે ઇરાની સાહિત્યના નામાંકિત પ્રોફેસર દારમેસ્ટેટેએ શોધી કાઢયો. પ્રોફેસર દારમેસ્ટેટેની દલીલ પ્રમાણે આ બંને સ્કૂલો વચ્ચેની તકરારમાં બંને સ્કૂલો એક યા બીજી રીતે વાજબી હતી; આ બંને-સંસ્કૃત અને પહેલવી-સ્કૂલોએ

અવસ્તા અભ્યાસની કિંમતી સેવા બજાવી છે; અને તેથી, પ્રોફેસર હારમેસ્ટેટેનાં અભિપ્રાય પ્રમાણે, આ બંને સ્કૂલો એક બીજાનાં મિત્ર તરીકે અવસ્તા સાહિત્યની વધારે કિંમતી સેવાઓ બજાવી શકે; કારણકે અવસ્તાની વાજબી સમજણ માટે જેટલી સંસ્કૃતની જરૂર છે, તેટલીજ પહેલવીની પણ જરૂર છે. પ્રોફેસર હારમેસ્ટેટેની આ દલીલમાં ઈરાની સાહિત્યના અભ્યાસીઓએ ઘણું વજુદ જોયું, અને તેથી હાલે અવસ્તાની સમજણ માટે જેમ સંસ્કૃત જરૂરનું ગણાય છે, તેમ પહેલવી પણ જરૂરી ગણાય છે; અને અવસ્તાના અભ્યાસ માટે તેના પહેલવી તરજુમાનાં અભ્યાસની પણ ખાસ અગત્યતા સ્વિકારવામાં આવી છે.

**યુરોપમાં અવસ્તા સાહિત્ય અભ્યાસ.**

યુરોપ અને અમેરીકામાં વખત જતાં ઈરાની ભાષાઓ, ઇરાની સાહિત્ય અને ઇરાની ઇતિહાસનો અભ્યાસ વધતોજ ગયો. યુરોપ અને અમેરીકાના વિદ્વાનોએ અવસ્તાના મળી શકતા હસ્તલેખો ભેગા કરી તે ઉપરથી અવસ્તા લખાણો પ્રગટ કર્યાં. આ ઉપરાંત અવસ્તા સાહિત્યની સમજણમાં નવી નવી શોધખોળો થતી રહી. ઈરાનમાં મુસાફરી કરી, અવસ્તાનાં અનેક હસ્તલેખો મેળવી તેઓની સરખામણી કરી, ઇ. સ. ૧૮૫૪માં પ્રોફેસર વેસ્ટરગાર્ડે "Zend Avesta" નામનું તમામ અવસ્તા સાહિત્યનું દળદાર પુસ્તક બહાર પાડ્યું. વર્ષો સુધી પ્રો. વેસ્ટરગાર્ડનું આ પુસ્તક અવસ્તાઅભ્યાસીઓને ઘણું ઉપયોગી થઈ પડ્યું. ઈ. સ. ૧૮૬૪ માં અને ઈ. સ. ૧૮૬૮ માં ડૉ. સ્પીગલે તમામ અવસ્તાનાં લખાણો તેના પહેલવી તરજુમા સાથે બે વૉલ્યુમમાં પ્રગટ કર્યાં. ડૉ. સ્પીગલના યજશ્નનાં પહેલવી તરજુમાની કેતાબો આજે પણ અવસ્તા અભ્યાસીઓને ઘણી ઉપયોગી છે, કારણ કે ત્યાર પછી યજશ્નના પહેલવી તરજુમાની બીજી કોઇપણ આવૃત્તિ બહાર પડી નથી.[1] ડૉ. ગેલ્ડનરે અવસ્તાના સંખ્યાબંધ હસ્તલેખોની સરખામણી કરી અથાગ મહેનતે તમામ અવસ્તા સાહિત્યનું "Avesta, The Sacred Books of the Parsis," (ઇ. સ. ૧૮૮૫–૧૮૯૬) એવે નામનું મહાભારત પુસ્તક બહાર પાડ્યું. આ પુસ્તક આજે પણ સત્તાદાર ગણાય છે; અને તે ચાલુ ઉપયોગમાં લેવામાં આવે છે. પ્રોફેસર મેક્ષમ્યુલરે પ્રગટ કરેલી "Sacred Books

[1] પહેલવી યજશ્નની નવી આવૃતિ તૈયાર કરવાનું કામ એર્વદ બહમનજી ધાભરે હાથ ધર્યું છે.



of the East Series" માં ડૉ. વેસ્ટે પહેલવી કેતાબોનાં, તેમજ ડૉ. મીલ્સે અને પ્રો. દારમેસ્ટેટેએ અવસ્તાનાં અંગ્રેજી તરજુમાઓ બહાર પાડયા. આ ઉપરાંત યુરોપ અને અમેરીકાનાં બીજા વિદ્વાન અભ્યાસીઓએ અવસ્તા સાહિત્યને લગતી અનેક કેતાબો પ્રગટ કરી અસલી ઇરાની પ્રજા, તેનો ધર્મ, તેની તવારિખ અને તેની સંસ્કૃતિ ઉપર ઘણું અજવાળું નાખ્યું. યુરોપ અને અમેરીકાના નામાંકિત વિદ્વાનોએ અવસ્તા સાહિત્યને ગોયા નવો જીવ આપ્યો; તેઓએ જરથોશ્તીધર્મ અને સાહિત્યને દુનિયામાં એકવાર ફરીથી રોશન કર્યાં.

**પારસી કોમમાં અવસ્તા સાહિત્ય અભ્યાસ.**

આપણે ઉપર જોયું છે તે પ્રમાણે, ઇ. સ. ૧૭૨૧ માં ઇરાનનાં દસ્તુર જામાસ્પે હિંદુસ્તાન આવી જરથોશ્તી ધર્મગુરૂઓને પહેલવી ભાષાનું જ્ઞાન આપ્યું. પહેલવી મારફતેજ તે વખતે અવસ્તા સાહિત્ય સમજવામાં આવતું હતું. તે વખતનાં ભણેલા દસ્તુરો અને મોબેદોનો અવસ્તા અભ્યાસ મુખ્યત્વેકરીને પહેલવી મારફતે હતો. આ જૂના જમાનાના ત્રેડીશનલ સ્કૂલનાં અભ્યાસીઓએ ઇરાની સાહિત્યના અભ્યાસમાં પોતાનો ઉમદા ફાળો આપ્યો છે. પ્રખ્યાત દસ્તુર એદલજી સંજાણા, દસ્તુર એરચજી સોરાબજી મહેરજીરાણા, દસ્તુર મુલ્લાં ફીરોઝ, દસ્તુર અસ્પંદીઆરજી રબાડી વિગેરે અભ્યાસીઓએ તે વખતની રૂઢી પ્રમાણે ઇરાની સાહિત્યની સારી સેવા બજાવી છે. સમ્શ-ઉલ-ઓલમા દસ્તુર પેશોતન સંજાણા, સમ્શ-ઉલ-ઓલમા ડૉ. દસ્તુર જામાસ્પજી જામાસ્પ આશા, સમ્શ–ઉલ–ઓલમા દસ્તુર હોશંગ જામાસ્પ, દસ્તુર મીનોચહેર જામાસ્પ આશા વિગેરે દસ્તુરોએ શરૂઆતમાં ત્રેડીશનલ રૂઢી પ્રમાણે અને પાછળથી નવી વ્યવસ્થીત રૂઢી પ્રમાણે અભ્યાસ કરી ઇરાની સાહિત્યની ઉમદા સેવા બજાવી છે.

**પશ્ચિમની રૂઢી પ્રમાણે અવસ્તા અભ્યાસ-વિદ્વાન ઓલમા શેઠ કામાજી.**

પશ્ચિમની વ્યવસ્થિત રૂઢી પ્રમાણે જરથોશ્તી ધર્મ સાહિત્યનાં અભ્યાસની હિંદુસ્તાનમાં અને પારસી કોમમાં શરૂઆત કરવાનું અનુપમ માન આપણી કોમનાં મહાવિદ્વાન ઓલમા અશોનર શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાજીને ફાલે જાય છે. ઇ.સ. ૧૮૫૫માં શેઠ કામાજી ઇંગ્લાંડની સફરે ગયા; અને ત્યાંથી તેઓએ ફ્રાન્સ, સ્વીટઝરલેન્ડ અને જરમનીનાં મુખ્ય શહેરોની મુલાકાત લીધી; આ ઉપરાંત ફ્રાન્સમાં અને

જરમનીમાં વસવાટ કરી ફ્રેન્ચ અને જરમન ભાષાઓની કેળવણી લીધી; તે સાથે યુરોપનાં નાંમાક્તિ વિદ્વાનો પ્રોફેસરો સ્પીગલ, ઓપર્ટ, મોહલ, વિગેરેનાં હાથ હેઠળ જરમની અને ફ્રાન્સમાં જરથોસ્તી ધર્મસાહિત્યનો અભ્યાસ કર્યો. આ મુજબ પશ્ચિમની સાયન્ટીફીક રૂઢી અનુસાર અને ભાષાશાસ્ત્રનાં નિયમોને અનુસરીને અવસ્તા સાહિત્યનો અભ્યાસ કરનાર પહેલા પારસી શેઠ કામાજી હતા. ઇ. સ. ૧૮૫૯ નાં સાલમાં તેઓએ હિંદુસ્તાન પાછા ફર્યા પછી, પોતાની વિદ્વતા અને અભ્યાસનો લાભ પારસી કોમને આપવાનો કસદ કર્યો. ઈ. સ. ૧૮૬૧ માં શેઠ કામાજીએ ચંચળ અથોરનાનોને અવસ્તા તથા પહેલવી ભાષાઓની ભાષાશાસ્ત્રને આધારે પશ્ચિમની રૂઢી અનુસાર કેળવણી આપવા માટે પોતાના ખરચે એક ખાનગી વર્ગ ઉઘાડયો. તેમાં પોતાની તમામ શક્તિનો અને વિદ્વતાનો લાભ આપવા ઉપરાંત મોબેદોનાં ગરીબ પણ ચંચળ છોકરાઓને શેઠ કામાજીએ પોતાની ગીરોથી નાણાની મદદ કરીને પણ તેઓને પશ્ચિમની નવી રૂઢી અનુસાર અવસ્તા ભાષાનું શિક્ષણ આપ્યું. અને તેથી માત્ર થોડાં વર્ષોમાં, પ્રોફેસર દારમેસ્ટેટેના શબ્દોમાં બોલ્યે તો, આ 'બહેદીન–દસ્તુર' કામાજીની બાહોશી, કારસાજી તેમજ તન, મન અને ધનની ઉદારતાના પરિણામે પારસી કોમમાં ભણેલો ધર્મગુરૂવર્ગ હસ્તીમાં આવ્યો. પારસી કોમમાં ભણેલા ધર્મગુરૂવર્ગના અને અવસ્તા અભ્યાસનાં પિતા તરીકે શેઠ કામાજીનું નામ સદા ઝળકતું અને યાદગાર રહી જશે; અને અથોરનાનવર્ગમાં આભારથી પૂજાતું રહેશે.

**સાહિત્યને લગતાં શેઠ કામાજીનાં બીજાં કાર્યો.**

શેઠ કામાજીએ પોતાના ધંધાની જંજાળો ઉપરાંત ધર્મગુરૂવર્ગને ધર્મ અભ્યાસ કરાવ્યો; અને તે ઉપરાંત તેઓએ જરથોશ્તીધર્મ અને સાહિત્યને લગતી અનેક બાબદો ઉપર ઘણાક નિબંધો લખ્યા, સંખ્યાબંધ લખાણો કર્યાં, અનેક ભાષણો આપ્યાં અને જરથોશ્તી ધર્મઅભ્યાસને ઉત્તેજન આપવા જવાન વિદ્યાર્થીઓ પાસે અનેક રેસાલાઓ લખાવી ઉદાર ઈનામો આપ્યાં. જરથોશ્તી ધર્મ, સાહિત્ય, તવારિખ વિગેરેનો અભ્યાસ આગળ વધારવા અને તેને લગતી શોધ કરવાનુ જરથોશ્તી



અભ્યાસીઓને બની શકે તે માટે તેઓએ ઇ. સ. ૧૮૬૬ થી 'જરથોશ્તી અભ્યાસ' નામનું માસિક ચોપાન્યું બહાર પાડયું. આ ચોપાન્યાંના દરેક અંકો શેઠ કામાજી અને તેમના માનવંત ચેલાઓની કલમથી લખાયલા ધર્મ, સાહિત્ય અને તવારિખને લગતા વિદ્વતાભર્યા નિબંધોથી ભરપૂર રહેતા. ઇ. સ. ૧૮૬૮ માં શેઠ કામાજીએ પયગમ્બર સાહેબ અશો જરથુશ્ત્રની જીંદગી વિષે ચાર ભાષણો આપ્યાં; અને તે ઉપરથી ઇ. સ. ૧૮૭૦ માં 'જરથોશ્તનામું' નામે એક કિંમતી પુસ્તક બહાર પાડયું. આ પુસ્તક આજે પણ ઘણું કિંમતી અને સત્તાદાર ગણાય છે; અને તેની ચોથી આવૃત્તિ ઇ. સ. ૧૯૩૪ માં બહાર પડી છે. કબીસાની બાબદ વિષે શેઠ કામાજીએ ઘણો ઉંડો અભ્યાસ કર્યો; અને તે માટે એમણે ઈ. સ. ૧૮૭૦ માં 'યજદેજરદી તારીખ' તથા ઈ. સ. ૧૮૭૩ માં 'કદીમ ઈરાની શહેનશાહતનું નવું વરસ' એ નામનાં પુસ્તકો બહાર પાડયાં. ઇ. સ. ૧૯૦૦ માં શેઠ કામાજીની ૭૦ મી સાલગ્રેહની યાદગીરીમાં અવસ્તા અભ્યાસીઓએ Cama Mamorial Volume પ્રગટ કર્યું.

**શેઠ કામાજીનાં વિદ્વાન ચેલાઓ.**

ઈ. સ. ૧૮૬૧ માં શેઠ કામાજીએ કોટ ખાતેના પોતાના મકાનમાં પારસી ધર્મગુરૂઓને ધર્મની કેળવણી આપવા માટે પોતાનાં ખરચે એક વર્ગ ખોલ્યો. આ વર્ગમાં શેઠ કામાજીના પહેલા ચેલા તરીકે એર્વદ શહેરીયારજી દા. ભરૂચા દાખલ થયા. થોડા વખત પછી એર્વદ તહેમુરસ દી. અંકલેસરીઆ, એર્વદ કાવસજી એ. કાંગા, એર્વદ એદલજી કે. આંટીઆ, એર્વદ જમશેદજી દા. નાદીરશાહ અને એર્વદ નોશીરવાન બ. દેશાઈ આ વર્ગમાં જોડાયા. શેઠ કામાજીના આ પ્રથમ ચેલાઓએ પોતાના ગુરૂ શેઠ કામાજીની પ્રેરણા અને મદદવડે અવસ્તા અને પહેલવી સાહિત્યનો ઉંડો અભ્યાસ કર્યો, તેઓએ પૂર્વ અને પશ્ચિમનાં વિદ્વાનોમાં પોતાની વિદ્વતાની નામના ફેલાવી.

**એર્વદ શહેરીઆરજી દા. ભરૂચાએ** શેઠ કામાજીના વર્ગમાં અભ્યાસ કર્યા પછી સર જમશેદજી જીજીભાઇ મદ્રેસામાં શિક્ષક તરીકે સેવા બજાવી. આ ઉપરાંત પુસ્તકો લખવા અને ભાષણો

આપવામાં પણ એર્વદ શહેરીઆરજીએ પોતાનો કિંમતી વખત રોક્યો. 'જરથોશ્તી દીનની ખોલ કરનારી મંડળી'માં તેઓએ અનેક બાબદો ઉપર વિવેચનો કર્યાં; શેઠ કામાજીના 'જરથોશ્તી અભ્યાસ'માં અનેક નિબંધો લખ્યા. આ ઉપરાંત 'જંદ ભાષાનું વ્યાકરણ,' 'આદરબાદ મારેસ્પંદનું પંદનામું,' વિગેરે પુસ્તકો પ્રગટ કર્યાં. એર્વદ તહેમુરસ અંકલેસરીઆની સાથે મળી એમણે 'દાદેસ્તાને દીની' નામની પહેલવી કેતાબનો તરજુમો કર્યો. ગુજર પામેલાંઓની ક્રિયાઓની બાબદમાં 'રીસ્તિસ્તાન' નામે એક ઘણું સત્તાદાર અને કિંમતી પુસ્તક રચ્યું. 'હીરોડોટસ અને અસલી ઈરાનીઓ' વિષેનો રેસાલો લખી ઇનામ મેળવ્યું. આ ઉપરાંત 'Lessons in Avesta' અને 'Lessons in Pahlavi-Pazend' તેમજ જરથોશ્તીધર્મને લગતાં સંસ્કૃત લખાણોનો સંગ્રહ એમણે બહાર પાડયો. શેઠ કામાજીની ફસલી સાલની બાબદનો એર્વદ શહેરીઆરજીનો અભ્યાસ ઘણો ઉંડો હતો.

**એર્વદ તહેમુરસ દી. અંકલેસરીઆ** સર જમશેદજી જીજીભાઇ મદ્રેસામાં ઇ. સ. ૧૮૬૩ માં જોડાયા હતા; અને તે સાથે શેઠ કામાજીના વર્ગમાં પણ હાજરી આપતા હતા. એમણે અવસ્તા, પહેલવી ફારસી અને સંસ્કૃત ભાષાઓનો ઉંડો અભ્યાસ કર્યો; અને પોતાની જીંદગીના કિંમતી વર્ષો દરમ્યાન આ ભાષાઓનાં અભ્યાસને ઘણો વધાર્યો. ફારસી અને પહેલવી એર્વદ તહેમુરસની માનીતી બાબદ હતી. ફારસી ભાષા ઉપર એમને ઘણો અચ્છો કાબુ હતો. તે મારફતે એમણે પોતાનો પહેલવી ભાષાનો અભ્યાસ બહુ ઉંડાણથી કર્યો હતો; અને તેથી તેઓ પહેલવીમાં એક સત્તા સમાન ગણાતા હતા. અનેક કિંમતી પહેલવી હસ્તલેખોના તેઓ માલેક હતા; અને આ હસ્તલેખો તેમના મનથી એક કિંમતી ખજાનાથી પણ વધુ હતા; એ મેળવવા માટે એમણે ઘણી મહેનત કરી હતી અને ભારે ખર્ચ કર્યો હતો. એર્વદ શહેરીયારજી ભરૂચા સાથે મળી એમણે 'દાદેસ્તાને દીની'નો તરજુમો કર્યો. તેમજ એમણે 'માદીગાને હજાર દાદસ્તાન,' 'મીનોખેરદ' અને 'બુનદહેશ્ન'ની પહેલવી કેતાબો પ્રગટ કીધી. આ ઉપરાંત, ખોરદેહ અવસ્તા અને યજશ્નની અવસ્તા આવૃત્તિ પ્રગટ કીધી. મોબેદો અને બહેદીનો તદન અશુદ્ધ



ગુજરાતી ચોપડીઓમાંથી અવસ્તા ભણતા હોવાથી તેઓનું અવસ્તા ભણતર તદન અશુદ્ધ બની ગયું હતું. એર્વદ તહેમુરસે પોતાની અવસ્તાની કેતાબો સસ્તી કિંમતે બહાર પાડી જરથોશ્તીઓને શુદ્ધ ભણતર ભણતા કર્યા. એમની યજશ્ન અને આફ્રીનગાન ક્રૂવષીની કેતાબો મોબેદવર્ગમાં મુખ્યત્વેકરીને ઘણી ઉપયોગમાં આવે છે. આવી રીતે જરથોશ્તીઓમાં અવસ્તાના શુદ્ધ ભણતરના પ્રચારની શરૂઆત એર્વદ તહેમુરસે કરી હતી.

**એર્વદ કાવસજી એ. કાંગા** કે જેઓ શેઠ કામાજીના પહેલા ચેલાઓમાંના એક તરીકે જાણીતા છે તેઓ ઇ. સ. ૧૮૬૩ માં મુલ્લાં ફીરોઝ મદ્રેસામાં શિક્ષક નેમાયા. એર્વદ કાવસજી કાંગાનો અવસ્તાનો અભ્યાસ ઘણો ઉંડો હતો; સાથે સંસ્કૃત ભાષાનું પણ એઓ સારૂં જ્ઞાન ધરાવતા હતા. અવસ્તાનું ગુજરાતી વાચન તેમજ તેનો તરજુમો જુદાંજુદાં પુસ્તકોમાં છપાવી બહાર પાડયાં હતાં. અવસ્તાના તરજુમાનાં અનેક ઇનામો એમણે મેળવ્યાં હતાં. અવસ્તા એમની માનીતી બાબદ હતી અને તેમાં એમણે ઘણું ઉમદા અને યાદગાર રહે તેવું કામ કર્યું છે. એર્વદ કાંગાના તરજુમા ઘણા સત્તાદાર અને ભરોસાલાયક ગણાય છે. આ ઉપરાંત અવસ્તાનું વ્યાકરણ અને અવસ્તા–અંગ્રેજી–ગુજરાતી ફરહંગ તેમજ અંગ્રેજી–અવસ્તા ફરહંગ એર્વદ કાંગાએ બહાર પાડયાં છે; કે જે અવસ્તા અભ્યાસીઓની કિંમતી સેવા બજાવે છે. ઇ. સ. ૧૮૮૦ માં 'ખોરદેહ અવસ્તા બા માએની', ૧૮૯૫ માં 'ગાથા બા માએની' અને ૧૯૦૧માં 'યશ્ત બા માએની' નામના પુસ્તકોમાં ખોરદેહ અવસ્તા, ગાથા અને યશ્તોનો શુદ્ધ ગુજરાતી હરફના વાચન સાથે ગુજરાતી તર્જુમો બહાર પાડયો. ઇ. સ. ૧૮૭૩ માં 'વંદીદાદનો તરજુમો' અને ૧૮૮૬ માં 'યજશ્ને અને વીસ્પરદનો તરજુમો' બહાર પાડયો. અને એ રીતે તમામ અવસ્તાનો ગુજરાતી તરજુમો બહાર પાડવાનું માન એર્વદ કાવસજીએ મેળવ્યું.

**એર્વદ એદલજી કે. આંટીઆ** શેઠ કામાજીના વર્ગમાં કેળવણી લઇ ઇ. સ. ૧૮૭૧ માં સર જમશેદજી જીજીભાઇ મદ્રેસાના શિક્ષક નિમાયા. તેઓ અવસ્તા, પહેલવી, ફારસી, સંસ્કૃતના અચ્છા અભ્યાસી હતા. જરથોશ્તી 'ધર્મ-શિક્ષક'ની અનેક આવૃત્તિઓ

બહાર પાડી છે. આ ઉપરાંત પહેલવી 'કારનામ ઇ અર્તશીર ઇ પાપકાન', 'વંદીદાદ' તથા 'પાજંદ' લખાણોના પુસ્તકો પ્રગટ કર્યાં હતાં.

**એર્વદ જમશેદજી દા. નાદીરશાહ**–શેઠ કામાજીના આ ચેલા અવસ્તા સાહિત્યના ઉલટમંદ અભ્યાસી હતા. એમણે જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી સનમુખ ઘણીક બાબદો રજુ કરી હતી; અને સાહિત્યને લગતા અનેક નિબંધો લખ્યા હતા.

**એર્વદ નોશીરવાન બ. દેસાઇએ** શેઠ કામાજીના ચેલા તરીકે અવસ્તા પહેલવી અને ફારસીનો અચ્છો અભ્યાસ કરી જરથોશ્તીધર્મ, સાહિત્ય અને તવારિખને લગતા ઘણાક લેખો લખ્યા છે.

**બીજા જરથોશ્તી અભ્યાસીઓ.**

શેઠ કામાજીના ઉપલા વિદ્વાન ચેલાઓના હાથ હેઠળ અનેક જરથોશ્તીઓએ અભ્યાસ કર્યો છે; અને તેઓ માંહેલા શેઠ બહેરામગોર તે. અંકલેશરીઆ, એમ.એ; એર્વદ બમનજી ન. ધાભર, એમ. એ; સમ્શ-ઉલ-ઓલમા દસ્તુર ડૉ. દારાબજી પે. સંજાણા બી. એ; પીએચ. ડી; સમ્શ-ઉલ-ઓલ્મા દસ્તુર કેકોબાદ આદરબાદ ,સમ્શ-ઉલ-ઓલ્મા દસ્તુર ડૉ. માનેકજી ન. ધાલા, એમ. એ; પીએચ. ડી., લીટ. ડી., એર્વદ મહેરજીભાઇ પે. માદન, સરદાર દસ્તુર નોશીરવાન દસ્તુર કેકોબાદ, દસ્તુર ખુરશેદજી એ. પાવરી, સમ્શ-ઉલ-ઓલ્મા ડૉ. સર જીવનજી જ. મોદી, બી.એ;પીએચ.ડી;એલ.એલ.ડી; દસ્તુર રૂસ્તમજી એદલજી સંજાણા, બી.એ; દસ્તુર કેખશરૂ માહીયાર કુટાર દસ્તુર દારાબ પાહલન, એમ.એ; શેઠ સોરાબજી જ. બલસારા, એમ. એ; ડા. એરચ જા. સો. તારાપોરવાલા બી. એ; પીએચ.ડી; ડૉ. જમશેદ મા. ઉનવાલા, એમ. એ. પીએચ. ડી; શેઠ ખુદાબક્ષ એ. પુનેગર, બી.એ; અને બીજાઓએ પોતાનો અભ્યાસ આગળ વધારી દુનિયાના વિદ્વાનોમાં પોતાની વિદ્વતાનો અચ્છો પુરાવો આપ્યો છે. તે ઉપરાંત મુંબઇની સર જમશેદજી જીજીભાઇ મદ્રેસા તથા મુલ્લાં ફીરોઝ મદ્રેસા–આ બંને સંસ્થાઓમાં શેઠ કામાજીના વિદ્વાન ચેલાઓના હાથ હેઠળ તાલીમ લઇ બીજા અનેક જરથોશ્તી વિદ્વાનો–દસ્તુરો, એર્વદો અને બહેદીનો–એ મરહુમ શેઠ કામાજીની પ્રેરણા અને મદદ સાથે અવસ્તાનો અભ્યાસ આગળ વધાર્યો. એ સઘળાઓએ



અવસ્તાના સાહિત્યની સેવા બજાવવામાં વખાણવાલાયક પ્રયાસો કર્યા છે અને હજી કરે છે. આ રીતે જેમ યુરોપ અને અમેરીકામાં જરથોશ્તી ધર્મઅભ્યાસ આગળ વધ્યો તેમ હિન્દુસ્તાનમાં પણ જરથોશ્તી અભ્યાસીઓ વધતા ગયા. પૂર્વ અને પશ્ચિમના આ વિદ્વાનોના ખંતીલા પ્રયાસોથી અવસ્તા સાહિત્ય એકવાર ફરીથી દુનિયામાં પ્રકાશિત થવા પામ્યું. અવસ્તાના લખાણોની અનેક આવૃત્તિઓ બહાર પડી. તેના અનેક ભાષાઓમાં તરજુમા થયા. તે ઉપર અનેક જાતના લેખો લખાયા અને પુસ્તકો રચાયાં. આ સઘળાં મારફતે અશો જરથુશ્ત્ર અને તેમનો મહાન ધર્મ આજની સુધરેલી દુનિયામાં આશ્કારા થઇ વાજબીરીતે માન પામતાં થયાં. મહાન ઇરાની પ્રજાની ઝળકતી તવારિખ, સાહિત્ય, જાહોજલાલી અને સંસ્કૃતિ દુનિયાના ઇતિહાસમાં જાણીતાં થઇ ગોયા અવસ્તા સાહિત્યનો સૂર્ય એકવાર ફરીથી દુનિયા ઉપર પ્રકાશવા લાગ્યો.

પ્રકરણ ત્રીજું.

## દીનકર્દ પ્રમાણે અવસ્તાનાં ૨૧ નસ્કો.

**સાસાનિયન જમાનાનાં ૨૧ નસ્કો—તેના ત્રણ ભાગો.**

જરથોશ્તીધર્મના પવિત્ર પુસ્તકોને અવસ્તામાં 'નસ્ક' શબ્દથી ઓળખ્યાં છે. 'નસ્ક' શબ્દ યજશ્ન હા. ૯, ફ. ૨૨ માં 'ધર્મપુસ્તક'ના અર્થે વપરાયલો મળે છે. આપણે ઉપર જોયું તેમ સાસાનિયન જમાનામાં દસ્તુર તનસરે અવસ્તા સાહિત્ય ભેગું કરીને તેની ફરી રચના કીધી, ત્યારે તેણે તે વખતના અવસ્તા સાહિત્યને જુદાંજુદાં ૨૧ પુસ્તકો અથવા નસ્કોમાં વહેંચી નાખેલું હોવું જોઇએ; અને તે વખતેજ આ ૨૧ નસ્કોનાં અવસ્તા નામો 'અહુનવર'ના ૨૧ શબ્દો ઉપરથી રાખવામાં આવ્યાં હોય. આ ૨૧ નસ્કોમાં ધર્મ, ફિલસૂફી, નીતિ, ખગોળશાસ્ત્ર, ખેતીવાડી, વૈદક, ઝાડપાન તેમજ બીજી વિદ્યાહુન્નરને લગતી અનેક બાબદો સમાયલી હતી.

દીનકર્દ પ્રમાણે આ ૨૧ નસ્કો તેમાં સમાયલી જુદીજુદી બાબદો અનુસાર નીચે પ્રમાણે ત્રણ ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યાં હતાં:

(૧) ગાસાનીક નસ્કો—ગાથાને લગતી, યાને ધર્મ, ફિલસૂફી અને મીનોઈજ્ઞાનને લગતી બાબદો વિષેનાં નસ્કો.

(૨) દાતીક નસ્કો—કાયદાશાસ્ત્ર, અનેક કાયદાને લગતાં નસ્કો.

(૩) હધ માનસરીક નસ્કો—ધર્મ અને કાયદાને લગતી નહિં એવી પરચુરણ બાબદોનાં નસ્કો.

સાસાનિયન જમાનાનાં અવસ્તાનાં ૨૧ નસ્કોનાં ઉપર મુજબ ત્રણ ભાગો કરવામાં આવ્યા હતા. આ દરેક ભાગમાં સાત નસ્કોનો સમાવેશ થતો હતો. જે પ્રમાણે 'અહુનવર'ની ત્રણ લીટીઓ એ



ભણતરનાં ત્રણ ભાગો છે, તેજ પ્રમાણે આ ૨૧ નસ્કોનાં ત્રણ વિભાગો ધારવામાં આવે છે. દીનકર્દ જણાવે છે તે પ્રમાણે 'અહુનવર'ની પુરાણી બંદગીમાં આખાં અવસ્તા સાહિત્યનો અરક, (સત્વ અથવા Essence) સમાઈ ગયો છે; અને જે પ્રમાણે અહુનવરની ત્રણ લીટીઓ જુદીજુદી ત્રણ બાબદોની સમજણ આપે છે તે પ્રમાણે અવસ્તાના ૨૧ નસ્કોનાં ત્રણ વિભાગો અહુનવરની ત્રણ લીટીઓના સબકો ઉંડાણથી ખુલાસાવાર સમજાવે છે. અહુનવરની પહેલી લીટી ગાસાનીક નસ્કોનો, બીજી લીટી હધ-માનસરીક નસ્કોનો અને ત્રીજી લીટી દાતીક નસ્કોનો ભાવાર્થ, સત્વ સમજાવે છે; તેજ મુજબ બીજા શબ્દોમાં, ગાસાનીક નસ્કો, હધ-માનસરીક નસ્કો અને દાતીક નસ્કો અનુક્રમે અહુનવરની પહેલી, બીજી અને ત્રીજી લીટીઓ લંબાણથી ખુલાસાવાર સમજાવે છે.

**૨૧ નસ્કોનાં વિસ્તારનો અંદાજ.**

સાસાનિયન જમાનાનાં ૨૧ નસ્કોમાંથી હાલે ફક્ત 'વી-દેવ-દાત' અથવા 'વંદિદાદ'નું નસ્ક અને તેનો પહેલવી તરજુમો અમુક દરજ્જે સંપૂર્ણ હાલતમાં હસ્તી ધરાવતો માનવામાં આવે છે. આ ઉપરાંત બીજાં નસ્કોના છુટા ભાગો હાલે જળવાઇ રહ્યા છે. હાલના હૈયાત વંદિદાદ નસ્કનો વિસ્તાર અને દીનકર્દમાં આપેલા તેના સારના વિસ્તારના પ્રમાણ ઉપરથી તમામ અવસ્તાનાં ૨૧ નસ્કોના વિસ્તારનો અંદાજ માલમ પડી શકે. આવી રીતે, અસલનાં ૨૧ નસ્કોનો વિસ્તાર, તેમજ દરેક નસ્કમાં આશરે કેટલા શબ્દો હોવા જોઇએ તે વિષે વિદ્વાન ડૉ. વેસ્ટે લાંબી ગણત્રી કરી દરેક નસ્કમાં અસલ કેટલું લખાણ હશે તેનો હૈયાત લખાણોનાં વિસ્તારના આધારે અંદાજ કાઢયો છે. દીનકર્દ પ્રમાણે અવસ્તાના ૨૧ નસ્કોના પહેલવી નામો[1] અને ડૉ. વેસ્ટની ગણત્રી પ્રમાણે તે નસ્કોનો તેમજ તેના પહેલવી તરજુમાનો વિસ્તાર નીચે પ્રમાણે છે:

---

૧ પહેલવી ભાષામાં એકજ અક્ષર જુદીજુદી અનેક રીતે વાંચી શકાય છે, અને તેના પરિણામે દીનકર્દમાં આવેલાં ૨૧ નસ્કોનાં કેટલાંક નામો ડૉ. વેસ્ટ અને સમ્શ-ઉલ-ઓલ્મા દસ્તુર ડૉ. દારાબજી સંજાણા જુદીજુદી રીતે વાંચે છે. અત્રે આપવામાં આવેલાં નામો દસ્તુર દારાબજીના વાચન પ્રમાણે છે.

### ગાસાનીક નસ્કો.

| | પહેલવી નામ (દીનકર્દ પ્રમાણે) | અવસ્તા નસ્કનો વિસ્તાર (ડૉ. વેસ્ટ પ્રમાણે) | | પહેલવી તરજુમાનો વિસ્તાર (ડૉ. વેસ્ટ પ્રમાણે) | |
|---|---|---|---|---|---|
| ૧ | સ્તઓત યશ્ત | ૧૨૫૦૦ | શબ્દો | ૨૨૪૦૦ | શબ્દો |
| ૨ | સૂદ્ગર્ | ૪૭૦૦ | ,, | ૧૦૫૦૦ | ,, |
| ૩ | વર્શ્ત-માન્સ્ર | ૮૩૦૦ | ,, | ૧૮૫૦૦ | ,, |
| ૪ | બગ | ૯૫૦૦ | ,, | ૨૧૨૦૦ | ,, |
| ૫ | વશ્તગ | ૮૯૦૦ | ,, | ૧૮૪૦૦ | ,, |
| ૬ | હાદોખ્ત | ૮૪૦૦ | ,, | ૧૭૪૦૦ | ,, |
| ૭ | સ્પેન્દ | ૯૯૦૦ | ,, | ૨૦૫૦૦ | ,, |

### હધ-માનસરીક નસ્કો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | દામ્ દાત્ | ૮૯૦૦ | શબ્દો | ૨૯૩૦૦ | શબ્દો |
| ૯ | નાદર્ | ૬૮૦૦ | ,, | ૨૨૨૦૦ | ,, |
| ૧૦ | પાજગ્ | ૯૧૦૦ | ,, | ૨૯૮૦૦ | ,, |
| ૧૧ | રતૂ-દાત્-હઇતગ્ | ૧૦૫૦૦ | ,, | ૩૪૩૦૦ | ,, |
| ૧૨ | બરીશ્ | ૪૪૦૦ | ,, | ૧૪૬૦૦ | ,, |
| ૧૩ | કશ્કી સુબ્ | ૫૫૦૦ | ,, | ૧૭૯૦૦ | ,, |
| ૧૪ | વિશ્તાસ્પ-સાસ્ત | ૨૨૦૦ | ,, | ૭૨૦૦ | ,, |

### દાતીક નસ્કો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | નીકાદ્મ્ | ૬૨૬૦૦ | શબ્દો | ૫૬૨૯૦૦ | શબ્દો |
| ૧૬ | દુબા સ્રુજીદ્ | ૨૮૦૦૦ | ,, | ૨૫૧૫૦૦ | ,, |
| ૧૭ | હુસ્પારમ્ | ૪૪૯૦૦ | ,, | ૪૦૩૬૦૦ | ,, |
| ૧૮ | સકાદ્મ્ | ૫૩૦૦૦ | ,, | ૪૭૬૬૦૦ | ,, |
| ૧૯ | વી-દએવ-દાત્ | ૨૩૦૦૦ | ,, | ૪૮૦૦૦ | ,, |
| ૨૦ | ચિત્ર-દાત્ | ૨૬૦૦ | ,, | ૨૩૪૦૦ | ,, |
| ૨૧ | બગાન યશ્ત્ | ૨૨૦૦૦ | ,, | ૪૪૦૦૦ | ,, |
| ૨૧ | નસ્કોનો વિસ્તાર | ૩૪૫૭૦૦ | શબ્દો | ૨૦૯૪૨૦૦ | શબ્દો |



**૨૧ નસ્કો અને હાલનું અવસ્તા સાહિત્ય.**

સમ્શ-ઉલ-ઓલ્મા દસ્તુરજી ડૉ. દારાબજી સંજાણાની ગણત્રી પ્રમાણે પ્રો. વેસ્ટરગાર્ડ અને ડૉ. ગેલ્ડનરના અવસ્તા પુસ્તકોમાં આશરે ૪૨૩ પાનાઓમાં હાલના હૈયાત અવસ્તા સાહિત્યનો સમાવેશ થાય છે; અને સાસાનિયન જમાનાના ૨૧ નસ્કોનું સાહિત્ય ઉપલાં પુસ્તકોના આશરે ૨૧૦૪ પાનાઓમાં સમાઈ શકે. આ ગણત્રી પ્રમાણે સાસાનિયન જમાનાનાં ૨૧ નસ્કોનાં અવસ્તા સાહિત્યનો માત્ર પાંચમો ભાગ હાલે આપણી પાસે બચી રહ્યો છે.

## દીનકર્દ પ્રમાણે અવસ્તાનાં ૨૧ નસ્કોમાં સમાયલી બાબદોની ટૂંક વિગતો.

**૧ સૂદ્ગર્.**

ગાસાનીક એટલે ધર્મ, ફિલસૂફી, મીનોઇજ્ઞાનને લગતાં નસ્કો માંહેલાં આ એક નસ્કનું નામ 'અહુનવર'નાં કલામ માંહેલા શબ્દો પ્રમાણે 'યથા' છે; અને તેનું પહેલવી નામ 'સૂદ્ગર્' છે. આ નસ્કમાં ૨૨ પરગરદો અથવા પ્રકરણો હતાં. ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કાર્યો અને તેથી ઉપજતાં ભલાં અને ફાયદો કરનારાં પરિણામો; તેમજ બુરા વિચાર, બુરાં વચન અને બુરાં કાર્યોથી ઉત્પન્ન થતાં હાનીકારક બુરાં પરિણામો વિષેનાં શિક્ષણો આપનારૂં આ પુસ્તક હતું. ભલી દીનનું જ્ઞાન મેળવી, અહુરમજ્દની ખુશાલીના કામો કરી, ભલી પેદાયશોનો વધારો અને વૃદ્ધિ કરી, આ જીંદગીની આપણી ફરજો બજાવવા વિષેની તેમજ મીનોઇ જહાનની ઉમદા દોલત અને પરમસુખનાં જ્ઞાનની વિગતોનો સમાવેશ આ નસ્કમાં કરવામાં આવ્યો હતો.

**૨ વર્શ્ત-માન્સર.**

ગાસાનીક અથવા ગાથીક નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'અહુ' છે અને તેનું પહેલવી નામ 'વર્શ્ત-માન્સર' છે. આ નસ્કમાં ૨૨ પ્રકરણો હતાં, જેમાં અશો જરથુશ્ત્રની દીનની વિગતો, જરથોશ્તી ધર્મગુરુઓ અને દીનના ચેલાઓની ફરજો, 'અહુ' અને 'રતુ' સરદારોની જરૂરીઆતો વિગેરે બાબદોનું વર્ણન કરવામાં આવ્યું હતું.

**૩ બગ.**

હધ-માનસરીક નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'વહર્યો' છે અને તેનું પહેલવી નામ 'બગ' છે. આ નસ્કમાં ૨૧ પ્રકરણો હતાં; અને તેમાં ખુદાઇ કલામો, તેની સમજણ તેમજ દીની જ્ઞાનની બાબદો સમાવવામાં આવ્યાં હતાં.

**૪ દામ્-દાત્.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'અથા' છે અને તેનું પહેલવી નામ 'દામ્-દાત્' છે. આ નસ્કમાં ૩૨ પ્રકરણો હતાં. 'દામ્-દાત્' શબ્દજ દેખાડે છે તે પ્રમાણે પેદાયશોને લગતું આ નસ્ક છે. આપણી 'બુન્દહેશ' નામની પહેલવી કેતાબમાં આવેલી બાબદો આ નસ્કની બાબદોને મળતી આવે છે. 'દામ્-દાત' અને 'બુન્દહેશ' એ શબ્દો ઘણે દરજ્જે મળતા આવે છે. આ ઉપરાંત 'દીનકર્દ', 'દીનવજરકર્દ' અને 'રેવાયતો'ની કેતાબોમાં 'દામ-દાત્' નસ્કમાં આવેલી બાબદો વિષે વર્ણન કરવામાં આવ્યું છે તે, તેમજ તેમાંની ઇબારત 'બુનદહેશ'માં આવેલી બાબદો અને તેની ઇબારતને કેટલેક દરજ્જે મળતાં આવે છે. આ ઉપરથી પહેલવી 'બુનદહેશ'ની કેતાબ 'દામ્-દાત્' નસ્કને આધારેજ લખાયલી ગણવામાં આવે છે.[1] 'દામ્-દાત્' નસ્કમાં ઉત્તમ પેદાયશોની ઉત્પત્તિ, તેઓની મીનોઇ હૈયાતી, તેઓની વૃદ્ધિ, તેઓનું શરીરવાળી જીંદગીમાં આવવું; તેઓની જીંદગી, માણસની જાતો, તેઓને પેદા કરવાનું કારણ, તેઓની શારીરિક જીંદગી અને તે પછીની તેઓની હાલત વિગેરેનું વર્ણન કરવામાં આવ્યું હતું.

**૫ નાદર્.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'રતૂશ્' છે અને તેનું પહેલવી નામ 'નાદર્' છે. આ નસ્ક ૩૫ પ્રકરણોનું બનેલું હતું. દીનકર્દ જણાવે છે કેઃ 'નાદર્ નસ્કનો પહેલવી તરજુમો આપણને નહિં મળવાથી, તેના અવસ્તા જેવી રીતે તે આપણને દસ્તુરોની સત્તાથી મળ્યા છે તેમ જાળવી રાખ્યા છે.' આ બીના એવું દેખાડે છે કે દીનકર્દમાં આપેલો અવસ્તાનાં ૨૧ નસ્કોનો સાર અવસ્તા નસ્કનાં પહેલવી તરજુમા ઉપરથી આપવામાંઆવ્યો હોય.

[1] ડૉ. જી. જ. મોદી, 'બુનદહેશ', પ્રસ્તાવના પા. ૧૦-૧૫



**૬ પાજગ્.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'અશાત્' છે અને તેનું પહેલવી નામ 'પાજગ્' છે. આ નસ્ક ૨૨ પ્રકરણોનું બનેલું હતું. આ નસ્કમાં પવિત્ર ક્રિયાઓમાં અર્પણ કરવાના પવિત્ર હદીઆ અને ભેટ વિષે, તેમજ ઘટતી અને વખતસરની ક્રિયા વિષેનું બ્યાન આપવામાં આવ્યું હતું.

**૭ રતૂ-દાત-હઇતગ્.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'ચીત્' છે અને તેનું પહેલવી નામ 'રતૂ-દાત્-હઇતગ્' છે. આ પહેલવી નામનો અર્થ 'દસ્તુરોને લગતા હૈયાત કાયદાઓ' એવો કરવામાં આવ્યો છે. આ નસ્કમાં ૫૦ પ્રકરણો હતાં. દસ્તુરોની લાયકાત, તેમની લાયકાત પ્રમાણે તેમની સરદારી, તેમની ફરજો; તથા ક્રિયાઓને લગતી બીનાઓ આ નસ્કમાં સમાવવામાં આવી હતી.

**૮ બરીશ્.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'હચા' છે અને તેનું પહેલવી નામ 'બરીશ્' છે. આ નસ્કમાં અસલ ૬૦ પ્રકરણો હતાં; પરંતુ સીકંદરે ઇરાની સાહિત્યનો નાશ કર્યા પછી તેનાં માત્ર ૧૨ પ્રકરણો બચી રહ્યાં હતાં. 'બરીશ્' શબ્દનો અર્થ (અવસ્તા 'બરેઝ્' ઉપરથી) ઉંચું અથવા પ્રકાશિત એવો થાય છે. શારીરિકશક્તિ, ડહાપણ, જ્ઞાન અને સખાવત વિષેનું આ નસ્ક છે. વિદ્યા, ઉદ્યોગ, પાદશાહી, રાજ્યવ્યવસ્થા, દસ્તુરી, ઇનસાફ, ખુબસુરતી, બદસુરતી, જવાની, બુઢાપો, દોલત, ગરીબાઇ, મોત, દુઃખ, સંતોષ, અસંતોષ, તન, રવાન, બહેસ્ત, દોજખ, ભવિષ્યની જીંદગી, અહુરમઝ્દનું સર્વોપરીપણું વિગેરે બાબદો આ નસ્કમાં સમાવવામાં આવી હતી.

**૯ કશ્કીસ્રુબ.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'વંઘહેઉશ્' છે અને તેનું પહેલવી નામ 'કશ્કી-સ્રુબ' છે. આ નસ્કનાં અસલ ૬૦ પ્રકરણો હતાં; સીકંદર પછી તે માંહેલાં માત્ર ૧૫ પ્રકરણો બચી રહ્યાં હતાં. આ નસ્કમાં ક્રિયાઓ, ભણતરો અને તેના કાયદાઓ વિષેનું બ્યાન કરવામાં આવ્યું હતું.

**૧૦ વિશ્તાસ્પ-સાસ્ત.**

'હધ-માનસરીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'હજ્દ્દા' છે અને તેનું પહેલવી નામ 'વિશ્તાસ્પ-સાસ્ત' છે. શરૂઆતમાં આ નસ્કનાં ૬૦ પ્રકરણો હતાં; સીકંદર પછી તેમાંથી માત્ર ૧૦ પ્રકરણો બચી રહ્યાં હતાં. 'વિશ્તાસ્પ-સાસ્ત' એ શબ્દોનો અર્થ 'વિશ્તાસ્પને શિક્ષણ' એવો થાય છે. તેના પહેલવી નામ પ્રમાણે, આ નસ્કમાં શાહ વિશ્તાસ્પને લગતી બીનાઓ આવેલી હતી. કય વિશ્તાસ્પ, તેની પાદશાહી, સદ્ગુણો, જ્ઞાન, ડહાપણ, અહુરમજ્દ તરફથી અશો જરથુશ્ત્રની રાસ્ત પયગમ્બરીના પૂરાવા તરીકે અમેશાસ્પંદોને શાહ વિશ્તાસ્પ પાસે મોકલવા, માજ્દયસ્નની દીનની ભલાઇ, તેની ફતેહ અને તેનો સ્વિકાર કરવા દાદાર અહુરમજ્દનો શાહ વિશ્તાસ્પને હુકમ, શાહ વિશ્તાસ્પ તરફથી માજ્દયસ્નની જરથોશ્તી દીનની પસંદગી, ખ્યઑન્યન અરજાસ્પનું અશો જરથુશ્ત્રની દીનની સામે થવું, તે માટે કય વિશ્તાસ્પ અને અરજાસ્પ વચ્ચે થયલી લડાઇ વિગેરે બાબદો આ નસ્કમાં સમાવવામાં આવી હતી.

**૧૧ વશ્તગ્.**

ગાસાનીક નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'મનંઘ્હો' છે અને તેનું પહેલવી નામ 'વશ્તગ્' છે. આ નસ્કમાં અસલ ૨૨ પ્રકરણો હતાં, પણ સીકંદરના વખત પછી માત્ર ૬ પ્રકરણો બચી રહ્યાં હતાં એમ રેવાયતો જણાવે છે. દીનકર્દ જણાવે છે કેઃ 'વશ્તગ નસ્કના અવસ્તા અને તેનો પહેલવી તરજુમો કોઇ સત્તાભરેલીરીતે આપણી પાસે જળવાયલો નથી.' રેવાયત પ્રમાણે આ નસ્કમાં દાદાર અહુરમજ્દ, અશો જરથુશ્ત્ર, દીનની સચ્ચાઇ, તે તરફ ફીદાગીરી, માણસોની ફરજો, દસ્તુરોની ફરજો વિગેરે બાબદો સમાયલી હતી.

**૧૨ ચિત્ર-દાત્.**

'દાતીક' યાને કાયદાને લગતાં નસ્કોમાહેલાં આ એક નસ્કનું અવસ્તા નામ 'ચ્યઓથનનાંમ્' છે અને તેનું પહેલવી નામ 'ચિત્ર-દાત્' છે. આ નસ્કમાં ૨૨ પ્રકરણો હતાં. 'ચિત્ર-દાત્' શબ્દોનો અર્થ 'જાતોની હાલત' અથવા 'પેદા થયલી જાતો' એવો કરવામાં આવ્યો છે. આ નસ્કમાં માણસની જુદીજુદી જાતોની હકીકતો આવેલી હતી. આ દુનિયા ઉપર પહેલા માણસ 'ગયોમર્દ' (અવસ્તા-ગય મરેતન્)નું



પેદા થવું; ત્યારપછી 'મસ્યે' અને 'મસ્યાની'નું પેદા થવું અને ત્યારબાદ માણસ જાતની વસ્તી, આ દુનિયા ઉપર તેઓની વૃદ્ધિ, પેશદાદિયન શહેનશાહોના જમાનાના સુધારાવધારા, તેમજ કયાનિયન પાદશાહોનો અમલ, અશો જરથુશ્ત્રનું આગમન વિગેરે બાબદો સમાયલી હતી.

**૧૩ સ્પેન્દ.**

'ગાસાનીક' નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'અંઘ્હેઉશ્' છે અને તેનું પહેલવી નામ 'સ્પેન્દ્' છે. આ નસ્કમાં ૬૦ પ્રકરણો સમાયલાં હતાં. અશો જરથુશ્ત્રની જીંદગીના અહેવાલને લગતી બાબદો મુખ્યત્વે આ નસ્કમાં સમાવવામાં આવી હતી. દીનકર્દનાં સાતમાં પુસ્તકમાં અશો જરથુશ્ત્રનું જીવનવૃતાંત અથવા જરથોસ્તનામું આપવામાં આવ્યું છે, તે ઘણે મોટે ભાગે 'સ્પેન્દ્' નસ્ક ઉપરથીજ લખવામાં આવ્યું છે. અશો જરથુશ્ત્રનું આગમન, તેમનું ઉમરે પુગવું, ત્રીસ વર્ષની ઉમરે અહુરમજ્દ સાથે તેમની ગોફ્તેગો, ત્યારપછી દસ વર્ષ સુધી અહુરમજ્દ સાથની તેમની મુલાકાત, અશો જરથુશ્ત્રે મેળવેલું મીનોઇ જ્ઞાન, તેમના ફરમાનો, આ દુનિયા ઉપર તેમની દીનનો ફેલાવો, હવે પછીના હજારાનું બ્યાન, રસ્તાખેજ અને ભવિષ્યની જીંદગી વિગેરે બાબદો આ નસ્કમાં હતી.

**૧૪ બગાન્ યશ્ત.**

દાતીક નસ્કોને લગતાં આ નસ્કનું અવસ્તા નામ 'મજ્દાઇ' છે અને તેનું પહેલવી નામ 'બગાન્ યશ્ત' છે. આ નસ્કમાં ૧૭ પ્રકરણો હતાં. 'બગાન્ યશ્ત' શબ્દોનો અર્થ 'ભલી શક્તિઓની આરાધના' એવો થાય છે. તેનાં નામ પ્રમાણે, આ નસ્કમાં અહુરમજ્દનું સર્વોપરીપણું, તેમજ યજ્દો અને અણદીઠ ભલી શક્તિઓની સેતાયશ અને વખાણ તથા આરાધનાને લગતી વિગતો આપવામાં આવી હતી.

**૧૫ નીકાદૂમ.**

'દાતીક' યાને કાયદાશાસ્ત્રને લગતાં આ નસ્કનું અવસ્તા નામ 'ક્ષથ્રેમ્ચા' છે અને તેનું પહેલવી નામ 'નીકાદૂમ્' છે. આ નસ્ક આખું કાયદાને લગતુ નસ્ક છે; અને તેમાં દીનકર્દ પ્રમાણે ૩૦ પ્રકરણો હતાં; જ્યારે રેવાયત પ્રમાણે ૫૪ પ્રકરણો હતાં. આ નસ્કનાં પહેલા

ભાગમાં ગુનેહગારની લાયક સજા, કજ્યામાં બે જાતનાં-મહોડેનાં તેમજ લેખીત-પુરાવાઓ, લેખીત તથા મોઢેની જબાની, મુકરદમો ચલાવવાની રીતીઓ, ઇનસાફ કરનાર ન્યાયાધિશોનો ચઢઉતર દરજ્જો, તેમની સત્તા અને ફરજો, ગુનેહગારોની તપાસની રૂઢી વિગેરેનો સમાવેશ થતો હતો. આ નસ્કના બીજા ભાગમાં હુમલાઓને લગતા કાયદાઓ; ત્રીજા ભાગમાં ખરાબ હેતુથી બીજાને જખમી કરનારાઓનાં ગુનાહોને લગતા કાયદાઓ; ચોથા ભાગમાં વાદીઓને લગતા કાયદાઓ; પાંચમાં ભાગમાં માલેકી, ભાગીદારી, ચોરી, લૂંટફાટ વિગેરેને લગતા કાયદાઓ હતા.

**૧૬ દૂબા-સ્રુજીદ્.**

'દાતીક' નસ્કો માંહેલાં એક નસ્કનું અવસ્તા નામ 'અહુરાઇ' છે અને તેનું પહેલવી નામ દૂબા-સ્રુજીદ્ છે. આ નસ્કમાં ૬૫ પ્રકરણો હતાં; અને તેમાં મુખ્યત્વે કરીને ચોરો અને ચોરીને લગતી બાબદોનાં કાયદાઓ સમાયલા હતા.

**૧૭ હુસ્પારમ્**

'દાતીક' નસ્કો માંહેલાં એક નશ્કનું અવસ્તા નામ 'આ' છે અને તેનું પહેલવી નામ 'હુસ્પારમ્' છે. દીનકર્દ પ્રમાણે તેમાં ૬૫ પ્રકરણો હતાં; જ્યારે રેવાયત પ્રમાણે ૬૪ પ્રકરણો હતાં. આ નસ્કનો પહેલો વિભાગ 'નીરંગિસ્તાન' યાને ક્રિયાઓને લગતા કાયદાઓનો હતો; તેમજ બીજો વિભાગ મીલ્કત અને વેચાણને લગતા કાયદાઓનો હતો. વૈદક વિદ્યાની બાબદો પણ આ નસ્કમાં સમાયલી હતી.

**૧૮ સકાદૂમ.**

'દાતીક' નસ્કો માંહેલાં એક નસ્કનું અવસ્તા નામ 'યિમ્' છે અને તેનું પહેલવી નામ 'સકાદૂમ' છે. આ નસ્કમાં પર પ્રકરણો હતાં; જેમાં મીલ્કતની જપ્તી, જોખમદારી, ઇજા કરવાને લગતા કાયદા, તેનો ગુનાહ, વ્યાજ, પૈસા ધીરવા, જમીનની આવક, ફાંસીની સજા, કસોટીથી તપાસ, કસોટીની રૂઢીઓ, કેદની સજા, એકરાર, તોજેશ, વારસો, પાલક, વિગેરે બાબદોના કાયદા સમાયલા હતા.



**૧૯ વી-દએવ્-દાત્ (વંદિદાદ)**

દાતીક નસ્કો માહેલાં એક નસ્કનું અવસ્તા નામ 'દ્રેગુબ્યો' છે અને તેનું પહેલવી નામ 'વી-દએવ્-દાત્' છે. આ નસ્કમાં ૨૨ પ્રકરણો સમાયલાં હતાં; કે જે હાલે પણ હૈયાત છે. અવસ્તા 'વી-દએવ-દાત્' ઉપરથી પહેલવી 'વી-દએવ્-દાત્' અથવા 'જુત્-દએવ્-દાત્' શબ્દો નીકળ્યાં; અને તે ઉપરથી 'વંદિદાદ' શબ્દ હાલે વપરાય છે. આ નસ્કનું નામજ જણાવે છે તેમ આ નસ્કમાં બુરી શકિતઓને તોડવાના કાયદાઓ સમાયલા છે. વંદિદાદના અવસ્તા તેમજ તેના પહેલવી તરજુમા અને દીનકર્દમાં આપેલા તેના સાર ઉપરથી ઈ.સ.ની ૯મી સદીનાં ઇરાનનાં ભણેલા દસ્તુરોની વિદ્વતા અને તેઓનો અભ્યાસ માલમ પડે છે. વળી અવસ્તા વંદિદાદ અને દીનકર્દમાં આપેલા તેના સાર ઉપરથી માલમ પડે છે કે તે જમાનાનાં ભણેલા દસ્તુરોએ અસલ અવસ્તા નસ્કોનો સાર અપક્ષપાતપણે અને તદન સાચવટથી આપ્યો છે.

**૨૦ હાદોખ્ત.**

ગાસાનીક નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'દદત્' છે અને તેનું પહેલવી નામ 'હાદોખ્ત' છે. આ નસ્કમાં ૩૦ પ્રકરણો સમાયલાં હતાં. દીનકર્દ જણાવે છે કે હાદોખ્ત નસ્કનાં ત્રણ ભાગો હતા અને તેમાં ૧૩૩ ફકરાઓ હતા. આ નસ્કમાં અહુનવરનું ભણતર, યજ્દોની ક્રિયાઓ, દસ્તુરોની ચુંટણી, તેમની લાયકાતો અને ફરજો વિગેરે બાબદો સમાયલી હતી.

**૨૧ સ્તઓત યશ્ત.**

ગાસાનીક નસ્કોને લગતાં એક નસ્કનું અવસ્તા નામ 'વાસ્તારેમ્' છે અને તેનું પહેલવી નામ 'સ્તઓત-યશ્ત' છે. આ નસ્કમાં ૩૩ પ્રકરણો સમાયલાં હતાં અને તેમાં ગાથા અને અહુનવરનાં પવિત્ર ભણતરોની વિગતો આપવામાં આવી હતી.

## પ્રકરણ ચોથું.

# હૈયાત અવસ્તા સાહિત્ય.

**અસલ અવસ્તા સાહિત્યનો બચી રહેલો ભાગ.**

અવસ્તાના ૨૧ નસ્કોનો ઘણો મોટો ભાગ જમાનાની ગીરદેશથી નાશ પામ્યો છે. એ અમૂલ્ય લખાણોનો માત્ર પાંચમો ભાગજ હાલે હૈયાત છે; જ્યારે તે સિવાયનાં અવસ્તા લખાણોનો એક યા બીજી રીતે નાશ થયો છે. અસલ અવસ્તા લખાણોનાં જે ભાગો ક્રિયાનાં ભણતરો તરીકે ભણવામાં આવતા હતા તેનો અમુક ભાગ હાલે બચી રહેલો માનવામાં આવે છે. ધાર્મિક ક્રિયાઓમાં ભણાતાં ભણતરો મોટે ભાગે ઇરાની ધર્મગુરૂઓ મોઢે ભણી શકતા હતા; અને તેનાં પરિણામે અનેક હાંદેસાઓ છતાં આ અવસ્તા ભણતરોનો કેટલોક ભાગ બચી જવા પામ્યો છે. બીજા શબ્દોમાં બોલીએ તો હાલમાં સચવાઇ રહેલાં અવસ્તા લખાણો આપણી ધાર્મિક ક્રિયાઓને કેટલેક દરજ્જે આભારી છે.

**ક્રિયાઓને પ્રતાપે બચી રહેલું અવસ્તા સાહિત્ય— તેનાં સાત વિભાગો.**

આ રીતે જમાનાની ગીરદેશથી ખાકી વસ્તુઓ ઉપર લખાયલાં અવસ્તા લખાણો અનેક વખતે નાશ પામ્યાં, અનેક સંજોગોમાં નાશ પામ્યાં, અનેક રીતે નાશ પામ્યાં; પરંતુ જરથોસ્તી ધર્મગુરૂઓના ભેજામાં ભરેલો અવસ્તા સાહિત્યનો ખજાનો જળવાઇ રહ્યો, અથોરનાનોની યાદદાસ્તમાં સચવાયલા અવસ્તાના એ કલામોએ—જ્ઞાનનાં એ ગૌહરોએ—અશો જરથુસ્ત્રના ધર્મને સજીવન રાખ્યો. સાહિત્યનો એ ખજાનો પારસી કોમને અસલી ઇરાની પૂર્વજોના પવિત્ર વારસા રૂપે મળ્યો. આ કિંમતી ખજાનાને સાચવવાની, તેની વૃદ્ધિ કરવાની, તેની ઉન્નતિ અને ઉદ્ધાર કરવાની અને તેનો અભ્યાસ કરી તે ઉપર અમલ કરવાની દરેક જરથોસ્તીની સાચી ધાર્મિક ફરજ છે.



હાલનાં એ હૈયાત અવસ્તા સાહિત્યનાં આપણે નીચે પ્રમાણે સાત વિભાગો બનાવી શકીએ:

૧ ગાથા સાહિત્ય

૨ વંદિદાદ

૩ યજશ્ન

૪ વીસ્પરદ

૫ યશ્ત સાહિત્ય

૬ ખુરદેહ અવસ્તા

૭ અવસ્તાના છુટા ભાગો

ઉપર મુજબ હાલનાં હૈયાત સાહિત્યનાં સાત વિભાગોમાં સમાયલાં લખાણોની ટુંક વિગતો હવે પછીનાં પ્રકરણોમાં આપણે જોઇશું.

પ્રકરણ પાંચમું.

# ગાથા સાહિત્ય.

## પવિત્ર ગાથા.

**ગાથાનાં પવિત્ર ગાયનો.**

'ગાથા' શબ્દ અવસ્તા મૂળ શબ્દ 'ગા' એટલે 'ગાયન ગાવું' ઉપરથી નીકળ્યો છે, અને તેનો અર્થ 'પવિત્ર ગાયન' અથવા 'કવિતારૂપી પવિત્ર લખાણો' એવો થાય છે. અવસ્તા સાહિત્યમાં 'ગાથા'ને માટે ક્રિયાપદ 'ફ્રસ્રાવયત્' (યજ઼શ્ન, હા. ૫૭ ફ્. ૭) આવે છે. આ ઉપરથી પહેલવીમાં 'ગાસાન સ્રાઇશ્ન' યાને 'ગાથાનાં ગાયન' એ શબ્દો નીકળ્યા. પાછળથી ગાથાનાં ભણતરો ગાઇને ભણવાનાં કામને માટે 'ગેહ સારવી' એવા હાલમાં વપરાતા શબ્દો નીકળ્યા; અને હાલે 'ગેહ સારવી' શબ્દો ગાથાનાં અમુક ભણતર (ફ્કેત ગાથા અહુનવદ)ને માટેજ વપરાય છે. અવસ્તા સાહિત્યમાં ગાથાનાં કલામોને માટે વપરાયલો 'ફ્રસ્રાવય' (મૂળ શબ્દ–'ફ્ર+સ્રુ') શબ્દ દેખાડે છે કે ગાથાનાં ભણતરો સાધારણ રીતે નહિં, પણ અમુક નિયમો પ્રમાણે ગાઇને ભણવાં જોઇએ; અને તે પ્રમાણે અસલી ઇરાનમાં તે ગાઇને ભણવામાં આવતાં હતાં. આ રીતે ગાથાનાં ભણતરો અસલી ઇરાની પ્રજાનાં ધાર્મિક, પવિત્ર ગાયનો હતાં. યજ઼શ્ન, હા. ૫૭, ફ્.૭ માં જણાવવામાં આવે છે તેમ, 'અશો સરોશ યજ઼દે સૌથી પહેલાં અશો જ઼રથુશ્ત્રનાં પાંચ ગાથા બેત, ફ્કરાઓ, તેઓની શરેહ તથા પુરસેશ પાસુખ સાથે ગાયા.' આ પાંચ ગાથાનાં પવિત્ર લખાણો આજે પણ આપણી પાસે બચી રહ્યાં છે; અને જ઼રથોસ્તી કોમમાં બીજાં અવસ્તા લખાણો કરતાં તે લખાણો વધારે માનને લાયક, વધારે પવિત્ર અને વધારે અગત્યનાં ગણાય છે.

**ગાથા સર્વથી પુરાતન.**

એવું અનુમાન કરવામાં આવે છે કે અશો જ઼રથુશ્ત્રનાં જમાનાની આગમજ પણ બીજા અનેક ગાથાઓ–યાને પવિત્ર ગાયનો–હસ્તી ધરાવતા હોવા જોઇએ. 'અહૂનવર,' 'અષેમ્' અને 'યેંઘ્હે હાતામ્'નાં કલામો પણ ગાથાનાં કલામો તરીકે ગણાય છે. આ ત્રણ પવિત્ર



કલામોની અવસ્તા જમાનામાં અવસ્તા ભાષામાં લખાયલી શરેહો ઉપરથી આ ત્રણ પવિત્ર કલામોનું પુરાતનપણું પુરવાર થાય છે. ગાથા સિવાયનાં બીજાં અવસ્તા લખાણોમાં ગાથાઓને માન સહિત યાદ કરવામાં આવ્યા છે, તેમજ ગાથા ગાવાની અને તેનો અભ્યાસ કરવાની ખાસ તાકીદ કરવામાં આવી છે. અવસ્તાના વ્યાકરણને કાયદે પણ અવસ્તાની ભાષા કરતાં ગાથાની ભાષા વધારે જૂની છે. ગાથામાં અશો જ઼રથુસ્ત્ર પોતે પોતાનાં શિક્ષણો જાહેર કરે છે, જ્યારે બીજાં અવસ્તા લખાણોમાં કોઇ ત્રીજો પુરૂષ અશો જ઼રથુશ્ત્રનાં શિક્ષણો રજુ કરે છે, તે આપણે ઉપર જોઇ ગયા છીએ. આ ઉપરથી ખુલ્લું દેખાય છે કે ગાથાનાં લખાણો અવસ્તાનાં બીજાં લખાણો કરતાં વધારે પુરાતન અને વધારે જૂના જમાનાનાં છે.

**ગાથાનાં લખાણોની મહત્વતા.**

ગાથાનાં લખાણોને અવસ્તા સાહિત્યમાં, તેમજ પાછલાં તમામ જ઼રથોસ્તી અને ઇરાની સાહિત્યમાં વાજબીરીતે ઘણી મહત્વતા આપવામાં આવી છે. યજ઼શ્નનો ૫૫ મો હા ગાથાનાં લખાણોની તારીફ્માં લખવામાં આવ્યો છે. આ પ્રકરણમાં ભણનાર પોતાની તમામ શારીરિક, માનસિક અને આત્મિક દોલત પવિત્ર ગાથાઓને અર્પણ કરે છે. એજ પ્રકરણમાં જણાવવા પ્રમાણે પવિત્ર ગાથાઓ રક્ષણ કરનારા, બચાવ કરનારા અને માણસને માટે મીનોઇ ખોરાક જેવા છે; વળી પવિત્ર ગાથાઓ માણસનાં રવાનને માટે ખોરાક અને વસ્ત્ર સમાન છે. પવિત્ર ગાથાઓ માણસનાં મરણ પછી તેનાં રવાનને ભલો, પુરતો અને અશોઇનો બદલો આપનારા છે અને તે માણસને માટે હિંમત, ફ્તેહ, સુખાકારી, આબાદી અને વૃદ્ધિ સમાન છે.[1] ગાથા એ પયગમ્બર સાહેબ અશો જ઼રથુસ્ત્રના પોતાનાં કલામો છે; તેમાં અશો જ઼રથુસ્ત્રનાં પોતાનાં વિચાર, વચન અને કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહુનવદ ગાથાનાં શરૂઆતનાં ભાગમાં જણાવવામાં આવ્યું છે તેમ અશો જ઼રથુસ્ત્રનાં વિચાર, વચન અને કામો મીનોઇ બક્ષેશ આપનારાં છે. આવા ઉમદા શબ્દોમાં પવિત્ર ગાથાની વખાણ અવસ્તા જમાનાથી થતી આવી છે; અને તેજ પ્રમાણે પાછલાં પહેલવી અને પાજ઼ંદ લખાણોમાં પણ પવિત્ર

---

૧ યજ઼શ્ન, હા ૫૫, ફ્. ૧–૩

ગાથાની સ્તુતિ કરવામાં આવી છે. ગાથા અશો જરથુસ્ત્રનાં પોતાનાં લખાણો હોવાથી તે આ દુનિયા ઉપર દરેક જરથોસ્તીને માટે રાહબર સમાન છે. આ લખાણોમાં સમાયલી ઉંચી, ઉમદા ફિલસૂફી અને નેકી નીતિનાં ફરમાનો માણસને માટે આ જીંદગીમાં અને હવે પછીની જીંદગીમાં ભલો બદલો લાવી આપનારાં છે. માણસની શારીરિક જીંદગી ટકાવી રાખવા માટે જેમ ખોરાકની જરૂર છે તેમ માણસની ખાકી તેમજ મીનોઇ જીંદગીનાં ભલાંને માટે ગાથાનાં ઉમદા શિક્ષણો પ્રમાણે અમલ કરવાની જરૂર છે અને તેથીજ પવિત્ર ગાથાઓને મીનોઇ ખોરાક સમાન ગણવામાં આવ્યા છે. વળી જે પ્રમાણે આ જીંદગીમાં માણસને ખોરાક તેમજ વસ્ત્રની જરૂર છે તેજ પ્રમાણે તેની ખાકી તેમજ મીનોઇ જીંદગી માટે ગાથામાં શિખાડેલાં ઉત્તમ મીનોઈ જ્ઞાનની જરૂર છે; અને તેથી પવિત્ર ગાથાઓ માણસનાં રવાનને માટે ખોરાક અને વસ્ત્ર સમાન ગણાય છે. આવી રીતે ગાથામાં સમાયલી ઉમદા ફિલસૂફી, સંપૂર્ણ નીતિશાસ્ત્ર અને ઉત્તમ આત્મજ્ઞાન માણસને આ તેમજ ભવિષ્યની જીંદગીમાં સુખી, સદ્દગુણી અને આબાદ બનાવે છે. આવા પવિત્ર અને કિંમતી કલામોને આપણા અવસ્તા જમાનાનાં મહાન પૂર્વજો, તેમજ તે પછીનાં અસલી ઇરાની વડીલો મહાન અગત્યતા વાજબી રીતે આપતા આવ્યા છે. જ્યારે યજશ્ન, વીસ્પરદ અને વંદિદાદની ક્રિયાઓનાં ભણતરોની રચના કરવામાં આવી ત્યારે પણ ગાથાનાં લખાણોની અગત્યતા અને મહત્વતા પિછાણી ઉપલાં સઘળાં ક્રિયા-ભણતરોમાં ગાથાનાં કલામોને મધ્ય જગ્યા આપવામાં આવી છે. પવિત્ર ગાથા અશો જરથુસ્ત્રનાં પોતાનાં પવિત્ર શબ્દો છે, મહાન પયગમ્બરનો તે ભવ્ય પયગામ છે, ઇન્સાનના ઉદ્ધાર માટેનો તે અનુપમ ઉપદેશ છે; અને પારસી કોમને મળેલો તે એક અમૂલ્ય અને અદ્દભુત વારસો છે.

### ગાથાને લગતા ત્રણ પુરાતન કલામો.

'અહૂનવર', 'અષેમ્' અને 'યેંઘ્હે-હાતાંમ્'ની ત્રણ પુરાણી બંદગીઓ ગાથાને લગતાજ કલામો ગણાય છે.

**ત્રણ પુરાતન અને પવિત્ર કલામો.**

દીનકર્દમાં આ ત્રણ પુરાતન બંદગીઓને ગાથાનાં ત્રણ પ્રકરણો તરીકેજ ગણવામાં આવ્યાં છે.

'અહૂનવર', અવસ્તા 'અહૂન વઇર્ય' શબ્દો એ કલામની શરૂઆતમાં આવેલા 'અહૂ વઇર્યો' શબ્દો ઉપરથી નીકળ્યા છે; અને તે ઉપરથી એ કલામ અહૂનવરનાં નામથી ઓળખાય છે. વળી આ કલામનાં પહેલા શબ્દો ઉપરથી સાધારણ રીતે તે 'યથા અહૂ વઇર્યો'નાં કલામ તરીકે પણ ઓળખાય છે. 'અષેમ્' અને 'યેંઘ્હે હાતામ્' શબ્દો પણ એ કલામોની શરૂઆતનાં શબ્દો છે; અને એ શબ્દો ઉપરથીજ એ બંદગીઓને નામો મળ્યાં છે. એ બંદગીઓ પુરાતન બંદગીઓ તરીકે જણાયલી છે અને વળી ગાથાની ભાષામાં લખાયલી છે. પહેલવી દીનકર્દ પ્રમાણે આ ત્રણ બંદગીઓ ગાથાનાં કલામો છે; અને ગાસાનીક નસ્ક 'સૂદ્ગર્'નાં પહેલાં ત્રણ પ્રકરણો તે આ ત્રણ જાણીતી બંદગીઓ છે.[1] અશો જરથુશ્ત્રનાં પાંચ ગાથાઓ માંહેલા પહેલા ગાથાનું નામ 'અહુનવઇતિ' અથવા 'અહુનવદ' પણ 'અહૂનવર' શબ્દ ઉપરથીજ પડયું છે.

**'અહૂનવર'**

અહૂનવરનો કલામ ઘણો પુરાણો છે એમ અવસ્તા જમાનાથી મનાતું આવ્યું છે. યજશ્નનો ૧૯ મો હા 'અહૂનવર'ના પુરાતન અને મોતેબર કલામ ઉપર લખાયલી અવસ્તા શરેહ છે. આ પ્રકરણમાં જણાવવા પ્રમાણે આ દુનિયા તેમજ તે માંહેલી તમામ પેદાયશો દાદાર અહુરમજ્દે પેદા કીધી તે આગમજ 'અહૂનવર'નો કલામ દાદાર અહુરમજ્દે ઉચ્ચાર્યો હતો. વળી એજ પ્રકરણમાં જણાવવા પ્રમાણે જો કોઇપણ શખ્સ સારીરીતે, વચ્ચે કાંઇપણ બોલ્યા વિના અને વચ્ચેથી કાંઇપણ છોડી દીધા વિના, અહૂનવરનો કલામ ગાયનનાં આકારમાં ગાઇને ભણે તો તે સો ગાથા ગાઇને ભણ્યા બરાબર છે; અથવા જો વચ્ચે બીજું કાંઇ બોલીને, અથવા કાંઇ છોડી દઇને આ કલામ જો કોઈ ગાઇને ભણે તો તે દસ ગાથા ગાયા બરાબર છે.[2] સરોશ યશ્ત હાદોખ્તમાં જણાવવા પ્રમાણે અહૂનવરનો કલામ બીજી બધી બંદગીઓમાં સર્વથી ફતેહમંદ છે; અને આ અહૂનવરની બંદગી સારા વિચાર, સાચાં વચન અને ભલાં કામોની ભલી નિષ્ઠા સાથે નિખાલસ દિલથી ભણવામાં આવે તો તે માણસને અનેક જાતની મુશ્કેલીઓમાંથી બચાવે છે.[3] યજશ્નની ક્રિયા કરનાર

૧ દસ્તુરજી ડો. દારાબજી સંજાણા: દીનકર્દ, વૉલ્યુમ ૧૭, તરજુમો પા. ૨–૩

૨ યજશ્ન, હા ૧૯, ફ. ૫

૩ સરોશ યશ્ત હાદોખ્ત, ફ. ૩–૬.

ધર્મગુરૂ આ દુનિયા ઉપરની બુરી શક્તિઓનો નાશ કરવા માટે 'અહૂનવર', 'અષેમ્' અને 'યેંઘ્હે-હાતાંમ્'નાં કલામોને કુલ કુદરતમાં જાહેર કરે છે[1]. વંદિદાદ જણાવે છે તે પ્રમાણે 'અંઘ્રમઇન્યુ'નાં ફરમાનથી 'બુઇતિ' દેવે અશો જરથુશ્ત્રને મારી નાખવા માટે ધસારો કર્યો ત્યારે અશો જરથુશ્ત્રે 'અહુનવર'નો કલામ ગાઇને આ દેવનાં હુમલાને મારી હઠાવ્યો[2]. અશો જરથુશ્ત્ર 'અંઘ્રમઇન્યુ'ને કહે છે કે 'મજ્દનાં કહેલાં વચનો' વડે (યાને અહૂનવરનાં કલામ વડે) હું તારી પેદાયશોનો નાશ કરીશ; એ મારૂં ઉત્તમ હથીઆર છે[3]. આ પ્રમાણે 'અહૂનવર'નો પુરાતન મોતેબર કલામ અવસ્તા સાહિત્યમાં અગત્યની જગ્યા રોકે છે.

**'અહૂનવર'ની છંદરચના.**

'અહૂનવર' એ ગાથાને લગતો કલામ છે, તેથી 'ગાથા'ની માફક 'અહૂનવર'ને માટે 'સાવય' (અવસ્તા 'સુ'=ગાવું) ક્રિયાપદ આવે છે; એટલે અહૂનવરનો કલામ પણ ગાથાની માફક ગાયનનાં રૂપમાં ગાઇને ભણવાનો છે. આપણા પહેલા ગાથાનું નામ 'અહુનવઇતિ' અથવા અહુનવદ આ 'અહૂનવર' શબ્દ ઉપરથીજ નીકળ્યું છે. આ ઉપરાંત, ગાથા અહુનવઇતિની છંદરચના આ અહૂનવરનાં કલામની છંદરચનાને તદન મળતી આવે છે. અહૂનવરનાં કલામમાં ત્રણ લીટીઓ છે; અને તેમાં બધા મળીને ૨૧ શબ્દો છે. આ ૨૧ શબ્દો ઉપરથીજ સાસાનિયન જમાનામાં અવસ્તા સાહિત્યને ૨૧ નસ્કોમાં વહેંચી નાખવામાં આવ્યાં, અને એ ૨૧ શબ્દો ઉપરથીજ ૨૧ નસ્કોના નામો આપવામાં આવ્યાં.

**'અહૂનવર'નાં ઉત્તમ શિક્ષણો.**

અહૂનવરનાં કલામની સમજણ, તેમજ તેના તરજુમાનાં સંબંધમાં વિદ્વાનોમાં ઘણો મતફેર હસ્તી ધરાવે છે. આ ટૂંકી પણ અગત્યની અને પુરાતન બંદગીનો ભાવાર્થ ઘણા વિદ્વાનો જુદી જુદી રીતે સમજાવે છે. અહૂનવરના કલામની ત્રણે લીટીઓમાં જરથોશ્તી ધર્મના ત્રણ ઉમદા સબકો સમાઈ જાય છે.

---

૧ યજશ્ન, હા ૬૧, ફ. ૧-૨
૨ વંદિદાદ, ફરગરદ, ૧૯, ફ. ૨
૩ વંદિદાદ, ફરગરદ, ૧૯, ફ. ૯



આ ત્રણ લીટીઓનો સામાન્ય રીતે સમજાવવામાં આવતો ભાવાર્થ નીચે પ્રમાણે છે:

(૧) 'જે પ્રમાણે પાદશાહ પોતાની મરજી પ્રમાણે ચાલનાર છે, તેજ પ્રમાણે દીનનો પેશ્વા–'રતુ'–પોતાની અશોઇને લીધે પોતાની મરજી પ્રમાણે વર્તન ચલાવનાર છે.

જે પ્રમાણે દેશનો રાજ્યકર્તા પાદશાહ જેટલો માનને લાયક અને આપઅખત્યાર છે, તેજ પ્રમાણે દીનનો સરદાર પણ છે. ધર્મ અને રાજ્ય–Church and State–અરસપરસ ઘણો નિકટ સંબંધ ધરાવે છે. ઘણે દરજ્જે એ એકનો આધાર બીજા ઉપર છે એ આજની સુધરેલી દુનિયાનો વિચાર છે; અને એજ વિચાર અસલી ઇરાનીઓ પણ જૂના જમાનાથી ધરાવતા આવ્યા છે તે ઉપલા શબ્દો ઉપરથી માલમ પડે છે.

(૨) 'બહમનની બક્ષેશ આ દુનિયા ઉપર અહુરમજ્દને માટે કામો કરનારાઓની છે'

જે માણસો અહુરમજ્દની ખુશાલીનાં ભલાં કામો કરે તેઓને બહમનની બક્ષેશ, યાને ભલાં મનની બક્ષેશ–અક્કલ અને ડહાપણ–મળેલાં હોય છે; એવું સદ્ગુણી અને માણસને પોતાની ફરજનું ભાન આપનારૂં ઉત્તમ શિક્ષણ આ શબ્દો ઉપરથી મળે છે.

(૩) 'જે શખ્સ ગરીબને પોષણ આપે છે તે ગોયા અહુરમજ્દની પાદશાહી કબુલ રાખે છે.'

'જનસેવા એ ઉત્તમ ધર્મ છે' એવો આજની સુધરેલી દુનિયાએ સ્વિકારેલો ઉમદા કાનૂન આ વાકય ઉપરથી માલુમ પડે છે. એ શિક્ષણ અનુસાર 'માણસની સેવા એજ ખુદાની સેવા' એ ઉમદા સૂત્ર પારસી કોમે પોતાના મનની આંખો સમક્ષ હંમેશાં રાખ્યું છે, અને તેથીજ પારસી કોમે જનસેવાનાં કામોમાં, પરોપકાર અને પરમાર્થમાં પોતાની શક્તિ અનુસાર ઉત્તમ ફાળો આપ્યો છે. એટલે અહૂનવર ભણનાર દરેક જરથોશ્તી જનસેવાનાં આદર્શ માટે પોતાનું જીવન ગુજારવાની કબુલાત આપે છે.

જરથોશ્તીધર્મનાં મુખ્ય ફરમાનો-ભલાં કામો, ભલો ઉદ્યોગ અને જનસેવા-ટૂંકમાં પણ અસરકારક શબ્દોમાં અહૂનવરના કલામમાં સમાવી દેવામાં આવ્યાં છે.

અષેમ્.

ત્રણ પુરાતન કલામોમાંનો 'અષેમ્' પણ એક છે. 'અષેમ્' અથવા 'અષ'ની સાથે 'વહિશ્ત' (એટલે સર્વોત્તમ, શ્રેષ્ઠ) શબ્દ તેના વિશેષણ તરીકે વપરાય છે. અવસ્તા સાહિત્યમાં આ 'અષ વહિશ્ત' (એટલે સર્વોત્તમ અષ) અગત્યની જગ્યા રોકે છે. અવસ્તા 'અષ' તે હિંદુ-ભાઇઓનાં વેદનો ૠત છે; અને એ શબ્દ આપણી હાલની ભાષામાં પણ 'અશોઇ' તરીકે વપરાય છે. 'અષ' એટલે કુદરતનો મહાન અચળ નિયમ; કુદરતનો સર્વોત્તમ કાયદો. જે મહાન અને અચળ નિયમ ઉપર આ તમામ જગતની રચના અને વ્યવસ્થા કરવામાં આવી છે; અને જે નિયમ ઉપર આ જગત પોતાનું કાર્ય કરે છે, તે અચળ કાયદો-મહાન નિયમ તે 'અષ'. આ રીતે 'અષ વહિશ્ત' એટલે કુદરતનો સર્વોત્તમ કાયદો. કુદરતના આ મહાન અને અચળ કાયદાનું પાલન આપણી જીંદગીમાં કરવાની જરૂરિયાત તેમજ તે સર્વોત્તમ કાયદાની સ્તુતિ અવસ્તા સાહિત્યમાં સમજાવવામાં આવી છે; અને એ સમજાવવા માટે જે ખાસ બંદગી રચવામાં આવી તે 'અષેમ'ના કલામો, અથવા 'અષેમ્ વોહૂ' એ શબ્દોથી શરૂ થતી બંદગી છે.

આ કુદરતના મહાન કાયદાને પીછાણી આપણી જીંદગીમાં તેને અમલમાં મૂકવો એ જરથોસ્તીધર્મનું એક સિદ્ધાંત છે. ગાથાના લખાણો પ્રમાણે અશો જરથુશ્ત્ર 'અષ'નું જ્ઞાન મેળવવાની ખાહેશ રાખે છે.[1] અશો જરથુશ્ત્ર જણાવે છે કે જ્યાંસુધી હું શક્તિ ધરાવું છું ત્યાંસુધી અષની શોધમાં, યાને કુદરતનાં નિયમને ઓળખવાની અને તેને અમલમાં મૂકવાની કોશેષમાં, રહેવાને હું બીજાઓને શીખવીશ.[2] વળી તેઓ જણાવે છે કે જે માણસ 'અષ'ને ટેકો આપે છે, 'અષ'ના નિયમ પ્રમાણે અમલ કરે છે, તેને સુખ પ્રાપ્ત થાય છે.[3] આપણી દુન્યવી જીંદગીનું ઉત્તમ નીતિશાસ્ત્ર આ

૧ યજશ્ન, હા ૨૮, ફ. ૧૧
૨ „ „ ૨૮, ફ. ૪
૩ યજશ્ન, હા ૫૧, ફ. ૮



'અષ' શબ્દમાં સમાઇ ગયું છે. જરથોસ્તી ધર્મનીતિના મૂળતત્વો 'હુમત, હૂખ્ત, હ્વર્શત' એ ત્રણ શબ્દોમાં સમાઈ જાય છે, અને ગાથામાં ગોયા આ ત્રણ શબ્દોને માટે એકજ શબ્દ 'અષ' વાપરવામાં આવ્યો છે. આ રીતે 'અષ' શબ્દ ઘણા બહોળા અર્થમાં વપરાય છે.

પાક દાદાર અહુરમજ્દના છ અમશાસ્પંદોમાં 'અષ વહિશ્ત' અગત્યની જગ્યા રોકે છે. અવસ્તા 'અષ વહિશ્ત' ઉપરથી હાલે વપરાતો 'અર્દીબહેશ્ત' શબ્દ નીકળ્યો છે. 'અષ વહિશ્ત'ની વખાણ અને યાદ અવસ્તામાં ઘણે ઠેકાણે કરવામાં આવી છે; પરંતુ અર્દીબહેશ્તયશ્ત તે માટે ખાસ લખવામાં આવી છે. આ યશ્તમાં જણાવવા પ્રમાણે 'અષ વહિશ્ત'ની બંદગી (યાને અષેમનો કલામ) બુરા માણસો અને બુરી શક્તિઓને મારી હઠાવનારી છે. એજ યશ્ત પ્રમાણે 'અષ વહિશ્ત' પ્રકાશિત રોશની સાથે સંબંધ ધરાવે છે; અને તેથી પાછલાં લખાણોમાં 'અષ વહિશ્ત' અથવા અરદીબહેશ્તને આદર (આતશ ઉપર મવક્કલ) યજદનો હમકાર ગણવામાં આવ્યો છે.

પહેલવી દીનકર્દ પ્રમાણે યજશ્નનો ૨૦ મો હા 'અષેમ્'નાં કલામ ઉપર અવસ્તા ભાષામાં લખાયલી શરેહ છે. ત્યાં જણાવવા મુજબ દાદાર અહુરમજ્દે અષેમ્ વોહૂનો કલામ જાહેર કર્યો હતો. પહેલવી દીનકર્દ પ્રમાણે અષેમનો કલામ ગાથાને લગતાં 'સૂદ્ગર્' નસ્કનું એક પ્રકરણ છે; વળી યજશ્નના હા ૬૧ પ્રમાણે બંદગી કરનાર આ દુનિયામાંથી તમામ બુરી શક્તિઓને દૂર કરવા માટે કુલ જગતમાં યથા, અષેમ્ અને યેંઘ્હે હાતામનાં કલામોને આશકારા કરે છે. હાદોખ્ત નસ્કની જે ત્રણ પરગરદો બચી રહેલી છે તેમાંની પહેલી પરગરદમાં જણાવવા પ્રમાણે જે શખ્સ સંપૂર્ણ એતેકાદની અને નિર્દોષ અંતઃકરણથી રાસ્તીની વખાણ કરે તે ગોયા દાદાર અહુરમજ્દની અને તેમની કુદરતની ભલી પેદાયશોની સ્તુતિ કરવા બરાબર છે. આ ઉપરાંત આ પરગરદમાં જુદેજુદે વખતે અષેમનો કલામ ભણવા વિષેની ખૂબીનું વર્ણન માલમ પડે છે.

અષેમ્‌નાં કલામમાં 'અષ'–'અશોઇ'–ની વખાણ ગાવામાં આવી છે. 'સ્તઓમિ અષેમ્'–'અશોઇને હું વખાણું છું'–એવા અશોઇની વખાણના શબ્દો અવસ્તા સાહિત્યમાં અનેક ઠેકાણે આવેલા છે. 'અષેમ્'ના કલામમાં જણાવવામાં આવ્યું છે કે 'અષ-રાસ્તી-સર્વથી સરસ છે; તે સુખ છે; જે કોઈ સર્વથી સરસ 'અષ'ને માટે 'અષો' યાને રાસ્ત હોય તેને માટે તે સુખ છે. એટલે કે પવિત્રતા અને સત્યતા, જે જરથોશ્તીધર્મનો મૂળ સિદ્ધાંત ગણાય, તે સર્વથી સરસ છે, શ્રેષ્ઠ છે; અને વળી અશોઇને માટે, અષને માટે, કુદરતના મહાન નિયમને અનુસરતી જીંદગી ગુજારવાને માટે ખરાં દિલથી જે કોઈ અષો હોય તેને માટે તે ઉત્તમ સુખ છે.

યેંઘ્હે હાતામ્.

અવસ્તા સાહિત્યમાંની ત્રણ અગત્યની બંદગીઓમાં 'યેંઘ્હે-હાતામ્'ની બંદગી પણ એક છે, અને 'અહુનવર' તથા 'અષેમ'ના કલામો સાથે આ બંદગી ભણાય છે. દીનકર્દ પ્રમાણે ગાસાનીક નસ્કો માંહેલાં સૂદગર્ નસ્કનું ત્રીજું પ્રકરણ તે 'યેંઘ્હે હાતાંમ્'નો કલામ છે. યજ્શ્નના હા ૨૧ માં યેંઘ્હે હાતાંમ્‌ની અવસ્તા શરેહ લખાયલી મળે છે, તે ઉપરથી માલમ પડે છે કે 'યેંઘ્હે હાતાંમ્' અશો જરથુસ્ત્રનો સ્તુતિને લાયક કલામ છે; તેમાં ભલાં, સ્તુતિ કરનાર માણસોની યાદ કરવામાં આવી છે. આ કલામ દાદાર અહુરમજ્દની આરાધના અને પરસ્તેશ કરનારાઓને લગતો છે. હૈયાતી ભોગ-વનારા માણસોમાંથી જે કોઇ નર અને નારી આરાધના કરવા માટે અહુરમજ્દને જણાયલાં છે તેઓની વખાણ આ કલામમાં કરવામાં આવી છે. યજ્શ્ન હા ૬૧ માં બંદગી કરનાર આ દુનિયા ઉપરથી બુરી શક્તિઓને દૂર કરવા માટે અહુનવર અને અષેમનાં કલામો સાથે યેંઘ્હે હાતાંમનાં કલામો જાહેર કરે છે.

'યેંઘ્હે હાતાંમ્'ના કલામના સંબંધમાં ધ્યાન ખેંચવાજોગ બાબદ આ છે કે એ કલામને મળતુંજ લખાણ, પણ કાંઇક જુદી ભાષામાં, વોહુક્ષથ્ર ગાથા (યજ્શ્ન, હા ૫૧, ફ. ૨૨)માં મળે છે; તેમજ તેવુંજ લખાણ યજ્શ્ન, હા ૧૫, ફ, ૨ માં પણ મળે છે. આ ત્રણે લખાણોનો ભાવાર્થ એકજ સરખો છે; માત્ર ભાષામાં સ્હેજ તફાવત છે.



Smt. HANSA MEHTA LIBRARY
MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

## પાંચ ગાથા.

અશો જરથુશ્ત્રનાં પાંચ ગાથા.

યજ્શ્ન, હા ૫૭, ફ ૭ પ્રમાણે અશો જરથુશ્ત્રનાં પાંચ ગાથા હતા; આ પાંચ ગાથાનાં લખાણો આજે પણ હૈયાત છે. મરહુમ વિદ્વાન શેઠ ખ. રૂ. કામાજી ગાથા માટે લખે છે કે 'આપણામાં ગાથાઓ વધુ હતા, પણ જરથોશ્તનાં પોતાનાં ગાથાઓ પાંચ હતા; એ પાંચ ગાથામાં અસલમાં ઘણાએક હાઓ હશે, પણ હાલમાં તો નીચે જણાવ્યા પ્રમાણેનાંજ સચવાયલા રહ્યા છે. જે ગાથાઓ જરથોશ્તનાં પોતાનાં કહીએ છીએ તેમાં પણ તમામ હાઓ તથા હાઓનાં ભાગો જરથોશ્તનાં ચોકખા હાઓ હોય એવું લાગતું નથી; કાંએજે કેટલેક ઠેકાણે કેટલોએક ભાગ જરથોશ્તનાં શાગેરદોનો બનાવેલો સમજાય છે. એ ઉપરથી ધારવું જોઇએ કે અસલમાં અશો જરથોશ્તે પાંચ ગાથા બનાવ્યા હશે, પણ એકેક ગાથામાં ઘણાએક હાઓ હશે તેમાંનો મોટો ભાગ કેટલા જમાના થયા ગુમ થઇ ગયો છે.'[1] આ ગાથાના લખાણો કવિતાઈ ઇબારતમાં લખાયલાં છે, અને તેમાં પવિત્ર ભકિતનાં ગાયનો અને બંદગીઓ, ધર્મ-ફિલસૂફી, પાક પેદા કરનાર દાદાર અહુરમજ્દ અને તેની કરામત, ખાકી તેમજ મીનોઈ દુનિયા, મરણ પછીની હાલત, નીતિ અને સદ્‌ગુણો, ભલાઇ અને બુરાઈનાં નિયમો વિગેરેનો; તેમજ કેટલીક ઇતિહાસિક બાબદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પાંચ ગાથાઓના નામો નીચે પ્રમાણે છે:

(૧) અહુનવઇતિ (પાજંદ-અહુનવદ્)

(૨) ઉશ્તવઇતિ ( „ -ઉશ્તવદ્)

(૩) સ્પેન્તામઇન્યુ ( „ -સ્પેન્તોમદ્)

(૪) વોહુક્ષથ્ર ( „ -વોહુક્ષથર)

(૫) વહિશ્તાઇશ્તિ ( „ -વહિશ્તોઇશ્ત )

---

૧ 'જરથોશ્ત નામું'-બીજી આવૃતિ, પા. ૨૨૦.

### ૧ ગાથા અહુનવઇતિ.

"અહુનવઇતિ."

સાધારણરીતે અવસ્તા બંદગીઓનાં નામો તેમાં આવેલા પહેલા શબ્દો ઉપરથી આપવામાં આવ્યાં છે; તેજ પ્રમાણે-પાછળથી ઉમેરાયલા શરૂઆતનાં શબ્દો બાદ કરતાં-અહુનવદ ગાથાના પહેલા શબ્દો, 'અહ્યા યાસા' મળે છે; આ ઉપરથી આ 'હા'નું નામ 'અહ્યા યાસા' હા પડ્યું છે; પણ આ આખા ગાથાનું નામ 'અહુન-વઇતિ' છે. અવસ્તા 'અહુનવઇતિ' એટલે 'અહુન-વાળો', યાને 'અહુન (વઇર્ય)થી શરૂ થતો'; અને તે ઉપરથી 'અહુનવદ.' આ નામ સૂચવે છે કે અહુનવદ ગાથાની સાથે અહૂનવરને ઘાડો સંબંધ છે. અહુનવદ ગાથા અને અહૂનવરની છંદરચના પણ સરખીજ છે. અવસ્તાના કેટલાક હસ્તલેખોમાં અહુનવદ ગાથાની શરૂઆતમાં 'અહૂનવર'નો કલામ લખવામાં આવ્યો છે. આ બીના પુરવાર કરે છે કે અસલમાં અહુનવદ ગાથાની શરૂઆતમાં અહૂનવરનો કલામ ભણવામાં આવતો હતો; અને તેથી અહૂનવરના નામ ઉપરથીજ પહેલા ગાથાનું 'અહુનવઇતિ', 'અહુનવદ'-યાને 'અહૂનવરથી શરૂ થતા ગાથા'-એવું નામ આપવામાં આવ્યું છે.

છંદરચના.

અહુનવઇતિ ગાથાના સાત પ્રકરણો છે; કે જે યજશ્નના હા ૨૮ થી ૩૪ ગણાય છે. પહેલાં ત્રણ પ્રકરણોમાં દરેકમાં ૧૧ શ્લોકો (અથવા ફકરાઓ કે કળીઓ) છે; અને ચોથાં પ્રકરણમાં ૨૩, પાંચમાંમાં ૧૬, છઠાંમાં ૧૪ અને સાતમાંમાં ૧૫ શ્લોકો છે. દરેક શ્લોકમાં કવિતારૂપી ત્રણ લીટીઓ છે; દરેક લીટીમાં કોઇક અપ-વાદ સિવાય ૧૬ પદ હોય છે; અને દરેક લીટી ૭ અને ૯ પદોનાં બે ભાગોમાં વહેંચાયલી હોય છે. અહૂનવર (યથા-અહુ-વઇર્યો)ની બંદગીની પણ આજ છંદરચના છે.

અહુનવઇતિ ગાથાનું પહેલું પ્રકરણ તે યજશ્નનો ૨૮ મો હા. આ હાની શરૂઆતમાં ગાથા પછીની અવસ્તા ભાષામાં લખાયલો



પ્રકરણ પહેલું-
'અહ્યા યાસા.'

એક ફકરો મળે છે; કે જેમાં કહેવામાં આવ્યું છે કે: 'અશો જરથુશ્ત્રના વિચાર, વચન અને કામો ખુદાઇ બરકત આપનારાં છે.' આ ફકરો તેની ભાષા ઉપરથી પાછળથી ઉમેરવામાં આવેલો ધારવામાં આવે છે. આ પ્રકરણના પહેલા શબ્દો 'અહ્યા યાસા' ઉપરથી આ પ્રકરણનું નામ આપવામાં આવ્યું છે.

આ પ્રકરણની શરૂઆતમાંજ પયગમ્બર સાહેબ, આ દુનિયાનાં લોકોને સુખી કરવા માટે ભલાંમનની બક્ષેશ અને કુદરતનાં કાયદાઓનું ખુદાઇ જ્ઞાન મેળવવાની, તેમજ પાક દાદાર અહુરમજ઼્દને તથા તેની ભલી શક્તિઓને જોવાની, તેઓનાં વખાણ કરવાની અને ભક્તિના ગાયનો ગાવાની આરજૂ કરે છે; આ દુનિયા ઉપરની ખરાબીઓનો નાશ કરવાને માટે લાંબી જીંદગી અને દાદાર અહુર-મજ઼્દની મદદ માગે છે; તેમજ આ દુનિયાની ઉત્પત્તિના પહેલા કાયદાઓ કેવી રીતે પેદા થયા તે જાણવાની ખાહેશ રાખે છે; કે જેથી પયગમ્બર સાહેબ આ દુનિયા ઉપર માણસજાતને ખુદાના કાયદાઓ શીખવી, તેનું પાલન કરવાનું શિક્ષણ આપી લોકોને સુખી કરી શકે. કુદરતના કાયદાઓનું પાલણ કરવું એ દુનિયા ઉપર સુખ મેળવવાનો ઉત્તમ માર્ગ છે; અને તેનું જ્ઞાન મેળવી, તે લોકોમાં ફેલાવી, તે મારફતે દુનિયાનાં લોકોને સુખી કરવા માટે અશો જરથુશ્ત્ર ખાહેશમંદ છે.

પ્રકરણ બીજું-
'ગેઉશ્-ઉર્વા.'

આ પ્રકરણના પહેલા શબ્દો ઉપરથી તેનું નામ 'ક્ષ્માવ્ય ગેઉશ્-ઉર્વ' છે. અશો જરથુશ્ત્રને પયગમ્બર તરીકે મુકરર કરવાની બાબદો વિષેનું આ પ્રકરણ છે અને તેથી ડૉ. મીલ્સ આ પ્રકરણને અહુનવઇતિ ગાથાનું પહેલું પ્રકરણ ગણે છે અને પહેલાંને બીજું ગણે છે. આ પ્રકરણમાં જણાવવામાં આવે છે કે જ્યારે આ દુનિયા ઉપર ખરાબીઓનો જુલમ ઘણો વધી ગયો ત્યારે દુનિયાના આત્માએ પોકાર મારીને કહ્યું કે; 'મને શા માટે પેદા કીધી? કોણે મને બનાવી? મારા ઉપર ગુસ્સો, લુંટફાટ, મારામારી, ખરાબી, જુલમ આવી પડયાં છે; અય અહુરમજ઼્દ, તારા સિવાય કોઈ બચાવનાર નથી' આ ઉપરથી અહુરમજ઼્દે કહ્યું કે જરથુશ્ત્ર સિવાય આ દુનિયાની આબાદી કરનાર બીજો કોઇપણ

નથી; તે શખ્સ કે જેણે એકલાએ મારી શિખામણો સાંભળી તે સ્પિતમાન જરથુશ્ત્ર છે; કે જે પોતે અહુરમજ્દની મારફતે રાસ્તીનો ફેલાવો કરવાને તથા દુનિયાની ફરજો જાહેર કરવાને ઇચ્છે છે. આ મુજબ અશો જરથુશ્ત્રને આ દુનિયાના પયગમ્બર તરીકે મુકરર કરવામાં આવે છે; પણ દુનિયાનો આત્મા આથી નારાજ થઈ કોઈ વધારે બળવાન સરદારની માગણી કરે છે; પણ અશો જરથુશ્ત્ર પોતાના આ ખુદાઈ કામમાં દાદાર અહુરમજ્દની મદદ માગે છે અને આ દુનિયા ઉપર અહુરમજ્દનું રાજ્ય સ્થાપી, દુનિયાની આબાદી કરવાનું કાર્ય સરંજામ ઉતારવાની આરજૂ કરે છે.

**પ્રકરણ ત્રીજું– 'અત્ તા વક્ષ્યા.'**

આ પ્રકરણનું નામ 'અત્ તા વક્ષ્યા' છે. આ પ્રકરણમાં અશો જરથુશ્ત્રની ભલાં અને ભુંડાં વિષેની પ્રખ્યાત વાએજ સમાયલી છે. અશો જરથુશ્ત્ર કહે છે કે, 'દીનની બાબદો જાણવાને અય ખાહેશમંદો, મારી ઉત્તમ નસિહતો તમારા કાને સાંભળો, તમારી રોશન વિચારશક્તિથી તે ઉપર દર્યાફ્ત કરો, અને તમારી પસંદગીનો એતેકાદ ધરાવો. આ દુનિયા ઉપર કામ કરતી બે મીનોઇ શક્તિઓ વિચાર, વચન અને કામમાં એક સારી અને બીજી નરસી છે. જેઓ સારાં ડહાપણવાળા છે, તેઓએ રાસ્તી અખત્યાર કીધી; ખરાબ દાનેશવાળાઓએ તેમ કર્યું નહિ; જ્યારે તે બે મીનો સાથે મળ્યા ત્યારે તેઓએ જીંદગી અને નાશ પેદા કર્યાં; અને જ્યાં સુધી દુનિયા ચાલુ રહેશે ત્યાંસુધી આ પ્રમાણે ચાલશે. આ બે મીનોમાં એક બુરાઓમાં ઘણોજ બદમનશનીવાળો અને બીજો અશોને માટે સર્વથી સારી મનશનીવાળો અને આ બંને મીનોમાંથી જે બુરો હતો તેણે દુષ્ટ કામ પસંદ કર્યું, જ્યારે સઉથી આબાદી કરનાર મીનોએ રાસ્તી પસંદ કીધી. આ પ્રમાણે બુરી મનશનીવાળા માણસો બુરાં કામો કરે છે અને સારી મનશનીવાળાં માણસો રાસ્તીના કાર્યો કરે છે; પણ આખરે તો અશોઇ જુઠાઇ ઉપર ફતેહ મેળવશે. છેવટે અશો જરથુશ્ત્ર કરણીનો કાયદો સમજાવતાં કહે છે કે:

'અએ માણસો! સુખ તથા દુઃખ બાબેના આ નિયમ, જે હોરમજ્દે મુકરર કીધા છે તે તમો જાણો, તે એ કે દુષ્ટ-પાપી



માણસોને માટે લાંબા વખત સુધીનું દુઃખ ખમવું અને રાસ્ત માણસો માટે ફાયદા; જે ફાયદાઓને લીધે તેઓને સુખ હોય છે.'

અહુનવઇતિ ગાથાનું આ અગત્યનું પ્રકરણ આપણને મુખ્ય ત્રણ બાબદો શિખાડે છે:–(૧) આ દુનિયામાં માણસજાતને મરજીનું છુટાપણું બક્ષવામાં આવ્યું છે અને તેથી દરેક માણસ પોતે પોતાનાં કાર્યો માટે જવાબદાર છે; (૨) આ દુનિયા ઉપર ચાલતી ભલાં અને ભુંડાંની ચાલુ લડાઈ. આ લડાઇના સંબંધમાં આપણી ફરજ એ છે કે આબાદી કરનાર રાસ્તીના કામો કરવાં; અને (૩) આ દુનિયા ઉપર માણસની જેવી કરણી, તેવાંજ તેને પરિણામો ભોગવવાં પડશે. આપણી બુરી કરણી આપણે માટે દુઃખ લાવશે, જ્યારે આપણી સારી કરણી આપણને સુખ આપશે.

**પ્રકરણ ચોથું– 'તા-વે-ઉર્વાતા.'**

આ પ્રકરણનું નામ 'તા-વે-ઉર્વાતા' એના પહેલા શબ્દો ઉપરથી પડયું છે. આ પ્રકરણમાં અશો જરથુશ્ત્ર 'અગુસ્તા-વચાઓ' એટલે અગાઉ 'નહિ સંભળાયલા કલામો' આપણને શિખાડે છે. દીન માટે લડનારાઓને અહુરમજ્દ ખુશાલી બક્ષે છે. અશો જરથુશ્ત્ર કહે છે કે અય અહુરમજ્દ! તારાં મહોડાંની જબાનથી તું અમને શિખાડ, જેથી સઘળા માણસોને હું દીન ઉપર યકીન રાખનાર બનાવું. અહુરમજ્દ પોતે પોતાની હરવેસ્પ-આગાહ અક્કલથી તમામ ખલકતનો પેદા કરનાર છે; અને અહુરમજ્દની પાદશાહી નેક મનશનીને લીધે આબાદ રહેલી છે. અહુરમજ્દ સર્વથી પહેલો, હંમેશાં પાક મનશનીથી પરસ્તેશ કરવા લાયક, ભલાંમનનો પિતા, રાસ્તીનું ખરૂં મૂળ, આ દુનિયાનાં કામો ઉપર સાહેબી ભોગવનાર છે. સંપૂર્ણ મનશનીનો સાહેબ દુનિયાને બનાવવાની મીનોઇ અક્કલ ધરાવનાર અને પેદાયશોનો અને તેના કાયદાઓનો મુકરર કરનાર; હાડમંદ જીંદગી, અક્કલ તથા શક્તિનો આપનાર દાદાર અહુરમજ્દ છે. દરેક માણસને પોતાની મરજી પ્રમાણે વર્તવાની છુટ આપવામાં આવી છે. આ દુનિયા ઉપર જો કોઇ બીનજરૂરી અને ગેરઇનસાફી સજા ખમતું હોય તો તેનો રાસ્ત બદલો તે સાહેબ જરૂરજ આપશે.

**પ્રકરણ પાંચમું–**
**'ખ્શ્મેતુમહ્ઇથ્ય.'**

આ પ્રકરણનાં બીજા શબ્દ 'ખ્શ્મેતુશ્' ઉપરથી આ પ્રકરણનું નામ 'ખ્શ્મેતુમહ્ઇથ્ય' આપવામાં આવ્યું છે. આ પ્રકરણ અશો જરથુશ્ત્રનાં પયગમ્બરી કામની સામે થનારાઓ વિષે છે. પોતાની સામે થનારાઓ માટે અશો જરથુશ્ત્ર આ પ્રકરણનાં નવમાં શ્લોકમાં કહે છે કે:

'ખોટો ધર્મ સમજાવનાર દીનના કલામો ઉલટાવી નાખે છે; તથા તે પોતાની બુરી શીખામણોથી માણસની અક્કલને ગુમરાહ કરે છે. એવા શખ્સો મારી નેક નૈયતની ખાહેશ તથા ખરી મુરાદ મારાથી છીનવી લે છે; એટલા માટે મારી બાતેનની બંદગીથી તુંને અય હોરમજદ, તને તથા અષને હું અરજ કરૂં છું.'

**પ્રકરણ છઠ્ઠું–**
**'યથા-આઈશ્-ઇથા.'**

આ પ્રકરણનું નામ તેના પહેલા શબ્દો ઉપરથી 'યથા-આઇશ-ઇથા' પડ્યું છે. આ પ્રકરણમાં અશો જરથુશ્ત્ર જણાવે છે કે જે માણસો બુરાઇની સામે લડી તેનો અટકાવ કરે તથા લોકોને નીતિ તથા ભલાઇનો રસ્તો બતાવે તેઓ દાદાર અહુરમજ્દને ખુશ્નુદ કરે છે અને તેની ઉપરનો પોતાનો એતેકાદ વધારે છે. બંદગી મારફતે આપણી બુરી ટેવો આપણે દૂર કરી શકીએ છીએ. આ ઉપરાંત આ પ્રકરણમાં બંદગી અને ભક્તિનાં શ્લોકો આપવામાં આવ્યા છે. આ પ્રકરણનો છઠો શ્લોક નીચે પ્રમાણે છે:

'ખાલેસ પરસ્તેશ કરનાર તરીકે રાસ્તીની મારફતે તથા ઘણીજ નેક નૈયતથી ઓ હોરમજ્દ, હું તુંને હરદમ યાદ કરૂં છું કે જેથી મારી મુરાદ મુજબ ધારેલું કામ પાર પાડુ. તારાથી અએ હોરમજદ, આએ બે ચીજ હું માંગું છું–તારાં દર્શન અને દીન બાએ તારી સાથે વાતચીત.'

ઉપલા શ્લોકમાં અશો જરથુશ્ત્રની બે ઉત્તમ ખાહેશો માલમ પડે છે. આ ઉપરાંત આ પ્રકરણનાં ૧૪ માં શ્લોકમાં અહુરમજ્દ તરફનો તેઓનો એતેકાદ અને ફિદાગીરી માલમ પડે છે. એ શ્લોક નીચે મુજબ:



'પેગમ્બર જરથોશ્ત પોતાના તનનો જાન તથા નેક મનશનીની ઉત્તમતા હોરમજ્દને માટે ફીદા કરે છે; પોતાના કામની સત્તા તથા દીનના કલામ માટેની તાબેદારી રાસ્તીને માટે ફીદા કરે છે.'

**પ્રકરણ સાતમું–**
**'યાન્ધ્યઓથના.'**

આ પ્રકરણનું નામ 'યા-ષ્યઓથના' છે. અહુનવઇતિ ગાથાનાં આ છેલ્લાં પ્રકરણમાં દાદાર અહુરમજ્દની બંદગી અને ધર્મને લગતા સવાલો સમાયલા છે. પહેલાજ શ્લોકમાં અશો જરથુશ્ત્ર કહે છે કે:

'જે કામ, જે સખુન તથા જે ભક્તિને લીધે હમુને અમરપણું, રાસ્તી, હકુમત તથા સુખાકારી મળે છે તે અય હોરમજ્દ સઉથી પહેલાં તુંને હું અર્પણ કરૂં છું.'

આપણા ભલા વિચારો, ભલાં વચનો અને ભલાં કાર્યો એ અહુરમજ્દને માટે ઘણી લાયક ભેટ છે. બીજો શ્લોક નીચે પ્રમાણે:

'જે સઘળું અંતઃકરણથી તુંને, અય હોરમજદ, અર્પણ કરવામાં આવ્યું છે તે, નેક વિચાર તથા દુનિયાની આબાદી કરનાર માણસ જેનું રવાન રાસ્તીની પુઠે ચાલે છે તેના નેક કામો છે.

તારે લાયકની બંદગી મારફતે તથા તારી કીર્તિ ગાનારાઓના ઇશ્વરી ગાયનોની મારફતે અય હોરમજદ, હું તારી નજદીક પહોંચુ!'

આ પ્રકરણના છેલ્લા બે શ્લોકો નીચે પ્રમાણે:

'જેઓ આ ફરતી દુનિયામાં નેક મનશનીનાં કામો કરવામાં મશગુલ થયલા છે તથા રાસ્તીની મારફતે અક્કલનાં કામો વધારનારા છે તેઓની આએ શરીરી જીંદગીને અય હોરમજદ મારૂં નેક ડહાપણ ખચીત તેં બક્ષ્યું છે.'

'અએ હોરમજ્દ! તું મને સર્વોત્તમ દીનનાં કલામો તથા કામો વિષે કહે કે તેથી ખચીત નેક મનશની તથા રાસ્તીથી તારી કીર્તીનાં ગાયનનું કરજ હું અદા કરૂં, જેથી તારી સત્તાની

રૂએ તથા તારી મરજી પ્રમાણે અએ હોરમજ્દ! મારી જીંદગીને તું ખરેખર તાજી કરે.'

### ગાથા ઉશ્તવઇતિ.

**'ઉશ્તવઇતિ.'**

**બીજા ગાથાનું** તેમજ તેના પહેલાં પ્રકરણનું નામ, તેના પહેલા શબ્દ 'ઉશ્તા' ઉપરથી 'ઉશ્તવઇતિ' પડયું છે. અવસ્તા 'ઉશ્તવઇતિ', (પાછળથી 'ઉશ્તવદ'), યાને 'ઉશ્ત શબ્દ ઉપરથી શરૂ થતા (ગાથા).' આ ગાથાનું પહેલું પ્રકરણ (યજ્શ્ન હા ૪૩) 'ઉશ્તા' (='સુખ, સુખાકારી, આબાદી') શબ્દથી શરૂ થાય છે; અને તે ઉપરથી આ ગાથાનું 'ઉશ્તવઇતિ'–'ઉશ્તવદ' એવું નામ પડયું છે.

**છંદરચના.**

ગાથા ઉશ્તવઇતિમાં ૪ પ્રકરણો છે, કે જે યજ્શ્નના હા ૪૩ થી ૪૬ સુધી ગણાય છે. પહેલાં પ્રકરણમાં ૧૬ શ્લોકો છે; બીજાંમાં ૨૦, ત્રીજાંમાં ૧૧ અને ચોથાંમાં ૧૯ શ્લોકો આવે છે. દરેક શ્લોકમાં, માત્ર એક અપવાદ સિવાય, પાંચ લીટીઓ હોય છે. દરેક લીટીમાં ૧૧ પદ હોય છે; અને દરેક લીટી ૪ અને ૭ પદોના બે ભાગોમાં વહેંચાયલી હોય છે. આ ગાથાના ૪ થાં પ્રકરણના ૧૫ માં શ્લોકમાં ફક્ત ૪ લીટીઓ આવે છે.

**પ્રકરણ પહેલું– 'ઉશ્તવઇતિ'**

જેમ ગાથાનું નામ, તેમજ આ પ્રકરણનું નામ પણ 'ઉશ્તવઇતિ' છે. આ પ્રકરણમાં ધર્મના કાયદા અને ફિલસૂફીની સમજણ આપવામાં આવી છે; તેમજ અહુરમજ્દ પાસેથી ભલી બક્ષેશો માગવામાં આવી છે. આ પ્રકરણના ત્રીજા શ્લોકમાં જણાવવામાં આવે છે કે:

> 'જે શખ્સ આએ હાઉમંદ તથા મીનોઈ દુનિયાનાં ફાયદાના રાસ્ત માર્ગો બતલાવી શકે–કે જે મોજુદ દુનિયા તરફ હોરમજ્દ રહે છે–તે માણસ પોતે ભલાંનાં કરતાં વધારે ભલું હાંસલ કરે. અએ હોરમજ્દ, તે શખ્સ તારી આરાધના કરનાર, તારી સંફનો, સારાં ડહાપણવાળો તથા આબાદી કરનારો છે.'



'જેવું કરશો તેવું ભરશો'–એ અશો જરથુસ્ત્રનો સ્પષ્ટ પયગામ છે; આ પ્રકરણનો પાંચમો શ્લોક નીચે પ્રમાણે:

> 'જ્યારે તુંને, અય હોરમજ્દ! દુનિયાની પેદાયશમાં સઉથી ચઢતો જોયો ત્યારે, તુંને મેં ખચીત આબાદી કરનાર ગણ્યો. પેદાયશનાં સઉથી છેવટનાં અંત સુધી તારી ઇનસાફવાળી રીતી મુજબ માણસોને તેઓનાં કરતુક તેમજ વચન પ્રમાણે તું બદલો આપશે, તે એવી રીતે કે, બુરા માણસને બુરું તથા ભલા માણસને સારા આશીરવાદ.'

આ પ્રકરણ પ્રમાણે અશો સરોશ યજ્દ બહમનની મારફતે અશો જરથુસ્ત્ર આગળ આવ્યા; યાને ભલાંમન (બહમન)ની મારફતે જરથુસ્ત્રે ખુદાઈ બશારત (સરોશ) મેળવી; તે મારફતે ધર્મનું જ્ઞાન મેળવ્યું અને તે જ્ઞાન તેમણે આ દુનિયાનાં લોકોમાં જાહેર કર્યું.

**પ્રકરણ બીજું. 'તત-ઃવા-પેરેસા.'**

આ ગાથાનાં બીજાં પ્રકરણનું નામ 'તત્-ઃવા-પેરેસા' આ પ્રકરણના પહેલા શબ્દો ઉપરથી પડયું છે. ફક્ત છેલ્લા શ્લોક સિવાય, આ પ્રકરણના દરેક શ્લોકની પહેલી લીટી નીચે મુજબ છે:

> 'તત્-ઃવા પેરેસા એરેશ-મોઇ, વઓચા અહુરા.'

યાને 'અય અહુરા, તુંને હું પુછું છું તે તું મને ખરું કહેજે!'

આ ગાથાના પહેલા પ્રકરણનાં ૧૦ માં શ્લોકમાં કહે છે કે: 'હમારા સવાલો હું તુંને પુછું છું, સબબ કે તારી મારફતે પુછેલો સવાલ હમુને હીમ્મત આપનારો છે.' પહેલાં પ્રકરણનાં ૧૦ માં શ્લોકમાં જણાવેલા આ સવાલો, આ બીજા પ્રકરણમાં પૂછવામાં આવ્યા છે. આ દુનિયા ઉપરની પેદાયશોને લગતા તરેહવાર સવાલો આ પ્રકરણમાં રજુ થયા છે; અને આ પ્રકરણમાં 'કુદરત ઉપરથી કુદરતના પેદા કરનાર'નો ખ્યાલ ઘણી સુદર રીતે આપવામાં આવ્યો છે. પહેલા બે શ્લોકમાં અહુરમજ્દની બંદગીની જરૂર, જીંદગીનું મૂળ, બે દુનિયા વિષેની માન્યતા વિગેરે બાબદો

વિષે સવાલો પૂછવામાં આવ્યા છે. આ પ્રકરણના ૩, ૪, ૫ શ્લોકો નીચે પ્રમાણે:

'અએ હોરમજ્દ! તુને હું પુછું છું તે તું મને ખરૂં કહેજે. શરૂઆતમાં રાસ્તીનો પેદા કરનાર તથા પિતા કોણ? કોણે સૂરજનો તથા સેતારાઓનો માર્ગ મુકરર કીધો? તારા સીવાય બીજો કોણ છે જેનાથી મહાતાબ વધે છે અને ઘટે છે? અએ હોરમજ્દ, આ તથા બીજી બાબદો જાણવાને હું ખાહેશ રાખું છું.'

'અએ હોરમજ્દ! તુને હું પુછું છું તે તું મને ખરૂં કહેજે. જમીન તથા આસ્માનને નીચે પડી જવાથી કોણ ટકાવી રાખનાર છે? પાણી તથા ઓરવરો કોણે બનાવ્યાં? પવનને તથા વાદળાંને કોણે ઝડપ બક્ષી? કોણ અએ હોરમજ્દ! ભલાં મનનો પેદા કરનાર છે?'

'અએ હોરમજ્દ તુને હું પુછું છું તે તું મને ખરૂં કહેજે. કયા કારીગરે રોશની તથા અંધારૂં બનાવ્યું? કયા કારીગરે ઉંઘ તથા જાગૃતિ બનાવી? કોણે સહવાર, બપોર તથા રાત પેદા કીધી?'

આ ઉપરાંત, આ અગત્યનાં પ્રકરણમાં, અહુરમજ્દની પાદશાહી, ફરતી દુનિયા, દીકરા તરફ બાપનો પ્યાર, પાક દીનના ફરમાનો, જરથોસ્તી દીનનો ફેલાવો, રાસ્ત અને નારાસ્ત માણસો, આ દુનિયામાં બુરાઇનો નાશ અને રાસ્તીનો ફેલાવો; અહુરમજ્દને પુગવાના માર્ગો; તેમજ જરથોસ્તી દીનની સામે થનારા 'કરપો' તથા 'ઉસીક્ષ' વિષેના સવાલો પૂછવામાં આવ્યા છે.

**પ્રકરણ ત્રીજું– 'અત-ક્રવક્યા.'**

આ પ્રકરણનું નામ 'અત-ક્રવક્યા' છે અને તેમાં અશો જરથુશ્ત્રની ધર્મ ઉપરની વાએજ સમાયલી છે. પોતાની વાએજની શરૂઆતમાં અશો જરથુશ્ત્ર જણાવે છે કે–'તમો કે જેઓ નજદીક તથા દૂરથી આવીને મારી વાએજ સાંભળવાને ઇચ્છો છો તેઓને હું.જે કાંઈ ખુલ્લી રીતે કહું તે ઉપર તમો કાન ધરો.



ધ્યાન આપીને સાંભળો અને તેનું મનમાં બરાબર તોલ કરો, જેથી ખોટો ધર્મ સમજાવનારાઓ તમારી જીંદગી ખરાબ કરે નહિં' આગળ ચાલતાં અશો જરથુશ્ત્ર બે મીનોની બાબદમાં જણાવે છે કે:

'સઉથી પહેલાં હું તમોને દુન્યાનાં બે મીનો વિષે જાહેર કરૂં છું. આ બે મીનોમાં એક આબાદી કરનાર અને બીજો નાશ કરનાર છે. આબાદી કરનાર મીનોએ નાશ કરનાર મીનોને કહ્યું કે–નથી આપણા વિચારો એકસરખા, નથી આપણી શિખામણો કે અક્કલ એકસરખી; નથી આપણી રીતભાત કે સખુનો એકસરખાં; નથી આપણાં કામો કે અંતઃકરણ કે રવાન એક બીજાને મળતાં આવતાં.'

'આ જીંદગીનું સઉથી પહેલું જાણવાનું જે સર્વજ્ઞ અહુરમજ્દે મને કહ્યું છે તે વિષે હું તમોને ખુલાસો કરૂં છુ. તે એ કે આ માંથ્રવાણીને જેમ હું ગણું છું તથા જાહેર કરૂં છું તે પ્રમાણે તમારામાંના જેઓ અમલ કરશે નહિ, તેઓની જીંદગીનો અંત નુકસાનમાં આવશે.'

આ ઉપરાંત અશો જરથુશ્ત્ર જણાવે છે કે, અશો અહુરમજ્દ સર્વજ્ઞાની, તમામ બાબદો જાણનારો, દરેક ચીજનો જોનારો છે. તે કોઇથી ઠગાતો નથી. બંદગી, સ્તુતિનાં ગાયનો અને સત્યતા મારફતે મહાજ્ઞાની અહુરમજ્દને ગરોથ્માનમાં મળવાની અશો જરથુશ્ત્ર ખાહેશ રાખે છે.

**પ્રકરણ ચોથું– 'કામ-નેમોઇ-જાંમ.'**

ગાથા 'ઉશ્તવઇતિ'નું છેલ્લું પ્રકરણ 'કામ-નેમોઇ-જાંમ.' છે. આ પ્રકરણની શરૂઆતમાંજ, પયગમ્બર સાહેબનાં ખુદાઇ કામને લોકો તરફથી ટેકો ન મળવાથી તેઓ દાદારને દીન ફેલાવવાનાં કામમાં મદદ કરવાને અરજ ગુજારે છે. તેઓ જણાવે છે કે:

'એ બીના મેં જાણી જેથી અએ અહુરમજદ! હું નામુરાદ થયો છું. મને ટુંક સંપત્તિ છે, તે સાથે વળી થોડા સાથીવાળો હું છું, માટે અએ સાહેબ! તુને હું નમનતાઇથી અરજ ગુજારૂં છું કે આ તરફ તું નેગાહ કર. જેમ એક દોસ્ત

બીજા દોસ્તને દિલાસો આપે તેમ તારાથી હું દિલાસો માંગુ છું.
રાસ્તીની મારફતે ભલાંમનની દોલત મને તું શીખવ.'

આવા નિરાશાના વખતમાં અશો જરથુશ્ત્ર કહે છે કે, 'મને બોધ આપનાર તરીકે, અએ અહુરમજ્દ! તુંને હું પસંદ કરૂં છું. ખરાબ કૌવતવાળો માણસ રાસ્ત માણસને તેમજ સમાજને હેરાન કરે છે. જે કોઈ તાકાતવાળો હોય છતાં બુરા માણસને શિક્ષા કરતો નથી, તે બુરા માણસની સંફનોજ ગણાય; કારણ કે જે કોઈ બુરા માણસને માટે સારો, તે પોતે બુરો છે; જેને રાસ્ત માણસ પ્યારો તે પોતે રાસ્ત છે. આ પ્રમાણે સૌથી પહેલાં દીનના કાયદા અય અહુરમજ્દ! તેં નક્કી કીધા. દુષ્ટ માણસ સામે અહુરમજ્દ બચાવ આપશે, જે કોઇ બીજાનું બુરૂ ઇચ્છશે તેનુંજ બુરૂ થશે. બુરાં માણસોનાં બુરાં કામોનો બુરો બદલો મળશે. તુરાની વંશના પણ કેટલાકોએ રાસ્તીનાં કામો કર્યાં છે; તેઓને અહુરમજ્દ તેનો સારો બદલો આપશે.'

શાહ વિશ્તાસ્પે જરથુશ્ત્રની દીન કબુલ કીધી તે અગાઉના ઉપલા ઉદ્ગારો માલમ પડે છે. આ પ્રકરણનાં ૧૪ માં શ્લોકમાં સવાલ પૂછવામાં આવ્યો છે કે, 'અય જરથુશ્ત્ર! તારાં મ્હોટાં કામને માટે કોણ છે તારો ખરો દોસ્ત? કોણ તારાં ફરમાનો લોકોમાં જાહેર કરવાને ખાહેશ રાખે છે?' આ સવાલના જવાબમાં જણાવવામાં આવે છે કે: 'અત્ હ્વો કવા વીશ્તાસ્પો યાહી'-'ખચીત, બહાદુર કય વીશ્તાસ્પ પોતે'-'કે જેઓને તેં અય અહુરમજ્દ! મીજલસમાં બેસવાને લાયક ગણ્યા છે.' આ શબ્દો ખુલ્લું દેખાડે છે કે આ અને હવે પછીના શ્લોકો વિશ્તાસ્પે જરથુશ્ત્રની દીન કબુલ કર્યા પછી લખાયલા છે, અને તેથી વિસ્તાસ્પ પછી પોતાના બીજા શાગેરદોને અને મદદગારોને ધર્મનાં ફેલાવા બાબે અશો જરથુશ્ત્ર સૂચનાઓ આપે છે. આ પ્રકરણ ઉપરથી માલમ પડે છે કે વિશ્તાસ્પ પછી 'સ્પીતમ ખાનદાનના હએચત્-અસ્પનાં નબીરાઓ' 'હબુબ ખાનદાનનો ફરશોસ્તર' 'હબુબ ખાનદાનનો જામાસ્પ હકીમ'-એ સર્વે અશો જરથુશ્ત્રનાં મુખ્ય ચેલાઓ હતા, અને તેઓએ દીનના ફેલાવામાં અગત્યનો ભાગ ભજવ્યો હોવાથી તેઓના નામ દઇ અશો જરથુશ્ત્ર



વખાણ કરે છે, અને ધર્મના ફેલાવા માટે સૂચનાઓ આપતાં આશાવાદી જીગરે જણાવે છે કે:

'અય હબુબ ખાનદાનનાં જામાસ્પ હકીમ! કવિતારૂપી એબારતમાં તમુંને હું વખાણીશ. જે કોઇ તાબેદારીથી આરાધનારૂપી બેટો અહુરમજદને હંમેશાં અર્પણ કરે છે તથા જે કાંઇ વાજબી તથા ગેરવાજબી પીછાની શકે છે તે ધણી ઉપર અહુરમજદ પોતાની સર્વજ્ઞાની અશોઇથી મહોબત રાખશે.'

'જે કોઇ મને ખુશાલીનું મૂળ છે તેને ઉત્તમ હાંસેલ થશે તથા તેને ભલી મનશનીથી મારી નેઆમતનો હીસ્સો હું આપીશ. જે હમોને દુઃખ દેશે તેને દુઃખ આવી પડશે.'

'અય અહુરમજ્દ! રાસ્તીની મારફતે તારી ખાહેશને તૃપ્ત કરવાને હું ઇચ્છું છું. મારી અક્કલ તથા મનશનીનો ઠરાવ એજ છે.'

'જે કોઈ મારે-જરથુસ્ત્રને-માટે જાહેર રીતે રાસ્તીથી તથા પોતાનાં ખરાં દિલની ખાહેશથી કામ કરશે તે શખ્શ આ ફરતી પૃથ્વી ઉપર, તેમજ આવતી દુન્યામાં ભલા બદલાને લાએક ગણાશે, એ બીના, અએ સર્વવિદ્વાન અહુરમજ્દ! તેં મને શીખવી.'

## ગાથા સ્પેન્તા મઇન્યુ.

'સ્પેન્તા મઇન્યુ'

ત્રીજા ગાથાનું તેમજ તેનાં પહેલાં પ્રકરણનું નામ તેના પહેલા શબ્દો 'સ્પેન્તા મઇન્યુ' ઉપરથી પડ્યું છે. આ શબ્દોનો અર્થ 'વૃદ્ધિ કરનાર મીનો' એવો થાય છે.

બંદરચના.

ગાથા 'સ્પેન્તા મઇન્યુ'ના ચાર પ્રકરણો છે; કે જે યજશ્નના હા ૪૭ થી ૫૦ ગણાય છે. પહેલાં પ્રકરણમાં ૬ શ્લોકો, બીજામાં ૧૨, ત્રીજામાં ૧૨, અને ચોથામાં ૧૧ શ્લોકો છે. દરેક શ્લોકમાં કવિતારૂપી ચાર લીટીઓ આવે છે; દરેક લીટીમાં કેટલાક અપવાદ સિવાય ૧૧ પદ હોય છે, અને સાધારણ રીતે દરેક લીટી ૪ અને ૭ પદના બે ભાગોમાં વહેંચાયલી હોય છે.

**પ્રકરણ પહેલું–**
**'સ્પેન્તા મઇન્યુ.'**

પહેલાં પ્રકરણનું નામ 'સ્પેન્તા મઇન્યુ' યાને 'આબાદી કરનાર મીનો' છે. આ 'સ્પેન્તા મઇન્યુ' યાને 'આબાદી કરનાર મીનો', તે આ દુન્યા ઉપર કામ કરતું અહુરમજ્દનું પોતાનું સત્વ (spirit) છે. પહેલાંજ શ્લોકમાં જણાવવા પ્રમાણે રાસ્તીથી ઉત્પન્ન થતાં નેક વિચાર, નેક સખુન અને નેક કામોને લીધે દાદાર અહુરમજ્દ સ્પેન્તા મીનો યાને આબાદી કરનાર મીનો મારફતે આ દુનિયાનું સુખ, અમરપણું તથા સંપતિ અને સંપૂર્ણ મનશ્ની આપે છે. કોઈ પણ માણસ પોતાનાં ભલાં કાર્યોથી સર્વોતમ સુખ મેળવી શકે છે. ૫ અને ૬ શ્લોકો ઉપરથી માલમ પડે છે કે 'સ્પેન્તા મઈન્યુ' યાને 'આબાદી કરનાર મીનો' તે અહુરમજ્દ પોતેજ છે. 'આબાદી કરનાર અણદીઠ અહુરમજ્દ રાસ્ત માણસને જે કાંઇ સર્વોતમ હોય તે ખચીત આપે છે.' આ પ્રકરણનો છઠો શ્લોક નીચે મુજબ:

> 'અય આબાદી કરનાર અણદીઠ અહુરમજ્દ! તારા આતશની મારફતે તે બે હરીફોને તેઓનાં કાર્ય પ્રમાણે વાજબી ઇનસાફથી તે બદલો તું આપે છે; અને તારો તે વાજબી ઇનસાફ ઉમેદવારોને પૂરતી રીતે ખચીત પસંદ પડે છે.'

**પ્રકરણ બીજું–**
**'યેજી અદા.'**

આ પ્રકરણનું નામ તેનાં પહેલા શબ્દો 'યેજી અદાઇશ' ઉપરથી પડ્યું છે. આ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે જ્યારે રાસ્તી જુઠાઇને મારશે ત્યારે અહુરમજ્દની પરસ્તેશનો ફેલાવો થશે. રાસ્ત માણસ દુષ્ટ માણસ ઉપર ફાવશે. જે કોઇ પોતાની મનશની પાક રાખે છે, તે મુજબ તેનાં વચન અને કામો અને તે મુજબનો તેનો તરીકો અને ધર્મ હોય છે. પવિત્રાઈ માણસને માટે જન્મથીજ ઉત્તમ છે. આ દુનિયામાં ગોસ્પંદ આપણી કિંમતી મતા છે તેથી તેઓ માટે આપણે મહેનત કરવી જોઇએ. આ દુનિયાને ફાયદો કરનારા 'સોશ્યન્તો' તેઓ છે, કે જેઓ પોતાની નેક મનશની, રાસ્તી તથા અહુરમજ્દના હુકમ મુજબનાં કામોથી દીનનાં જ્ઞાન પ્રમાણે વર્તન ચલાવે છે.



**પ્રકરણ ત્રીજું–**
**'અત્-મા-યવા.'**

આ પ્રકરણનું નામ 'અત્-મા-યવા' છે. આ પ્રકરણનાં પહેલા અને બીજા શ્લોકમાં 'બેન્દવો' નામના જરથુશ્ત્રની સામે થનાર વિષે ઇસારાઓ કરવામાં આવ્યા છે. આ 'બેન્દવ'ને મારી હઠાવવા માટે અશો જરથુશ્ત્ર દાદારની મદદ માંગે છે. આ દુનિયાનાં ફાયદાને માટે રાસ્તી ઉપર રચાયલી જરથોસ્તી દીન છે. જે કોઈ જરથોસ્તી દીનને નેક મનશનીથી શ્રેષ્ઠ ગણે છે તે પોતે ગોયા પુષ્કળપણું તથા આબાદીનું મૂળ છે. આ પ્રકરણનાં છઠા શ્લોકમાં જણાવવામાં આવે છે કે:

> 'અય અહુરમજ્દ! તુંને ઘણોજ હું પસંદ કરૂં છું; તારી હરવેસ્પઆગાહ અક્કલનાં વિચારની મારફતે રાસ્તી ફરમાવે છે કે ખરૂં એખત્યાર કરવું. જેથી તારી આ દીનને, અય અહુરમજ્દ! હમો આશકારા કરવાને શક્તિવાન થઇએ.'

આ પ્રકરણના ૮માં અને ૯માં શ્લોકમાં દીનના કામમાં મદદ કરનાર ફરશોસ્તર અને જામાસ્પ વિષે ઇસારાઓ મળે છે. ફરશોસ્તરને રાસ્તીની સરદારી આપવામાં આવી છે. દીનદાર માણસોને સારો બદલો મળે છે, તેવો બદલો રાસ્તી અને દીનદારીને લીધે બહાદુર જામાસ્પ હકીમને મળ્યો. છેવટનાં શ્લોકમાં અશો જરથુશ્ત્ર જણાવે છે કે:

> 'તારી મરજી મુજબ, જે કાંઈ સર્વથી સરસ તેની તલબ કરનારો થઇને કીર્તિનાં ગાયનોથી, અયે અહુરમજ્દ! તુંને હું વખાણીશ.'

**પ્રકરણ ચોથું–**
**'કત્-મોઇ-ઉર્વા.'**

આ પ્રકરણનું નામ 'કત્-મોઈ-ઉર્વા' છે. આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આ દુનિયા ઉપર સર્વનો બચાવનાર અને મદદગાર દાદાર અહુરમજ્દ છે. આ દુનિયાને આબાદ કરનારાઓને ઉતમ સુખ મળશે. દીનનો ફેલાવો કરનારને અહુરમજ્દ મદદ આપશે. આ પ્રકરણનાં છેવટનાં શ્લોકોમાં ભકિતના ઉતમ ગાયનો સમાયલાં છે, જે નીચે પ્રમાણે છે:

> 'અયે અહુરમજ્દ! રાસ્તી તથા નેક મશનની મારફતે તારી ભક્તિના ફાએદાકારક, મજબુત, ઉસ્તવાર માર્ગો તરફ પહોંચીને,

હું તારી ઉપરજ મારૂં ચીત્ત લગાડું છું; જેને લીધે મારી તું રહેનુમાઈ કર તથા મારી મદદે તું પહોંચ.'

'મારાં દિલના ઉભરાનાં કવિતારૂપી ગાયનો સાથે આજીજીની રીતે બેહુ હાથ ઉંચા ધરીને, અય અહુરમઝ્દ! તુંને હું પહોંચુ. રાસ્તીની મારફતે તથા ક્રિયાની ભેટ સાથની બંદગીની મારફતે અય અહુરમઝ્દ! તુંને તુંને ખચીત હું પહોંચું.'

'હું તારી સ્તુતિ ગાનાર, અય અહુરમઝ્દ! આ ભક્તિની મારફતે, રાસ્તીની મારફતે તથા નેક મનશનીનાં કામોની મારફતે તુંને પહોંચું. જ્યારે મારી સત્યતાની ખાહેશ ઉપર હું ઉસ્તવાર છું ત્યારે એવું ઇચ્છું છું કે, એક નેકબુદ્ધિવાળા માણસની માફક તારી તલબ કરતો તથા તાબેદારીથી અરજ ગુજારનાર હું થાઉં!'

'આ ભક્તિ તથા રાસ્તીની મારફતે જે જે સારાં કામો હું કરીશ તે, નેક મનશનીને લીધે માનને લાયકનાં ગણાશે.'

'અય અશો અહુરમઝ્દ! સેતારા અને ખોરશેદ તારી કીર્તિ ગાવાને માટે ગીરદેશ કરે છે.'

'અય અહુરમઝ્દ! જ્યાં સુધી અશોઇની મારફતે હું શક્તિ ધરાઉં છું તથા તાકાત રાખું છું ત્યાં સુધી તારી કીર્તિ ગાનાર તરીકે હું જાણીતો થઇશ.'

'રાસ્તીનાં કામ કરનારાઓની ખાહેશ જે સઉથી ચઢતે દરજ્જેની છે તે દુન્યાનો પેદા કરનાર અહુરમઝ્દ નેક મનશનીને લીધે પાર પાડે છે.'

## ગાથા વોહુ-ક્ષથ્ર.

**ગાથા ગાથાનું 'વોહુ-ક્ષથ્ર.'**

અને તેનાં એકલાં પ્રકરણનું નામ 'વોહુક્ષથ્ર' તેનાં પહેલા શબ્દો 'વોહૂ ક્ષથ્રેમ' ઉપરથી પડયું છે આ 'વોહૂક્ષથ્ર' શબ્દોનો અર્થ 'ભલું રાજ્ય' 'ભલી સત્તા' એવો થાય છે.



**છંદરચના.**

આ ગાથા 'વોહુક્ષથ્ર'નું ફકત એકજ પ્રકરણ છે; કે જે યજશ્નનો ૫૧ મો હા છે. આ પ્રકરણમાં ૨૨ શ્લોક છે; દરેક શ્લોકમાં કવિતારૂપી ત્રણ લીટીઓ છે; દરેક લીટીમાં ૧૪ પદ હોય છે; અને દરેક લીટીમાં ૭ પદનાં બે ભાગો હોય છે.

**પ્રકરણ-વોહુ-ક્ષથ્ર**

ગાથા 'વોહુ-ક્ષથ્ર'નાં એજ નામ ધરાવતાં પ્રકરણમાં 'સારી સત્તા' અથવા 'સારી પાદશાહી' વિષે વર્ણન કરવામાં આવ્યું છે. અહુરમઝ્દની દીનનો ફેલાવો એ પણ ગોયા આ દુનિયા ઉપર અહુરમઝ્દનાં ઇનસાફી રાજ્યનો ફેલાવો ગણાય; અને તેથી ધર્મનો ફેલાવો અને તે મારફતે તે દાદારનાં ઇનસાફી રાજ્ય વિષેનો ફેલાવો; અને તે દીનના ફેલાવાનાં ખુદાપસંદ કામમાં મદદ આપનારા અશો નર અને નારીઓ વિષેનું બ્યાન, તેમજ ભક્તિનાં શ્લોકો આ પ્રકરણમાં આપવામાં આવ્યા છે. શરૂઆતનાં શ્લોકોમાં જણાવવામાં આવ્યું છે કે:

'સારી સત્તા જે પસંદ કરવાજોગ તથા ઘણીજ મદદ આપનારી દોલત છે તે રાસ્તીને લીધે તથા પવિત્ર કામોને લીધે આબાદી અને સુખ પાથરે છે. અય અહુરમઝ્દ! હમારે માટે જે કાંઇ સઉથી સરસ તે હવે કરવા દે!'

'જેઓ પોતાનાં કામોથી, અશોઇથી, જ્યાનથી તથા નેક મનશનીની બંદગીથી, અય અહુરમઝ્દ! તુંને સરદાર તરીકે ગણે છે, તથા જેઓનો અય અહુરમઝ્દ સઉથી પહેલ્લો રાહનુમા તું છે, તેઓ પોતાની કીર્તિને લીધે તારી સાથે મળી જશે.'

'અય આબાદી કરનાર મીનો અહુરમઝ્દ! તેં જાનવર, પાણી તથા ઓરવર પેદા કીધાં છે; તું મારી નેક મનશનીને લીધે તનદરૂસ્તી, અમરપણું, શક્તિ, જોર તથા ધર્મબોધ મને આપ.'

આ ઉપરાંત, બીજા શ્લોકોમાં, અહુરમઝ્દની ભક્તિ અને આરાધના, ભલાઈની સરદારી, આબાદી, સંપૂર્ણ મનશનીનું મૂળ, અહુરમઝ્દની હકુમત, ઉદ્યોગ, નમનતાઇ, ડહાપણ. ભલાને ભલો અને બુરાને બુરો બદલો, ખુદાઇ ઇન્સાફ, વિગેરે બાબદો વિષેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ પ્રકરણમાં તવારિખી બાબદો વિષેનું પણ કેટલુંક વર્ણન મળે છે. આ પ્રકરણ તે વખતમાં લખાયું છે, કે જ્યારે ઇરાનમાં જરથોશ્તી દીનનો ફેલાવો થઈ ચૂકયો હતો; પરંતુ હજી દીનની સામે થનારાઓ તો હૈયાત હતાજ. આ પ્રકરણનાં ૧૨ માં શ્લોકમાં જણાવવા મુજબ અશો જરથુશ્ત્ર 'ઉરૂરઓસ્ત અસ્તો'–યાને 'બુલંદ દરજ્જે પુગી ચૂકેલા પયગમ્બર' હતા તે વખતે આ પ્રકરણ લખવામાં આવ્યું હતું; છતાં તે વખતે, શ્લોક ૧૦, ૧૩, ૧૪, માં જણાવ્યા પ્રમાણે, દીનની સામે થનારા માણસો 'દ્રૃગ્વત્' અને 'કરપન'ની જરથોશ્તી ધર્મ સામેની ચળવળ ચાલુ હતી.

આ પ્રકરણનાં શ્લોક ૧૧ માં સવાલ કરે છે કે 'અશો જરથુશ્ત્રનો દોસ્ત કોણ છે?' તેમજ શ્લોક ૧૫ માં જણાવે છે કે 'જે બદલો દીનદાર માણસોને માટે નક્કી કરવામાં આવ્યો છે તે બદલો નેક મનશની તથા રાસ્તીને લીધે આશિર્વાદો સાથે આપવામાં આવશે.' આ ઇસારાઓ શાહ વિશ્તાસ્પ, તેમજ બીજા જરથોશ્તી દીનનાં ફેલાવાના કામોમાં મદદ કરનારાઓ, કે જેઓનાં નામો શ્લોક ૧૬, ૧૭, ૧૮, ૧૯ માં જણાવ્યા પ્રમાણે. શાહ વિશ્તાસ્પ, હબુબ ખાનદાનનો ફ્રશોસ્તર તથા તેની દીકરી, હબુબ ખાનદાનનો જામાસ્પ હકીમ, સ્પીતમાન ખાનદાનનો મેદીયોમાહ વિગેરે છે, તેઓ માટે હોય એમ લાગે છે. આ પ્રકરણના શ્લોક ૧૮ તથા ૧૯ નીચે પ્રમાણે છે:

> 'હબુબ ખાનદાનનો જામાસ્પ હકીમ ડહાપણ તથા નામદારી, રાસ્તીની મારફતે મેળવેલી હકુમત તથા નેક નૈયતની પ્રાપ્તિ પુચ્છે છે. જે કાંઈ તુંને ખુશાલી આપનાર હોયે તે, અય અહુરમઝ્દ તું મને આપ.'

ઉપલા શ્લોકમાં દીનના ફેલાવા માટે જામાસ્પ હકીમની આતુરતા માલમ પડે છે. તેમજ અશો જરથુશ્ત્રની પાક દાદાર



તરફ અનહદ ફિદાગીરી અને સ્વાર્થરહિત હેતુઓનો અચ્છો ખ્યાલ મળે છે; કારણ કે જરથુશ્ત્ર અહુરમઝ્દ પાસેથી એવી ચીજ માગે છે, કે જે ચીજ તેને ખુશી કરે!

> 'અએ સ્પીતમાન ખાનદાનના મઇદયોમાહ! જે કોઈ દીનની મારફતે ભણેલો થઇને, દુનિયાનાં લોકો ઉપર મહોબત લાવીને અને પોતાની જીંદગીનાં કામોથી વધારે નેકીવાળો થઇને અહુરમઝ્દનાં કાયદાને જાહેર કરે છે, તે શખ્સ પોતે અમુને ફીદા થયેલો ગણાય છે.'

અશો જરથુશ્ત્ર ઉપલા શ્લોકમાં જણાવે છે તે પ્રમાણે એક સાચ્ચા જરથોશ્તીની લાયકાત આ છે કે તે (૧) દીનનું જ્ઞાન ધરાવનાર; (૨) દુનિયાનાં લોકોને માટે કામ કરનાર; (૩) ભલાં કામો વડે ભલી નેકી, નીતિ અને સદ્‌ગુણ ધરાવનાર; અને (૪) અહુરમઝ્દની દીનના ફરમાનોનો દુનિયાનાં લોકોમાં ફેલાવો કરનાર હોવો જોઇએ. એક સાચ્ચા જરથોશ્તીના ઉત્તમ આદર્શ અને લાયકાતો અત્રે માલમ પડે છે.

આ પ્રકરણનાં છેલ્લા શ્લોકોમાં નીતિનાં અને ભકિતનાં ગાયનો મારફતે અહુરમઝ્દની પરસ્તેશ કરી તેનાં આશિર્વાદો માગવામાં આવ્યા છે. આ શ્લોકો નીચે પ્રમાણે:

> 'તમો બધા એકમરજી રાખનારા અમેશાસ્પંદો, અમારી રાસ્તી, નેક નૈયત તથા બંદગી, જેથી સંપૂર્ણ મનશની હાંસેલ થાય છે–તેને લીધે અમોને સુખ આપો. અહુરમઝ્દની ખુશાલીને આતુરતાથી શોધનારા અને નમ્રતાથી તેને યાદ કરનારા અમો થઇએ.'
>
> 'સંપૂર્ણ મનશનીનો માણસ પોતે પોતાનાં ડહાપણ, સારા સખુન તથા નેક કામથી દુનિયાની આબાદી કરનાર હોએ છે. દીનદારીને લીધે અહુરમઝ્દ તેને સુખી કરનારી રાસ્તી તથા નેક નૈયતને લીધે સત્તા આપે છે. એ ભલા આશિર્વાદ હું માગું છું.'
>
> 'જેઓ આગળ થઈ ગયા તથા હાલમાં છે, તેઓમાંનાં જેઓ અશોઇથી આરાધના કરવામાં સઉથી સરસ છે, તથા જેઓને અહુરમઝ્દ જાણે છે, તેઓને તેઓનાં પોતાનાં નામથી યાદ કરૂં છું, તથા ખરા પ્યારથી તેઓની નજદીક પહોંચું છું'.

## ગાથા વહિશ્તા ઇશ્તિ.

**'વહિશ્તા ઇશ્તિ.'**

પાંચમા અને છેલ્લા ગાથાનું અને તેનાં પ્રકરણનું નામ 'વહિશ્તા ઇશ્તિ' તેનાં પહેલા શબ્દો ઉપરથી પડયું છે. આ શબ્દોનો અર્થ 'સર્વોતમ મુરાદ' એવો થાય છે. મરહુમ વિદ્વાન એર્વદ શે. દા. ભરૂચા જણાવે છે કે આ છેલ્લા ગાથામાં પયગમ્બર અશો જરથુશ્ત્રની છેલ્લી વસીઅતો ફરમાવી છે.[1]

**છંદરચના.**

આ છેલ્લા ગાથાનું ફક્ત એકજ પ્રકરણ છે, જે યજશ્નનો ૫૩ મો હા છે. આ પ્રકરણમાં ફક્ત ૯ શ્લોકો છે; દરેક શ્લોકમાં ૪ લીટીઓ આવે છે; આ ૪ લીટીઓમાંની પહેલી બે લીટીઓ દરેક ૧૨ પદની છે અને તે દરેક ૭ અને ૫ પદોનાં બે વિભાગોમાં વહેંચાયલી છે; જ્યારે છેલ્લી બે લીટીઓ દરેક ૧૯ પદની હોય છે; અને દરેક ૭ અને ૫ પદોનાં ત્રણ વિભાગોમાં વહેંચાયલી હોય છે; આ મુજબ પહેલી બે લીટીઓની રચના છેલ્લી બે લીટીઓની રચના કરતાં જુદી છે.

**પ્રકરણ– 'વહિશ્તા ઇશ્તિ'.**

આ ગાથાના પ્રકરણમાં આવેલા કેટલાક શબ્દો આખા અવસ્તા સાહિત્યમાં બીજે કેથે પણ મળતા નથી અને તેથી તેના અર્થોના સંબંધમાં ઘણો મતફેર હસ્તી ધરાવે છે; પરંતુ જરથોસ્તી વિદ્વાનો આ બાબદમાં પોતાના ઉંડા અભ્યાસથી ઘણી અગત્યની બાબદો રોશનીમાં લાવ્યા છે. અશો જરથુશ્ત્રની જીંદગીના પાછલા વખત કે જે વખતે ઇરાની પ્રજાએ અશો જરથુશ્ત્રને પોતાના રાસ્ત પયગમ્બર તરીકે કબુલ રાખ્યા હતા અને જરથોસ્તી દીનનો ફેલાવો થઇ ચૂકયો હતો, તે વખતે આ પ્રકરણ લખવામાં આવ્યું છે. શરૂઆતનાં શ્લોકોમાં આ બાબદ વિષે કહેવામાં આવ્યું છે કે:

'સ્પીતમાન જરથુસ્ત્રની સર્વોતમ મુરાદ પાર પડી, જ્યારે દાદાર અહુરમજ્દે તેની રાસ્તીને લીધે તેને બે બક્ષેશ આપી:

[1] જુઓ, ગંજે ઇરાની, ભાગ ર, પા. ૨૨



(૧) હમેશ સુધીની સારી જીંદગી; તથા (૨) જેઓ તેને દુઃખ દેતા હતા, તેઓ તેની ભલી દીનનાં વચનો તથા કામો જાણવાની ખાહેશ કરવા લાગ્યા.'

'હવે જ્યારે નેક મનશનીથી, ગવશનીથી તથા કુનશનીથી દીનના એલમ તથા ક્રિયા સાથની આરાધનાઓ ઉપર એતેકાદ રાખીને અહુરમજ્દની કીર્તિ ગાવાને માટે તેઓ તત્પર છે, ત્યારે સ્પીતમાન જરથુસ્ત્રની દીન કબુલ કરનાર કએ ગુસ્તાસ્પ તથા દીનઆગાહ ફરશોસ્તર તે દરેકને રાસ્તીના માર્ગો યાને સોશ્યંતની દીન જે અહુરમજ્દે બતાવી તે શીખવશે.'

આ પ્રકરણમાંની બીજી અગત્યની બાબદ તે અશો જરથુશ્ત્રની બેટી પોઉરૂચીસ્તનાં લગનની બાબદ છે; આ બાબદમાં અશો જરથુશ્ત્રનાં કલામો અને નસીહતો ખાસ યાદ રાખવા લાયક છે; અશો જરથુશ્ત્ર પોતાની બેટીને જણાવે છે કે:

'અય હએચત્-અસ્પનાં ખાનદાનની પોઉરૂચીસ્ત! અય સ્પીતમાનની ઓલાદની જરથુશ્ત્રની દીકરીઓમાં જવાન! દાદાર અહુરમજ્દે, જે નેક મનશની તથા રાસ્તીની ઉપર ફીદા થયેલો છે તેને તારે માટે ખાવિંદ તરીકે મુકરર કીધો છે, માટે હવે તું તેની મસલેહત લેતી રહેજે તથા સંપૂર્ણ મનશનીની તારી ઘણીજ પાક અક્કલથી સારાં ડહાપણની રૂએ કામ કરતી રહેજે.'

આનાં જવાબમાં પોઉરૂચીસ્ત જણાવે છે કે:

'ખચીત તેને હું ચાહીશ તથા તેની સાથેની મારી પ્રીતિમાં વધારે સરસાઇ બતલાવીશ. જે છોકરી અશો રહીને પોતાનાં બાપને, પોતાનાં ખાવિંદને, પોતાનાં માણસોને, પોતાનાં ખેશીઓને તથા રાસ્ત માણસોને વફાદાર રહેશે, તેણીની નેક નૈયતની મુરાદ પુરતી રીતે પાર પડશે અને દાદાર અહુરમજ્દ તેણીની સારી હયાનત માટે હંમેશ સુધી તેણીને ઉત્તમ સુખ આપશે.'

અશો જરથુશ્ત્ર પરણતી કન્યાને નસીહત આપતાં જણાવે છે કે:

'પરણવાનું ફરમાન આપનાર હું (જરથુશ્ત્ર) તમોને તથા પરણતી કન્યાઓને નસિહતનાં સખુનો કહું છું. મારા એ સખુનો ઉપર ધ્યાન આપજો.'

'દીનદાર માણસોની મારફતે ભણેલાં થઇને નેક મનશનીની જીંદગી મેળવજો, રાસ્તીથી તમારામાં એક બીજાને ચાહતાં રહેજો, કે જેથી ખરચીત ઘર જીંદગી સુખી થાય.'

અશો જરથુશ્ત્રના ઉપલા સોનેરી સખુનો દરેક જરથોસ્તીએ ગોખી રાખવા જોઇએ. સંસારી જીંદગીમાં ઘણી અગત્યની ચીજો તે (૧) ધર્મનું જ્ઞાન (૨) રાસ્તી યાને સદ્ગુણો અને (૩) એક બીજા તરફ પ્યાર. આ ત્રણ ચીજો મારફત અશો જરથુશ્ત્ર નસીહત કરે છે તેમ કોઇપણ માણસ પોતાની જીંદગી સુખી બનાવી શકે. આ પ્રકરણનો ઉપલો પાંચમો શ્લોક હાલનાં આશિર્વાદનાં ભણતરમાં દાખલ કરવામાં આવે તો તે ઘણું આવકારદાયક થઇ પડે. આ પ્રકરણનો ટૂંક સાર મરહુમ એર્વદ શે. દા. ભરૂચા નીચે પ્રમાણે આપે છે:

(૧) શકમંદીમાં દાનાવો અને ધર્મગુરૂઓની તાલીમો અને મશવરત મુજબ ચાલજો.

(૨) કદખુદાઇ કીધા વગર (એટલે પરણ્યા વગર) જીંદગી મા ગુમાવતા, પણ પરણેલી જીંદગી ગુજારવાની ફરજ સમજજો.

(૩) નારીઓ! તમે તમારા લાગતા વળગતાઓને તમારી ભલી અસરોથી દીનદાર અને નીતિમાન કરતાં રહેજો.

(૪) પરણનારાઓ! તમે પરણવા પછી પરસ્પર સલાહ સંપજ રાખીને દીન દુનિયાનાં કામોમાં હમશરીક થઇ રહેજો.

(૫) મજ્દયશ્ની દીન પાળજો.

(૬) દેવપરસ્તી તરક કરજો.[1]

[1] જુઓ, ગંજે ઈરાની, ભાગ ૨, પા. ૨૨.

પ્રકરણ છઠું.

## વંદિદાદ

અવસ્તા 'વી-દએવો-દાત' અને પહેલવી 'જુદ્-દેવ્-દાત્' અને 'વિ-દેવ્-દાત્' ઉપરથી બગડેલું રૂપ 'વંદિદાદ' છે.

**'વંદિદાદ' શબ્દનો અર્થ.**

યજશ્નમાં અનેક ઠેકાણે 'વંદિદાદ'ને 'દાત વી-દએવ' એવાં નામથી યાદ કરવામાં આવે છે;[1] જેનો અર્થ 'દેવથી જુદા અથવા ઉલટા કાયદા' એવો થઇ શકે. અવસ્તા 'દએવ' (અને તે ઉપરથી પહેલવી 'દેવ') શબ્દ અવસ્તા સાહિત્યમાં જુદે જુદે અનેક અર્થે વપરાયો છે; અને તેમાંથી 'દએવ' શબ્દનો એક અર્થ એવો થાય છે કે 'આ દુનિયા ઉપરની ભલી પેદાયશોને નુકશાન કરી તેનો ઘટાડો અને નાશ કરનાર શક્તિ.' આ દુનિયા ઉપરની ભલી પેદાયશોનો બીગાડ કરી તેનો નાશ કરનાર માણસ 'દેવ'નાં તરીકાનો ગણી શકાય; અને તે ઉપરથી આપણ માણસ જાતની તેમજ કુદરતની જાનદાર ભલી પેદાયશની તનદરૂસ્તીને અને જીંદગીને નુકસાન કરનારી શક્તિ તે પણ 'દેવ' તરીકેજ ગણાય. વંદિદાદનાં પુસ્તકમાં સમાયલી બાબદો જોતાં 'વંદિદાદ' ( અવસ્તા-'વી-દએવો દાત' ) શબ્દમાં 'દેવ' ( અને 'દએવ' )નો અર્થ પણ આ પ્રમાણે થઇ શકે. આ ઉપરથી 'વંદિદાદ' શબ્દનો અર્થ–'કુદરતની જાનદાર ભલી પેદાયશોને નુકસાન કરનારી બુરી શક્તિઓ વિરૂધ્ધના કાયદા' એવો થઇ શકે.

**ગાથા પછી વંદિદાદ.**

મરહુમ વિદ્વાન શેઠ કામાજીનાં જણાવવા પ્રમાણે 'ગાથા પછી વંદિદાદ જોડાએલા લાગે છે. વંદિદાદ મધે ગાથાના એશારા કેટલીક જગોએ આવે છે તે દેખાડે છે કે વંદિદાદ ગાથા પછી બન્યા છે, પણ વંદિદાદમાં ગાથા સિવાય બીજાં પુસ્તકોનાં એશારા આવતા નથી, તે પુરવાર કરે છે કે જોકે વંદિદાદ ગાથા પછીના છે, તો

[1] યજશ્ન, હા ૧, ફ઼. ૧૬; હા ૨, ફ઼. ૧૩; હા ૭૧, ફ઼. ૫. વિગેરે.

પણ બીજાં પુસ્તકોની આગમજના છે.[1]' વંદિદાદ પરગરદ ૯ (ફ્. ૪૬) પરગરદ ૧૦ (ફ્. ૩-૪, ૭-૮, ૧૧-૧૨); તથા પરગરદ ૧૨ (ફ્. ૨) વિગેરેમાં ગાથાઓનાં કલામોના ઇસારા મળે છે; આ ઉપરથી ગાથા પછી વંદિદાદ લખાયો હોય એવું અનુમાન કરી શકાય, પરંતુ કેટલીક યશ્તોનાં લખાણો ગાથા પછી અને વંદિદાદની અગાઉ લખાયાં હોવા જોઇએ; દાખલા તરીકે હફ્તન યશ્ત, કે જેની ભાષા ગાથા પછીના તુરતના જમાનાની છે.

**વંદિદાદ અને વંદિદાદ સાદે.**

સાધારણ રીતે અવસ્તા સાહિત્યને લગતા હસ્તલેખોમાં બે જાતનાં વંદિદાદનાં લખાણો માલમ પડે છે. એક જાતના હસ્તલેખોમાં ફ્કત વંદિદાદની ૨૨ પરગરદો અને તેનો પહેલવી તરજુમો તથા શરેહ લખાયલાં હોય છે; દરેક અવસ્તાનાં ફકરા પછી તે અવસ્તા ફકરાનો પહેલવી તરજુમો તથા તેની શરેહ હોય તો તે આપવામાં આવે છે. આ મુજબ માત્ર વંદિદાદની ૨૨ પરગરદો અને તેનો પહેલવી તરજુમો તથા પહેલવી શરેહ સાથનું લખાણ સાધારણ રીતે 'વંદિદાદ'ના નામથી ઓળખાય છે. બીજી જાતનાં હસ્તલેખોમાં યજ્શ્ન, વીસ્પરદ અને વંદિદાદ ત્રણે સાથે લખાયલાં હોય છે અને 'વંદિદાદ'ની ક્રિયા વખતે જે અનુક્રમે યજ્શ્નના હા, વીસ્પરદનાં કરદા અને વંદિદાદની પરગરદો એકેક પછી ભણવામાં આવે છે તે અનુક્રમે યજ્શ્ન, વીસ્પરદ તથા વંદિદાદનાં પ્રકરણો લખેલાં હોય છે. વળી તે સાથે અમુક પ્રકરણ કે શબ્દો ભણતી વખતે શું ક્રિયા કરવી તેને લગતો ખુલાસો અને સમજણ પહેલવી ભાષામાં અને પાછળથી ફારસી અને ગુજરાતીમાં આપવામાં આવે છે. આવી રીતે લખાયલા વંદિદાદને 'વંદિદાદ સાદે' યાને 'ફ્કત સાદો વંદિદાદ' એટલે 'પહેલવી તરજુમા વગરનો માત્ર વંદિદાદ' એવે નામે ઓળખવામાં આવે છે. 'વંદિદાદ' તે જમાનાનાં અવસ્તા લખાણોનો અભ્યાસ કરવા માટે લખાયલો હોય છે, જ્યારે 'વંદિદાદ સાદે' વંદિદાદની ક્રિયાને માટે લખાયલો હોય છે.

---

[1] 'જરથોશ્ત નામું'-બીજી આવૃતિ, પા. ૨૨૫.



**વંદિદાદ સાદેની રચના.**

વંદિદાદની ક્રિયા વખતે વંદિદાદનું એકલું ભણતર ભણવામાં આવતું નથી; પરંતુ યજ્શ્ન, વીસ્પરદ અને વંદિદાદનાં ભણતરો સાથે મેળવીને, તે દરેક ભણતરોનાં પ્રકરણોનેઅમુક અનુક્રમમાં ગોઠવીને ભણવામાં આવે છે. આવી રીતે ક્રિયાને માટે ભણતર તરીકે વપરાતા 'વંદિદાદ સાદે'ની રચના ફ્કત યજ્શ્ન, કે ફ્કત વીસ્પરદ કે ફ્કત વંદિદાદની રચના કરતાં જુદાજ પ્રકારની છે. વંદિદાદ સાદેમાં યજ્શ્ન, વીસ્પરદ અને વંદિદાદનાં પ્રકરણોની ગોઠવણ અને રચના નીચલા અનુક્રમ પ્રમાણે છે:

૧ યજ્શ્ન હા ૧, ફ્. ૧-૮
૨ વીસ્પરદ કરદો ૧
૩ યજ્શ્ન હા ૧, ફ્. ૧૦ થી હા ૨ ફ્. ૧-૮
૪ વીસ્પરદ કરદો ૨
૫ યજ્શ્ન હા ૨, ફ્. ૧૦ થી હા ૩
૬ યજ્શ્ન હા ૪ થી હા ૧૧, ફ્. ૧-૮
૭ વીસ્પરદ કરદો ૩, ફ્. ૧-૫
૮ યજ્શ્ન હા ૧૧, ફ્. ૯-૧૫
૯ વીસ્પરદ કરદો ૩, ફ્. ૬ થી છેવટ
૧૦ વીસ્પરદ કરદો ૪
૧૧ યજ્શ્ન હા ૧૧, ફ્. ૧૭ થી છેવટ
૧૨ યજ્શ્ન હા ૧૨ અને ૧૩
૧૩ વીસ્પરદ કરદો ૫ (યજ્શ્ન હા ૧૪ વધારા સાથે)
૧૪ વીસ્પરદ કરદો ૬ (યજ્શ્ન હા ૧૫ વધારા સાથે)
૧૫ યજ્શ્ન હા ૧૬ અને ૧૭
૧૬ વીસ્પરદ કરદો ૭ અને ૮
૧૭ યજ્શ્ન હા ૧૮, ૧૯, ૨૦ અને ૨૧
૧૮ વીસ્પરદ કરદો ૯
૧૯ યજ્શ્ન હા ૨૨ (અમુક વધારા સાથે)
૨૦ વીસ્પરદ કરદો ૧૦ અને ૧૧ (યજ્શ્ન હા ૨૩ અને ૨૪ વધારા સાથે)
૨૧ યજ્શ્ન હા ૨૫ (અમુક વધારા સાથે)

૨૨ યજશ્ન હા ૨૬ અને ૨૭
૨૩ વીસ્પરદ કરદો ૧૨
૨૪ વંદિદાદ પરગરદ ૧, ૨, ૩ અને ૪
૨૫ યજશ્ન હા ૨૮, ૨૯ અને ૩૦
૨૬ વીસ્પરદ કરદો ૧૩
૨૭ વંદિદાદ પરગરદ ૫ અને ૬
૨૮ યજશ્ન હા ૩૧, ૩૨, ૩૩ અને ૩૪
૨૯ વીસ્પરદ કરદો ૧૪
૩૦ વંદિદાદ પરગરદ ૭ અને ૮
૩૧ વીસ્પરદ કરદો ૧૫
૩૨ યજશ્ન હા ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨
૩૩ વીસ્પરદ કરદા ૧૬ અને ૧૭
૩૪ વંદિદાદ પરગરદ ૯ અને ૧૦
૩૫ યજશ્ન હા ૪૩, ૪૪, ૪૫ અને ૪૬
૩૬ વીસ્પરદ કરદો ૧૮
૩૭ વંદિદાદ પરગરદ ૧૧ અને ૧૨
૩૮ યજશ્ન હા ૪૭, ૪૮, ૪૯ અને ૫૦
૩૯ વીસ્પરદ કરદો ૧૯
૪૦ વંદિદાદ પરગરદ ૧૩ અને ૧૪
૪૧ યજશ્ન હા ૫૧
૪૨ વીસ્પરદ કરદો ૨૦
૪૩ વંદિદાદ પરગરદ ૧૫ અને ૧૬
૪૪ વીસ્પરદ કરદા ૨૧ અને ૨૨
૪૫ વંદિદાદ પરગરદ ૧૭ અને ૧૮
૪૬ યજશ્ન હા ૫૨ અને ૫૩
૪૭ વીસ્પરદ કરદો ૨૩
૪૮ વંદિદાદ પરગરદ ૧૯ અને ૨૦
૪૯ યજશ્ન હા ૫૪
૫૦ વીસ્પરદ કરદો ૨૪
૫૧ યજશ્ન હા ૫૫ થી ૭૨ સુધી (અમુક વધારા સાથે)



**વંદિદાદની મુખ્ય બાબદ.**

આપણે ઉપર જોયું તેમ, 'વંદિદાદ' એ અસલ અવસ્તાનાં ૨૧ નસ્કો માહેલાં કાયદાને લગતાં ૭ નસ્કોમાંનું એક છે. 'વંદિદાદ' અને અવસ્તા 'વી-દએવો-દાત' શબ્દોજ દેખાડે છે કે આ એક કાયદાને લગતું પુસ્તક છે. તેમ છતાં આ પુસ્તકમાં કાયદા ઉપરાંત બીજી તરેહવાર જુદી જુદી બાબદોનો સમાવેશ થાય છે. વંદિદાદનાં હાલનાં પુસ્તકમાં જો ફક્ત કાયદાને લગતીજ બાબદો આપણે જોવા જઇએ તો તે વંદિદાદની ચોથી પરગરદમાં મળે છે. વંદિદાદની ચોથી પરગરદનાં પહેલા ભાગ (ફકરા ૧-૧૬) માં વચન, કૉલ કે 'કોન્ટ્રેક્ટ'ને લગતા કાયદાઓનો અને ત્યાર પછીનાં ભાગ (ફકરા ૧૭-૪૨) માં હુમલો અને નુકસાનીને લગતા કાયદાઓનો સમાવેશ થાય છે. વંદિદાદ શબ્દનાં અર્થ પ્રમાણે 'બુરી શક્તિ વિરૂદ્ધ'નાં કાયદાઓ મુખ્યત્વે વંદિદાદની પાંચમીથી બારમી પરગરદોમાં સમાયલા મળે છે. ગાથા સ્પેન્તા મઇન્યુનાં બીજાં પ્રકરણુના પાંચમાં શ્લોકની ત્રીજી લીટી વંદિદાદની પાંચમી પરગરદના ૨૧ માં ફકરામાં ટાંકવામાં આવી છે. આ લીટીનો અર્થ 'પવિત્રતાઇ એ માણસને માટે જન્મથીજ ઉત્તમ છે' એવો થાય છે. વંદિદાદની મુખ્ય બાબદો જોતાં તે ગાથાની આ લીટીનાં શિક્ષણુ ઉપર લખવામાં આવી છે એમ આપણે કહી શકયે. એક માણસનાં મરણુ પછી તેનું શરીર કોહવા માંડે છે, તે કોહતું શરીર માણસની તનદરૂસ્તીને અનેક રીતે ગંભીર નુકસાન કરી શકે; અને તેથી એક માણસનાં મરણુ પછી તેનું શરીર જીવતાં માણસોને કે જાનદાર પેદાયશોને નુકસાન નહિ કરી શકે તે માટે જીવતાંઓએ જાળવવાનાં નિયમો અને કાયદા એ વંદિદાદની મુખ્ય બાબદ છે. આ મુખ્ય બાબદમાં મરણુ પામેલાં માણસની લાશ, તેની ઘટતી વ્યવસ્થા, લાશના સંબંધમાં આવેલાં માણસોને તથા લાશથી રીમન થયલાં ઘરને પવિત્ર કરવાની રૂઢીઓ, આતશ, પાણી, ઝાડપાન વિગેરે કુદરતી તત્વોને લાશથી નુકસાન નહિં થાય તે માટેના કાયદાઓ, લાશને તેની છેવટની જગ્યાએ લઇ જનારા નસેસાલારોને લગતી વિગતો, જુદાજુદા ગુનાહ અને તેની સજા વિગેરે બાબદો વંદિદાદનાં પુસ્તકમાં સમજાવવામાં આવી છે. ટૂંકમાં જીવતાં માણસોની તનદરૂસ્તી જાળવવાના કાયદાઓ ઘણાં લંબાણુથી વંદિદાદમાં સમજાવવામાં આવ્યા છે.

**વંદિદાદમાં સમાયલી બીજી બાબદો.**

વંદિદાદનાં પુસ્તકમાં તરેહવાર જુદીજુદી બાબદોની વિગતો સમાયલી છે. આપણે ઉપર જોયું તે પ્રમાણેની મુખ્ય બાબદ ઉપરાંત બીજી અનેક બાબદો વંદિદાદમાંથી મળે છે. અસલી ઇરાની ભૂગોળ, શાહ જમશેદ અને તેનાં રાજ્યની ટૂંક તવારિખ, સંસાર, વહેવાર, દીન, માણસોના ધંધા, અસલી ઇરાનનાં ખેતી-વાડીની પાસબાની કરનારા કુતરાઓની અગત્યતા, તેઓ તરફનું વર્તન, તે જમાનાના સંસારી રિવાજો, જુદીજુદી જાતનાં ગુનાહો, તેની સજા, તેનો પશ્ચાતાપ, બાલ, નખ વિગેરે શરીરમાંથી છુટી પડેલી માણસજાતને નુકસાનકારક ચીજોની ઘટતી વ્યવસ્થા, અથોરનાનો અને તેમનો પેશો, તેમની લાયકાતો, તેમની ફરજો, ઉદ્યોગ અને મહેનત, પરોદર્શ પક્ષી, અશો જરથુશ્ત્રની જીંદગીની તવારિખી ટૂંક વિગતો, તેમનો ધર્મ, અસલી ઇરાની વૈદકશાસ્ત્ર, જમીન, વાદળાં, પાણી, વરસાદ, અને તેથી થતી જમીનની આબાદી વિગેરે અનેક જુદી જુદી બાબદોનો સમાવેશ વંદિદાદમાં કરવામાં આવ્યો છે.

**વંદિદાદમાં ફરીફરીથી આવતી એકસરખી બાબદો.**

કેટલીક વખતે વંદિદાદની અનેક પરગરદોમાં એકજ બાબદ વિષે એકનુંએક લખાણ, એકજ ભાષામાં એકસરખું મળે છે. દાખલા તરીકે: (૧) બીજી પરગરદનાં ફકરા ૯-૧૦માં શાહ જમશેદે દક્ષિણ દિશા તરફ માણસનાં રહેઠાણની જગ્યા વધારી, જમીનને ખેડીને તેને આબાદ કરી તે બાબદ સમજાવવામાં આવી છે. તે પછી એજ પરગરદનાં ફકરા ૧૩-૧૪માં તેમજ ફકરા ૧૭-૧૮માં પણ એજ બાબદ એજ શબ્દોમાં ફરીફરીથી રજુ કરવામાં આવી છે. (૨) ત્રીજી પરગરદનાં ફકરા ૪૦-૪૨માં જરથોસ્તી દીનની ખુબીઓનું ટૂંક વર્ણન આપવામાં આવ્યું છે કે: 'જરથોસ્તી ધર્મ માણસને ગુનાહનાં કામથી બચાવી લે છે; માણસને ખરાબ વિચાર, ખરાબ વચન અને ખરાબ કામોથી દૂર રાખી તેને પવિત્ર બનાવે છે.' આવીજરીતનું લખાણ એવાજ શબ્દોમાં આઠમી પરગરદનાં ફકરા ૨૮-૩૦માં પણ મળે છે. (૩) પાંચમી પરગરદનાં ફકરા ૨૭-૩૦માં એક મીજલસમાં ઘણા માણસો સાથે બેઠાં હોય, અને જો ત્યાં એક માણસ મરણ



પામે તો તેથી તેની લાશ તેની આસપાસનાં કેટલાં માણસોને અપવિત્ર કરે તે વિષેનું વર્ણન મળે છે. તેવુંજ વર્ણન, તેજ શબ્દોમાં ફરીથી સાતમી પરગરદનાં ફકરા ૬-૯માં આપવામાં આવ્યું છે. (૪) પાંચમી પરગરદનાં ફકરા ૪૫-૫૪માં આવેલી વિગતો તદ્દન તેજ ભાષામાં અને શબ્દોમાં સાતમી પરગરદનાં ફકરા ૬૦-૬૯માં પણ મળે છે. (૫) પાંચમી પરગરદનાં ફકરા ૫૭-૬૨માં અપવિત્ર થયલાં કપડાંને રોજીંદા ઉપયોગમાં નહિં લેવાં, પરંતુ તેને ફેંકી નહિં દેતાં તેને ધોઇને ઓછી પવિત્રાઇવાળાં કામમાં તે કપડાંઓનો ઉપયોગ કરવાની વિગતો તેમજ કોઇપણ કિંમતી કે નજીવી ચીજનો પણ બગાડ નહિં કરવા વિષેનું જરથોસ્તી ફરમાન આપવામાં આવ્યું છે. સાતમી પરગરદનાં ફકરા ૧૭-૨૨માં પણ આજ વિગતો તદ્દન એકજ ભાષામાં રજુ કરવામાં આવી છે. (૬) પરગરદ ૮ ફકરા ૪૯-૭૨માં નસાથી અપવિત્ર (રીમન) થયલા માણસને બરસનુમની ક્રિયાથી પવિત્ર કરવાની લંબાણ વિગતો મળે છે. તેજ મતલબની તેવીજ વિગતો કાંઇક જુદા શબ્દોમાં ફરીથી ૯મી પરગરદનાં ફકરા ૧૫-૧૭માં પણ સમજાવવામાં આવી છે. (૭) વીસમી પરગરદનાં ફકરા ૯-૧૦માં જુદા જુદા રોગો અને દરદોનાં નામો મળે છે. તેજ પ્રમાણે એકવીસમી પરગરદનાં ફકરા ૧૮-૧૯માં અને બાવીસમી પરગરદનાં ફકરા ૨૧-૨૨માં પણ એજ શબ્દો અને એજ નામો મળે છે. (૮) વીસમી પરગરદનાં ફકરા ૧૧-૧૨માં 'અઇર્યમન' ફરેસ્તાની વખાણ અને યાદ કરવામાં આવી છે. તેજ પ્રમાણે એકવીસમી પરગરદનાં ફકરા ૨૦-૨૧માં તેમજ બાવીસમી પરગરદનાં ફકરા ૨૩-૨૪માં પણ એજ શબ્દોમાં એજ વર્ણન મળે છે. આવી રીતે ઘણાક દાખલાઓમાં વંદિદાદનાં પુસ્તકમાં એક-સરખું અને એકમળતું લખાણ ફરી ફરીથી મળે છે.

**વંદિદાદમાં આવેલી અધુરી બાબદો.**

વંદિદાદનાં લખાણમાં ઘણીક વખતે એક બાબદ વિષેનું લખાણ સીલસીલાબંધ મળતું નથી. ઘણીક વખતે એક બાબદ વિષેનું વર્ણન અધુરુંજ રહી જાય છે, અને નવીજ બાબદ એકદમ શરૂ થાય છે. અમુક અપવાદો સિવાય વંદિદાદનાં એક પ્રકરણમાં એકજ બાબદ વિષેનું વર્ણન નથી; પણ એકજ પ્રકરણમાં

અનેક જુદી જુદી બાબદો મળે છે. ઘણીક વખતે એકજ બાબદ વિષેનું થોડું થોડું લખાણ ટુકડે ટુકડે અનેક પ્રકરણોમાં મળે છે. વળી ઘણીક વખતે એક પ્રકરણમાં સમાયલી અનેક બાબદો એકેક સાથે કશો પણ સંબંધ ધરાવતી નથી. (૧) ત્રીજી પરગરદનાં ફકરા ૧-૧૫માં ખુશાલ અને નાખુશ જમીનનું કેટલુંક વર્ણન મળે છે, તે પછી ફકરા ૧૬-૨૧માં લાશને એકલા લઈજનારની શિક્ષાની વાતો મળે છે; અને તે પછી ફકરા ૨૨-૩૯માં આ પરગરદની શરૂઆતમાં આવેલી ખુશાલ અને નાખુશ જમીનની બાબદ ફરીથી શરૂ થાય છે. આ રીતે એક બાબદમાં સીલસીલાબંધ વર્ણનની અધવચ્ચે લાશને એકલા લઇ જનારની ભલતી, તદન સંબંધ વગરની બાબદ ( ફકરા ૧૬-૨૨માં ) એકદમ આવી ગઇ છે. (૨) ચોથી પરગરદનો પહેલો ફકરો માણસની ફરજને લગતો છે, જે બાબદ તેની પછી તુરત આવતી બાબદ સાથે કશોપણ સંબંધ ધરાવતી નથી. આ પરગરદનાં ત્યારપછીનાં ભાગમાં વચન, હુમલાને લગતા કાયદાઓ; ત્યારપછી વળી જ્ઞાન અને કેળવણી, સંસારી ફરજો; અને તે પછી સોગંદની વિગતો મળે છે; કે જે બાબદો એકેક સાથે કશોપણ સંબંધ ધરાવતી નથી. (૩) પાંચમી પરગરદનાં ફકરા ૧-૨૦માં નસાની બાબદ મળે છે; તે પછી ફકરા ૨૧-૨૫માં જરથોસ્તી દીનની વખાણના શબ્દો; અને તે પછી ફકરા ૨૫-૨૬માં એકદમ અમુક ક્રિયાને લગતી વિગતો શરૂ થાય છે; અને તે પછી તુરતજ ફરી પાછી ફકરા ૨૭-૬૨માં નસાને લગતી બાબદો છે. આ રીતે નસાને લગતાં વિવેચનની અધવચ્ચે બીનસંબંધ ધરાવતી ભલતીજ વિગતો આવી ગઈ છે. (૪) સાતમી પરગરદનાં પહેલા ભાગ (ફકરા ૧-૩૫)માં નસાની બાબદ છે; તે પછી (ફકરા ૩૬-૪૪) તબીબી વિદ્યાને લગતી અને તે પછી (ફકરા ૪૫-૭૯) ફરીથી શરૂઆતની નસાને લગતી બાબદ મળે છે. (૫) ઓગણીસમી પરગરદનાં પહેલા (ફકરા ૧-૧૧) અને છેલ્લા (ફકરા ૪૩-૪૭) ભાગોમાં અશો જરથુશ્ત્રની જીંદગીની ટૂંક વિગતો મળે છે; પણ વચલા ભાગમાં નસા, હમરીત, પતરીત અને મરણ પછી રવાનની હાલતને લગતી બાબદોનો સમાવેશ થાય છે.



**છુટાં છુટાં લખાણોનો સંગ્રહ.**

આપણે ઉપર જોયું તેમ વંદિદાદનાં પુસ્તકમાં તેની મુખ્ય બાબદ ઉપરાંત બીજી તરેહવાર જુદી જુદી વિગતો અને બાબદો વિષેનું લખાણ મળે છે. વંદિદાદમાં સમાયલી કેટલીક બાબદો અનેક પ્રકરણોમાં ફરી ફરીથી રજુ થઇ છે; ઘણીક વખતે એક પ્રકરણમાં આવતી અનેક બાબદો અકેક સાથે કશોપણ સંબંબ ધરાતી નથી. કેટલીક વખતે એક બાબદનું વર્ણન અધુરૂં રહી જાય છે, અને વચમાં બીજીજ, તદન સંબંધ વગરની ભલતીજ બાબદો આવી જાય છે, અને ત્યાર પછી ફરીથી મૂળ બાબદનું વર્ણન શરૂ થાય છે. આ સઘળી બીનાઓ આપણને એવું માનવાને કારણ આપે છે કે સાસાનિયન જમાનામાં શહેનશાહ અર્દશીર બાબકાનનાં વખતમાં જ્યારે વડા વજીર અને વડા ધર્મગુરૂ દસ્તુર તનસરની આગેવાની હેઠળ અવસ્તા સાહિત્યનાં બચી રહેલા છુટા ભાગો અને છુટાં છુટાં લખાણો એકત્ર કરી અવસ્તા સાહિત્યનાં લખાણોની ફરી રચના કરવામાં આવી તે વખતે વંદિદાદનાં પુસ્તકનાં અથવા તે સાથે બીજાં પણ અવસ્તા પુસ્તકોનાં ભાગો અને છુટાં લખાણો જે પણ હાથમાં આવ્યાં હોય તે સઘળાં જાળવી રાખવાનાં હેતુથી તે સઘળાં લખાણોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય; અને આવી રીતે અનેક જાતનાં જુદાં જુદાં લખાણોના થયલા સંગ્રહનાં કારણથી હાલે આપણને વંદિદાદનું લખાણ ઘણેક દરજ્જે છુટા ટૂકડાઓનાં આકારમાં માલમ પડતું હોય એ બનવાજોગ છે.

**પરગરદ.**

વંદિદાદના પ્રકરણ માટે 'પરગરદ' શબ્દ વપરાય છે. આ 'પરગરદ' શબ્દ 'ફ્રગર્દ'નું અપભ્રંશ છે. 'કર્' અથવા 'કૅરૅ' (એટલે 'કાપવું, છુટું કરવું') એવા મૂળ શબ્દ ઉપરથી આ 'ફ્રગર્દ' શબ્દ નીકળ્યો છે. અસલ અવસ્તામાં 'ફ્ર-કર્-તિ' અથવા 'ફ્ર-કૅરૅ-ઇ-તિ' અથવા 'ફ્ર-કર્ત' (='જે કાંઇ કાપેલું, છુટું કરેલું;' યાને 'ભાગ, પ્રકરણ') એવા શબ્દો હોવા જોઇએ; તે ઉપરથી પાછલી ભાષામાં 'ફ્રગર્દ' શબ્દ નીકળ્યો અને તેનું અપભ્રંશ 'પરગરદ' થયું.

વંદિદાદની
૨૨ પરગરદો.

હાલનાં વંદિદાદનાં પુસ્તકમાં ૨૨ પરગરદો યાને પ્રકરણો છે. દીનકર્દનાં આઠમાં અને નવમાં પુસ્તકોમાં અવસ્તાનાં ૨૧ નસ્કોનો સાર આપવામાં આવ્યો છે, ત્યાં પણ 'વંદિદાદ' નસ્કની ૨૨ પરગરદો જણાવી છે. આ ઉપરથી માલમ પડે છે કે સાસાનિયન જમાનામાં પણ વંદિદાદની ૨૨ પરગરદો અથવા પ્રકરણો હતાં.

પરગરદ પહેલી.

વંદિદાદની પહેલી પરગરદમાં અસલનાં ઈરાનવેજ તેમજ બીજાં ૧૫ શહેરોને લગતી વિગતો સમાયલી છે. અસલી ઇરાની ભૂગોળ તેમજ અસલી આર્ય પ્રજા કયા કયા પ્રદેશોમાં પ્રવાસ કરતી આવી છે તે બાબદના સંબંધમાં વંદિદાદની પહેલી પરગરદ ઘણી અગત્યની ગણાય છે. એ પરગરદમાં જણાવવા પ્રમાણે દાદાર અહુરમજ્દે સર્વથી પહેલાં ભલી 'દાઇતિ' નદી આગળ 'ઈરાનવેજ' પેદા કર્યું. આ ઇરાનવેજ, સર્વથી સરસ જગ્યા હતી; જ્યાં કોઇપણ જાતની હાની કે પીડા હતાં નહિં; પણ અંગ્રેમેન્યુશે ત્યાં બગાડ કર્યાથી તે જગ્યાએ મોટા સર્પો અને સખત ઠંડી શરૂ થઇ. વંદિદાદનો લખનાર જણાવે છે કે ત્યાં એટલે ઇરાનવેજમાં 'દસ મહીના થંડીનાં અને બે મહીના ગરમીના' હતા; પણ જે જગ્યાએ વંદિદાદ લખાયો ત્યાં તો 'સાત મહિના ઉનાળાનાં અને પાંચ મહિના ઠંડી' છે; કે જે 'પાણી, જમીન તથા ઝાડપાન માટે પણ ઘણા ઠંડા છે અને બરફ પડે છે.'

ઉપલાં લખાણ ઉપરથી માલમ પડે છે કે અસલી 'ઇરાનવેજ' ઘણાં ઉત્તરનાં મુલકોમાં હોવું જોઇએ; જેમ જેમ આર્ય પ્રજાની વસ્તી અતિશય ઠંડીને લીધે દક્ષિણ તરફ આવતી ગઇ તેમ તેમ ઠંડી ઓછી થતી ગઇ; અને જે જગ્યાએ વંદિદાદ લખાયો તે જગ્યાએ વરસનાં પાંચ મહિના સખત ઠંડી રહેતી હતી. તે જમાનામાં શિયાળામાં એટલી તો સખત ઠંડી પડતી કે તેને લીધે શિયાળામાં ઝાડપાન ઉગી શકતાં નહિં, પાણીનું બરફ થઇ જતું, જમીન ઉપર પણ બરફ પથરાઇ રહેતું અને તેથીજ આવા



કકડતા શિયાળા માટે અવસ્તામાં ઘણે ઠેકાણે 'દેવની રસમની ઠંડી' અથવા 'દેવથી પેદા થયલા શિયાળા' એવા શબ્દો વપરાયલા મળે છે.[1] વંદિદાદમાં જણાવેલી ૧૬ જગ્યાઓ માંહેલી કેટલીક જગ્યાઓના નામો આજે પણ દુનિયામાં હસ્તી ધરાવે છે; અને અસલ આ કઇ જગ્યાઓ હતી, તે વિદ્વાનોએ ઘણેક દરજ્જે નક્કી કર્યું છે.[2]

પરગરદ બીજી.

પેશદાદિયન વંશના નામાંકિત શાહ જમશેદને લગતી તવારિખી વિગતોને માટે વંદિદાદની બીજી પરગરદ ઘણી અગત્યતા ધરાવે છે. તેમાં જણાવવા પ્રમાણે, દાદાર અહુરમજ્દે પોતાની દીન પહેલાં શાહ જમશેદને શિખવી અને તેને દીન દુનિયામાં જાહેર કરવા જણાવ્યું; પણ જમશેદે આ મહાભારત કામ માટે પોતાની અશક્તિ દેખાડી; ત્યારે દાદાર અહુરમજ્દે આ જમીનને વધારવા, ખીલવવા, અને આબાદ કરવા જણાવ્યું; તે કામ જમશેદે માથે લીધું અને દુનિયાને આબાદ કરી. જ્યારે ઇરાનવેજમાં વસ્તી વધતી ગઇ ત્યારે શાહ જમશેદે દક્ષિણ તરફ પોતાનો મુલક આગળ વધાર્યો, જમીનને આબાદ કરી અને માણસની વસ્તીને માટે જગ્યા કરી આપી. આ મુજબ ત્રણ વખત અહુરમજ્દની સૂચના અનુસાર શાહ જમશેદે દક્ષિણ તરફ પોતાનો મુલક વધાર્યો.

વળી ભવિષ્યમાં આવનાર જગરેલથી[3] માણસનો અને દુનિયાની પેદાયશનો બચાવ કરવા માટે દાદાર અહુરમજ્દે શાહ જમશેદને સૂચનાઓ કરી; તે અનુસાર તેણે માણસોને અને ભલી પેદાયશોને બચાવવા માટે જગ્યા બનાવી; અને ત્યાં તેઓને સુખી અને આબાદ કર્યાં. વળી આ પરગરદમાં જણાવવામાં આવે છે કે જમશેદે બનાવેલી આ જગ્યામાં લોકો 'એક વરસને એક દહાડો વિચારે છે.' આ ઉપરથી એવું માનવાને કારણ મળે છે કે અસલી

---

૧ વંદિદાદ, ૫. ૧, ફ. ૩, ૨૦

૨ જુઓ એર્વદ કા. એ. કાંગા–'વંદિદા[illegible] તરજુમો', ત્રીજી આવૃતિ, પા. ૬૨

૩ આ જગરેલની બાબદ ઘણીક પ્રજાઓનાં અસલી લખાણોમાં મળે છે. વેદીક, યાહુદી અને તે ઉપરથી ખ્રીસ્તી લખાણોમાં આ જગરેલની બીના જોવામાં આવે છે.

આર્ય પ્રજા ઉત્તર ધ્રુવનાં કોઇ પ્રદેશ ઉપર વસ્તી હોવી જોઇએ; કારણ કે ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં વર્ષના ૬ મહિના સુધી સૂરજ દેખાય છે અને બીજા ૬ મહિના સુધી અંધારૂં રહે છે. એટલે આપણું એક વરસ તે ત્યાં ગોયા એક દિવસ જેવો ગણાય.

પરગરદ ત્રીજી.

વંદિદાદની ત્રીજી પરગરદમાં ખુશાલ તેમજ નાખુશ જમીનને લગતી બાબદો આવે છે. આ દુનિયા ઉપર પહેલી ખુશાલ જગ્યા તે છે કે જે જગ્યા ઉપર 'અશો માણસ હાથમાં એસમ લઇને, હાથમાં બરસમ લઇને, હાથમાં જીવામ લઇને, હાથમાં હાવનીમ લઇને માંથ્રનાં કલામ ભણે.' બીજા શબ્દોમાં બોલ્યે તો, પહેલી ખુશાલ જગ્યા તે છે, કે જે જગ્યાએ ધાર્મિક ક્રિયા થતી હોય; અથવા તો જે જગ્યા ઉપર ધાર્મિક મકાનો હોય. બીજી તે જગ્યા ખુશાલ છે; કે જે જગ્યા ઉપર એક અશો માણસ પોતાનાં કુટુંબ સહિત આબાદી સાથે રહેતો હોય. જે જગ્યા ઉપર ખેતી થતી હોય, જે જગ્યા ઉપર ઢોરનો વસવાટ હોય, જે જગ્યા ફળદ્રુપ હોય તે જગ્યાઓ પણ ખુશાલ જગ્યાઓ છે. તેથી ઉલટું જ જે જગ્યાઓ ઉપર ખરાબી એકઠી થતી હોય, જ્યાં મુવેલાંની લાશને દાટવામાં આવી હોય, જ્યાં માણસોએ રાસ્તીનો રાહ છોડી દીધો હોય; એવી જગ્યાઓ નાખુશ છે.

જમીનમાં મુવેલાં શરીરને દાટવું એ વંદિદાદનાં જમાનાથી ગુનાહનું કામ ગણાતું આવ્યું છે; અને તેથી જો દાટેલાં શરીરને બહાર કાઢી તેની લાયક જગ્યાએ મૂકે તો તે કામ જમીનને ખુશ કરનારૂં ગણવામાં આવ્યું છે. વળી મુવેલાં શરીરને કદી પણ એક માણસે લઇ જવું નહિં; કારણ તેમ કરતાં તેનાં ઘણા વધારે સમાગમમાં આવવાથી તેમાંથી નીકળતી અપવિત્ર વસ્તુઓ તેનાં શરીરને લાગે, અને તેથી તેની તનદરૂસ્તીને નુકશાન થાય. તેથી આ કામ ગુનાહભર્યું ગણવામાં આવ્યું છે.

વળી જે માણસ ખેતી કરે છે, પાણી વગરની જગ્યાને પાણીવાળી બનાવે છે, તે પણ જમીનને ખુશાલ કરે છે. જે માણસ ખેતી કરે છે તે દેશને અને પોતાને આબાદ કરે છે; જે ખેતી



કરતો નથી તેને ખોરાકને માટે ભટકવું પડશે. આ પરગરદમાં ખેતીનાં કામને ઘણી અગત્યતા આપી છે; જે આ ફકરાઓ ઉપરથી માલમ પડે છેઃ (૩૦) 'અએ દાદાર! મજદયસ્ની દીનની વૃદ્ધિ શું છે? ત્યારે અહુરમજ્દે કહ્યું કે અય જરથુસ્ત્ર! સારી પેઠે અનાજની ખેતી! (૩૧) જે શખ્સ અનાજની ખેતી કરે છે તે અશોઇ ખેડે છે; તે શખ્સ માજદયસ્ની દીનની વૃદ્ધિ કરે છે; તે માજદયસ્ની દીનને સો ઘણી આબરૂથી, હજાર ઘણી જતનથી અને દશ હજાર ઘણી યજ્શ્નથી આબાદ કરે છે. (૩૨) જ્યારે અનાજની રોપણી ચાલે છે ત્યારે દેવો હાંફે છે; જ્યારે ઉગેલો અનાજ થાય છે ત્યારે દેવો ઠાંસે છે; જ્યારે છડેલો અનાજ થાય છે ત્યારે દેવો રડે છે; જ્યારે આટો થાય છે, ત્યારે દેવો નાશ પામે છે. જ્યારે અનાજ પુષ્કળ થાય ત્યારે જેમ એક લોઢાંનો સલીઓ ગરમ કરીને દેવોનાં મોઢામાં ફેરવ્યો હોય અને દુઃખ લાગે તેટલું દુઃખ તેઓને થાય છે!'

આ અલંકારિક લખાણની મતલબ આ છે કે જે શખ્સ પોતે જાતે મહેનત કરશે તે આબાદ થશે; ઉદયોગી માણસ ભુખમરો કંગાળયત, ચોરી વિગેરે દેવોનો નાશ કરે છે. ટૂંકમાં, ખેતી અને ઉદ્યોગ એ ગોયા માણસની આબાદીનું મૂળ છે; અને જે ચીજથી માણસની આબાદી થઈ શકે તે ચીજનાં વધારાથી દેવો–યાને માણસ જાતને નુકશાન કરનારી બુરી શક્તિ–નો નાશ થાય છે.

પરગરદ ચોથી.

આ પરગરદમાં વચન અને કબાલો અને તે તોડવામાં આવે તો તેની સજા; તેમજ જુદી જુદી જાતનાં હુમલાઓ અને તેની સજાઓ વિષેની બાબદો મળે છે. પહેલી બાબદ ફ. ૧ થી ૧૬ સુધીમાં સમાયલી છે, જ્યારે બીજી બાબદ ફ. ૧૭ થી ૪૪માં આવેલી છે. ત્યાર પછીનાં ફકરાઓમાં જુઠા સોગંદની વાત આપવામાં આવી છે. તે જમાનામાં સોગંદ કેવી રીતે લેવામાં આવતા હતા તેની વિગતનો કાંઈક ઝાંખો ખ્યાલ એમાથી મળે છે. તે વખતે સોગંદ લેતી વખતે સોના સાથનું ઉકળતું પાણી પીવડાવવામાં આવતું હોય અથવા તો તેમાં હાથ મૂકવામાં આવતો હોય, અથવા તો તેમાં માણસનો ચહેરો જોઈને સોગંદ લેવામાં આવતા હોય. વળી 'સઓકેંતવઇતિ'નો અર્થ 'ગંધકવાળું' એવો કરવામાં આવે છે; તેમ હોય તો આવી

વસ્તુઓ-ગંધક અને સોનું-નાખેલું પાણી ઉપલાં કામમાં લેવામાં આવતું હોય.

આ ઉપરાંત આ પરગરદમાં સખાવતને લગતો એક ઘણો ઉમદા વિચાર જણાવ્યો છે કે: 'જો કોઈ હમદીન, ભાઇ તરીકે કે દોસ્ત તરીકે પૈસાની હાજતમાં હોય અને પૈસાની ખાહેશ રાખતો આવે તો તેને મદદ કરવી; જો પરણવાની જોગવાઈ તેની પાસે ન હોય તો તેને તેવી જોગવાઇ કરી આપવી; અથવા જો કેળવણી લેવાની જોગવાઇ ન હોય તો તેને કેળવણી આપવાની જોગવાઇ કરી આપવી.' આ પરગરદમાં વિદ્યાઅભ્યાસને માટે પાછલી રાતનાં ૩ વાગતાથી સવારે ૯ વાગતા સુધી અને સાંજે ૩ વાગતાથી રાત્રે ૯ વાગતા સુધીનો વખત ઉત્તમ જણાવ્યો છે.

**પરગરદ પાંચમો.**

આ પરગરદમાં મરણ પામેલા માણસનાં શરીરમાંથી નીકળતી અપવિત્રાઇ-'દ્રુજે નસુ'ની વિરૂદ્ધનાં કાયદાઓ આપે છે. માણસનાં મરણ પછી તેનાં શરીરમાં જે કોહવાટ શરૂ થાય છે તેને સાધારણ રીતે 'દ્રુજે નસુ' કહેવામાં આવે છે; અને તે ઉપરથી જે ચીજમાં આ કોહવાટ શરૂ થાય છે તે ચીજને યાને મરણ પામેલાંની લાશને 'નસુ' અને તે ઉપરથી 'નસો' એવો શબ્દ આપણે લાગુ પાડયે છીએ.

આ પરગરદમાં જણાવવા પ્રમાણે જો સાખ, પવન કે કુતરાથી નસો યાને કોહવાટ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાયો હોય તો તે માટે માણસ ગુનેહગાર નથી.

અસલી ઈરાનના કડકતા શિયાળાની વિગત આપણે ઉપર જોઇ ગયા છીએ; તેવીજ વિગતો અહીંયા પણ મળે છે. તે જમાનામાં શિયાળો એટલો સખત હશે કે શિયાળામાં ગુજર પામેલાં માણસનાં શરીરને તેની છેવટની જગ્યાએ લઈ જવાનું પણ અશકય થઇ પડતું હોવાથી આ પરગરદમાં જણાવવા પ્રમાણે દરેક ઘરમાં અને દરેક મહોલ્લામાં ત્રણ જુદા ઓરડાઓ બનાવવામાં આવતા હતા અને તેમાં ગુજરેલાંની લાશને એક મહિના સુધી રાખી શિયાળો પુરો થયા પછી તેની છેવટની જગ્યાએ લઇ જવામાં આવતી.

આ પરગરદમાં મજદયસ્ની દીનની વખાણ; અને બીજી દીનો કરતાં તે કેવી રીતે શ્રેષ્ઠ છે તેની મિસાલો આપી છે.



વળી 'દ્રુજે નસુ' યાને કોહવાટનો દેવ માણસ મરણ પામ્યા પછી બીજાં જીવતાં માણસોનાં શરીર ઉપર કેટલો જોરથી ઘસારો કરે છે તેની વિગતો મળે છે. જો મરણ પામનાર માણસ અશો હોય તો તે 'નસુ' ઘણોજ જોરાવર હોય છે, અને મરણ પામેલાં માણસની આસપાસનાં ઘણા જીવતાં માણસો ઉપર તેની અસર પુગે છે; જ્યારે મરણ પામનાર માણસ નારાસ્ત અને બુરો હોય તો 'નસુ'નો જોર ઘણો ઓછો હોય છે. બુરો માણસ પોતાની જીંદગીમાંજ એવાં બુરાં કામો કરે છે, અને તેથી તે આ દુનિયાની ભલી પેદાયશોને એટલું તો નુકશાન કરે છે કે મરણ બાદ તેનાં શરીર ઉપરનો 'દ્રુજે નસુ' પણ તેટલું નુકસાન કરી શકતો નથી. તે બુરો માણસ 'જીવતો હોય ત્યારે પાણીને ખરાબ કરે છે, આતશને બુજાવી નાખે છે, ગાય ઢોરને ચોરી લઈ જાય છે, માણસની શુદ્ધી નીકળી જાય અને જીવ જતો રહે એવો ફટકો અશો માણસને મારે છે; પણ મરણ પામ્યા પછી તે તેમ કરી શકતો નથી.'[૧]

**પરગરદ છઠ્ઠી.**

આ પરગરદ પ્રમાણે જે જગ્યા ઉપર માણસ અથવા કુતરાની લાશ પડેલી હોય તે જગ્યા એક વર્ષ સુધી કામમાં લેવી નહિં, તે જગ્યા ખેડવી નહિં કે તે ઉપર પાણી નાખવું નહિં. એક ખેતરમાં પાણી સીપવું હોય તો પહેલાં તે ખેતરમાં નસો કે કોહતી ચીજ પડેલી હોય તેની તપાસ કરી તેને દૂર કરવા પછીજ પાણી વહેતું કરવું. પણ જો તપાસ નહિં કરે, અને પાણી તે નસાને લાગે તો તે ગુનહેગાર થાય.

અગર જો મજદયસ્નાનો રસ્તા ઉપરથી જતાં હોય અને પાણીમાં નસો જુએ તો તેઓએ બને તેટલો નસો પાણીમાંથી બહાર કાઢવો; ત્યાર પછી તે પાણીમાંથી બની શકે તો અરધો ભાગ અથવા ત્રીજો અથવા ચોથો અથવા પાંચમો ભાગ પાણી બહાર કાઢી નાખવું, અને ત્યાર પછીજ તે પાણી ઉપયોગમાં લેવું.

ત્યાર પછી મરણ પામેલાં માણસની લાશને છેવટની જગ્યાએ લઇ જવાની વિગત આવે છે. તે જમાનામાં ગુજરેલાંની લાશને ઉંચા

૧ પરગરદ ૫, ફ. ૩૭

પહાડ ઉપર, સૂરજનાં ખુલ્લાં તડકાંમાં મૂકવામાં આવતી, જ્યાં ફાડી ખાનારાં જાનવરો અને ફાડી ખાનારા કુતરાઓ તેનો ભક્ષ કરતા. વળી કુતરા લાશના કોઇ ભાગને બીજે ઠેકાણે ખેંચી ન જાય તે માટે લાશને લોખંડ અથવા પત્થર સાથે બાંધતા હતા. ત્યાર બાદ તે હાડકાં ભરી રાખવા માટે, માણસની શકિત અનુસાર પત્થર, છોંએ અથવા મટોડીનાં 'અસ્તોદાન' (હાડકાં ભરી રાખવાની જગ્યા) બનાવવામાં આવતાં હતાં.[1]

**પરગરદ સાતમી.** આ પરગરદમાં જણાવવા પ્રમાણે, માણસના મરણ પછી તુરતજ દ્રૂજે નસુ તેના શરીર ઉપર હુમલો કરે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો માણસનાં મરણ પછી તરતજ તેનાં શરીરમાં કોહવાટ શરૂ થાય છે; પણ જો માણસનું મરણ કુદરતી નહિં પણ બીજી રીતે નીપજ્યું હોય, એટલે કે જો ફાડી ખાનારાં જાનવરે હુમલો કર્યો હોય તેથી, અથવા ફાંસી દીધી હોય, ખુન થયું હોય, આપઘાત કીધો હોય તેથી, અથવા ઉંચી જગ્યાએથી પડવાથી મરણ નીપજ્યું હોય તો 'દ્રૂજે નસુ યાને કોહવાટ' તે મરણ પામનારનાં શરીર ઉપર તુરતજ નહિં પણ બીજી ગેહમાં હુમલો કરે છે. એક માણસ કુદરતી રીતે મરણ પામે, ત્યારે તેનું શરીર બીમારીથી મરણ અગાઉજ ઘણું નબળું પડી ગયલું હોય છે તેથી તે મરણ પછી તુરતજ કોહવા માંડે છે; પણ એ સિવાય ઉપર જણાવેલી બીજી રીતથી જો કોઇ મરણ પામે તો તેનું શરીર મરણ અગાઉ બળવાન હતું, એટલે મરણ પછી એકદમ નહિં, પણ થોડા કલાક પછી કોહવા માંડે છે.

આ પછી નસાથી ખરાબ થયલાં કપડાં તથા તેને ધોવાની બાબદ આવે છે; ત્યાર બાદ અનાજ અથવા બાળવાનાં લાકડાં ઉપર નસો પડે તેની વિગત આવે છે.

જે માણસ વૈદ્યનો ધંધો કરવા માગતા હોય તો તેણે પહેલાં ત્રણ વાર 'દએવયસ્ની' લોકો ઉપર પોતાનો હુન્નર અજમાવવો

૧ મરણ પામેલાં માણસની લાશને સૂર્યનાં તડકાંમાં ખુલ્લી મૂકવાનું વંદિદાદનું આ ફરમાન હજી સુધી આપણી દોખમેનશીનીની રૂઢીમાં જળવાયલું છે. આ રૂઢીની તવારિખ, કાયદાઓ વિગેરેનાં વિગતવાર વર્ણન માટે જુઓ કર્તાની કેતાબ 'જરથોશ્તી વિષયો'માનો વિષય: 'ખોરશેદ-નગીરશ્ન', પા. ૨૬૭-૩૦૪



જોઇએ, અને તે પછીજ 'મજદયસ્ની' લોકોમાં વૈદ્ય તરીકે પોતાનો ધંધો કરી શકે. જો પહેલાં 'દએવયસ્ની' લોકો ઉપર પોતાનો વાઢ કાપનો હુન્નર ત્રણ વખત અજમાવતાં ફતેહ નહિં પામે, તો તે માણસ હંમેશને માટે વૈદ્ય તરીકે નાલાયક ગણાય, અને એવી રીતે નાલાયક ઠડેલો માણસ 'મજદયસ્ની' લોકો ઉપર પોતાનો વાઢકાપનો હુન્નર અજમાવતાં તે લોકોને જખમી કરે તો તે માટે તે ગુનેહગાર થાય.

એક લાયક જાહેર થયલો વૈદ્ય એક ધર્મગુરૂની ફકત તેની ભલી દુઆના બદલામાં સારવાર કરે; જ્યારે બીજા લોકોને માટે ચઢ ઉતર કિંમત ઠેડવેલી છે; દાખલા તરીકે 'ઘરનાં ધણીને સઉથી નાનાં કદનાં ઢોરની કિંમતના બદલામાં સાજો કરે......દેશનાં ધણીને ચાર ઘોડાની ગાડીના બદલામાં સાજો કરે.........અને દેશની રાણીને સાંઢણીની કિંમતનાં બદલામાં સાજી કરે.' આ મુજબ વૈદ્યને તેનાં કામના બદલા તરીકે અમુક ઢોર આપવા કહેલું છે. વંદિદાદના જમાનામાં સીકકાનું ચલણ ન હતું, તે વખતે માણસની દોલત તે તેનાં ગાય ઢોર હતાં અને તેનીજ આપલેથી વહેવાર ચાલતો.

તે જમાનામાં ત્રણ જાતનાં વેદ્યો જણાયલા હતા:-(૧)વહાડકાપના વેદ્ય; (૨) ઝાડપાલાની-વનસ્પતિની દવા આપનાર વેદ્ય; (૩) માંથ્ર ભણીને તનદરૂસ્તી આપનાર વેદ્ય. આ ત્રણમાં છેલ્લી જાતનાં વૈદ્યો સર્વથી સરસ ગણાતા હતા.

એક જગ્યા ઉપર મુવેલાં માણસનું શરીર સૂરજનાં ખુલ્લા તડકાંમાં હોય તો એક વર્ષે તે જમીન પાક થાય; જો જમીનમાં દાટેલું હોય તો ૫૦ વર્ષ પછી તે જમીન પાક ગણાય. જમીનમાં દાટેલી લાશને ખોદી કાઢવાનું કામ સવાબનું ગણાય છે. જે જગ્યામાં લાશને દાટવામાં આવી હોય તે જગ્યામાં તરેહવાર રોગનાં જીવજંતુઓ હોય છે, તેથી તેવી જગ્યાઓ દેવનાં રહેઠાણ તરીકે ગણેલી છે.

આ ઉપરાંત આ પરગરદમાં મરણ પામેલા છોકરાંનો જન્મ આપનાર માતાને પાક કરવાની, તેમજ નસાથી ખરાબ થયલાં જુદી જુદી જાતનાં વાસણોને ધોઇને પવિત્ર કરવાની બીના આવેલી છે.

**પરગરદ આઠમી.**

આ પરગરદમાં જણાવવા પ્રમાણે, એક ઘરમાં મરણ નીપજ્યું હોય તો તે ઘરમાંથી લાશને લઇ જવા પછી તે ઘરમાં ખુશબોદાર બળતણનો ધુમાડો કરી ખરાબ હવાને સ્વચ્છ કરવી.

ત્યાર પછી લાશને આરામગાહ તરફ લઇ જવાની વિગત જણાવી છે. સુવેલાં માણસની લાશ ઉપર જરૂર કરતાં જરાપણ વધારે કપડું વાપરવું એ ગુનાહનુ કામ ગણેલું છે.

ત્યાર બાદ ગુજર પામેલાં માણસની લાશને અડકનારને 'બરસનુમ' આપવાની વિગત આવેલી છે. ત્યાર પછીના ભાગમાં નસો પકાવતા આતશની તેમજ જુદી જુદી જાતનાં આતશોને પવિત્ર કરીને તેની લાયક જગ્યા (દાદગાહ)માં લઇ જવાની વિગત ઘણી લંબાણથી આપવામાં આવી છે.

**પરગરદ નવમી.**

આ પરગરદમાં પણ એક માણસ નસાને અડકયો હોય તો તેને પવિત્ર બનાવવા માટે બરસનુમ આપવાની ઘણી લંબાણ વિગતો સમજાવવામાં આવી છે. સાતમી પરગરદમાં વૈદ્યોને માટે જેમ ફી નક્કી કરવામાં આવી છે તેમ અત્રે 'બરસનુમ' આપનાર ધર્મગુરૂની ફીની વિગતો પણ તેવીજ રીતે જણાવી છે; પણ વધુમાં જણાવ્યું છે કે તે 'યોઝ્દાથ્રેગર'ને ઘરમાંથી ખુશી કરીને મોકલવો; જો તે નાખુશ થયલો જાય તો પેલી રીમની–અપવિત્રાઇ–પાછી તે બરસનુમ લેનાર માણસ ઉપર હુમલો કરે છે!

જો કોઇ 'યોઝ્દાથ્રેગર' પોતાનો ધંધો જાણ્યા વગર ગેરકાયદે કોઇને બરસનુમ આપે અને તેથી તેની રીમની દૂર નહિં થાય તો તે યોઝ્દાથ્રેગર ગુનેહગાર ગણાય છે; કારણ કે તે રીમની દૂર નહિં કરી શકે તો તેથી તે શહેરની અને દેશની આબાદીને ઘણું નુકસાન થાય.

**પરગરદ દશમી.**

આ પરગરદમાં 'દ્રૂજે-નસુ'ને હાંકી કાઢવા માટે ગાથાના અમુક કલામો ભણવાની વિગતો મળે છે. ટૂંકમાં કહીએ તો હાલમાં આપણે જેને ગેહસારણું કહીએ છીએ તેની અસલનાં જમાનાની વિગતો આ પરગરદમાં મળે છે. સુવેલાં માણસોની લાશ ઉપરથી જીવતાઓ ઉપર



'દ્રૂજે-નસુ' હુમલો કરે છે, તેની સામે થવા માટે ગાથામાં બેવાર, ત્રણવાર અને ચારવાર ભણાતા કલામો ભણવા ફરમાવ્યું છે અને આ કલામો કયા તે અત્રે વિગતવાર જણાવ્યું છે.

**પરગરદ અગીયારમી.**

આ પરગરદમાં ઘર, આતશ, પાણી, જમીન, ગાય ઢોર, ઓરવર, માણસ, વિગેરેને પાક કરવાની બાબદ સમાયલી છે; અને દરેકને પાક કરવા માટે અવસ્તાના અમુક ફકરાઓ નક્કી કરવામાં આવ્યા છે.

**પરગરદ બારમી.**

આ પરગરદમાં એક માણસ ગુજર પામે, તો તેની યાદ માટે તેનાં સગાંસ્નેહીઓએ કેટલા દિવસ સુધી શોક પાળવો તે વિષેની બાબદ આપવામાં આવી છે; ત્યાર પછી જે ઘરમાં માણસ મરણ પામ્યું હોય તે ઘરને પાક કરવાની બીનાઓ સમાયલી છે.

**પરગરદ તેરમી.**

અસલી ઈરાની પ્રજાનો મુખ્ય ધંધો ખેતીવાડીનો હતો. વંદિદાદમાં જમીનની ખેતી કરવાની ઘણી તાકીદ કરી છે, જે આપણે વંદિદાદની ત્રીજી પરગરદમાં જોઈ ગયા છીએ. તે વખતે ખેતીનાં કામમાં મદદગાર તરીકે અનેક જાતના કુતરાઓને પાળવામાં આવતા હતા. એ કુતરાઓ ચોરો અને લુટારાઓથી લોકોની માલમતાનું રક્ષણ કરતા હતા; અને તેથી વંદિદાદની આ તેમજ ચૌદમી પરગરદોમાં જુદી જુદી જાતનાં કુતરાઓ અને તેને મારનાર અથવા હેરાન કરનારની સજાઓને લગતું બ્યાન કરવામાં આવ્યું છે. 'વંઘાપર' નામનો કુતરો આખી રાત લોકોની માલમતાનું રક્ષણ કરે છે. તેથી તેને 'સ્પેનામીનો'ને લગતી પેદાયશ ગણી છે, અને વળી આ કુતરો આખી રાત 'હારેમન ને મારી હઠાવે છે; એટલે કે ચોરો, લુટારૂઓ વિગેરેને દૂર રાખે છે. આ ફાયદેમંદ કુતરાને મારનાર માણસ ગુનેહગાર થાય છે. 'જ઼ઇરિમ્યંઘઉર' નામનો દેવ હારેમનની પેદાયશનો છે અને તે આખી રાત ભલી પેદાયશોનો નાશ કરે છે; માટે તેને મારવો એ ભલું કામ ગણાય. આ પરગરદમાં જુદી જુદી જાતનાં કુતરાઓનાં નામો મળે છે; પણ

તે અસલમાં કેવી જાતના કુતરાઓ હતા, તે આજે જાણી શકાતું નથી; પણ તે જમાનામાં કુતરાઓને કેળવીને ઘણા ખબરદાર બનાવતા, આવા કેળવાયલા કુતરાઓને ‘દુખ્તો-હુનર’[1] એટલે કે ‘હુન્નર શીખેલા’ અથવા ‘કેળવાયલા’ કુતરાઓ તરીકે ગણવામાં આવતા અને તેઓ ઘર અને ખેતરની પાસબાની કરતા. આ પરગરદમાં (૧) ‘પશુશ-હઉર્વ’ એટલે પશુની પાસબાની કરનારા, (૨) ‘વીસ-હઉર્વ’ એટલે મહોલ્લાની પાસબાની કરનારા, (૩) ‘વોહુનઝ્ગ’ એટલે ફાડી ખાનારા, અને બીજાં ચાર જાતનાં કુતરાઓની વિગતો છે. તેઓને માર મારનાર માટેની શિક્ષાઓ પણ તે વખતે નક્કી કરવામાં આવી હતી. માર મારવા ઉપરાંત જો કોઇ માણસ કુતરાઓને એટલો ગરમ ખોરાક આપે કે જેથી તેઓનું મોઢું દાઝી જાય; અથવા તો જો કોઇ માણસ કુતરાઓને ખરાબ ખોરાક આપે, જેથી તેની તનદરૂસ્તીને નુકશાન પુગે તો તે માટે પણ સજા ફરમાવવામાં આવી છે. આ પછી હડખાયલો કુતરો માણસને ઇજા નહિં કરે તે માટે શું કરવું તેની તેમજ કુતરાઓની ભલી તેમજ બુરી ખાસ્યતોની તેમજ ‘ઉદ્ર’ જેનો અર્થ ‘સગે-આબી’, પાણીમાં રહેનાર કુતરો એવો કરવામાં આવ્યો છે તેની વિગતો આપી છે; આ ‘સગે-આબી’ને મારી નાખનાર શખ્સ પોતાના શહેર અને દેશમાંથી આબાદીનો નાશ કરે છે.

**પરગરદ ચૌદમી.** વંદીદાદની તેરમી પરગરદમાં ‘સગે-આબી’ની થોડીક વિગતો આપી છે; ત્યાર પછી આ આખી પરગરદમાં ‘સગે-આબી’ને મારનાર માણસ માટે જુદી જુદી સજાઓ નક્કી કરવામાં આવી છે. આ પરગરદમાં આતશકદેહમાં રાખવામાં આવતાં હથીઆરો, તેમજ અથોરનાનને ક્રિયામાં જરૂરી હથીઆરો, તેમજ લડવૈયા અને ખેડુત માટેનાં જરૂરી હથીયારોની વિગતો આપવામાં આવી છે. આ ઉપરથી તે વખતનાં લોકોની સંસ્કૃતિનો કાંઇક ખ્યાલ આપણને મળે છે.

[1] વંદિદાદ, પ. ૧૩, ફ. ૮,



**પરગરદ પંદરમી.** આ પરગરદમાં જુદી જુદી જાતનાં ગુનાહભર્યાં કામોની વિગત આપવામાં આવી છે અને એ ગુનાહભર્યાં કામો કરનારાઓને શું સજા કરવી જોઇએ તથા અમુક ગુનાહોથી ઉત્પન્ન થતી મુશકેલીઓનો શું તોડ કાઢવો જોઇએ તેનું વર્ણન આપવામાં આવ્યું છે.

**પરગરદ સોળમી.** આ પરગરદમાં બાનુઓની માસિક માંદગી વખતે તે જમાનામાં પાળવામાં આવતા કાયદાઓની વિગત સમાયલી છે. માસિક માંદગીવાળી બાનુઓને રહેવાની જગા આતશ, પાણી વિગેરેથી કેટલે દૂર હોવી જોઇએ, તેને કેવો અને કેટલો ખોરાક આપવો જોઇએ, કેવી તરતીબથી પાક કરવી જોઇએ વિગેરે બાબદોનું વર્ણન આ પરગરદમાં છે.

**પરગરદ સત્તરમી.** આ પરગરદમાં બાલ તથા નખ કાપવાની, તેમજ કાપતી વખતે સંભાળ રાખવા વિષેની વિગતો આપવામાં આવી છે. જરૂર જણાતાં બાલ હોરવા, કાતરવા, નખ લેવાં; અને ત્યાર પછી તે કાપેલા બાલ કે નખ કોઇ જીવતાં માણસોનાં સમાગમમાં નહિં આવે એવી જગ્યાએ નાખવાની સંભાળ રાખવી; જો તેમ નહિં કરવામાં આવે તો તેથી માણસની તનદરૂસ્તીને નુકસાન થાય અને તેથી તે દેવોની શક્તિ વધારનારૂં કામ ગણાય.

**પરગરદ અઢારમી.** આ પરગરદના શરૂઆતનાં ભાગમાં પોતાનાં કામની માહિતી મેળવ્યા વગર જેઓ પોતાને ધર્મગુરૂ તરીકે ઓળખાવતા હોય તેઓ વિષેની બાબત આપવામાં આવી છે. જે શખ્સ ‘પદાન’ને ખોટી રીતે રાખે એટલે જેને ભણતાં આવડે નહિં; જે દીનનાં કામમાં માહિતી મેળવ્યા વગર હથીયાર ખોટી રીતે રાખે યાને જેને ક્રિયા કરતાં આવડે નહિં; અને જે ધર્મક્રિયા કર્યા વગર આળસાઇથી પોતાની જીંદગી ગુજારે તેને ધર્મગુરૂ કહેવો જોઇએ નહિં; પણ જે શખ્સ આખો વખત પોતાનાં અભ્યાસમાં ધ્યાન રાખી પોતાની કેળવણી અને વિદ્યાનો વધારો કરે તેને ધર્મગુરૂ કહેવો. જે શખ્સ

ત્રણ વરસ સુધી કુસ્તી વગર ફરે અને ગાથા નહિં ગાય તે ગુનેહગાર ગણાય. આ પછી 'પરોદર્શ' મરઘાની બીના આવે છે. આ મરઘો સરોશ યજદનું પક્ષી ગણાય છે, અને તેને સરોશ યજદનાં ફરમાન પ્રમાણે કામ કરનારૂં ગણવામાં આવ્યું છે; કારણ કે સહવારે બામદાદનાં વખતે તે માણસને બિદાર કરે છે.

દુનિયાનાં લોકોને રાતને વખતે 'આતશ' અરજ કરે છે કે: 'અય માણસો, મારી મદદને માટે તમો ઉઠો, મને રોશન કરો; નહિ તો 'અજિશ' દેવ મને બુજાવી નાખશે' આતશની આ અરજ બહેરા કાન ઉપર પડે છે ત્યારે આતશ અશો સરોશ યજદને ઉપર મુજબ અરજ કરે છે, તેથી અશો સરોશ યજદ આ 'પરોદર્શ' મરઘાને ઉઠાડે છે; અને તે બામદાદમાં માણસોને બીદાર કરતાં કહે છે કે:

'અય માણસો! તમો ઉઠો; અશોઇની વખાણ કરો; દેવોને દફે કરો; નહિં તો લાંબા હાથવાળો 'બૂશ્યાંસ્પ' નામનો આળસાઇનો દેવ તમારી તરફ દોડી આવશે.'

'અય માનવી! લાંબી ઉંઘ તને સજાવાર નથી. આ દુનિયામાં ત્રણ સર્વથી સરસ ચીજ છે: (૧) સારો વિચાર, (૨) સારાં વચન અને (૩) સારાં કામો–તેનાંથી તમો દૂર થતાં ના; અને ત્રણ ખરાબ ચીજ (૧) બુરો વિચાર; (૨) બુરાં વચન અને (૩) બુરાં કામો–તેનાંથી હંમેશાં દૂર રહેજો.'

ઉપર મુજબ જ્યારે 'પરોદર્શ' મરઘો પોકાર કરે છે, ત્યારે એક દોસ્ત પોતાની પાસે સુતેલા દોસ્તને કહે છે કે: 'હવે ઉઠો.' એમાંથી જે કોઈ પહેલો ઉઠે છે તે બહેસ્તમાં જાય છે; જે કોઇ પહેલાં આતશને માટે સુક્કુ બળતણ લઇ જાય તેને આતશ ભલી દુઆઓ દે છે. ત્યાર પછી ચાર જાતનાં ગુનાહો કે જેથી આ દુનિયા ઉપર દેવોનું જોર વધે છે, એટલે કે આ દુનિયાની પેદાયશોને નુકસાન પુગે છે, તેનું વર્ણન છે. આ પરગરદનાં ૬૨ માં ફકરા પ્રમાણે જુદદીન લગન કરનાર આ દુનિયા ઉપર ખરાબી કરે છે.



**પરગરદ ઓગણીસમી.** અશો જરથુસ્ત્રની જીંદગીને લગતી તવારિખી બાબદો માટે આ પરગરદ ઘણી અગત્યની છે; ગોયા એ 'અવસ્તાનું જરથોશ્ત નામું' છે. આ પરગરદનાં શરૂઆતનાં ભાગમાં જણાવવા પ્રમાણે ઉત્તર તરફનાં ભાગમાંથી અંગ્રેમઇન્યુશે દોડી આવીને 'બૂઇતિ દેવ'ને હુકમ કર્યો કે 'અય ફરૂજ, જરથુસ્ત્ર આગળ દોડ, અને તેને મારી નાખ' આ ઉપરથી 'બૂઇતિ દેવ' અશો જરથુશ્ત્ર તરફ દોડયો; પણ અશો જરથુશ્ત્ર 'અહુનવર'નો કલામ ગાઇને ભણ્યા; તેથી 'બૂઇતિ' દેવ તેઓ આગળથી નાસી ગયો; અને તેણે 'અંગ્રેમઇન્યુશ'ને કહ્યું કે: 'અય આંધળા અંગ્રેમઇન્યુશ! જરથુશ્ત્રનું મોત હું શોધી શકતો નથી; કારણ કે અશો જરથુશ્ત્ર પૂર નૂરમંદ છે.' જરથુશ્ત્રે પોતાનાં મન સાથે વિચાર્યું કે દેવો મારાં મરણની શોધમાં છે. અશો જરથુશ્ત્રે હાથમાં અહુરમજ્દ તરફથી મલેલાં હથીઆર પકડી, અંગ્રેમઈન્યુશની સામે ગયા; અને મોટે સાદે કહ્યું કે: 'અય અંગ્રેમઈન્યુશ! હું દેવની પેદાયશનો નાશ કરીશ; દેવોની ખરાબીનો હું નાશ કરીશ. ત્યારે અંગ્રેમઇન્યુશે કહ્યું કે 'અય જરથુશ્ત્ર, મારી પેદાયશનો તું નાશ કરતો ના; તું મજદયસ્નની દીન છોડી દે તો હું તને દેશની પાદશાહી આપીશ!' આ ઉપરથી અશો જરથુશ્ત્રે આ અસર શબ્દોમાં જવાબ આપ્યો:

'અગર જો મારાં હાડકા, મારો જીવ તથા મારી બુદ્ધિ જુદાં પડે તોપણ હું ભલી માજદયસ્ની દીનને છોડીશ નહિં.'

અંગ્રેમઈન્યુશના સવાલના જવાબમાં અશો જરથુશ્ત્ર કહે છે કે:

'ક્રિયાના હથીઆરો અને અહુરમજ્દે કહેલાં વચનો એ મારાં સર્વથી સરસ હથીઆર છે; એ વડે હું તારી પેદાયશનો નાશ કરીશ.'

ત્યાર બાદ દાદાર અહુરમજ્દ અશો જરથુશ્ત્રને દેવની ખરાબી અને નસો મારી હઠાવવાની ક્રિયા વિષે સૂચનાઓ આપે છે, અને જરથુશ્ત્ર તે પ્રમાણે કરે છે. આ પછી 'બરસ્તુમ'ની ટૂંક વિગત આપવામાં આવી છે.

આ પરગરદનાં છેવટના ભાગમાં અશો અને પાપી માણસનાં ગુજરબા પછી તેનાં રવાનોની હાલત વિષેની વિગતો આપવામાં આવી

છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે: પુરાતન વખતમાં નક્કી કરેલા એકજ રસ્તા ઉપરથી અશો તેમજ પાપી માણસનું રવાન પસાર થાય છે; પાપી માણસનાં રવાનને 'વીજરેષ' નામનો દેવ બાંધીને લઇ જાય છે; જ્યારે અશો માણસનાં રવાનની સામે તેના આ દુનિયા માંહેલાં કાર્યોનો ચિતાર, તેની કેરદાર, ખુબસુરત અને સદ્‌ગુણી સ્ત્રીના આકારમાં રજુ થાય છે, અને રવાનને તે 'ચીનવત' પુલ પસાર કરાવે છે. 'ચીનવત' પુલ પસાર કર્યા પછી બહમન અમસાસ્પંદ પોતાનાં સોનેરી તખ્ત ઉપરથી આવકાર આપતાં જણાવે છે કે: અય અશો રવાન! ફાની દુનિયામાંથી હંમેશની દુનિયા તરફ તું ભલે આવ્યો. ત્યાર પછી તે રવાનને અહુરમજ્દ, અમેસાસ્પંદો અને અહુરમજ્દનાં સોનેરી તખ્ત તરફ લઇ જવામાં આવે છે, અને પછી તે બહેસ્તમાં દાખલ થાય છે.

છેવટનાં ફકરાઓમાં જણાવવા પ્રમાણે અશો જરથુસ્ત્રની ફતેહથી દેવો સાથેમળીને વિલાપ કરવા લાગ્યા કે 'અફસોસ! પોઉરૂશસ્પનાં ઘરમાં અશો જરથુસ્ત્ર જનમ્યો; તેનું મોત હમો શોધી શકતા નથી; તેણે હમારી પાયમાલી કરી દીધી' આવો અફસોસ કરી તેઓ અંધારી દુનિયા, દોજખ તરફ દોડી ગયા.

**પરગરદ વીસમી.** આ પરગરદમાં તે વખતનાં કોઇ નામાંકિત તબીબ 'થ્રિત'ની બાબદ સમાયલી છે. આ 'થ્રિત' તનદરૂસ્તી આપનારા માણસો-યાને તબીબો-માં સર્વેથી સરસ માણસ ગણાયો છે; જેણે માણસોમાંથી તરેહવાર જાતનાં દુ:ખ દરદો દફે કીધાં. આં દુનિયા ઉપર દાદાર અહુરમજ્દે અનેક જાતનાં તનદરૂસ્તી આપનારાં ઝાડપાનો પેદા કર્યાં; જેની દવાઓથી માણસની તનદરૂસ્તીમાં વધારો થયો, અને અનેક જાતનાં દુ:ખ અને દરદો નાબુદ થયાં.

**પરગરદ એકવીસમી** આ પરગરદમાં જમીન, વાદળાં અને વરસાદની બાબદો સમાયલી છે. આ જમીન ઉપર વહેતાં પાણીઓ, વાદળાં રૂપે એકઠાં થાય છે અને તે મારફતે વરસાદ વરસે છે; તેથી દુ:ખ, દરદ તથા ભુખમરો અને કંગાલ્યતનાં દેવો નાશ પામે છે. આ જમીન



ઉપર ઝાડપાન અને અનાજના ઉગવા અને વધવાને માટે વરસાદની જરૂર છે; પણ તે સાથે સૂર્યની અને ચંદ્રની રોશનીની પણ જરૂર છે. આ પરગરદમાં જણાવ્યા પ્રમાણે વરસાદથી આ જમીન ઉપર તાજુ પાણી, નવી જમીન, નવાં ઝાડપાન, અને નવા તનદરૂસ્તી આપનારાં ઝાડોની ખેતી થાય છે. વરસાદથી જમીન ખેડવા લાયક, રસવાળી, ચીકાસવાળી, નરમ અને ફળદ્રુપ બને છે. રોશન ખોરશેદની અને મહાતાબની રોશનીથી ઝાડપાન વધે છે અને ખીલે છે.

**પરગરદ બાવીસમી.** આ પરગરદમાં જણાવવામાં આવે છે કે દાદાર અહુરમજ્દે આ સોહામણી રોશનીવાળી દુનિયા પેદા કીધી અને અંગ્રેમઇન્યુસે તેમાં અનેક જાતનાં દુ:ખ દરદો ઉત્પન્ન કર્યાં. અહુરમજ્દે તેના ઉપાય તરીકે માંથ્રવાણી પેદા કીધી. વંદિદાદની સાતમી પરગરદમાં જોઇ ગયા તેમ માંથ્રવાણી ભણીને સાજું કરનાર વૈદ્ય બીજા બધા વૈદ્યો કરતાં સરસ છે.

પ્રકરણ સાતમું.

## યજ્શ્ન.

**'યજ્શ્ન' શબ્દનો અર્થ.**

અવસ્તા ધાતુ 'યજ્' એટલે ભજવું, આરાધના કરવી. એ શબ્દ ઉપરથી અવસ્તા 'યશ્ન,' પહેલવી 'યજ્શ્ન' અને તે ઉપરથી 'યજ્શ્ને' અથવા 'યજ્શ્ન'નો અર્થ 'આરાધના,' 'ભક્તિ' એવો થાય છે. આ શબ્દ 'ક્રિયા સાથની આરાધના'ને ખાસ અર્થે વપરાય છે. વળી અવસ્તા 'યસ્ન' સંસ્કૃત 'યજ્ઞ'ને તદન મળતો આવે છે. હાલમાં 'યજ્શ્ન'નું ભણુતર ક્રિયા વગર એકલું ભણવામાં આવતું નથી; અને તેથી સાધારણ રીતે 'યજ્શ્ન' એ શબ્દ હાલમાં 'યજ્શ્નનું ભણુતર અને તેની ક્રિયા' એ બંને માટે વપરાય છે.

**ગાથા તથા વંદિદાદ પછી યજ્શ્ન.**

યજ્શ્નમાં ગાથા અને વંદિદાદ વિષેનાં ઇશારાઓ મળે છે; તે ઉપરથી માલમ પડે છે કે ગાથા અને વંદિદાદ પછી યજ્શ્ન લખાઇ હોય. યજ્શ્ન હા ૧, (ફ઼. ૧૩); હા ૨, (ફ઼. ૧૩); હા ૨૫ (ફ઼. ૬); હા ૭૧, (ફ઼. ૫)માં વંદિદાદ વિષે ઇશારાઓ મળે છે; વળી યજ્શ્ન હા ૯, (ફ઼. ૧); હા ૧૦, (ફ઼. ૧૮); હા ૧૯, (ફ઼. ૫); હા ૫૫, (ફ઼: ૨); હા ૭૧, (ફ઼. ૬) વિગેરેમાં ગાથાઓ વિષે ઇશારાઓ મળે છે; આ ઉપરથી ગાથાના લખાણો પછી વંદિદાદ અને ત્યાર પછી યજ્શ્ન લખાઇ હોય; એમ મરહુમ વિદ્વાન શેઠ કામાજી જણાવે છે.[1]

**યજ્શ્નની મુખ્ય બાબદ.**

'યજ્શ્ન' શબ્દનાં ઉપલા અર્થ તરફ જોતાં, તેની મુખ્ય બાબદ આરાધના અને ભક્તિનાં ગાયનો છે. યજ્શ્નનું ભણુતર એ જરથોસ્તીઓનું ક્રિયાને લગતું ઘણું અગત્યનું ભણુતર ગણાય છે; તેમાં દાદાર અહુરમજ્દને, તેનાં અમશાસ્પંદોને અને યજ્દોને આમંત્રણ કરવામાં આવે છે; તથા તેમની વખાણ, સ્તુતિ અને

[1] જુઓ, શેઠ ખ. રૂ. કામાજીનું 'જરથોસ્ત નામું', બીજી આવૃત્તિ, પા. ૨૨૮-૨૨૯



આરાધના કરવામાં આવે છે. આપણે ઉપર જોયું તેમ, હાલમાં યજ્શ્નનું ભણુતર કદી પણ ક્રિયા વગર ભણવામાં આવતું નથી. એટલે યજ્શ્નમાં દાદાર અહુરમજ્દ અને તેનાં અમેશાસ્પંદો તથા યજ્દોની સ્તુતિ અને આરાધના ક્રિયાઓ સહિત કરવામાં આવે છે. આ ક્રિયામાં તેઓને અમુક વિધિથી તૈયાર કીધેલો હોમનો રસ, દૂધ, દરૂન, ઘી, પવિત્ર પાણી, પવિત્રાઇથી અને નેક નૈયતથી અર્પણ કરવામાં આવે છે. આ મુજબ, પવિત્ર ભેટો સાથની ક્રિયાવડે દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, યજ્દો અને ફ્રેરોહરોની, અને ભલી પેદાયશોની આરાધના અને વખાણ એ 'યજ્શ્ન'ની મુખ્ય બાબદ છે.

**યજ્શ્નમાં સમાયલી બાબદો.**

યજ્શ્નની મુખ્ય બાબદ ક્રિયાઓ સાથની આરાધનાનું ભણુતર છે; પણ હાલના યજ્શ્નના ભણુતરમાં આરાધના, સ્તુતિ અને બંદગીનાં ભણુતરો ઉપરાંત બીજી બાબદોનો પણ સમાવેશ થાય છે. બંદગી અને ભક્તિનાં ભણુતરો ઉપરાંત તવારિખી બાબદો, અસલનાં લખાણો ઉપર અવસ્તામાં થયલી શરેહો વિગેરે પણ યજ્શ્નનાં ભણુતરમાં સમાઇ જાય છે. ઘણીક વખતે એકનું એક ભણુતર અનેક જગાએ ભણવામાં આવે છે. યજ્શ્નનાં ભણુતરમાં ગાથાના ભણુતરોનો પણ સમાવેશ થાય છે, તેમજ કેટલીક યશ્તો અને ન્યાયેશોનાં ભણુતરો યજ્શ્નના અમુક ભણુતરોમાંથી લેવામાં આવ્યાં છે. યજ્શ્નનાં ભણુતરનાં ૭૨ પ્રકરણો કરવામાં આવ્યાં છે, જે 'હા' તરીકે ઓળખાય છે. કેટલાંક પ્રકરણો એકસરખું ભણુતર ધરાવે છે; દાખલા તરીકે યજ્શ્નનો પાંચમો હા તેજ ૩૭મો હા છે; ૧૮મા હાનો ઘણો મોટો ભાગ ૪૭માં હા તથા ૫૧માં હામાંથી લેવામાં આવ્યો છે; ૬૧મો હા ૭૨મા હાની બરાબર છે; અને કેટલાક હાઓમાંનાં ઘણાંક ફકરાઓ વારંવાર બીજા હાઓમાં ભણવામાં આવે છે. સાધારણરીતે યજ્શ્નના ૭૨ હાનાં ત્રણ વિભાગો કરવામાં આવ્યા છે: (૧) હા ૧ થી ૨૭; (૨) હા ૨૮ થી ૫૫ અને (૩) હા ૫૬ થી ૭૨. ગાથાઓનાં ઉમદા લખાણોના ફિલસૂફીભર્યા વિચારો અને તેનાં પવિત્ર ભક્તિના ગાયનોને લીધે ગાથાના હાઓને યજ્શ્નનાં મધ્ય ભાગમાં ગોઠવવામાં આવ્યા છે.

**હા.**

યજશ્નનાં પ્રકરણ માટે આપણી ભાષામાં આપણે 'હા' શબ્દ વાપરીએ છીએ. આ શબ્દ અવસ્તા 'હાઇતિ' ઉપરથી નીકળ્યો છે. અવસ્તા મૂળ ધાતુ 'હા' (એટલે 'કાપવું, છુટું કરવું') ઉપરથી અવસ્તા 'હાઇતિ' એટલે જે કાંઇ કપાયલું; છુટું થયલુ; યાને 'ભાગ, પ્રકરણ, section, chapter.'

**હા પહેલો–આમંત્રણ અને આદરમાન!**

યજશ્નનાં પહેલા બે હાઓમાં દાદાર અહુરમજ્દ તથા અમેશાસ્પંદો અને યજ્દોને ક્રિયામાં આમંત્રણ કરીને આવકાર આપવામાં આવે છે. આ આમંત્રણ અને આવકાર માટેનાં શબ્દો 'નિવએધયેમી હંકારયેમી' આખા પહેલા હા દરમ્યાન વારંવાર આવે છે, કે જેનો અર્થ 'નિવએધયેમિ'='હું ઇજન કરૂં છું' અને 'હંકારયેમિ'=હુ (યજશ્ન) 'સંપૂર્ણ કરૂં છુ' એવો થાય છે. સર્વથી પહેલાં નૂરમંદ અને ખોરેહમંદ દાદાર અહુરમજ્દ, તેમજ સર્વે અમેશાસ્પંદો, દિવસની પાંચ ગાહો; મહિનાનાં દિવસો, ગહમ્બારો, ૩૩ 'રતુ' અથવા સરદારોને ધાર્મિક મીજલસમાં આમંત્રણ કરી આદરમાન અને આવકાર આપવામાં આવે છે. આ પછી બીજા મીનો યજ્દોને તેમની તારીફ કરીને આમંત્રણ અને આવકાર આપવામાં આવે છે. ત્યાર પછી આ દુનિયા ઉપરનાં શહેરો, રહેઠાણો, જગ્યાઓ, પાણીઓ, ઓરવરો, પૃથ્વી, આસ્માન, પવન, સેતારા, મહાતાબ, ખોરશેદ, રોશની તથા તમામ ભલી પેદાયશોનાં સરદારોને તથા અશો નર, અશો નારી તેમજ અશોઓનાં ફરોહરોને, મીનો અને ગેતીને લગતા તમામ યજ્દોને આ ધાર્મિક મીજલસમાં આમંત્રણ કરી આવકાર આપવામાં આવે છે. આ પછી યજશ્ન અને આરાધનામાં જો કાંઈ ખામી રહી હોય અથવા યજ્દોને જાણીજોઈને અથવા અંજાણપણે અપમાન કર્યું હોય તો તેનો પસ્તાવો કરવામાં આવે છે.

**હા બીજો. જોર અને બરસમ સાથની આરાધના.**

યજશ્નનો બીજો હા શરૂઆતના અને પાછળના થોડા ફકરા બાદ કરતાં, લગભગ પહેલા હાને મલતો છે; પણ મુખ્ય તફાવત એટલોજ કે,



આરાધનાના મુખ્ય શબ્દો પહેલા હામાં 'નિવએધયેમિ હંકારયેમિ' એવા છે, જ્યારે આ હામાં આરાધનાના મુખ્ય શબ્દો 'આયેસે યેશ્તિ' યાને 'યજશ્નમાં હું ઇચ્છું છુ' આવે છે; અને તે આ આખા હામાં વારંવાર આવે છે. શરૂઆતમાં ક્રિયા કરનાર 'જોર[1]' અને 'બરસમ[2]' આ યજશ્નમાં ઇચ્છે છે; અને પછી આ 'જોર' અને 'બરસમ'વડે દાદાર અહુરમજ્દ તેમજ અમેશાસ્પંદો, યજ્દો, અશોઓનાં ફરોહરો વિગેરેની આરાધના કરવામાં આવે છે.

**હા ૩ થી ૮ પવિત્ર હદીઓ.**

યજશ્નના ત્રીજા હાની ક્રિયામાં ક્રિયા કરનાર યજશ્નમાં અર્પણ કરવાની ચીજો– ખોરાક, મ્યજ્દ, દરૂન અને ગોશોદો– તૈયાર કરવાને ઇચ્છે છે. ચોથા હામાં ક્રિયા કરનાર કહે છે કે: 'આ નેક વિચારો, નેક સખુનો, નેક કામો; આ હોમ, મ્યજ્દ, જોર, અશોઇથી પાંથરેલી બરસમ, ગોશોદો, પાણી, ઓરવર...... પવિત્રાઇ, સત્યતા, વખતસરની બંદગી, ગાથાના ગાયન, માંથ્ર હમે તૈયાર કીધું છે અને તે હમે જાહેર કર્યે છીએ. ઉપલી ચીજો દાદાર અહુરમજ્દ અને અમેશાસ્પંદો અને યજ્દોને માટે તૈયાર કરવામાં આવી છે.' પાંચમાં હામાં દાદાર અહુરમજ્દને તેની ભલી પેદાયશો માટે યાદ કરવામાં આવે છે. ત્યાર પછી છઠા હામાં દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, યજ્દો, ફરોહરો વિગેરેની ભેગી યાદ અને આરાધના છે. આ બધી અર્પણ કરવા માટે તૈયાર કરેલી ચીજો, સાતમાં હા માં 'અશોઇથી અર્પણ' કરવામાં આવે છે. આ માટે 'અષય દધામી.' યાને 'હું અશોઈથી અર્પણ કરૂં છું' એ શબ્દો વારંવાર સાતમાં હામાં વપરાય છે. દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, યજ્દો, ફરોહરો–સર્વેને નામ સાથે યાદ કરી તેમને ઉપલી ચીજો અશોઇથી અર્પણ

---

૧ અવસ્તા–'જઓથ્રા'–'અર્પણ કરવાની ચીજો'–પહેલવી 'જોદર'.

૨ અવસ્તા–'બરેસ્મન્'–પહેલવી 'બરસોમ' અને તે ઉપરથી 'બરસમ.' અસલમાં અમુક ઝાડની ડાંખલીઓની 'બરસમ' બનાવવામાં આવતી હતી; હાલે તેને બદલે ધાતુનાં ટુકડા વપડાય છે. બરસમ આરાધના કરવાનાં એક સાધન તરીકે અવસ્તા જમાનાથી વપરાતી આવી છે.

કરવામાં આવે છે. આઠમાં હા માં આ હદીઓ અર્પણ કરવાની બાબદ ચાલુજ રહેલી છે. અર્પણ કરવાની સઘળી ચીજો તેઓનાં નામ સાથે યાદ થાય છે. ત્યારબાદ રાસ્પી જણાવે છે કે: 'આ પવિત્ર હદીઆની ચાસ્ની કરવાને માટે અશોઈ અને પાકીજગીવાળાં માણસોજ લાયક હોય છે.' અમેશાસ્પંદોની યાદ તેમજ ભલી મજ઼્દયશ્નની દીન ઉપર ઓસ્તબારીના કલામ સાથે જોતી ચાસ્ની કરે છે; અને પછી, ભલી પેદાયશોનો વધારો થાય અને બુરી પેદાયશોનો ઘટાડો થાય એવી દુઆ સાથે આ પવિત્ર હદીઓ અર્પણ કરવાની ક્રિયા પૂરી થાય છે. ઉપર આપણે જોયું કે ખોરાક, મ્યજ઼્દ, દરૂન, ગોશોદો, દૂધ, હોમ વિગેરે ઉપરાંત નેક વિચાર, નેક વચન અને નેક કામો, સત્યતા, પવિત્રાઈ, બંદગી એ પણ દાદાર અહુરમજ઼્દને અર્પણ કરવાનો પવિત્ર હદીઓ છે. આવો હદીઓ ગમે તેવો ગરીબ માણસ પણ અર્પણ કરી શકે. નેક વિચાર, વચન અને કામો અને ભલા સદ્‌ગુણો દાદારની ખુશનુદી માટે ખાસ અગત્યનાં અને પૂરતાં છે; એ મજ઼્દયશ્નની દીનની ખરી ખૂબી છે.

**હા ૯ થી ૧૧ હોમ યશ્ત.**

યજ઼્શ્નના હા ૯ થી ૧૧ (ખાસ કરીને ૯-૧૦) હોમ યશ્ત તરીકે ઓળખાય છે. અશો જ઼રથુશ્ત્રના સવાલના જવાબમાં હોમ યજ઼દ જણાવે છે કે આ દુનિયા ઉપર નામાંકિત પુરૂષોએ હોમની ક્રિયા કીધી અને તેને પરિણામે તેઓને ત્યાં કીર્તિવંત બેટાઓનો જન્મ થયો; જેઓએ પોતાની કીર્તિ દુનિયામાં આશકારા કીધી. હોમનો પાલો અને તેનું ક્રિયા કરીને તૈયાર કરેલું પવિત્ર પીણું માણસને ડહાપણ, હિંમત, ફતેહ, તનદરૂસ્તી, આબાદી, વૃદ્ધિ, શારીરિક કૌવત તેમજ કીર્તિવંત મહોટાઈ આપે છે; તેમજ બુરા માણસોને દૂર કરે છે. આ ઉપરાંત અનેક પ્રકારની હોમની તારીફ નવમાં હા માં કરવામાં આવી છે. દસમાં હા માં હોમનો રસ કાઢીને પીવાની બાબદ મળે છે. જ્યારે બીજાં પીણાઓ માણસને ખરાબ કામ કરવાને ઉશ્કેરે છે, ત્યારે હોમનો રસ ખુશાલી અને પવિત્રાઈ આપે છે. હોમ માણસને ચપળ બનાવે છે; ગરીબને તવંગર બનાવે છે. આ પ્રમાણે હોમનો રસ કાઢીને ક્રિયામાં અર્પણ કરવા તેમજ પીવાનો રિવાજ ઘણો જૂનો છે. વળી હોમની



ક્રિયામાં ઘણી ઉંચી ધાતુનાં વાસણો અસલ વપરાતાં હોવાં જોઇએ; કારણ કે હા ૧૦ નાં ફ. ૧૭ માં જણાવવામાં આવે છે કે: 'અય હોમ! તને રૂપાંની રકાબીમાંથી સોનાની રકાબીમાં હું રેડું છું; અય હોમ! તને હું જમીન ઉપર ઢોળીશ નહિં, કારણ કે તું ઉંચી કિંમતનો છે.' હોમની તેમજ તેના તનદરૂસ્તી આપનારા ગુણોની સ્તુતિ સાથ દસમો હા ખતમ થાય છે. અગીઆરમા હા માં હોમનો રસ પીવાની બાબદ આવે છે. હોમને કૂટીને રસ કાઢવામાં જો કોઇ ખાંમી કરે તો હોમ તે પીનારને બદદુઆ દે છે. જોતી હોમની તારીફ સાથે હોમનો તૈયાર કરેલો રસ પીએ છે. ખરાં અંતઃકરણની બંદગીનાં ઉમદા સબકો સાથ આ હા ખતમ થાય છે.

**હા ૧૨-૧૩ એકરારનામું.**

યજ઼્શ્નનાં હા ૧૨-૧૩ 'ફ્રરઓરેતિ હાઇતિ' યાને 'એકરાર નામાં'નું પ્રકરણ નામે ઓળખાય છે. આ હાઓમાં જ઼રથોશ્તી ધર્મમાં દાખલ થનાર માટે ઘણી અસરકારક ભાષામાં લખાયલું એકરારનામું સમાયલું છે. વળી ૧૨ મો હા ગાથાનીજ ભાષામાં લખાયલો છે; અને તે ગાથા અને યશ્ન હપ્તંગ્-હાઇતિ સિવાયના બીજા અવસ્તા કરતાં વધારે જૂનો હોવાનું માનવામાં આવે છે. કુસ્તી કરી રહ્યા પછી 'જસ મે અવંઘહે મજ઼્દ'નો એકરારનામાંનો કરદો ભણવામાં આવે છે તે આ હામાં-થીજ લેવામાં આવ્યો છે. નવજોત કરતી વખતે હાલમાં ભણાતાં 'અવસ્તા-પાજ઼ંદ' એકરારનામાં કરતાં, એ પ્રસંગ માટે ૧૨ મો હા ઘણો અગત્યનો અને અસરકારક છે. આ હા માં દેવો-બુરી શક્તિઓ અથવા દુર્ગુણોને દૂર કરી, અહુરમજ઼્દની પરસ્તેશ કરનાર, જ઼રથોસ્તી દીન પ્રમાણે ચાલનાર, અહુરમજ઼્દ અને અમેશાસ્પંદોની સ્તુતિ અને આરાધના કરનાર હોવાનો એકરાર કરવામાં આવે છે. આ દુનિયા ઉપરની તમામ ભલી ચીજો નૂરમંદ અને ખોરેહમંદ અહુરમજ઼્દની છે; જે કાંઈ સર્વથી સરસ છે, તે સઘળું તેનુંજ છે. અહુરમજ઼્દે આ દુનિયા, રોશની અને રોશની આપનારી ઉમદા પેદાયશો પેદા કીધી. વળી ભણનાર મજ઼્દયશ્નીઓનાં મહોલ્લામાં ખરાબી કે નુકશાન નહિં આવે તે માટે બંદગી કરે છે અને અહુરમજ઼્દની સ્તુતિ કરીને એકરાર કરે છે કે, 'મને નુકશાન થાય તોપણ મજ઼્દયસ્નીઓનાં મહોલ્લાઓ તરફ હવેથી કોઇપણ જાતની

ખરાબી લાવીશ નહિં; હું દેવોની સરદારી કબુલ રાખતો નથી; અને જે તરીકાના અહુરમજ્દ, જરથુશ્ત્ર, કય ગુશ્તાસ્પ, ફરશોસ્તર અને જામાસ્પ હતા તે તરીકા અને મજહબનો હું છું. હું મજ્દયસ્ની જરથોસ્તી તરીકે ભલાં વિચાર, ભલાં વચન અને ભલા કામોને પસંદ કરૂં છું. ભલી મજ્દયસ્ની દીનને હું વખાણું છું, જે સર્વથી મોટી, સર્વથી સરસ અને સર્વથી શ્રેષ્ઠ છે.' ૧૨ માં હામાં આવી રીતે જરથોસ્તી ધર્મનાં એકરારનામા પછી ૧૩ માં હામાં, દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, યજ્દો, ભલી પેદાયશો અને મજ્દયસ્ની દીનની યાદ અને આરાધના કરવામાં આવે છે. છેવટે અહુનવરની, તેમજ મજ્દયસ્ની દીનનાં એકરારનામાના પ્રકરણની સ્તુતિ કરવામાં આવી છે.

**હા ૧૪ થી ૧૬ અમેશાસ્પંદો અને યજ્દોની આરાધના.**

હા ૧૪-૧૫ માં અમેશાસ્પંદોની સ્તુતિ અને આરાધનાનું લખાણ છે. ૧૬ માં હામાં દાદાર અહુરમજ્દ, યજ્દો, અશો જરથુસ્ત્ર, જરથુશ્ત્રનાં કલામો, જરથોસ્તી દીન, અને તરીકા તથા મજહબને માન સાથે યાદ કરવામાં આવે છે. ત્યાર પછી દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો અને યજ્દોની દરેકનાં નામ સાથે સ્તુતિ અને આરાધના, તેમજ ભલી પેદાયશોની વખાણ કરવામાં આવે છે.

**હા ૧૭ આતશની સેતાયશ.**

અહુરમજ્દ, અમેશાસ્પંદો તેમજ ભલી પેદાયશોની સ્તુતિ અને આરાધનાં; તેમજ ખાસ કરીને દરેક જાતના આતશના નામ સાથે આતશની સેતાયશ યજ્શ્નનાં ૧૭ માં હામાં આવે છે. આ હામાં 'બેરેઝી સવંઘહ', 'વોહૂફ્ર્યાન', 'ઉર્વાજિશ્ત', 'વાજિશ્ત' અને 'સ્પેનિશ્ત'-એ પાંચ જાતનાં આતશોનાં નામો મળે છે.[1]

---

1 જુદા જુદા આતશો; જગતની રચનામાં આતશનો હિસ્સો; આતશની ઉત્પત્તિ, તેનું મહત્વ અને તેની શકિત; આતશ અને સંસ્કૃતિ; પ્રાચીન ઇરાનમાં આતશની અગત્યતાની તવારિખ વિગેરે બાબદો માટે જુઓ 'જરથોસ્તી વિષયો' માનો વિષય: 'જગતની મહાન જીવનશક્તિ,' પા. ૧૩૧-૧૬૦



**હા ૧૮ સ્પેનામીનો.**

આ હાનો પહેલો ફકરો 'ગાથા વોહુક્ષથ્ર'નો ફકરો ૭ મો છે; તેમજ તે પછીનો ભાગ ગાથા સ્પેનતામઇન્યુંનું પહેલું પ્રકરણ છે. એ હામાં અહુરમજ્દ પાસે તનદરૂસ્તી, અમરપણું, શકિત અને ધર્મબોધની માગણી કરવામાં આવે છે. વળી કહેવામાં આવે છે કે, રાસ્તીથી ઉત્પન્ન થતાં નેક વિચાર, નેક સખુન, નેક કામોને લીધે અહુરમજ્દ સ્પેનામીનો મારફતે આ દુનિયાનું સુખ, અમરપણું, સંપત્તિ અને સંપૂર્ણ મનશ્ની આપે છે. કોઇપણ માણસ પોતાનાં ભલાં કામોથી સર્વોત્તમ સુખ મેળવી શકે છે.

**હા ૧૯ થી ૨૧ અવસ્તા શરેહ.**

યજ્શ્નનાં હા ૧૯-૨૦-૨૧ જરથોસ્તી ધર્મની ત્રણ ઉમદા બંદગીઓ-અહુનવર, અષેમ અને યેંઘ્હે હાતામ ઉપર અવસ્તા ભાષામાં લખાયલી શરેહ છે. આ અવસ્તા શરેહ આ બંદગીઓનું પુરાતનપણું પુરવાર કરે છે. હા ૧૯ માં જણાવવા પ્રમાણે આ દુનિયાની પેદાયશો આગમજ અહુરમજ્દે અહુનવરનો કલામ જાહેર કર્યો હતો. અહુનવરની બંદગી તમામ બંદગીઓમાં સર્વથી સરસ છે.

**હા ૨૨ થી ૨૭ હોમની ક્રિયા.**

યજ્શ્ન હા ૨૨ થી હોમની ક્રિયા શરૂ થાય છે. ક્રિયા કરનાર હોમની ક્રિયાની દરેક સામગ્રીઓ તૈયાર કરવાને ઇચ્છે છે; અને તેને માટેનો ખાસ શબ્દ 'આયેસે યેશ્તિ' આ હામાં વારંવાર આવે છે. ૨૩માં હામાં દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, યજ્દો અને અશોઓનાં ફરોહરોની યાદ કરવામાં આવે છે; અને હા ૨૪ માં ક્રિયા કરનાર, આ બધી તૈયાર કરેલી સામગ્રીઓ દાદાર અહુરમજ્દને, અમેશાસ્પંદોને અને યજ્દોને અર્પણ કરે છે. હા ૨૫ માં અમેશાસ્પંદોની અને ભલી પેદાયશોની યાદ; અને ૨૬ માં હામાં અશોઓનાં તમામ ફરોહરોની યાદ કરવામાં આવે છે. ત્યાર પછી હા ૨૭ માં અહુરમજ્દની પેદાયશની વૃદ્ધિ અને દેવની પેદાયશનાં નાશને માટે દુઆ ગુજારવામાં આવે છે; અને તે વખતે હોમને છુંદીને તેનો રસ કાઢવામાં આવે છે.

**હા ૨૮ થી ૩૪ ગાથા અહુનવઇતિ.**

યજશ્નના ૨૮ થી ૩૪ સુધીના ૭ હા તે ગાથા અહુનવઇતિનાં સાત પ્રકરણો છે. હા ૨૮ થી યજશ્નનાં ભણતરમાં ગાથાવાણીની શરૂઆત થાય છે. અવસ્તાના સાહિત્યમાં ગાથાવાણી જે ઉંચ સ્થાન ધરાવે છે તે ધ્યાનમાં રાખી યજશ્નનાં ભણતરમાં ગાથાવાણીને લગભગ મધ્યભાગમાં જગ્યા આપવામાં આવી છે. ગાથા અહુનવઇતિનું નામ, તેની છંદરચના તથા તેમાં સમાયલી બાબદોનાં ટૂંક વર્ણન માટે જુઓ આ ચોપડીના પા. ૫૨ થી ૫૮.

**હા ૩૫ થી ૪૨ યસ્નહપ્તંગ્હાઇતિ.**

યજશ્નના હા ૩૫ થી ૪૨ સુધીના ૮ હાઓ, 'યસ્ન હપ્તંગ્ હાઇતિ' (હપ્તન્ યશ્ત)નાં આઠ પ્રકરણો છે. ખરી રીતે જોતાં, 'યસ્ન હપ્તંગ્ હાઇતિ' (એટલે ૭ હાની યસ્ન) યજશ્નનાં ૩૫ થી ૪૧ હા સુધીમાં ખતમ થાય છે; પણ હા ૪૨ પણ એજ 'યશ્ન હપ્તંગ્ હાઇતિ'ને લગતો અથવા તેનો વધારો હોવાથી તે પણ સાથે ગણવામાં આવે છે. આ 'યસ્ન હપ્તંગ્ હાઇતિ'ની ભાષા તેમજ તેમાં સમાયલા વિચારો ઉપરથી આ પ્રકરણો ગાથાની પછી અને બીજા અવસ્તાની આગમજ લખાયલાં ધારવામાં આવે છે. આ પ્રકરણોમાં અહુરમજ્દ અને અમેશાસ્પંદોની સ્તુતિ ઉપરાંત બીજા ઘણાક ઉમદા વિચારો જોવામાં આવે છે.

૩૫ માં હાનાં ફકરા ૨, ૩, ૫, ૬ નીચે મુજબ:

"જેમ અમો સારાં માણસની વખાણ કરનારા છીએ તેમ અમો આ દુનિયાને માટે, તથા પેલી દુનિયાને માટે નેક વિચાર, નેક વચન અને નેક કામ કહી ગયલાઓની વખાણ કરનારા તથા તે વિષે વિચાર કરનારા છીએ.'

"અય અશો તથા સોહામણા અહુરમજ્દ! બેઉ દુનિયાને માટે હૈયાત માણસોનાં કામોમાનાં જે સહુથી સરસ કામો હોય તેઓને અમો પસંદ કર્યે છીએ; તેની ઉપર અમારૂં મન લગાડીયે છીએ; તે પ્રમાણે હમો બોલીએ છીએ અને તે પ્રમાણે હમો કામ કરીએ છીએ.'



'પાદશાહી સર્વોતમ પાદશાહ અહુરમજ્દને હોજો! અહુરમજ્દ જે પોતે સર્વથી ઉત્તમ અશોઇજ છે તેની તરફ હમો મન લગાડીયે છીએ; તેને હમો કબુલ કર્યે છીએ અને તેને હમો પોતાનો ગણીએ છીએ.'

'વળી કોઇ મરદ યા ઓરત કાંઈ સારી બાબદો પોતે ખરેખર જાણતા હોય તો તે જાહેર કરે, તે પ્રમાણે તે અમલ કરે, તથા જેઓ ઘટતી રીતે તે પ્રમાણે ચાલે તેઓને તે શીખવે.'

માણસની જીંદગીનો ઉમદા હેતુ, અને તેની ઉમદા ફરજોનું ટૂંક પણ અસરકારક વર્ણન ઉપલા શબ્દોમાં કરવામાં આવ્યું છે. ભલા વિચાર, ભલાં વચન, ભલાં કામો, ઉપરાંત ઉદ્યોગ, પરોપકાર અને સખાવત એક જરથોસ્તી જીંદગીનાં ઉમદા લક્ષણો છે. દરેક માણસ-ગરીબ કે તવંગર-આ દુનિયાની આબાદીનાં કામો કરવાને શકિતવાન છે. તવંગર તેમજ ગરીબ બંને આ દુનિયાનાં ભલાં માટે સખાવતનાં કામો કરી શકે છે. વળી પોતે ભલા માર્ગે ચાલી બીજાઓને પણ તે પ્રમાણે ભલાં માર્ગ ઉપર ચાલતાં શીખાડે એ એક ઉમદા જરથોસ્તી લક્ષણ છે એમ આ પ્રકરણ ઉપરથી માલમ પડે છે.

હા ૩૬માં આતશની વિગતો મળે છે.[1] 'આતશ અહુરમજ્દની એક નિશાન છે.' માણસ પોતાનાં ભલાં મન, ભલી અશોઇ અને ભલાં ડહાપણનાં કામોવડે અને ભલાં વચનોવડે અહુરમજ્દને પૂગી શકે છે. એવા ઉમદા ખ્યાલો આ પ્રકરણમાં આપવામાં આવ્યા છે.

હા ૩૭ માં જણાવવા પ્રમાણે જાનવર, અનાજ, પાણી, ઝાડ-પાન, રોશની આપનારી પેદાયશો દાદાર અહુરમજ્દે પેદા કીધી છે. અહુરમજ્દની આપણ માણસજાત ઉપરની અખૂટ મહેરબાની, તેની મહોટાઈ અને ખૂબીઓ માટે આપણે તે દાદારને નમ્યે છીએ અને તેની આરાધના કર્યે છીએ.

---

૧ આતશની સેતાયશ, તેના ફાયદા, તેની સેતાયશ અને ક્રિયા ઉપરથી મળતો બોધ વિગેરે માટે જુઓ 'જરથોશ્તી વિષયો'માંનો વિષય: 'દરેમહેર-મહેરયજદની દરબાર', પા. ૧૯૯-૨૨૩.

હા ૩૮ માં જણાવવામાં આવ્યું છે કે આ ફળદ્રુપ જમીન આપણું પોષણ કરે છે. માણસજાત માટે નીતિના સદગુણો પસંદ કરવાજોગ છે, અને તેથી આવા નીતિના સદગુણો, સુખાકારી, પવિત્રાઇ, વૃદ્ધિ, સંપૂર્ણ મનશની, સભ્યતા, ભલી ઇચ્છા, ભલી આબાદી, ભલી નસિહતો વિગેરેની વખાણ કરવામાં આવી છે.

હા ૩૯ માં આ દુનિયામાં થઇ ગયલા ભલી દીનને માન આપનાર અશો નરો અને અશો નારીઓને યાદ કરવામાં આવ્યાં છે. માણસજાત તે દાદારનાં કરજદાર છીએ, તેની ખૂબી અને મહેરબાની અપાર છે, તેથી તેને આપણે નમીએ છીએ.

આ દુનિયા ઉપરની પેદાયશોમાં ડહાપણ અને આબાદી દાદાર અહુરમજ્દથીજ છે એમ-હા ૪૦ માં જણાવવામાં આવ્યું છે. આ તેમજ મીનોઇ દુનિયાની ભલી પેદાયશોનો આપનાર પણ તે દાદાર પોતેજ છે. અશોઇની ખાહેશ રાખનારા રાસ્ત માણસો પોતાનાં ભલાં કાર્યોથી ગોયા પાક દાદાર સાથની મજબુત મિત્રાચારી ધરાવે છે; અને તેવી ભલી મિત્રાચારી મેળવી રાસ્ત, ખાલેસ, અને સખાવતી બની અહુરમજ્દને પસંદ પડતા થવું એ દરેક જરથોશ્તીની ફરજ છે.

હા ૪૧ માં અહુરમજ્દની ભલી પાદશાહીની વખાણ કરવામાં આવી છે. અને દુનિયામાં હૈયાતી ભોગવનારાઓમાં અહુરમજ્દ સર્વથી ડહાપણવાળો પાદશાહ છે. તે દરેકને માટે ભલો પાદશાહ છે. અહુરમજ્દની ખુશાલીનાં કામો કરવાં એજ લાંબી જીંદગીની લાયકાત છે. દાદાર અહુરમજ્દ તરફ સંપૂર્ણ એતેકાદ અને ભકિતભાવ રાખી તે દાદારને સર્વનો પિતા અને પાલણહાર તરીકે કબુલ રાખવો અને તેની વખાણ અને તેની સ્તુતિ કરવી એ દરેક જરથોસ્તીની ફરજ છે.

હા ૪૨ માં અમેશાસ્પંદોની તેમજ ભલી પેદાયશોની અને ભલી ન્યામતોની યાદ અને વખાણ કરવામાં આવી છે. અસલી ઇરાનમાં જરથોશ્તી ધર્મનાં ફેલાવા માટે, જરથોશ્તી ધર્મ સમજાવવા માટે, અશો ધર્મગુરૂઓ જુદાજુદા પ્રદેશોમાં મુસાફરી કરતા હતા તેનો ઇશારો આ હામાં છે.



**હા ૪૩ થી ૫૧. ગાથા ઉસ્તવઇતિ, સ્પેન્તામઇન્યુ અને વોહુક્ષથ્ર.**

યજશ્નના ૪૩ થી ૪૬ સુધીના હા ગાથા ઉસ્તવઈતિના ચાર પ્રકરણો છે. યજશ્નના ૪૭ થી ૫૦ સુધીના ચાર હા ગાથા સ્પેન્તામઈન્યુના ચાર પ્રકરણો છે. તે પછીનો ૫૧ મો હા ગાથા વોહુક્ષથ્રનું એક પ્રકરણ છે. એ રીતે હા ૪૩ થી ૫૧ સુધીમાં ત્રણ ગાથાઓ સમાયલા છે. એ ગાથાઓનાં નામો, તેની છંદરચના તથા તેમાં સમાયલી બાબદોનાં ટૂંક વર્ણન માટે જુઓ આ ચોપડીનાં પાના ૫૮ થી ૬૯.

**હા ૫૨. અશોઈની વખાણ.**

યજશ્નના હા ૫૨ માં નેક મરદો તેમજ નેક બાનુઓ જેઓ હમણા છે, આગળ થઈ ગયાં, અને હવે પછી થશે તેઓની વખાણ કરવામાં આવી છે. વળી અશોઈનાં તેમજ ભલાઈનાં કામોની વખાણ કરવામાં આવી છે.

**હા ૫૩. ગાથા વહિશ્તાઈશ્તિ.**

યજશ્નનો ૫૩ મો હા તે ગાથા વહિશ્તાઇશ્તિનું પ્રકરણ છે. આ ગાથા સૌથી છેલ્લો-પાંચમો-ગાથા છે. અહીંથી યજશ્નની ક્રિયામાં ગાથાવાણીનું ભણતર પૂરૂં થાય છે. એ ગાથાનું નામ, તેની છંદરચના તથા તેમાં સમાયલી બાબદોનાં ટૂંક વર્ણન માટે જુઓ આ ચોપડીનાં પા. ૭૦ થી ૭૨.

**હા ૫૪-૫૫. અઇર્યમન્-ગાથાઓની સ્તુતિ.**

યજશ્નના હા ૫૪ માં અઈર્યમન્ ફરેસ્તાની, ભલી નિષ્ઠાથી કરેલી બંદગીની, 'અઈર્યમન્' નામની બંદગીની, પવિત્ર ગાથાવાણીની અને 'સ્તઓત યશ્ન'ની બંદગીઓની વખાણ કરવામાં આવી છે. હા ૫૫ માં ગાથાઓની સ્તુતિ કરવામાં આવી છે. ગાથા માણસજાત માટે રક્ષણ કરનારા, તેનો બચાવ કરનારા છે. ગાથા માણસનાં રવાનને માટે મીનોઈ ખોરાક અને વસ્ત્ર સમાન છે; કે જે માણસનાં મરણ પછી, મીનોઈ દુનિયામાં માણસને સારો, પૂરતો અને અશોઇનો બદલો આપનારા છે. આ પછી સ્તઓત યશ્નની વખાણ અને આરાધના આવે છે.

**હા ૫૬-૫૭ સરોશ યશ્ત.**

યજશ્નના હા ૫૬ તથા ૫૭ સરોશ યજદની વખાણુમાં લખાયલા છે. ૫૬ મો હા ગોયા હા ૫૭ (કે જે ભણુતર સરોશ યશ્તમાં પણ ભણુવામાં આવે છે તે)નો શરૂઆતનો ભાગ અથવા વધારો છે. હા ૫૭ માં જણાવ્યા પ્રમાણે અશો સરોશ યજદે તમામ પેદાયશોમાં પહેલવહેલાં અહુરમજ્દને તથા અમેશાસ્પંદોને ૩, ૫, ૭ તથા ૯ ડાંખલી[1] સાથની બરસમથી આરાધ્યા હતા અને અશો જરથુશ્ત્રનાં પાંચ ગાથાઓનાં ગાયનો ગાયાં હતાં. અશો સરોશ દેવો-યાને બુરી શક્તિઓ-સામે બહાદુરીથી લડત ચલાવે છે અને ભલા અને અશો માણુસને મદદ કરે છે. આ દુનિયાની ઉત્પતિ થઇ ત્યારથી જાગૃત રહી આખી રાત અશો સરોશ યજદ અહુરમજ્દની તમામ પેદાયશોનું રક્ષણુ કરે છે, દુનિયાની પાસબાની કરે છે અને દેવોનાં હુમલાઓને મારી હઠાવે છે. અશો સરોશ યજદ ચાર ઝડપી ઘોડાઓની ગાડીમાં ઘણીજ ઝડપથી દુનિયા ઉપર મુસાફરી કરે છે. જે ઘરમાં અશો સરોશ માન પામેલો હોય છે, તે ઘરમાં નેક વિચાર, નેક વચન અને નેક કામોવાળાં અશો માણુસો રહે છે.

**હા ૫૮ ફ્રૂષુષોમાંથ**

યજશ્નનો હા ૫૮ ફ્રૂષુષોમાંથ (યાને વૃદ્ધિ કરનાર માંથ)નું ભણુતર ગણાય છે. આ ભણુતરમાં ઘણા ઉમદા વિચારો સમાયલા છે. બંદગીનો ખરો હેતુ સમજાવતાં કહેવામાં આવે છે કેઃ 'આ ફાયદો કરનારી, ફતેહ આપનારી તથા સારાં હેતુ સાથની બંદગી અમો અહુરમજ્દને અર્પણુ કરીએ છીએ. જે બંદગીથી સત્યતા અને સભ્યતા ઉત્પન્ન થાય છે, જે બંદગીનું મૂળ નેક વિચાર, નેક વચન અને નેક કામ છે, તે બંદગી અમોને બચાવે.' આ લખાણુમાં બંદગીનો ખરો હેતુ તેમજ ખરી બંદગીની ભલી અસર વિષે જણાવે છે કે ખરી બંદગી તે કે જે બંદગીથી

[1] હાલમાં બરસમ માટે ધાતુના તારના ટુકડાઓ વપરાય છે, જેને 'તાએ' કહેવામાં આવે છે. જુદી જુદી ક્રિયામાં જુદી જુદી સંખ્યાનાં 'તાએ'ની બરસમ વપરાય છે. ત્રણ અને નવ તાએની બરસમ હાલે વપરાતી નથી; તેમજ યજશ્ન હા ૫૭ માં જણાવી છે તેટલી લંબાઇના તાએ પણ હાલમાં વપરાતા નથી.



બંદગી કરનાર અશોઇ અને સભ્યતા અખત્યાર કરે, જે બંદગી શુભ હેતુથી કરવામાં આવતી હોય; અને જે બંદગીથી બંદગી કરનાર ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામો એખત્યાર કરે.

**હા ૫૯-૬૦ ભલી દુઆઓ.**

યજશ્નના ૫૯ મા હાનો ઘણો મોટો ભાગ હા ૧૭ અને ૨૬ માં આવે છે. છેવટનાં ભાગમાં ભલી દુઆઓ ઇચ્છવામાં આવે છે. હા ૬૦ નું ભણુતર આખુ ભલી દુઆઓથી ભરપૂર છે; કે જે 'દહમઆફ્રીતિ' (યાને 'ભલા માણુસની દુઆ') ના નામથી ઓળખાય છે. એ ભણુતર આફ્રીનગાનની ક્રિયાવેળાએ પણુ ભણુવામાં આવે છે. ક્રિયા કરનાર, ક્રિયા કરાવનારનાં ઘરને તેમજ કુટુંબને ભલી દુઆઓ દે છે કે આ કુટુંબ હંમેશાં આબાદી ભરેલું અને જયાદતી ભરેલું રહેજો; સદ્‌ગુણો આ ઘરમાં આવે, દુર્ગુણો આ ઘરમાંથી દૂર થાય; અને અમેશાસ્પંદો તથા યજદોના આશિર્વાદ આ ઘર અને કુટુંબ ઉપર ઉતરે.

**હા ૬૧ બુરી શકિતઓનો નાશ.**

યજશ્ન હા ૬૧ માં અહુનવર, અષેમ અને યેંઘેહે હાતામનાં પવિત્ર કલામોને આખા જગતમાં આશકારા કરવામાં આવે છે, અને તે મારફતે આ દુનિયા ઉપરથી તમામ બુરા માણુસો, ચોરો, લુટારૂઓ, બુરી શકિતઓ અને દુઃખદર્દોનો નાશ કરવાની દુઆ ચાહવામાં આવે છે.

**હા ૬૨ આતશ ન્યાયેશ.**

યજશ્નના હા ૬૨ માં આતશની આરાધના આવી છે. આ આખો હા આતશન્યાયેશમાં દાખલ કરવામાં આવ્યો છે. આતશને માટે ભલી હેટો મારફતે આતશની આરાધના કરી ક્રિયા કરનાર તેની પાસે તનદરૂસ્તી, આબાદી અને કીર્તિ માગે છે.

**હા ૬૩-૬૮ આબ્-જોર્.**

યજશ્ન હા ૬૩ થી ૬૮નું ભણુતર 'આબ્-જોર્' (એટલે કે-યજશ્નમાં અર્પણુ કરેલું પવિત્ર પાણી)ને લગતું ભણુતર ગણાય છે. એમાં મુખ્યત્વે પાણીની આરાધનાનું લખાણુ સમાયલું છે. ૬૫ મો હા આખો આવાં અરદવીસુર ન્યાયેશમાં તેમજ કેટલોક ભાગ આવાં યશ્તમાં ભણુવામાં આવે છે. આવાં અરદવીસુર આ

દુનિયામાં આરાધના કરવા અને ઇજવાને લાયક છે. તે દુનિયાને અને માણસને આબાદ કરનારી છે. અરદવીસુર નદી આ દુનિયા ઉપર ચોતરફ વહે છે અને જમીનને આબાદ કરે છે. ત્યારબાદ ક્રિયા કરનાર દુઆ ગુજારે છે કે આ ભલાં પાણીઓ બુરા લોકો, ચોરો, લુટારૂઓ માટે ના હોતાં. આ પછી પાણીની આરાધના કરી, ક્રિયા કરનાર પાણી પાસેથી ભલી બક્ષેશો માગે છે. હા ૬૬-૬૭ માં પણ લગભગ એજ બીનાઓ આવે છે. હા ૬૮ માં ફરીથી પાણીની આરાધના આવે છે. અહીં અરદવીસુરને 'અહુરાની' એટલે 'અહુરમજ઼્દને લગતી' અથવા 'અહુરમજ઼્દ સાથે સંબંધ ધરાવતી' કહેવામાં આવી છે. અહુરમજ઼્દ, અમેશાસ્પંદો, યજ઼દો અને પાણીની આરાધના અને વખાણ પછી ક્રિયા કરાવનારને માટે અને તેનાં કુટુંબ માટે ભલી દુઆ ઇચ્છવામાં આવે છે.

**હા ૬૯-૭૦. ભલાંઓની સ્તુતિ.**

યજ઼શ્ન હા ૬૯ માં અશો અને ભલાં માણસોની સ્તુતિ અને વખાણ કરવામાં આવી છે. હા ૭૦ માં દાદાર અહુરમજ઼્દ, અમેશાસ્પંદો તેમજ અશો જ઼રથુશ્ત્રની વખાણ અને સ્તુતિ કરવામાં આવી છે; ત્યાર પછી ભલાં કામોની સ્તુતિ કરવામાં આવીછે

**હા ૭૧. ફરશોસ્તર.**

યજ઼શ્ન હા ૭૧ પ્રમાણે અશો ફરશોસ્તર, અશો જ઼રથુશ્ત્રને પૂછે છે કે: 'રતુઓનાં સ્મરણની બંદગી કઇ છે? ગાથાઓની સંપૂર્ણતા કઇ છે?' આ સવાલનાં જવાબમાં અશો જ઼રથુશ્ત્ર અહુરમજ઼્દ, અશોઇનાં રતુઓ, અશોઓનાં ફ્રોહરો, યજ઼દો, અમેશાસ્પંદો તથા ભલી પેદાયશોની સ્તુતિનું ભણતર જણાવે છે. આ હામાં જુદી જુદી બંદગીઓની એજમતી અસરોની વિગતો જણાવી છે.

**હા ૭૨. બુરી શકિતઓનો નાશ.**

યજ઼શ્નનો ૭૨ મો હા ૬૧ મા હાની બરાબર છે. એ હામાં અહુનવર, અષેમ અને યેંઘ્હે હાતામના પવિત્ર કલામોને જગતમાં આશકારા કરવામાં આવે છે અને તે મારફતે દુનિયા ઉપરથી બુરા માણસો, દુઃખદર્દ અને બુરી શકિતઓનો નાશ કરવાની દુઆ ચાહવામાં આવે છે.

પ્રકરણ આઠમું.

## વીસ્પરદ.

**વીસ્પરદ.**

'વીસ્પરદ' શબ્દ અવસ્તા 'વીસ્પે રતવો'[1] (એટલે કે 'તમામ રતુઓ' અથવા 'સરદારો') ઉપરથી નીકળ્યો છે. અવસ્તા 'વીસ્પે રતવો' પહેલવી 'વીસ્પ્ રદ' અને તે ઉપરથી 'વીસ્પરદ'; એટલે કે તમામ (વીસ્પે) સરદારો (રતવો)ને લગતી આરાધનાનું ભણતર. 'યજ઼શ્ન'ની માફક 'વીસ્પરદ' શબ્દ પણ 'વીસ્પરદ'ના ભણતર અને તેની ક્રિયા-એ બંને માટે વપરાય છે.

**ગાથા-વંદીદાદ-યજ઼શ્ન પછી વીસ્પરદ.**

વીસ્પરદમાં અનેક ઠેકાણે ગાથા, વંદીદાદ તેમજ યજ઼શ્નને લગતા ઇશારાઓ આવે છે; તેથી વીસ્પરદ એ ત્રણે લખાણોની પાછળ લખાયલી ઠરે છે. યશ્ત[1]માં વીસ્પરદ વિષે ઇશારો મળે છે, એટલે વીસ્પરદ યશ્તની અગાઉ લખાયલી હોય એ બનવાજોગ છે.[2]

**વીસ્પરદની મુખ્ય બાબત.**

'વીસ્પરદ' શબ્દના અર્થ પ્રમાણે, 'તમામ રતુઓ યાને સરદારો' ની આરાધનાનું આ ભણતર છે. આ ભણતરમાં મીનોને લગતા તેમજ ગેતીને લગતા તમામ સરદારોની નામ સાથે આરાધના કરવામાં આવી છે. વળી આ ભણતર ક્રિયા વગર ભણવામાં આવતું નથી. એટલે 'તમામ સરદારોની ક્રિયા સાથની આરાધના' એ વીસ્પરદની મુખ્ય બાબદ કહેવાય.

---

૧ મહેર યશ્ત, ફ. ૧૨૨.

૨ શેઠ કામાજીનું 'જ઼રથોશ્ત નામું' બીજી આવૃત્તિ, પા. ૨૨૯.

**વીસ્પરદની ક્રિયા અને ભણતર.**

વીસ્પરદનું ભણતર એકલું કદીપણ ભણવામાં આવતુ નથી, પણ યજશ્નના અમુક ભાગો ભણ્યા પછી વીસ્પરદનાં અમુક ભાગો એકેકમાં સાથે ગૂથીને ભણવામાં આવે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો યજશ્નનાં ભણતરની પૂરવણી અથવા વધારો એ વીસ્પરદનું ભણતર છે. દાખલા તરીકે યજશ્નનાં પહેલા હામાં ૨૩ ફકરાઓ છે, અને જ્યારે યજશ્નની ક્રિયા થાય છે ત્યારે આ ૨૩ ફકરાઓ પહેલા હામાં ભણવામાં આવે છે; પણ જ્યારે વીસ્પરદની ક્રિયા થાય છે ત્યારે યજશ્નના પહેલા હાનાં પહેલા ૮ ફકરા ભણ્યા પછી, વીસ્પરદનો પહેલો કરદો આખો (નવ ફકરાઓ) ભણવામાં આવે છે; ત્યારપછી યજશ્નના પહેલા હાના ૧૦ માં ફકરાથી આખો હા પૂરો કરવામાં આવે છે. આ મુજબ વીસ્પરદનાં ભણતરમાં યજશ્નના નવમાં ફકરાને બદલે વીસ્પરદનો આખો પહેલો કરદો ભણવામાં આવે છે. આ મુજબ વીસ્પરદનો પહેલો કરદો એ યજશ્નના પહેલા હાના નવમાં ફકરાનું લાંબુ કરેલું ભણતર છે. યજશ્નના પહેલા હાના નવમાં ફકરામાં વરસનાં છ ગાહમ્બારોની યાદ કરવામાં આવી છે; હવે વીસ્પરદ ગાહમ્બારને લગતાં ખાસ ક્રિયા અને ભણતર છે; અને વીસ્પરદના પહેલા કરદામાં વરસના છ ગાહમ્બરોને તેમજ બીજા સરદારોને ઘણા લંબાણથી યાદ કરવામાં આવ્યા છે. બીજા શબ્દોમાં બોલ્યે તો જે બાબદ યજશ્નના પહેલા હાના નવમાં ફકરામાં ટૂંકમાં આપવામાં આવી છે; તેજ બાબદ વીસ્પરદના પહેલા કરદામાં ઘણી લંબાણથી આપી છે. આજ મુજબ વીસ્પરદનું તમામ ભણતર ભણાય છે. વીસ્પરદનો બીજો કરદો એ યજશ્નના બીજા હાનો વધારો છે. વીસ્પરદનો ત્રીજો તથા ચોથો કરદો ૧૧ માં હાની વચમાં ભણાય છે, એટલે એ ૧૧ મા હાનો વધારો છે. વીસ્પરદનો પાંચમો કરદો, યજશ્નના ૧૪ મા હાને બદલે ભણાય છે, એટલે ૧૪ માં હા કરતાં પાંચમાં કરદામાં કેટલાંક વધારે વાકયો સમાયલાં છે; બંનેની મુખ્ય બાબદ સરખીજ છે. તેજ પ્રમાણે વીસ્પરદનો છઠો કરદો, યજશ્નના ૧૫ માં હા ઉપર વધારો છે. આ મુજબ વીસ્પરદનો ૧૧ મો કરદો યજશ્નના ૨૪ તથા ૨૫ માં હાનો વધારો છે, તેમજ ૧૨ મો કરદો, ૨૭ માં હાના ફકરા ૬–૭ નો વધારો છે. આ ઉપરાંત, વીસ્પરદનાં કેટલાક કરદાઓ



યજશ્નનાં કેટલાક હાઓનાં વધારા તરીકે યજશ્નના હાઓ શરૂ થાય તે આગમજ અથવા આખા પૂરા થયા પછી ભણાય છે. જેમ કે: કરદો ૯ મો હોમને લગતી બાબદનો છે, તે યજશ્નના હા ૨૨ ના વધારા તરીકે હા ૨૨ ની અગાઉ ભણવામાં આવે છે. વીસ્પરદનો કરદો ૧૩ યજશ્નના હા ૨૮–૨૯–૩૦ ની વખાણમાં લખાયો છે; અને આ હાઓ પૂરા થયા પછી તે ભણવામાં આવે છે. કરદો ૧૪ તે અહુનવદ ગાથાની વખાણમાં છે, તે ગાથાના હા પૂરા થયા પછી ભણાય છે. વીસ્પરદના ૧૫ અને ૧૬ માં કરદા હપ્તન્ યશ્તની પૂરવણી તરીકે છે, અને તેથી ૧૫ મો કરદો શરૂઆતમાં (હા ૩૫ અગાઉ) અને ૧૬ મો કરદો હપ્તન યશ્ત પૂરી થયા પછી (હા ૪૨ પછી) ભણવામાં આવે છે. તેજ પ્રમાણે વીસ્પરદનાં કરદા ૧૮, ૧૯, ૨૦ અને ૨૩ અનુક્રમે ઉશ્તવદ, સ્પેન્તોમદ, વોહુક્ષથ્ર અને વહીશ્તોઇશ્ત ગાથાની વખાણમાં લખાયલા છે, અને દરેક ગાથાનું ભણતર પૂરૂં થયા પછી તેની વખાણને લગતો તે કરદો ભણવામાં આવે છે. યજશ્નના ૫૪ થી ૭૨ હાઓમાં ઘણોક વધારો કરીને લંબાણ ભણતર વીસ્પરદના છેવટનાં ભાગમાં ભણવામાં આવે છે.

**વીસ્પરદની ક્રિયાના હીંગામો.**

આપણા મોબેદી રિવાજ પ્રમાણે જેમ યજશ્નનું ભણતર કોઇ પણ દિવસે ભણવામાં આવે છે, તેમ વીસ્પરદની બાબદમાં નથી. વીસ્પરદ અમુક હીંગામો ઉપરજ ભણવામાં આવે છે. એક નાવર થનાર છોકરાને ચોથે દિવસે તેમજ ગેતીખરીદની ક્રિયાનાં છેલ્લા દિવસે વીસ્પરદની ક્રિયા કરાવવામાં આવે છે અને તે ઉપરાંત વરસનાં છ ગાહમ્બારોનાં હીંગામ ઉપર, દરેક ગાહમ્બારનાં પાંચ દિવસો ઉપરજ વીસ્પરદનું ભણતર અને ક્રિયા કરવામાં આવે છે.

**વીસ્પરદમાં સમાયલી બાબદો.**

વીસ્પરદ શબ્દનો અર્થ દેખાડે છે તે મુજબ વીસ્પરદનાં ભણતરમાં ગેતીની પેદાયશો ઉપર સરદારી ભોગવતા રતુઓ તેમજ મીનોઇની પેદાયશો ઉપર સરદારી ભોગવતા રતુઓની આરાધના સમાયલી છે. આ ઉપરાંત દાદાર અહુરમઝ્દ, અમેશાસ્પંદો, યઝદોની આરાધના તેમજ પ્રખ્યાત બંદગીઓ અને ક્રિયાઓની સ્તુતિ વીસ્પરદનાં ભણતરમાં સમાયલી છે.

કરદા.

વીસ્પરદ અને યશ્તોનાં પ્રકરણ માટે 'કરદા' શબ્દ વપરાય છે. એ શબ્દ 'કરૂ' અથવા 'કૅરે' (=કાપવું, છુટું કરવું) એવા મૂળ શબ્દ ઉપરથી નીકળ્યો છે. એ મૂળ શબ્દ ઉપરથી 'કરૂ-તિ' અથવા કૅરૅ-ઈ-તિ અથવા 'કર્તક' (=કાપેલું, છુટું કરેલું, ભાગ, પ્રકરણ) એવા શબ્દો હોવા જોઇએ અને તે ઉપરથી પહેલવીમાં 'કર્તક્' અથવા 'કર્દક્' અને ફારસીમાં 'કરૂદેહ્' શબ્દો નીકળ્યા; કે જે આપણે 'કરદા' તરીકે વાપરીએ છીએ.

કરદા ૧-૨.

વીસ્પરદના પહેલા બે કરદામાં તમામ પેદાયશો ઉપર સરદારી ભોગવતા જુદા જુદા રતુઓને નામ સાથે ક્રિયામાં આમંત્રણ કરી, આદરમાન આપવામાં આવે છે. આ કરદાઓમાં વરસના છ ગાહમ્બારોનાં હીંગામને લગતી વિગત ખુલાસાથી આપવામાં આવી છે; અને તેથી ગાહમ્બારના હીંગામો માટેનું એ ખાસ ભણતર છે. ગાહમ્બારો એ રૂતુઓના હીંગામો છે એમ વીસ્પરદનાં પહેલા બે કરદાઓ ઉપરથી ખુલ્લું પુરવાર થાય છે. આ ઉપરાંત અસલની વખણાયલી બંદગીઓની યાદ આ કરદાઓમાં સમાયલી છે.

કરદો ૩.

ત્રીજો કરદો અસલના વખતમાં થતી ક્રિયાઓ ઉપર ઘણું અજવાળું નાખે છે. આ કરદામાં ક્રિયાઓ વખતે હાજર રહેનાર ક્રિયા કરનાર ધર્મગુરૂઓનું ગોયા હાજરીપત્ર છે. આ કરદા ઉપરથી માલમ પડે છે કે અસલના જમાનામાં યજશ્ન, વીસ્પરદ વિગેરેની ક્રિયામાં ૮ મોબેદો ક્રિયા કરતા હોવા જોઇએ; આજે ફક્ત બે મોબેદો આ ક્રિયા કરે છે. વીસ્પરદની ક્રિયામાં હાલમાં રાથવી (અવસ્તા-રથ્વીશ્કર) સાત જુદી જુદી જગ્યાએ ઉભો રહી, બધા મોબેદોનું કામ એકલોજ કરે છે.

કરદા ૪ થી ૬.

કરદા ચોથામાં ભલા વિચારોની અને વખતસરની બંદગીની સ્તુતિ છે. પાંચમાં કરદામાં અમેશાસ્પંદોની સ્તુતિ કરી, ક્રિયા કરનાર અહુરમજ્દ તેમજ અમેશાસ્પંદો ઉપર પોતાનો એતેકાદ અને વિશ્વાસ જાહેર કરી, સર્વસ્વ તેમને અર્પણ કરે છે. છઠા કરદામાં અમેશાસ્પંદોની સ્તુતિ અને આરાધના સમાયલી છે.



કરદા ૭-૮.

સાતમાં કરદામાં ભલા સખુનો, ભલી હિંમત અને ફતેહની તેમજ તમામ સદ્ગુણોની આરાધના કરવામાં આવે છે અને ભલી પેદાયશોની વખાણ કરવામાં આવે છે. આઠમા કરદામાં યજદો તથા અમેશાસ્પંદોની ખુશાલીની વિગતો સમાયલી છે.

કરદા ૯-૧૦.

વીસ્પરદના કરદા ૯ માં હોમની વખાણ, હોમથી થતા ફાયદાઓ, અહુરમજ્દ, અમેશાસ્પંદો અને યજદોની ભક્તિ તેમજ ભલી બંદગીઓની વખાણ કરવામાં આવી છે. તેમજ કરદા ૧૦ માં પૃથ્વીના સાત ભાગોની, તેમજ ક્રિયામાં વપરાતા આલાતોની વખાણ કરવામાં આવી છે.

કરદા ૧૧-૧૨.

વીસ્પરદના ૧૧-૧૨ કરદામાં હોમને લગતી વધુ બીનાઓ સમાયલી છે. દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો અને યજદોની આરાધના ઉપરાંત હોમને છૂંદીને રસ કાઢવાની ક્રિયા, તે માટે વપરાતા આલાતો, હોમની ક્રિયાથી થતા ફાયદા વિગેરેની લંબાણથી યાદ કરવામાં આવી છે.

કરદો ૧૩.

કરદા ૧૩ માં દાદાર અહુરમજ્દ, અમેશાસ્પંદો, સાચ્ચા કલામો તથા માથ્રવાનીની યાદ કરવામાં આવી છે; તેમજ ત્યારપછી પહેલ્લે દરજ્જેની ત્રણ બંદગીઓની યાદ કરવામાં આવી છે. આ ત્રણ બંદગી તે અહુનવદ ગાથાના પહેલા ત્રણ હા હોય; કારણ કે અહુનવદ ગાથાના ત્રણ હા પછી વીસ્પરદનો આ કરદો ભણવામાં આવે છે.

કરદો ૧૪.

કરદો ૧૪ અહુનવદ ગાથાની સ્તુતિમાં લખવામાં આવ્યો છે. એમાં અહુનવદ ગાથાને તેના ફકરા, શરેહ, તેના કવિતાઇ પદો અને સુર સાથે યાદ કરવામાં આવે છે. ક્રિયા કરનાર પોતાની શક્તિ પ્રમાણે અહુનવદ ગાથાની અને અશોઇના સરદાર 'અહુ' તથા 'રતુ'ની યાદ કરે છે.

કરદો ૧૫.

કરદો ૧૫ મો યશ્ન હપ્તંગ્ હાઇતિની શરૂઆતમાં ભણવામાં આવે છે. આ કરદો તેમાં સમાયલા ઉમદા વિચારો માટે ઘણો અગત્યનો છે. પહેલાજ ફકરામાં જણાવવામાં આવે છે કે:

'અય જરથોસ્તી મજદયસ્નાનો! લાયક, વખતસરનાં નેક કામો કરવા માટે તથા નાલાયક, કવખતનાં બુરાં કામો નહિં કરવા માટે તમારો હાથ, પગ, હુશીયારી ઉસ્તવાર રાખો. સારો ઉદ્યોગ કરી; તંગીમાં આવેલાઓને તંગી વિનાના કરો.'

શરૂઆતનાં આ ઉતમ સખુનો પછી દાદાર અહુરમજ્દની યજશ્ન કરવા માટે અને યશ્ન હપ્તંગ્ હાઇતિનાં સ્મરણ માટે તાબેદારીની માગણી કરવામાં આવે છે અને યશ્ન હપ્તંગ્ હાઇતિની વખાણ કરવામાં આવે છે.

**કરદા ૧૬–૧૭.** કરદા ૧૬–૧૭ પણ યશ્ન હપ્તંગ્ હાઇતિની વખાણમાં લખાયા છે, જે યશ્ન હપ્તંગ્ હાઇતિના સાત હા ભણ્યા પછી ભણવામાં આવે છે. આ કરદામાં આતશ, સરોશ તથા અશોઓનાં ફરેહરોની, અને યશ્ન-હપ્તંગ્ હાઇતિની વખાણ કરવામાં આવે છે. તેમજ પયગમ્બર સાહેબ સ્પિતમાન જરથુશ્ત્રની અશોઇની અને તેમના ફરોહરની યાદ કરવામાં આવે છે.

**કરદો ૧૮.** કરદો ૧૮ મો ઉશ્તવદ ગાથાની વખાણ માટે લખવામાં આવ્યો છે. એ કરદામા દાદાર અહુરમજ્દની, અમેશા-સ્પંદોની, અશોનરની અને અહુરમજ્દની સૌથી પહેલી પેદાયશની યાદ કર્યા બાદ અશો માણસને સુખ અને બુરાં માણસની પીડા વિષે દુઆ ગુજારવામાં આવે છે.

**કરદો ૧૯.** કરદો ૧૯ મો સ્પેન્તોમદ ગાથાની તારીફ માટે લખવામાં આવ્યો છે. તેમાં સ્પેન્તામઇન્યુ અને વૃદ્ધિ કરનાર મીનોની, આબાદીને માટે પેદા કીધેલી અશો પેદાયશોની અને ખોરશેદની રોશનીની વખાણ કરવામાં આવી છે.

**કરદો ૨૦.** કરદો ૨૦ મો વોહુક્ષથ્ર ગાથાની વખાણમાં લખવામાં આવ્યો છે. એ કરદામાં શેહરેવર કે જે ધાતુ, ખજાના અને પાદશાહી ઉપર મવક્કલ છે તેની યાદ કરવામાં આવી છે અને વોહુક્ષથ્ર એટલે ભલી સત્તા મારફતે મળતી સુખાકારી, આબાદી અને વૃદ્ધિની સ્તુતિ કરવામાં આવી છે.



**કરદો ૨૧.** કરદો ૨૧ મો ભલાં પાણીઓની વખાણને માટે લખવામાં આવ્યો છે તેમાં ભલાં પાણીઓથી ઉપજતા ફાયદાઓની વખાણ કરવામાં આવી છે અને નિર્મળ પાણીઓની તથા ફળ ઉત્પન્ન કરનાર ઝાડોની ખૂબીઓ ગાવા ઉપરાંત તાબેદારી, રહેમદીલી, સખાવત, ઇલમ તથા ખરાં દિલની બંદગીની વખાણ કરવામાં આવી છે.

**કરદો ૨૨.** કરદા ૨૨ માં અમેશાસ્પંદો અને સોષ્યન્તોની કીર્તિની યાદ કરવામાં આવી છે; તે પછી ભલા માણસની યાદ કરવામાં આવી છે અને દુનિયાનાં લોકોનાં ફાયદા માટેનાં સખાવતનાં ઉત્તમ કામો મારફતે બહેસ્ત ઇચ્છવામાં આવે છે. તે પછી ભલાં માણસની યાદ કરી બુરાં માણસોની સંગતથી દૂર રહેવાનું અને તેનાં કાંઇ પણ વિચાર, વચન અને આચરણ પોતાની ઉપર સરસાઇ નહિં ભોગવે એવું ઇચ્છવામાં આવે છે.

**કરદો ૨૩.** કરદો ૨૩ મો વહીશ્તોઇશ્ત ગાથાની યાદમાં લખવામાં આવ્યો છે. આ કરદામાં અહુરમજ્દ, અમેશાસ્પંદો અશો નર, ઉત્તમ અશોઈ, અને બહેશ્તના ઉત્તમ માર્ગની યાદ કરવામાં આવી છે; તેમજ તેનાથી મળતી સુખાકારી, તનદરૂસ્તી અને વૃદ્ધિની યાદ કરવામાં આવી છે.

પ્રકરણ નવમું.

## યશ્ત સાહિત્ય.

**'યશ્ત' શબ્દનો અર્થ.**

અવસ્તા 'યેશ્તિ' (ધાતુ 'યજ્'=આરાધના કરવી) ઉપરથી 'યશ્ત' શબ્દ નીકળ્યો છે. 'યેશ્તિ' (યશ્ત) શબ્દનો અર્થ 'યશ્ન' (યજ્શ્ન) ના જેવોજ થાય છે અને આ બંને શબ્દો અવસ્તાના એકજ મૂળ શબ્દ 'યજ્' ઉપરથી નીકળ્યા છે; પરંતુ આ બંને શબ્દો જરથોસ્તી સાહિત્યમાં ખાસ અર્થે વપરાય છે, અને તે બંને શબ્દો જુદાં જુદાં ભણતરોને લાગુ પડે છે. આપણે આગળ જોયું છે તેમ, 'યશ્ન' (યજ્શ્ન)નાં ભણતરમાં દાદાર અહુરમઝ્દ, સઘળા અમેશાસ્પંદો અને યજ્દોની સામટી યાદ અને આરાધના કરવામાં આવી છે; પરંતુ 'યશ્ત' સાહિત્યમાં દરેક યજ્દની સ્તુતિ અને આરાધના માટે ખાસ જુદી યશ્ત લખવામાં આવી છે. દાખલા તરીકે હોરમજ્દ યશ્તમાં મુખ્યત્વે દાદાર અહુરમઝ્દની વખાણ અને આરાધના છે; અરદીબહેશ્ત યશ્ત ખાસ અરદીબહેશ્ત અમેશાસ્પંદની સ્તુતિ માટેજ લખવામાં આવી છે. આ પ્રમાણે દરેક યશ્તમાં, જે યજ્દને માટે તે યશ્ત ખાસ રચવામાં આવી હોય તેનીજ વખાણ મુખ્યત્વે સમાયલી હોય છે.

**હૈયાત યશ્ત સાહિત્ય.**

આપણી દંતકથા પ્રમાણે એક વખતે દરેક અમેશાસ્પંદ અને દરેક યજ્દની વખાણમાં જુદી જુદી યશ્ત લખાયલી હતી. જમાનાની ગીરદેશથી આ બહોળાં યશ્ત સાહિત્યનો કેટલોક ભાગ નાશ પામ્યો છે. હાલમાં આપણી પાસે ૨૧ યશ્તોનું લખાણ કાંઇક સારી હાલતમાં છે; જ્યારે બીજી ત્રણ કે ચાર યશ્તોનાં થોડાક ભાગો માત્ર બચી રહેલા મળે છે.

દાદાર અહુરમઝ્દ, અમેશાસ્પંદો અને યજ્દોની સ્તુતિ અને આરાધના ઉપરાંત તવારિખી બાબદો એ યશ્ત સાહિત્યનું ઘણું



**યશ્ત સાહિત્ય– આપણું અવસ્તા શાહનામુ.**

અગત્યનું અને મહત્વનું તત્વ ગણાય છે. પેશદાદિયન અને કયાનિયન શહેનશાહોને લગતી ઘણી અગત્યની તવારિખી વિગતો યશ્ત સાહિત્યમાંથી મળે છે. ફીરદુસીએ પોતાનાં શાહનામામાં પેશદાદિયન અને કયાનિયન શહેનશાહોની તવારિખી વિગતો યશ્ત સાહિત્યમાંથી કે તે ઉપરથી લખાયલી તવારિખી કેતાબોમાંથી લીધી હોય એ તદન બનવાજોગ છે. આ પ્રમાણે યશ્ત સાહિત્ય તે ગોયા ઈરાની પ્રજાનું અવસ્તા જમાનાનું શાહનામુ–અવસ્તા જમાનાનું ઉમદા વીરરસ કાવ્ય (epic) કહેવાય.

**યશ્ત ૧ હોરમઝ્દ યશ્ત.**

અવસ્તા સાહિત્યનાં શિક્ષણ પ્રમાણે તમામ જગતનો પેદા કરનાર, તેનો કારોબાર ચલાવનાર, તેના કાયદા ઘડનાર એક મહાપ્રતાપી, સર્વ શકિતમાન અને સર્વજ્ઞાની સાહેબ છે. અવસ્તા સાહિત્યમાં આ સર્વોપરી અને સર્વોત્તમ સાહેબને 'અહુર મઝ્દ' એવાં નામથી ઓળખ્યો છે. અવસ્તા 'અહુર'નો અર્થ (અવસ્તા 'અહ્'=હોવું, હસ્તી ભોગવવી ઉપરથી) 'હસ્તી ધરાવનાર સાહેબ,' 'હસ્તીનો સાહેબ' એવો થાય છે. 'મજ્દ'નો અર્થ ('મજ્+દા' ઉપરથી) 'મહાજ્ઞાની' એવો થાય છે. અવસ્તા સાહિત્યમાં 'અહુર મઝ્દ' ઉપરાંત 'મઝ્દ અહુર' અથવા 'અહુર' અથવા 'મઝ્દ' એવા શબ્દો પણ એ સર્વોત્તમ સાહેબ–ખુદા ને માટે વપરાય છે. પાછળથી 'અહુર' અને 'મઝ્દ' એ બે શબ્દો જોડાઇને એકજ શબ્દ 'અહુરમઝ્દ' બન્યો. આવી રીતે બે શબ્દોનાં જોડાણથી બનેલો 'અહુરમઝ્દ' શબ્દ પહેલવહેલો હખામનિયન શહેનશાહોના ખીલારોકી લેખોમાં મળે છે. આ 'અહુરમઝ્દ' ઉપરથી નીકળેલો 'હોરમજ્દ' શબ્દ પહેલવી, પાજંદ તેમજ ફારસી ભાષાઓમાં વપરાયો, અને હાલે આપણ જરથોસ્તીઓ સાધારણરીતે આપણા પાક પેદા કરનાર મહાજ્ઞાની સાહેબને 'હોરમજ્દ'નાં નામથી ઓળખ્યે છીએ.

દાદાર અહુમઝ્દની વખાણ, સ્તુતિ અને આરાધના માટે હોરમજ્દ યશ્ત લખવામાં આવી છે. હોરમજ્દ યશ્તમાં આવેલાં દાદાર અહુરમઝ્દનાં નામો અસલી ઇરાની પ્રજાનાં ખુદા વિષેનાં જ્ઞાનનો ખ્યાલ આપે છે. દાદાર અહુરમઝ્દ તમામ હસ્તીનો સાહેબ છે,

તે સર્વેનો પેદા કરનાર અને પાલણહાર છે. તે સર્વજ્ઞાની, સર્વ-શક્તિમાન અને સર્વવ્યાપક છે. તે રક્ષણ કરનાર, સર્વથી શ્રેષ્ઠ અશોઇવાળો, તમામ ચીજોનો પેદા કરનાર, સંપૂર્ણ ડહાપણ અને અક્કલવાળો, વૃદ્ધિ અને આબાદી કરનાર છે. તે જીંદગી બક્ષનાર, ફાયદેમંદ, બીનહરિફ, અજિત, હિસાબ રાખનાર, ઈનસાફ આપનાર તનદરૂસ્તી આપનાર, સર્વજ્ઞાની, સર્વશકિતમાન, રોશની આપનાર, અને ડહાપણવાળો છે. હોરમજ઼દ યશ્તમાં જણાવવા પ્રમાણે દાદાર અહુરમજ઼્દનાં નામોની યાદ માણસને અનેક જાતની આફ્ત અને ખરાબીમાંથી બચાવે છે.

**યશ્ત ૨**
**હપ્તન યશ્ત.**

બીજી યશ્ત સાધારણરીતે 'હપ્તન યશ્ત'નાં નામથી ઓળખાય છે. અવસ્તામાં આ યશ્તને 'યસ્ન હપ્તંગ્ હાઇતિ' એટલે 'સાત પ્રકરણો સાથની યસ્ન' એવાં નામથી ઓળખવામાં આવે છે. આ યશ્ત 'હફ્ત અમેશાસ્પંદ યશ્ત' (સાત અમેશાસ્પંદોની યશ્ત) એવાં નામથી પણ ઓળખાય છે. સાધારણરીતે બે હપ્તન યશ્તો ગણાય છેઃ એક મોટી હપ્તન યશ્ત અને બીજી નાની હપ્તન યશ્ત. આપણે ઉપર જોયું તે પ્રમાણે અવસ્તામાં 'યસ્ન હપ્તંગ્ હાઇતિ' વિષે જે ઈશારાઓ મળે છે તે મોટી હપ્તન યશ્ત યાને સાત પ્રકરણોવાળી યશ્તને માટે છે. આ યશ્તની શરૂઆતમાં સાત અમેશાસ્પંદોની સ્તુતિનું ભણતર આવે છે તે દેખાડે છે કે આ યશ્ત સાત અમેશાસ્પંદોની સ્તુતિ માટે લખાઈ છે. મોટી હપ્તન યશ્તનું ભણતર યજ઼શ્નના હા ૩૫ થી હા ૪૨ સુધીનાં ભણતરનું બનેલું છે. નાની હપ્તન યશ્તમાં હંમેશના શરૂઆતનાં ભણતર પછી અમુક ભણતર ભણવામાં આવે છે, જેનાં અવસ્તા બગડેલી હાલતમાં છે. મોટી હપ્તન યશ્ત અને નાની હપ્તન યશ્ત એવા બે વિભાગો પાછલા વખતમાં બનાવવામાં આવ્યા હોય એમ દેખાય છે.

**યશ્ત ૩**
**અરદીબહેશ્ત યશ્ત.[1]**

અરદીબહેશ્ત અમેશાસ્પંદની સ્તુતિ અને આરાધના માટે અરદીબહેશ્ત યશ્ત લખવામાં આવી છે. આ ઉપરાંત 'અર્ઇર્યમન્'



(સંસ્કૃત 'અર્યમન્')ની બંદગીની સ્તુતિ અને તેથી થતી અસરોની વિગતો આપવામાં આવી છે. અરદીબહેશ્ત યશ્તમાં અવસ્તા જમાનાના વૈદ્યોની વિગતો મળે છે. તે જમાનામાં પાંચ જાતનાં વૈદ્યો જણાયલા હતા. (૧) અશોઇથી, (૨) ઈનસાફથી, (૩) વહાડકાપથી, (૪) ઝાડપાલાથી અને (૫) માંથ્રવાણીથી તનદરૂસ્તી આપનારા વૈદ્યો અવસ્તા જમાનામાં હતા. આ સઘળા વૈદ્યોમાં માંથ્રવાણી ભણીને તનદરૂસ્તી આપનાર વૈદ્યને સર્વથી સરસ અને બધા વૈદ્યોમાં ઘણોજ તનદરૂસ્તી આપનાર કહ્યો છે.[2] અરદીબહેશ્ત યશ્તનાં છેવટનાં ભાગમાં દુઃખ તેમજ ખરાબઅસરોને દૂર કરવા માટે સ્વ-સૂચનાઓનું ભણતર સમાયલું છે.

**યશ્ત ૪**
**ખોરદાદ યશ્ત.**

ખોરદાદ અમેશાસ્પંદ વખતનો સરદાર છે, અને તેથી ખોરદાદ યશ્તની શરૂઆતમાં વરસનાં હીંગામો અને ફસલોની યાદ કરવામાં આવી છે. ત્યારપછી 'માંથ્રવાણી' અને 'કસ' (બરશ્નુમની ક્રિયામાં ખેંચવામાં આવતી પાવી)ની વિગતો મળે છે.

**યશ્ત ૫**
**આવાં યશ્ત.**

આવાં અરદવીસુર–પાણી ઉપર મવક્કલ ફરેસ્તા–ની વખાણમાં લખાયલી આવાં યશ્તમાં આવાં અરદવીસુરની ખૂબીઓનું અલંકારિક વર્ણન કેટલેક દરજ્જે કવિતારૂપમાં આપવામાં આવ્યું છે. અહુરમજ઼્દે ઘર, મહોલ્લા, કસબા અને દેશની આબાદી અને રક્ષણને માટે અરદવીસુરને પેદા કીધી. આવાં યશ્તમાં જણાવવા પ્રમાણે દાદાર અહુરમજ઼્દે અરદવીસુરને આરાધી. આ લખાણ ઉપરથી જ઼રથોશ્તી ધર્મનાં એકઈશ્વિરવાદીમત સામે શંકાની નજરથી જોવામાં આવે છે; પરંતુ આ લખાણથી દાદાર અહુરમજ઼્દનાં સર્વોપરીપણાને જરાપણ અલવલ આવતી નથી. આવાં યશ્તનાં

---

૧ અવસ્તા 'બહમન યશ્ત' આપણી પાસે હૈયાત નથી; પણ તેનો પહેલવી તરજુમો જળવાઇ રહ્યો છે. તે 'જ઼દે વોહુમન યશ્ત' (યાને બહમન યશ્તની જ઼ંદ, શરેહ)નાં નામથી ઓળખાય છે.

૨ સરખાવો વંદિદાદ પરગરદ ૭, ફ. ૪૪

ફકરા ૬ માં ખુલ્લા શબ્દોમાં કહેવામાં આવે છે કે દાદાર અહુરમજ્દે પોતે અરદવીસુરને 'પેદા કીધી'; અને આવી રીતે અરદવીસુર પોતાની હસ્તીને માટે દાદાર અહુરમજ્દને આભારી છે એ બીના બીજાં ઘણાં લખાણો ઉપરથી માલમ પડે છે. તે ઉપરથી અરદવીસુર અહુરમજ્દથી સ્વતંત્ર છે એમ આવાં યશ્તનો લખનાર કહેવા માંગતોજ નથી એમ ખુલ્લું પૂરવાર થાય છે. ઉપલા શબ્દોમાં દાદાર અહુરમજ્દે ગોયા અરદવીસુરને અરજ કરી અથવા તો હુકમ કીધો તેનું વર્ણન અલંકારિક ભાષામાં આપવામાં આવ્યું છે. અરદવીસુરને પેશદાદિયન શાહ હોશંગે આરાધી, પોતે આ દુનિયા ઉપર બુરા માણસોને તાબે કરી ભલી પાદશાહી મેળવે એવી મુરાદ ચાહી; અને તે મુરાદ તેને મળી. એજ રીતે પેશદાદિયન તેમજ કયાનિયન વંશોના પાદશાહો અને પહેલવાનો–શાહ જમશેદ, કેરશાસ્પ, કયકાઉસ, કયખુશરો, તુસ, જામાસ્પ, ગસ્તહમ, ગોશ્તફ્રીયાન, કયવિશ્તાસ્પ, હવોવ, અને નોદર ખાનદાનનાં પહેલવાનો વિગેરેએ અરદવીસુરને આરાધી, પોતાની ભલી મુરાદો મેળવી. આ ઉપરાંત ઝોહાક, અફ્રાસીયાબ, અરજાસ્પ અને બીજાઓએ ભલી અને બહાદુર 'અરેદવી'ને આરાધી, પણ અરદવીસુરે તેઓની બુરી મુરાદો બક્ષી નહિ. આ યશ્તમાં જણાવવા પ્રમાણે અરદવીસુરની આરાધના અમુક સંખ્યાનાં ઘોડા, બળદ અને ગોસ્પંદો સાથે કરવામાં આવે છે. આ બાબદ પણ ઘોડા, બળદ કે ગોસ્પંદોનાં ભોગ આપવાની બીના પૂરવાર કરતી નથી. અવસ્તા જમાનામાં સીક્કાઓનું ચલણ ન હતું, અને તેથી ઉપયોગી વસ્તુઓની અદલાબદલીથી વહેવાર ચાલતો. ગાયઢોરો તે જમાનામાં માણસોની દોલત ગણાતી અને ગાયઢોરોની સંખ્યામાંજ માણસની દોલતની કિંમત થતી. વંદિદાદમાં એક વૈદની અને બરશ્નુમ આપનાર યોજ્દાથ્રેગરની મહેનતનાં બદલામાં દામ આપવા ઠેરવ્યું છે ત્યાં આપનારની શક્તિ અનુસાર જુદાં જુદાં નાનાં અથવા મોટાં જાનવરો અને ઢોરો આપવાની વિગતો મળે છે.[1] આ બીના દેખાડે છે કે અવસ્તા જમાનામાં માણસની

[1] વંદિદાદ પરગરદ ૭, ફ. ૪૧–૪૩; પરગરદ ૯, ફ. ૩૭–૩૯.



મીલકતની કિંમત ઢોરોની ગણત્રી ઉપરથી થતી હતી; અને તે મુજબ આવાં યશ્તનાં ઉપલાં લખાણમાં જણાવેલાં અમુક સંખ્યાનાં ઢોરોની કિંમતની ભેટો પાદશાહ પહેલવાનો અરદવીસુરને અર્પણ કરતા હતા.

**યશ્ત ૬ ખોરશેદ યશ્ત.**

ખોરશેદ યજદ સૂર્ય ઉપર મવક્કલ ગણાય છે. સૂર્યને માટે અવસ્તા શબ્દ 'હ્વરે'; અને તેનું હંમેશનું વિશેષણ 'ક્ષએત' (=રોશન) છે. આ બંને શબ્દો સાથે 'હ્વરે ક્ષએત' (=રોશન સૂર્ય) અવસ્તામાં વપરાયલા મળે છે; અને તેનું પહેલવી લખાણ 'હ્વર્ ક્ષીત', પાછળથી પહેલવી વાંચણની રૂઢી પ્રમાણે, 'ખુરશીત્' વંચાયુ; અને તે ઉપરથી સૂર્યને માટે 'ખુરશેદ' અથવા 'ખોરશેદ' એવા શબ્દો આપણે વાપરીએ છીએ. ખોરશેદ યશ્તમાં જણાવવા પ્રમાણે ખોરશેદ (=સૂર્ય) નાં ઉગવાથી આ દુનિયાને રોશની અને ગરમી મળે છે; આ દુનિયાની પેદાયશો પવિત્ર થાય છે, ખીલે છે અને વધે છે. ખોરશેદનાં ઉગવાથી અંધારાંમાં બુરાં કામો કરનારાઓ દફે થાય છે; અને તનદરૂસ્તીને નુકશાનકારક જીવજંતુઓનો નાશ થાય છે. આ લખાણ આજની સાયન્સની નજરે તદન વાજબી અને સચ્ચાઈભરેલું છે.

**યશ્ત ૭ માહ યશ્ત.**

અવસ્તા 'માઓંઘ્હ' શબ્દ ચંદ્રને માટે વપરાય છે. તે ઉપરથી નીકળેલો 'માહ' શબ્દ ચંદ્ર તેમજ ચંદ્રની ચાલ પ્રમાણેની ગણત્રીનાં 'મહીના'ને માટે પણ વપરાય છે. માહ યશ્તમાં જણાવવા પ્રમાણે ચંદ્રનાં ઉગવાથી ઝાડપાનો વધે છે અને ખીલે છે.

**યશ્ત ૮ તીર યશ્ત.**

તીર યશ્તમાં 'તેશ્તર' સેતારાનું વર્ણન મળે છે. 'તેશ્તર' સેતારાને 'Sirius' સાથે સરખાવવામાં આવ્યો છે. તીર યશ્તમાં જણાવવા પ્રમાણે 'તેશ્તર' સેતારો દૂર સુધી રોશની આપનાર અને પાણીનું મૂળ રાખનાર છે; અને તેથી 'તેશ્તર' વરસાદ ઉપર મવક્કલ ગણાય છે. તીર યશ્તમાં વરસાદ લાવનાર તેશ્તર અને પાણીની ટીપણી લાવનાર 'અપોશ' દેવ વચ્ચે થતી લડાઈનું અલંકારિક વર્ણન જાણીતું છે. તેશ્તરને 'આફ્રેશ્ ચિથ્ર'

એટલે 'પાણીનું મૂળ રાખનાર' કહ્યો છે; અને તેથી તે ફળદ્રુપ પ્રદેશોને આબાદી આપે છે. તેશ્તર દરિયાનાં પાણીમાં જોશ લાવે છે; તેથી તે પાણીની વરાળ ઉપર ચઢે છે. તે વાદળાં બનાવનાર વરાળને તેશ્તર આગળ ઘસડી જાય છે; ત્યાર પછી સખત પવન મારફતે વરસાદ, વાદળાં અને કરાં આખી હફ્ત કેશવર જમીન ઉપર પહોંચે છે. તીર યશ્તનાં આ અલંકારિક લખાણમાં માત્ર વાદળાં અને વરસાદ આવવાના કુદરતી બનાવોનું વર્ણન આપવામાં આવ્યું છે. વળી તેશ્તર 'દુજ્ યાઇર્ય' નામની પરી-બુરી શક્તિ-ને મારી હઠાવે છે. આ બીના પણ અલંકારિક ભાષામાં માત્ર કુદરતી બનાવનું વર્ણન રજુ કરે છે. 'દુજ્ યાઇર્ય' એટલે 'ખરાબ વર્ષ'. જે વર્ષે વરસાદ ઓછો પડે અથવા નહિં પડે, અને પાક સારો ઉતરે નહિં તે વર્ષને આપણે હાલે પણ 'ખરાબ વર્ષ' તરીકે ઓળખ્યે છીએ. આ પ્રમાણે તેશ્તર વરસાદ લાવી 'દુજ્ આઇર્ય' યાને 'ખરાબ વર્ષ'ની દેવીને દૂર કરે છે.

**યશ્ત ૯. ગોશ યશ્ત.**

ગોશ યશ્ત 'દ્રવાસ્પ યશ્ત'ને નામે પણ ઓળખાય છે; કારણ કે ગોશ યજદની સાથે 'દ્રવાસ્પ'ની આરાધના પણ આ યશ્તમાં કરવામાં આવે છે. ગોશ યશ્તમાં મુખ્યત્વે 'દ્રવાસ્પ'નીજ વિગતો મળે છે. ગોશ યજદ આ દુનિયા ઉપરની તમામ જાનદાર પેદાયશો ઉપર સરદારી ભોગવે છે. 'દ્રવાસ્પ'નો અસલ અર્થ 'ઘોડાને તનદરૂસ્તી આપનાર' એવો થાય છે. ગોશ યશ્તમાં દ્રવાસ્પને તમામ જાનવરોને તનદરૂસ્તી આપનાર જણાવ્યો છે. ગોશ યશ્ત ઉપરથી માલમ પડે છે કે દ્રવાસ્પ યજદની મદદથી શાહ હોશંગે માજનદરાનનાં તમામ દેવોને તાબે કર્યા; શાહ જમશેદે અહુરમજ્દની પેદાયશોની આબાદી અને વૃદ્ધિ કરી; માણસોમાંથી તેણે કવખતનો બુઢાપો, કવખતનું મોત, એકદમ ગરમ કે એકદમ થંડા પવનની આફતો દૂર કર્યાં; શાહ ફરીદુને 'ત્રણ મહોડાં, ત્રણ માથાં, છ આંખ અને હજાર યુક્તિવાળા નુકશાનકારક ઝોહાકને કેદ પકડયો; હોમે તુરાની અફ્રાસીયાબને હરાવ્યો અને તેને બાંધી શાહ કેખશરૂ પાસે લઇ ગયો; તેણે શ્યાવક્ષના તથા અગરેરસના કીનામાં અફ્રાસીઆબને માર્યો. પયગમ્બર અશો જરથુસ્ત્રે દ્રવાસ્પની આરાધના કરી દુઆ



ગુજારી કે સદ્ગુણી શહેનશાહબાનુ હુતોષ દીનનાં મત, વચન અને કામો પ્રમાણે અમલ કરે અને જરથોસ્તી ધર્મ કબુલ કરે. દ્રવાસ્પની મદદ વડે શાહ વિશ્તાસ્પે પોતાના દુશ્મનોને હરાવ્યા.

**યશ્ત ૧૦ મહેર યશ્ત.**

મહેર યજદ રાસ્તી, સત્યતા વચન, કૉલ, દોસ્તી, મિત્રાચારી વિગેરે સદ્ગુણો ઉપર સરદારી ભોગવે છે. વળી મહેર યશ્ત પ્રમાણે 'મિથ્ર' અથવા 'મહેર' યજદ સૂર્યની રોશની ઉપર પણ મવકકલ છે. 'સત્ય એજ રોશની' એ નિયમનો સ્વિકાર મહેર યશ્તમાં કરવામાં આવ્યો છે. રાસ્તી અને સત્યતા એ જરથોસ્તી ધર્મનો પાયો છે. કોઇને આપેલાં વચનનો ભંગ કરવો એ રાસ્તીનો ભંગ કર્યા બરાબર છે. પોતાનાં વચન ઉપર ઓસ્તવાર રહેવું એ અસલી ઇરાનીઓનો મોટો સદ્ગુણ હતો. મહેર યશ્તમાં કહે છે તેમ અશો માણસને કે બુરાં માણસને આપેલો કોલ એકસરખી રીતે બંધનકર્તા છે; અને તેથી એ બંનેને આપેલા કોલનું પાલન કરવું જોઇએ. જેઓ પોતાના આપેલા કોલનું પાલન કરે છે તેમને મહેર યજદ મદદ કરે છે; જ્યારે કોલ તોડનારાઓને સજા કરે છે. મહેર યશ્ત પ્રમાણે અસલી ઇરાની પાદશાહો અને પહેલવાનો મહેર યજદની આરાધના કરી લડાઇમાં તેની મદદ માગતા હતા. અવસ્તા સાહિત્યમાં સત્યતા અને પ્રમાણિકપણાંને એટલી બધી અગત્યતા આપવામાં આવી છે કે આ સદ્ગુણો ઉપર સરદારી ભોગવનાર મહેર યજદને મહેર યશ્ત (ફ. ૧) માં ગોયા 'અહુરમજ્દનાં જેટલો યજશ્નને લાયક અને આરાધનાને લાયક' ગણ્યો છે. મહેર યશ્તમાં મહેર યજદને ઇનસાફનો ફાયદો આપનાર (ફ. ૨૫), ગુનેહગારોને વાજબી શિક્ષા કરનાર (ફ. ૨૬), દશ હજાર ઘણી ચોકસી રાખનાર, તમામ જાણનાર, અને ઠગાય નહિં એવો (ફ. ૨૭), ગુનેહગારોને શોધી કાઢનાર (ફ. ૩૫), હજાર કાનની શક્તિ ધરાવનાર" તેમજ દશ હજાર આંખના જેટલી જોવાની શકિત ધરાવનાર (ફ. ૪૬) કહ્યો છે; અને તે ઉપરથી પાછલાં લખાણોમાં મહેર યજદને માણસોના કામોનો ઇનસાફ કરનાર તરીકે જણાવ્યો છે.

'મિથ્ર' અથવા 'મહેર' યજદ તે હિંદુભાઇઓનો 'મિત્ર' દેવતા છે. બંનેનાં કામોમાં ઘણે દરજ્જે મળતાપણું જોવામાં આવે છે.

મિથ્ર અથવા મહેર યજ્દની પરસ્તેશ એક વખતે ઇરાનના ઘણા મોટા ભાગમાં ફેલાઈ હતી; એટલુંજ નહિં પણ યુરોપનાં કેટલાક દેશોમાં પણ તે પંથરાઈ હતી.[1]

**યશ્ત ૧૧**
**સરોશ યશ્ત હાદોખ્ત.**

અવસ્તાનાં અસલ ૨૧ નસ્કોમાંનું એક નસ્ક 'હાદોખ્ત' છે. જેનું અવસ્તા નામ 'દદત્' છે. આ નસ્ક ગાસાનીક નસ્કો માંહેલું એક છે. આ 'હાદોખ્ત નસ્ક'માંથી 'સરોશ યશ્ત હાદોખ્ત' નામે ઓળખાતી યશ્તનું લખાણ લેવામાં આવ્યું છે કે કેમ તે ચોકસપણે કહી શકાતું નથી. સરોશ યશ્ત હાદોખ્તમાં જણાવવા પ્રમાણે ભલી નિષ્ઠા સાથે ખરાં દિલની કીધેલી બંદગી માણસને ઘણે દરજ્જે ફાયદો કરી શકે છે. બધી બંદગીઓમાં અહુનવરની બંદગી ઘણીજ અસરકારક અને ફતેહમંદ છે. સરોશ યજ્દ તમામ હફ્ત કેશવર જમીન ઉપર પાસબાની કરે છે; અને તમામ પેદાયશોને દરૂજનાં હુમલાથી બચાવે છે. જે ઘરમાં અશો સરોશ યજ્દ માન પામેલો હોય, તેમજ જે ઘરમાં અશો માણસો ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામોમાં આગળ વધેલાં હોય તે ઘરની અશો સરોશ યજ્દ પાસબાની કરે છે.

બીજી સરોશ યશ્ત કે જે 'સરોશ યશ્ત વડી'ને નામે ઓળખાય છે તેનું ભણતર યજ્શ્ન હા ૫૭ માંથી લેવામાં આવ્યું છે.

**યશ્ત ૧૨**
**રશ્નુ યશ્ત.**

અવસ્તા 'રશ્નુ' શબ્દનો અર્થ 'સત્યતા', 'રાસ્તી' એવો થાય છે. 'રશ્નુ' યજ્દ સચ્ચાઇ ઉપર સરદારી ભોગવનાર ફરેસ્તો છે; અને રશ્નુ યશ્ત 'રશ્નુ યજ્દ'ની વખાણને માટે લખાઈ છે. રશ્નુ યશ્ત પ્રમાણે દાદાર અહુરમજ્દ 'નહિં ઠગાય એવી અક્કલવાળો અને સર્વજ્ઞાની' છે. પવિત્ર માંથ્રવાણીનાં કલામો રાસ્ત, આબાદી કરનાર, તનદુરસ્તી આપનાર, પ્રતાપવાળા અને કૌવત ધરાવનાર છે. રશ્નુ યજ્દ રાસ્ત, તમામ જાણકાર અને રાસ્ત માણસને ટેકો આપનાર છે.

---

1 મહેર યજ્દને લગતી વધુ વિગતો માટે જુઓ, 'જરથોશ્તી વિષયો' માનો વિષય: દરેમહેર-મહેર યજ્દની દરબાર, પા. ૧૯૯-૨૦૬



**યશ્ત ૧૩.**
**ફરવરદીન યશ્ત.**

અવસ્તા સાહિત્યમાં 'ફ્રવષી' અને પાછલાં લખાણો પ્રમાણે 'ફરોહર'ની વિગતો ઘણી અગત્યની જગ્યા રોકે છે. અવસ્તા પ્રમાણે માણસનું બંધારણ મીનોઇ અમર તત્વો તથા બાકી નાશવંત તત્વોનું બનેલું છે; તેમાં 'ફ્રવષી' એક અમર તત્વ છે. આ દુનિયા ઉપરનાં માણસનાં કાર્યો માટે માણસનું 'રવાન' જવાબદાર અને જોખમદાર છે; જ્યારે 'રવાન'ના સાથી, સલાહકાર અને રાહબર તરીકે 'ફ્રવષી' અથવા 'ફરોહર' કાર્ય કરે છે. ફરવરદીન યશ્તમાં 'ફ્રવષી'ની આરાધના તેમજ તેનાં કામોનું લંબાણ વર્ણન આપવામાં આવ્યું છે. જરથોસ્તી ધર્મની તવારિખનાં અનેક તબકકાઓમાં 'ફ્રવષી' યાને ફરોહરની આરાધનાને ઘણું અગત્યનું સ્થાન મળ્યું છે; અને હાલે પણ પારસી કોમમાં, જરથોસ્તી ક્રિયાઓમાં 'ફ્રવષી' અથવા ફરોહરની આરાધના ઘણો અગત્યનો ભાગ ગણાય છે.

બાકી તેમજ મીનોઇ-ભૂતકાળમાં હસ્તી ભોગવી ગયલી, હાલમાં હૈયાત, અને હવે પછી હૈયાતી ભોગવનાર-તમામ પેદાયશો પોતાનાં ફરોહરો ધરાવે છે. ફરવરદીન યશ્ત પ્રમાણે ફ્રવષીઓની મદદથી દાદાર અહુરમજ્દે પેદાયશો ઉત્પન્ન કીધી; અને તેને ટેકવી રાખી. આ દુનિયા ઉપર માણસ જન્મે છે અને મોટું થાય છે તે પણ ફ્રવષીઓનાં 'તેજ અને પ્રતાપ'ને લીધેજ છે. જો અશોઓની જોરાવર ફ્રવષીઓએ મદદ નહિં આપી હતે તો આ દુનિયા અને તેની પેદાયશો હસ્તી ધરાવતેજ નહિં; 'જમીન અને આસમાનની વચ્ચે' બુરી શકિતઓનો દોર ચાલતે અને 'સ્પેના મીનોને અંગ્રમીનો તાબે થતે નહિં.' ફ્રવષીઓનાં તેજ અને પ્રકાશથીજ પાણીઓ વહેતાં થયાં અને વહે છે; ઝાડપાનો ઉગતાં થયાં અને ઉગે છે; પવન ફુંકતો થયો અને ફુંકે છે; માણસો જન્મ પામે છે અને મોટાં થાય છે; સૂર્ય પોતાનાં માર્ગે ફરતો થયો અને હજી ફરે છે. અશો લોકોનાં ફરોહરોનાં પ્રતાપવડેજ અહુરમજ્દનાં પેદા કીધેલાં પાણીઓ વહેતાં થયાં, કે જે અગાઉ સ્થિર હતાં. ફ્રવષીનાં પ્રતાપથી ઝાડપાનો ઉગતાં અને ખીલતાં થયાં, કે જે અગાઉ સ્થિર હતાં. ફ્રવષીના પ્રતાપથીજ સૂર્ય, ચંદ્ર, સેતારાઓને ગતિ મળી, કે જેઓ અગાઉ સ્થિર હતા.

ફ્રવરદીન યશ્તનાં ઉપલાં અલંકારિક લખાણ ઉપરથી માલમ પડે છે કે દાદાર અહુરમઝ્દે તમામ જગત પેદા કર્યું, તે સાથે તેણે તમામ જગતની પેદાયશો, તેની ખીલવણી અને વૃદ્ધિનો ભવિષ્યનો માર્ગ અથવા પ્લાન તૈયાર કર્યો; અને તે પ્લાન અને કાયદા મુજબ તમામ પેદાયશો કાર્ય કરી રહી છે. દરેક પેદાયશનો આવી રીતનો આદર્શ પ્લાન-તે ફ્રવષી. અલબત, માણસને મરજીનું છુટાપણું આપવામાં આવ્યું છે એટલે આ આદર્શ પ્લાન મુજબ રવાને-યાને માણસે-કામ કરવું કે નહિં, સલાહકાર અને રાહબર શક્તિ 'ફ્રવષી'ની સલાહ અને રાહબરી ઉપર અમલ કરવો કે નહિં એ સઘળું માણસનાં પોતાનાં હાથમાં છે. ફ્રવષી માત્ર માણસની સલાહકાર શકિત સમાન છે. માણસનાં કામ માટે તે જવાબદાર નથી. જરથોસ્તી ધર્મ સમજાવે છે કે જેટલે દરજ્જે માણસ કુદરતનાં અચળ નિયમો તોડશે, જેટલે દરજ્જે તે તેનાં અચૂક કાયદાઓનો ભંગ કરશે, તેટલે દરજ્જે તે સજાને પાત્ર ગણાશે; તેટલે દરજ્જે તે દુ:ખ ભોગવશે. કુદરતનાં કાયદાઓની, તેની રચનાની, તેના પ્લાનની અને તેના નિયમોની વિરૂદ્ધ જવાથી કુદરતનાં કાયદાઓમાં ફેરફાર થઈ શકશે નહિં; પરંતુ તે તોડનારને સજા ભોગવવી પડશે.

દાદાર અહુરમઝ્દે આ જગતની રચના રચી; તેની ખીલવણી અને વૃદ્ધિનો પ્લાન નકકી કર્યો; તેનાં કાયદાઓ ઘડયા; અને તે પ્લાન અને કાયદાઓ અનુસાર તમામ જગત તથા તે માંહેલી પેદાયશો પેદા થઇ, વૃદ્ધિ પામી; અને તે બીના માત્ર જણાવવા માટેજ ફ્રવરદીન યશ્તમાં એવું જણાવવામાં આવ્યું છે કે ફ્રવષીઓએ દાદાર અહુરમઝ્દને મદદ કરી; અથવા ફ્રવષીઓની મદદથી તમામ પેદાયશો ટકી રહી છે. આપણે ઉપર આવાં યશ્તમાં જોયું તેમ આવા શબ્દોથી દાદાર અહુરમઝ્દના સર્વોપરિપણાને કે તેની સર્વશકિતને કશી પણ અલવલ આવતી નથી.

માણસજાતને પોતાની વૃદ્ધિ અને સંપૂર્ણતાના જે આદર્શ તરફ આગળ વધવાનું છે, તે આદર્શ ધ્યાનમાં રાખી જો માણસ પોતાની દરરોજની જીંદગી ગુજારે તો તેથી તે પોતાની જીંદગી વધારે ભલી, સંપૂર્ણતા તરફ વધારે આગળ વધેલી અને વૃદ્ધિ પામેલી બનાવી શકે.



આવો આદર્શ ધ્યાનમાં રાખવાથી માણસને પોતાની જીંદગી વૃદ્ધિ અને સંપૂર્ણતા તરફ આગળ વધેલી બનાવવામાં ઘણે દરજ્જે પ્રેરણા અને ઉત્તેજન મળી શકે; અને તેથી માણસ ભલી, સદ્દગુણી, ઉપયોગી, ઉદ્યોગી અને પરોપકારી જીંદગીની ફરજો બજાવી શકે. આવી રીતે સંપૂર્ણતાનો આદર્શ પ્લાન-ફ્રવષી-માણસને પોતાની જીંદગીમાં ઘણે દરજ્જે મદદ અને પ્રેરણા આપી શકે.

ફ્રવરદીન યશ્ત પ્રમાણે દરેક પેદાયશ પોતાની ફ્રવષી ધરાવે છે. દાદાર અહુરમઝ્દ પણ પોતાની ફ્રવષી ધરાવે છે. દાદાર અહુરમઝ્દની ફ્રવષી સર્વથી ચઢતે દરજ્જેની, સર્વથી સરસ, સર્વથી સોહામણી, ઘણીજ હિંમત આપનાર, સર્વથી અક્કલમંદ, સર્વથી ફાયદેમંદ અને અશોઈમાં શ્રેષ્ઠ છે. તેમજ અમેશાસ્પંદો અને યઝદો પણ પોતાની ફ્રવષીઓ ધરાવે છે. ગયોમર્દથી સોસ્યોસ સુધીનાં હસ્તી ભોગવી ગયલાં, હાલે હસ્તી ભોગવતાં તેમજ હવે પછી જન્મ પામનારાં-તમામ માણસો પોતાની ફ્રવષી ધરાવે છે. આ ઉપરાંત આકાશ, પાણી, જમીન, ઝાડપાન, ગોસ્પંદ અને બીજી પેદાયશો પણ પોતાની ફ્રવષીઓ ધરાવે છે. ફ્રવરદીન યશ્ત પ્રમાણે ફ્રવષીઓ અથવા ફરોહરો ઘણીજ જોરેમંદ શકિતઓ છે; અને વળી જીવતાં અશો માણસોની ફ્રવષીઓ ગુજર પામેલાં અશો માણસોની ફ્રવષીઓ કરતાં વધારે જોરેમંદ છે. અશો લોકોનાં ફરોહરો ભલાં, શુરાં અને આબાદી કરનારાં છે. વળી તેઓ અશો માણસો માટે ભલાં છે, તેમ બુરાંઓને શિક્ષા કરે છે. તેઓ જોવાની તીક્ષ્ણ શકિત ધરાવનાર, તનદરૂસ્તી આપનાર, કીર્તિવાળાં અને ફતેહમંદ છે. ફરોહરોને જે કોઈ મદદે બોલાવે છે તેની મદદે જાય છે. જે દેશમાં ફરોહરોને અપમાન કે દુ:ખ થતું નથી તે દેશને ફતેહમંદી મળે છે. અશો જરથુશ્ત્ર હાડમંદ દુનિયાનો સરદાર અને માણસોનો વડો છે, તેણે ફરોહરોની આરાધના કરી. તમામ પેદાયશોની વૃદ્ધિ અને પોષણ માટે ખુશ્નુદ થયલાં ફરોહરો કાર્ય કરે છે. જે માણસ ફિદાગીરીથી અને એતેકાદથી ફરોહરોને આરાધે તેઓને અશો લોકોનાં ભલાં, શુરાં ફરોહરો બીજા યઝદો સાથે મદદ કરે છે.

ફ્રવરદીન યશ્તમાં જણાવવા પ્રમાણે ‘ હમસપથમએદેમ ’ના હિંગામ ઉપર અશો લોકોનાં ફ્રોહરો પોતાનાં કુટુંબમાં આવે છે. પોતાને માટે સ્તુતિ અને આરાધનાની ખાહેશ રાખતાં તેઓ દશ દિવસ સુધી ઘરમાં ફ્રરહર કરે છે. જેઓ બંદગી અને ક્રિયાઓની ભેટોથી અશોઓનાં ફ્રોહરોને આરાધે તેઓને તે ફ્રોહરો આબાદી, કીર્તિ અને જાહોજલાલી ઇચ્છે છે.

આપણે ઉપર જોયું છે તેમ યશ્ત સાહિત્યમાં સમાયલી તવારિખી વિગતો યશ્તોનો ઘણો અગત્યનો ભાગ ગણાય છે. ફ્રવરદીન યશ્તમાં અસલી ઇરાની પેશદાદિયન અને કયાનિયન વંશોનાં પાદશાહોની કેટલીક તવારિખી વિગતો મળે છે. ફ્રવરદીન યશ્ત પ્રમાણે ગયોમર્દે પહેલાં અહુરમજ્દની શિખામણ સાંભળી. આ ગયોમર્દથી ઇરાની પ્રજા ઉતરી આવી છે. અશો જરથુશ્ત્રે સર્વથી સરસ ભલાઇનો વિચાર કર્યો, સર્વથી સરસ સખુનો તેઓએ ઉચ્ચાર્યા, અને સર્વથી સરસ કામો કર્યાં. અશો જરથુશ્ત્ર સર્વથી શ્રેષ્ઠ ધર્મગુરૂ (અથોરનાન), શ્રેષ્ઠ લડવૈયા (રથેસ્તાર) અને શ્રેષ્ઠ ખેડુત (વાસ્ત્રીઓસ) હતા. તેઓએ સર્વથી પહેલાં દીનીજ્ઞાન સંપાદન કર્યું, બીજાઓને તે શિખાડયું અને તમામ દુનિયાને આબાદી તથા રાસ્તીનો રાહ દેખાડી બદીઓનો નાશ કર્યો. અશો જરથુશ્ત્રે દીનનો પવિત્ર કલામ સાંભળ્યો. તેઓ પોતે દુનિયાના ‘ અહુ ’ (દુન્યવી સરદાર) અને ‘રતુ’ ( ધાર્મિક સરદાર ) હતા. તેઓએ દુનિયાને સર્વોત્તમ રાસ્તી અને સર્વોત્તમ દીન શિખાડી. અશો જરથુશ્ત્રનાં આવાં મહાન કાર્યથી ગોયા તમામ કુદરતી પેદાયશો ખુશાલ બની, ખુશાલીનો પોકાર કરવા લાગી કે: ‘હવે અશો જરથુશ્ત્રની મજદયસ્ની દીન દુનિયા ઉપર ફેલાશે અને તેથી દુનિયાની આબાદી થશે.’

અશો જરથુશ્ત્રનાં ચેલાઓમાં મેદીઓમાહે અશો જરથુશ્ત્રનાં કલામો અને શિક્ષણોને પહેલાં સાંભળ્યાં; અને ત્યારપછી બીજા ચેલાઓએ જરથોશ્તીધર્મનો સ્વિકાર કર્યો. અશો જરથુશ્ત્રનાં દીકરાઓ ઇસદવાસ્તર, ઉર્વતતનર્ અને ખોરશેદચેહેરનાં ફ્રોહરોની યાદ કરવામાં આવી છે.



અશો જરથુશ્ત્રના રાજવંશી મદદગાર કયાની શાહ વિસ્તાસ્પ ( ગુસ્તાસ્પ )ની યાદ અને વખાણ ઉમદા શબ્દોમાં કરવામાં આવી છે. સરોશ યજદનાં વિશેષણો શાહ વિસ્તાસ્પને લાગુ પાડવામાં આવ્યાં છે. અહુરમજ્દના તરીકા પ્રમાણે ચાલનાર કયાની ખાનદાનના શુરવીર અશો વિસ્તાસ્પે પોતાનાં બળવાન હથીઆર મારફતે રાસ્તીનો ફેલાવો કર્યો; કે જે વિશ્તાસ્પ હોરમજ્દી જરથોસ્તી દીનની ગોયા બાજુ અને ટેકા સમાન હતો. તેણે ચોમેર ફેલાતી, સદ્ગુણોવાળી, માન પામેલી તેમજ દુનિયાને આબાદ કરનારી બુલંદ અને પવિત્ર દીનનો ફેલાવો કર્યો. વિશ્તાસ્પનાં ભાઈ જરીર તેમજ બીજા પહેલવાનોએ આ દીની કાર્યમાં વિસ્તાસ્પને મદદ આપી તેથી તેમનાં ફ્રોહરોને પણ માન સહિત યાદ કરવામાં આવ્યાં છે. આ પ્રમાણે જરથોસ્તી દીનના મહાન રક્ષકો મેદીઓમાહ જામાસ્પ, ફ્રશોસ્તર અને બીજાઓની ફ્રવષીની યાદ કરવામાં આવી છે. આ ઉપરાંત બીજાં ઘણાંક નામો ફ્રવરદીન યશ્તમાં મળે છે, કે જે નામો સિવાય તેમની કશીપણ વિગતો મળી શકતી નથી.

ફ્રવરદીન યશ્ત, કરદા ૨૮; પ્રમાણે આ દુનિયા ઉપર ફતેહમંદ સોશીયોસ પેદા પડશે. સોશ્યોસ માટે કહેવાય છે કે તે દુનિયાને ભવિષ્યમાં ફાયદો કરશે; અને દુનિયાને ફરી સજીવન કરશે.

દેવોથી થયલી ખરાબી, ઘાસચારાનો નાશ કરનાર પાણીની ટીપણી, તેમજ નાશવંત ખરાબી દૂર કરનાર બહાદુર અશો જમશેદનાં ફ્રોહરની યાદ કરવામાં આવી છે. શારીરિક રોગોનો નાશ કરનાર શાહ ફ્રેદુન, અઓશનર, તહેમાસ્પ, અગ્રેરસ તેમજ મીનોચહેરનાં ફ્રોહરોની વખાણ કરવામાં આવી છે. આ ઉપરાંત કયાની ખાનદાનનાં કયકોબાદ, કયઅઇપિવંઘ્હુ, કયશ્યાવક્ષ અને કયખુશરોનાં ફ્રોહરોની યાદ પણ કરવામાં આવી છે; તેમજ સામનાં ખાનદાનનાં કેરશાસ્પનાં બહાદુરીભરેલાં કામોની યાદ કરી તેનાં ફ્રોહરની આરાધના કરવામાં આવી છે.

ફ્રવરદીન યશ્તનાં ૩૦ માં કરદામાં ઇરાન દેશનાં નામાંકિત અશો બાનુઓની ફ્રવષીઓની યાદ કરવામાં આવી છે. અશો જરથુશ્ત્રનાં બાનુ હવોવી તેમજ બેટીઓ ફ્રેની, થ્રિતી, પોઉરૂચિસ્તી, તેમજ શાહ

વિસ્તાસ્પનાં બાનુ હુતોષ તેમજ બીજાં અશો બાનુઓની ફ્રવષીની યાદ કરવામાં આવી છે. આ બાનુઓ જરથોસ્તી ધર્મની તવારિખમાં ઘણાં પ્રખ્યાત હોવાથી તેમની કશીપણ ઓળખ આપ્યા વગર ફક્ત તેમનાં નામોથી યાદ કરવામાં આવી છે; જ્યારે બીજાં અશો બાનુઓની યાદ તેમનાં તથા તેમનાં ખાવિંદનાં નામો સાથે કરવામાં આવી છે. આ કરદામાં જણાવેલાં તે વખતનાં ઘણાંક જાણીતાં અને પ્રખ્યાત બાનુઓનાં માત્ર નામો સિવાય હાલે આપણે કશું પણ જાણતા નથી. ફ્રવરદીન યશ્તમાં આવેલાં નામો ઉપરથી એક મતફેરી ધરાવનારી બાબદનો ખુલાસો આપી શકાય: શહેનશાહી ટોળાની ધર્મક્રિયામાં એક પરણેલાં બાનુનું નામ તેનાં ખાવિંદ સાથે લેવામાં આવે છે; જ્યારે કદીમીઓ પરણેલાં બાનુનું નામ તેના ખાવિંદ સાથે નહિં, પણ તેના પિતા સાથે લે છે. ફ્રવરદીન યશ્તમાં ઘણા જાણીતાં અશો બાનુઓ-જેમકે હવોવી, ફ્રેની; પોઉરૂચિસ્ત વિગેરે-નાં નામો કાંઈપણ ઓળખ વગર આપ્યાં છે; જ્યારે ઓછાં જણાયલાં અશો બાનુઓનાં નામો તેઓનાં ખાવિંદનાં નામો સાથે આપવામાં આવ્યાં છે; જેમકે (ફ્રવરદીન યશ્ત, ફ. ૧૪૦):

'ફ્રેન્યાઓ નાઇર્યાંઓ ઉસિનેમંઘહો અષઓન્યાઓ ફ્રવષીમ યઝમઇદે.'

'ઉસિનેમંઘહનાં બાનુ અશો ફ્રેનીના ફ્રોહરને હમો માન સાથે યાદ કર્યે છીએ.'

આ બીના પુરવાર કરે છે કે ઉપલો શહેનશાહી રિવાજ ઘણો જૂનો અને ફ્રવરદીન યશ્તનાં લખાણને અનુસરતો છે.

ફ્રવરદીન યશ્તનાં ૩૧-માં અને છેલ્લા કરદામાં ઈરાન, તુરાન, સઇરિમ, સાઇનિ (ચીન) અને દાહી નામના દેશોનાં, તેમજ તમામ દેશોનાં અશો નર તથા અશો નારીઓનાં ફ્રોહરોની ભેગી યાદ કરવામાં આવી છે. પહેલાં દીન કબુલ કરનારાં બાનુઓ અને ગૃહસ્થો જેઓ રાસ્તી અને દીનને માટે લડયાં હતાં, તેમજ સઘળાં ભલાં માણસો જેઓ થઇ ગયાં, હાલે છે અને હવે પછી થશે; તેઓનાં ફ્રોહરોની યાદ કરવામાં આવી છે. ઘણાજ અસરકારક શબ્દોમાં અશો



જરથુશ્ત્રની વખાણ કરતાં ફ્રવરદીન યશ્તનો લખનાર જણાવે છે કે અશો જરથુશ્ત્ર તમામ હાડમંદ દુનિયાના સાહેબ તથા સરદાર છે; તેઓ હૈયાત માણસોમાં ઘણાંજ પ્રતાપવાળા, અતિ ખોરેહવાળા, ઉત્તમ આરાધનાને લાયક, ઉંચ કીર્તિ પામેલા, તેમજ સર્વોત્તમ અશોઇને લીધે શ્રેષ્ઠ માનને લાયક છે.

યશ્ત ૧૪ બહેરામ યશ્ત.

અવસ્તા 'વૅરૅથ્રઘ્ન' ઉપરથી પહેલવી 'વરહરાન' અને તે ઉપરથી ફારસી 'બહેરામ' શબ્દ નીકળ્યો છે. અવસ્તા 'વૅરૅથ્રઘ્ન' એટલે 'દુશ્મનને મારનાર' અને તે ઉપરથી બહેરામ યઝદ 'ફતેહ' ઉપર સરદારી ભોગવનાર ફરેસ્તો ગણાય છે. બહેરામ યઝદની ક્ષ્નુમન[1]માં 'અહુરની પેદા કીધેલી અમ' (યાને હિંમત)ની યાદ કરવામાં આવી છે. કોઈ પણ કામમાં ફતેહ માટે હિંમતની પહેલી જરૂર છે, અને તેથી 'ફતેહ' અને 'હિંમત'નાં ફરેસ્તાઓને સાથે યાદ કરવામાં આવ્યા છે. અહુરમઝ્દનો પેદા કીધેલો બહેરામ યઝદ મીનોઈ યઝદોમાં સર્વથી વધારે ફતેહમંદ છે. તે ઘણોજ હિંમતવાન, ફતેહમંદ, ખોરેહમંદ, બક્ષેશ અને ફાયદો કરનાર તેમજ તનદરૂસ્તી આપનાર છે. બહેરામ યઝદની આરાધના કરનારને બહેરામ યઝદ અનેક આકારમાં આવીને મદદ કરે છે. તે (૧) પવન (૨) ગોધા, (૩) ઘોડા, (૪) ઉંટ (૫) ડુક્કર, (૬) જવાન માણસ (૭) પક્ષી, (૮) મેંઢાં, (૯) બકરા, (૧૦) શુરવીર પહેલવાન-નાં જુદા જુદા આકારો લઈ તેની આરાધના કરનારની મદદે આવે છે. બહેરામને Mars મંગળ સાથે સરખાવવામાં આવ્યો છે, અને તેનાં ઉપલાં સ્વરૂપો વિષેનાં લખાણોમાં માત્ર અમુક સેતારાઓની ચાલથી દેખાતા આકારોનું અલંકારિક ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે.

પયગમ્બર અશો જરથુશ્ત્રે બહેરામ યઝદની સ્તુતિ કરી, અને તેથી બહેરામ યઝદે તેઓને તનદરૂસ્તી અને આંખની અસાધારણ

૧. 'ક્ષ્નુમન' એટલે અમુક ફરેસ્તાની વખાણ અને આરાધના માટેના ખાસ કલામો. સીરોઝા યશ્તમાં દરેક ફરેસ્તાની આરાધનાના અમુક કલામો આપવામાં આવ્યા છે. આ જુદા જુદા ફરેસ્તાઓની આરાધનાના જુદા જુદા કલામો તે તેની 'ક્ષ્નુમન'. આ રીતે 'ક્ષ્નુમન' એટલે ખુશનુદી, ખુશાલી માટેનાં વખાણનાં કલામો.

તીક્ષ્ણ શક્તિની નવાજેશ કીધી. જો કોઈ જાદુ યા બીજી બુરી કળા વડે નુકશાન પામ્યો હોય તો, તેનાં ઉપાય તરીકે બહેરામ યશ્તમાં જણાવવામાં આવ્યું છે કે, 'પેષો-પરેન' નામનાં પક્ષીનાં પીછાં તેનાં શરીર ઉપર ઘસવાં. તે પક્ષીનાં પીછાં અથવા હાડકાં રાખનાર માણસને કોઈપણ બુરી કળાથી ઇજા પહોંચી શકતી નથી; અને તે માણસ ફતેહમંદીથી સઘળી મુશ્કેલી મારી હઠાવે છે. જે માણસો આ પક્ષીને મદદે બોલાવે છે તેઓની મદદે તે જાય છે; અને તે પ્રમાણે ઇરાનના કયાનિયન પાદશાહ કયખશરૂનાં ખાનદાન-વાળાઓએ તેમજ કયકાઉસે આ પક્ષીને પોતાની મદદે બોલાવ્યું; તેમજ શાહ ફ્રેદુન આ પક્ષીને રાખતો હતો, તેની મદદથી તેણે ઝોહાકને માર્યો હતો.

શાહનામામાં આપણે 'સી મોર્ગ' અને જાલની વાતો વાંચ્યે છીએ. સી મોર્ગે જાલને બચાવ્યો હતો અને તેને અનેક મુશ્કેલીનાં વખતમાં મદદ કરી હતી. શાહનામાની આ વિગતો બહેરામ યશ્તની ઉપલી વિગતોને કેટલેક દરજ્જે મળતી આવે છે. બહેરામ યશ્ત (ફકરો ૪૧)માં 'મેરેઘો સએનો'-સએન પક્ષી અથવા સીમોર્ગ વિષેનો ઇસારો મળે છે.

બહેરામ યજ઼દ ફતેહનો ફરેસ્તો છે, તેથી સાસાનિયન જમાનાનાં શહેનશાહો પોતાની ફતેહની યાદગારીમાં બહેરામ યજદના નામથી આતશકદેહો બંધાવતા હતા. આ આતશકદેહો પહેલવીમાં 'આતશે વરહરાન'નાં નામથી ઓળખાય છે; અને તે ઉપરથીજ 'આતશ બહેરામ' એ નામ નીકળ્યું છે. 'કારનામક-ઇ અર્તક્ષીર-ઇ પાપકાન'ની પહેલવી કેતાબ પ્રમાણે શહેનશાહ અર્દશીરે પોતાની ફતેહોની યાદગારીમાં દશ 'આતશે વરહરાન' અથવા આતશ બહેરામો બંધાવ્યાં હતાં.

યશ્ત ૧૫ રામ યશ્ત.

રામ યજદની ક્ષ્નુમનમાં રામ યજદ સાથે 'વાય' યજદની યાદ કરવામાં આવી છે. રામ યજ઼દ ખુશાલી આપનાર ગણાય છે; જ્યારે 'વાય' યજ઼દ વાયુ અને પવન, હવા ઉપર સરદારી ભોગવે છે. રામ યજ઼દની ક્ષ્નુમનમાં 'વાયુ' એટલે પવનને 'સ્પેનામીનો'ની એટલે કે વૃદ્ધિ કરનાર શક્તિની પેદાયશ ગણ્યો છે. હાદોખ્ત



નસ્કમાં જણાવવામાં આવ્યું છે કે એક અશો માણસનાં મરણ પછી તેનું રવાન દક્ષિણ તરફના સુગંધી પવનમાંથી પસાર થાય છે;[1] પરંતુ એક બુરા માણસનું રવાન ઉત્તર તરફના બદબો ભરેલા પવનમાંથી પસાર થાય છે.[2] પહેલવી લખાણોમાં બે જાતનાં વાયુ અથવા પવનોની વિગતો મળે છે; એક 'વાએ વેહ' યાને સારો પવન અને બીજો 'વાએ વદ્તર' યાને બુરો પવન. આ વિગતો હાદોખ્ત નસ્કનાં ઉપલાં લખાણ ઉપરથી લેવામાં આવી છે.

રામ યશ્તમાં મુખ્યત્વે 'વાએ યજ઼દ'ની વિગતો મળે છે. એ યશ્ત પ્રમાણે દાદાર અહુરમજ઼દે રામ યજ઼દની આરાધના કરી મુરાદ ચાહી કે 'સ્પેનામીનો'ની ભલી પેદાયશોને નુકશાન થાય નહિં; 'અંગ્રમીનો'ની બુરી પેદાયશોનો નાશ થાય. તમામ પેદાયશોની હસ્તીનો આધાર 'વાએ' એટલે હવા અથવા પવન ઉપર રહ્યો છે, એ બીના માત્ર ઉપલી અલંકારિક ભાષામાં સમજાવવામાં આવી છે. શાહ હુશંગ, તહેમુરસ્પ, જમશેદ, ઝોહાક, ફ્રેદુન, કેરશાસ્પ, હુતોષ વિગેરે એ વાએ યજ઼દની આરાધના કરી પોતાની મુરાદો માગી હતી. રામ યશ્ત[3] પ્રમાણે 'અઉર્વસાર' ઇરાની શાહ કયખુશરોનો દુશ્મન હતો, અને શાહ કયખુશરોએ તેને કેદ પકડયો હતો. આ 'અઉર્વસાર'ની વધુ વિગતો મળતી નથી. રામ યશ્તમાં હુતોષ બંદગી કરીને દુઆ ગુજારે છે કે: 'હુ કયગુશ્તાસ્પનાં ઘરમાં પ્યારી, ચહવાયલી અને માન પામેલી થાઉં.'[4] વળી ઇરાની બાનુઓ રામ યજ઼દની બંદગી કરીને ભલી દુઆઓ ઇચ્છે છે કે, તેઓ જુવાન, ખુબસુરત, ભલો બહાદુર, ડહાપણવાળો અને ભણેલો ખાવિંદ મેળવે. આ લખાણો અવસ્તા જમાનાનાં ઇરાની બાનુઓનો ઉમદા દરજ્જો અને અસલી ઇરાની ઘરસંસારી જીંદગીનો ઉમદા આદર્શ રજુ કરે છે.

---

૧ હાદોખ્ત નસ્ક, પરગરદ ૨, ફ. ૭-૮.

૨ હાદોખ્ત નસ્ક, પરગરદ ૩, ફ. ૨૫-૨૬.

૩ ફ. ૩૧.

૪ રામયશ્ત, ફ. ૩૬.

**યશ્ત ૧૬**
**દીન યશ્ત.**

દીન યજ઼દ જ઼રથોશ્તીધર્મનો સરદાર છે. અવસ્તા 'દએના' ઉપરથી પહેલવી અને ફારસી 'દીન' શબ્દ નીકળ્યો છે. મૂળ શબ્દ 'દિ' (=જોવું) ઉપરથી અવસ્તા 'દએના' અને 'દીન'નો અર્થ 'જ્ઞાન' એવો થઇ શકે. દીન યજ઼દની ક્ષ્નુમનમાં 'ચિસ્તા' યજ઼દને યાને જ્ઞાન, કેળવણી, ડહાપણનાં સરદારને પણ યાદ કરવામાં આવ્યો છે. કેળવણી, જ્ઞાન અને ડહાપણ એ જ઼રથોશ્તીધર્મનો એક અગત્યનો ભાગ છે;[1] અને તેથી 'દીન' યજ઼દ (જ઼રથોશ્તીધર્મનાં સરદાર)ની વખાણ સાથે 'ચિસ્તા' યજ઼દ (જ્ઞાન, કેળવણીનાં સરદાર)ની યાદ અને સ્તુતિ કરવામાં આવી છે; તેમજ 'રજ઼િસ્તાંમ્ ચિશ્તાંમ્' યાને 'સર્વથી સાચાં જ્ઞાન' અને 'સાચી કેળવણી'ની વખાણ કરવામાં આવી છે. દીન યશ્તમાં જણાવવા પ્રમાણે અશો જ઼રથુશ્ત્રે ચિસ્તા યજ઼દ યાને જ્ઞાન ઉપર સરદારી ભોગવતા ફરેસ્તાને આરાધી, તેને અરજ કીધી કે:

> 'અય અહુરમજ઼્દની પેદા કીધેલી સઉથી અશો ચિસ્ત (જ્ઞાન, ડહાપણ)! તારી જગ્યાએથી તું ઉઠ, તારાં મુકામમાંથી તું આગળ ચાલ. જો તું મારી નજદીક હોય તો તું મારી આગળ થોભ, જો તું મારી પછવાડે હોય તો મને તું પકડી પાડ.'

ઉપલાં અલંકારિક લખાણનો અર્થ એટલોજ કે અશો જ઼રથુશ્ત્ર ધર્મની કેળવણી અને ધર્મજ્ઞાન સંપાદન કરવા ઇચ્છે છે. તેજ પ્રમાણે અશો હવોવી તેમજ અસલી ઇરાની ધર્મગુરૂઓએ 'ચિસ્તા' યજ઼દની આરાધના કરી, તેણીની પાસે ધર્મજ્ઞાનની માગણી કીધી. 'જ્ઞાન એજ શક્તિ છે' (Knowledge is power) એ વિચાર દીન યશ્તમાં મળે છે. જ્ઞાન મેળવ્યાથી માણસ માનસિક શક્તિ, અને તે મારફતે સત્તા મેળવે છે.

---

૧ સરખાવો વંદીદાદ, પરગરદ ૧૮, ફ. ૫–૬; તથા જમ્યાદ યશ્ત, ફ. ૫૩.



**યશ્ત ૧૭**
**અષી યશ્ત.**

'અષી' અથવા 'અશીશવંઘ' સાચી મહેનતથી મેળવેલી દોલત અને તેથી મળતાં સુખ અને સગવડ ઉપર સરદારી ભોગવનાર ફરેસ્તો છે. અવસ્તામાં 'અષી' યજ઼દની સાથે તેનું વિશેષણ 'વંઘુહિ' (=ભલી) આવે છે. પાછળથી આ બે શબ્દો સાથે મળીને થયલા એક શબ્દનો આકાર 'અશીશવંઘ' એવો મળે છે. 'અષી' યજ઼દ દોલત અને ખજાના ઉપર મુવક્કલ છે તેથી અલંકારિક ભાષામાં કહેવામાં આવ્યું છે કે જેની સાથે 'અષી' યજ઼દ ચાલે છે તે માણસો દરેક સુખાકારી તથા આબાદી મેળવે છે; તેમજ તેઓ સુખસગવડભર્યાં મકાનમાં રહે છે. 'અષી' યજ઼દને અલંકારિક ભાષામાં અહુરમજ઼્દની દીકરી અને અમેશાસ્પંદોની બહેન જણાવી છે; તેમજ 'બધા યજ઼દોમાં શ્રેષ્ઠ અહુરમજ઼્દ' અશીશવંઘનો પિતા છે; અસ્પંદાદ અમેશાસ્પંદ તેણીની માતા, તેમજ સરોશ, રશ્ને અને મહેર યજ઼દો અશીશવંઘનાં ભાઈઓ છે અને માજ઼દયસ્ની દીન અશીશવંઘની બહેન છે. આ લખાણ માત્ર અલંકારિક ભાષામાં લખાયું છે.

અશો જ઼રથુશ્ત્રે અશીશવંઘ યજ઼દને આરાધી, તેઓએ દાદાર અહુરમજ઼્દની શિખામણો સાંભળી. અશો જરથુસ્ત્રનાં જન્મથી 'અંગ્રમઇન્યુ'નો નાશ થયો. અશીશવંઘ યજ઼દ દુર્ગુણી જીંદગી સામે નાપસંદગીનો સખત પોકાર ઉઠાવે છે. આ બીના અસલી ઇરાની સંસારની પવિત્રતાનો ખ્યાલ આપે છે.

**યશ્ત ૧૮**
**આસ્તાદ યશ્ત.**

અવસ્તા 'અર્શતાત્' (=સત્યતા, પ્રમાણિકપણું) શબ્દ ઉપરથી 'આસ્તાદ' શબ્દ નીકળ્યો છે. આસ્તાદ યજ઼દ, એ શબ્દનાં અર્થ પ્રમાણે રાસ્તી અને સત્યતા ઉપર સરદારી ભોગવે છે. આસ્તાદ યશ્તમાં તેનાં નામ પ્રમાણે આસ્તાદ યજ઼દની નહિં પણ 'અઇર્યનાંમ્ ખરેનો' એટલે 'ઇરાની ખુરેહ'ની વિગતો સમાયલી છે. ઇરાની ખુરેહ, એટલે ઇરાની રાજવંશી કીર્તિ. આ ઇરાની ખુરેહ ઇરાન દેશ અને ઇરાની પ્રજાનાં રક્ષણ અને આબાદીને માટે દાદાર અહુરમજ઼્દે પેદા કર્યું.

**યશ્ત ૧૯ જ઼મ્યાદ યશ્ત.**

અવસ્તા 'જ઼ેમો-હુધાઓંઘહ' (=સારી રીતે પેદા કરેલી જમીન) ઉપરથી 'જ઼મ્યાદ' શબ્દ નીકળ્યો છે. આ રીતે જ઼મ્યાદ યજ઼દ આ દુનિયા માહેલી જમીન ઉપર સરદારી ભોગવે છે. જ઼મ્યાદ યસ્તનાં શરૂઆતનાં ભાગમાં અવસ્તા જમાનાની ભૂગોળવિદ્યાને લગતી ટૂંક વિગતો મળે છે. તે જમાનાની માન્યતા પ્રમાણે આ દુનિયા ઉપર પહેલવહેલો પહાડ તે અલબુર્જ઼ પહાડ; અને ત્યાર પછી બીજા પહાડોની ટુંક વિગતો આ યશ્તના પહેલા ભાગમાં મળે છે. તે વખતની ગણત્રી પ્રમાણે આ દુનિયા ઉપર ૨૨૪૪ પહાડો છે. જમ્યાદ યશ્તનાં પહેલા ૮ ફકરાઓમાં ઉપલી વિગતો સમાયલી છે. તે પછીનાં લગભગ ૮૮ ફકરાઓમાં 'કવએમ્ ખરેનો' યાને 'કયાની ખુરેહ', 'કયાની કીર્તિ'ની વિગતો મળે છે; તે ઉપરથી આ યશ્ત 'કયાન યશ્ત'નાં નામથી પણ ઓળખાય છે.

જ઼મ્યાદ યશ્ત પ્રમાણે દાદાર અહુરમજ઼્દ 'કયાની ખુરેહ' ધરાવે છે. આ 'કયાની ખુરેહ'ની ખૂબીને લીધેજ તમામ પેદાયશો હસ્તીમાં આવી છે. આ 'કયાની ખુરેહ' દુનિયાને સંપૂર્ણતા તરફ લઈ જશે; જે વખતે દુનિયા હંમેશાં આબાદી અને સુખાકારીભરેલી અને તરોતાજગીવાળી થશે; જે વખતે આ દુનિયા હંમેશાં હૈયાતી ભોગવતી અને હંમેશાં ફાયદેમંદ થશે; તે વખતે ગુજર પામેલાંઓ સજીવન થઇ અમર્ગી મેળવશે, આ દુનિયા ઉપરથી બુરાઈ અને દ્રૂજનો નાશ થશે. પાછલાં લખાણોમાં 'રસ્તાખેજ'નો ખ્યાલ જ઼મ્યાદ યશ્તનાં ઉપલાં લખાણ ઉપરથી લેવામાં આવ્યો છે. 'રસ્તાખેજ' શબ્દ પણ જ઼મ્યાદ યશ્ત (ફકરો ૧૧) માં વપરાયલા 'ઇરિસ્ત પઇતિ ઉસે હિશ્તાંન્' શબ્દો ઉપરથી નીકળ્યો છે.

અમેશાસ્પંદો આ 'કયાની ખુરેહ' ધરાવે છે; કે જેઓ એકસરખા વિચાર, વચન અને કામો કરનારા છે. આ ઉપરાંત મીનો તેમજ ગેતીનાં યજ઼દો તથા વૃદ્ધિ કરનાર 'સોશ્યંતો' પણ આ કયાની ખુરેહ ધરાવે છે.

શાહ જમશેદને કયાની ખુરેહ મળ્યું, જેથી તેણે બુરા માણસો ઉપર ફતેહ મેળવી; જેનાં રાજ્યમાં તમામ પ્રજા સુખી અને આબાદ હતી.



જ્યારે શાહ જમશેદે નારાસ્ત સખુનો ઉચાર્યાં ત્યારે તેની આગળથી 'કયાની ખુરેહ' પક્ષીના આકારમાં ત્રણ મરતબે ઉડી ગયું; અને તેથી તેનો પરાજય થયો. જ્યારે શાહ જમશેદ આગળથી 'કયાની ખુરેહ' પહેલી વખતે ઉડી ગયું ત્યારે મહેર યજ઼દે કયાની ખુરેહને સંભાળ્યું, બીજી વખતે શાહ ફરીદને અને ત્રીજી વખતે કેરશાસ્પે તે ખુરેહને એકઠું કર્યું. સ્પેનામીનો અને અંઘ્રમીનો પણ આ ખુરેહ મેળવવા ગોયા હરિફાઈ કરે છે. ત્રણ મહોડાંવાળા ઝોહાકે આ કયાની ખુરેહ મેળવવાની કોશેષ કરી, પણ આદર યજ઼દે તેને મારી હઠાવ્યો. જે માણસ આ ખુરેહ મેળવવા ભાગ્યશાળી થાય તે માણસને દીનનો એલમ અને જ્ઞાનની રોશની તેમજ આબાદી, સુખાકારી અને ફતેહ મળે છે. અફ્રાસીયાબે ઇરાન દેશના નામાંકિત પુરૂષોનું આ કયાની ખુરેહ મેળવવાની અનેક કોશેષો કીધી, પણ તે તેને મળ્યું નહિં. આ કયાની ખુરેહ કયાની પાદશાહોને મળ્યું; અને તેનાં પ્રતાપે આ પાદશાહોએ પોતાની જાહોજલાલી અને ફતેહો મેળવી. આ કયાની ખુરેહ અશો જ઼રથુસ્ત્રને મળ્યું; જેથી તેઓ દીનીમત પ્રમાણે ભલા વિચાર વચન અને કામો ઉપર ઉસ્તવાર રહ્યા; તેથી તેઓ નૂરમંદ અને ખોરેહમંદ બન્યા; અને તેથી તેઓની આગળથી દેવો અને બુરી શક્તિઓ દૂર થઇ જતી હતી. આ કયાની ખુરેહની બરકતથી શાહ વીશ્તાસ્પે જ઼રથોસ્તી દીન કબુલ કીધી; અને દેવોનો નાશ કર્યો. આ કયાની ખુરેહ 'રસ્તાખેજ઼'નાં વખતે ફતેહમંદ સોશ્યોસને મળશે, જે વખતે તમામ દુનિયા તરોતાજ઼ગી ભરેલી, નાશ નહિં પામતી, હંમેશાં સજીવન અને સદા આબાદીભરેલી રહેશે.

**યશ્તો ૨૦–૨૧ હોમ અને વનન્ત યશ્તો.**

મોટી હોમ યશ્તમાં યજ઼શ્નનાં હા ૯ અને ૧૦ નું ભણતર સમાઇ જાય છે. નાની હોમ યશ્તમાં હોમના લીલા પાલાના તનદરૂસ્તી આપનારા ગુણોની ટૂંક વિગતો આપવામાં આવી છે. 'વનન્ત' એક સેતારાનું નામ છે. 'તેશ્તર'ની ક્ષ્નુમનમાં 'વનન્ત', 'સતવએસ' અને 'હપ્તોઇરીંગ'ની યાદ કરવામાં આવી છે. આ ટૂંકી યશ્તનાં શરૂઆતનાં ભાગમાં 'વનન્ત' સેતારાની યાદ કરવામાં આવી છે. પાછળનાં ભાગમાં પાજ઼ંદ ભણતર સમાયલું છે, જે નુકસાનકારક જાનવરોને દફે કરવાના કલામો ગણી શકાય.

પ્રકરણ દશમું.

## ખોરદેહ અવસ્તા.

**ખોરદેહ અવસ્તા.**

'ખોરદેહ અવસ્તા', પહેલવી 'ખુરતક અવિસ્તા'નો અર્થ 'નાના અવસ્તા' અથવા 'અવસ્તાના ભાગો' એવો થાય છે. રોજીંદી બંદગી માટે અને ખાસ કરીને ધર્મગુરૂવર્ગ તેમજ દરેક જરથોસ્તીના રોજીંદા ઉપયોગ માટે અવસ્તા સાહિત્યમાંથી ચૂંટી કાઢેલાં ટૂંકાં લખાણો તે 'ખોરદેહ અવસ્તા'નાં ભણતરો. ગાથા, યજશ્ન, વંદિદાદ, વિગેરે અવસ્તા લખાણો મોટા અવસ્તાનાં નામથી ઓળખાય છે. આ મોટા અવસ્તાનાં લખાણોમાંથી અમુક ફકરા અથવા ફકરાઓ અને ભાગો ચૂંટી કાઢી દરેક જરથોસ્તીનાં દરરોજનાં ઉપયોગ માટે બનાવવામાં આવેલી બંદગીઓ 'નાના અવસ્તા' અથવા 'ખોરદેહ અવસ્તા'નાં નામથી ઓળખાય છે.

**ખોરદેહ અવસ્તાનાં સામાન્ય ભણતરો.**

આપણે ઉપર જોયું છે તે પ્રમાણે 'અષેમ', 'અહુનવર' અને 'યેંઘ્હે હાતાંમ'નાં કલામો અસલ ગાથાને લગતા કલામો છે. આ ઉમદા અને અસરકારક બંદગીઓનાં કલામો 'ખોરદેહ અવસ્તા'નાં ભણતરોમાં દાખલ કરવામાં આવ્યાં છે અને તેને ઘણું અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે.

'નીરંગે કુસ્તી'માં 'કેમ્ ના મજ્દા' શબ્દોથી શરૂ થતી બંદગીનું ભણતર નીચલા જુદા જુદા અવસ્તા ફકરાઓનું બનેલું છે:

(૧) યજશ્ન, હા ૪૬, ફ. ૭.
(૨) યજશ્ન, હા ૪૪, ફ. ૧૬.
(૩) વંદિદાદ, પરગરદ ૮, ફ. ૨૧.
(૪) યજશ્ન, હા ૪૯, ફ. ૧૦.

'નીરંગે કુસ્તી'માં છેવટના 'જસ મે અવંઘ્હે મજ્દ' એ શબ્દોથી શરૂ થતાં ભણતરનાં શરૂઆતનાં આ શબ્દો હોરમજ્દ યશ્ત (ફકરા



૨૭)માં મળે છે. તે પછીનું ભણતર યજશ્ન હા ૧૨, ફ. ૮-૯ ઉપરથી લેવામાં આવ્યું છે.

સરોશ બાજનું ભણતર જુદા જુદા અવસ્તાનાં ટૂંકાં ભણતરોનું બનેલું છે અને તેનો મુખ્ય હેતુ સરોશ યજદની આરાધના છે.

'હોશબામ'નું ભણતર, તે શબ્દનાં અર્થ ('રોશન બામદાદ') પ્રમાણે બામદાદનાં વખતમાં ભણવામાં આવે છે. આ એક અસરકારક અને ઉચ્ચ વિચારો રજુ કરતી ઉત્તમ બંદગી છે. એનાં છેવટના ભાગમાં શ્રેષ્ઠ અશોઈથી અહુરમજ્દની દોસ્તી મેળવવાની ખાહેશ જાહેર કરવામાં આવી છે. એ બંદગી કેટલાક સુધારા વધારા સાથે નીચલા અવસ્તાનાં લખાણો ઉપરથી રચવામાં આવી છે:

(૧) વંદિદાદ, પરગરદ ૧૧, ફ. ૩.
(૨) યજશ્ન, હા ૨૭ ફ. ૧.
(૩) યજશ્ન, હા ૫૨, ફ. ૧-૪.
(૪) યજશ્ન, હા ૮, ફ. ૫-૭.
(૫) યજશ્ન, હા ૬૦, ફ. ૧૧-૧૨.

'વીસ્પ હુમત' એ શબ્દોથી શરૂ થતી બંદગી જે અવસ્તા લખાણ ઉપરથી લેવામાં આવી છે તે અસલ અવસ્તા હાલે હૈયાત નથી. આ અસરકારક બંદગીમાં ઘણા ઉમદા ખ્યાલો જોવામાં આવે છે. આ બંદગી પ્રમાણે સારા વિચાર, વચન અને કામો એ માણસની સારી અક્કલનું પરિણામ છે, જ્યારે બુરા વિચાર, વચન અને કામો બીનઅકલી હોય છે. માણસની ભવિષ્યની જીંદગીનાં સુખનો કે દુઃખનો આધાર આ વિચાર, વચન અને કામો ઉપરજ હોય છે. આ ઉમદા વિચારો ખરી જરથોશ્તી જીંદગીનો ઉમદા ખ્યાલ આપે છે.

**ખોરદેહ અવસ્તાનાં બીજાં ભણતરો.**

ખોરદેહ અવસ્તાનાં ઉપલાં સામાન્ય ભણતરો ઉપરાંત, ખોરશેદ, મહેર, માહ, અરદવીસુર અને આતશ ન્યાયેશો, પાંચ ગાહોનાં ભણતરો, દહમાન, ગાથા, ગાહમ્બાર, અરદાફ્રવષ, રપિથ્વન અને સરોશનાં આફ્રીનગાનોનાં ભણતરોનો પણ સમાવેશ થાય છે.

**ન્યાયેશો.** પહેલવી 'ન્યાયેશ્ન'(=નમાજ, સ્તુતિ) ઉપરથી 'ન્યાયેશ' શબ્દ નીકળ્યો. ન્યાયેશો એ ખોરશેદ (સૂર્ય), મહેર, અરદવીસુર, માહ (ચંદ્ર) અને આતશની ખૂબીઓ, વખાણ અને આરાધનાનાં ભણતરો છે. ખોરશેદ મહેર અને માહ ન્યાયેશોનાં ભણતરો અનુક્રમે ખોરશેદ, મહેર અને માહ યશ્તોમાંથી લેવામાં આવ્યાં છે. આતશ અને અરદવીસુર ન્યાયેશોનાં ભણતરો અનુક્રમે યજશ્ન હા ૬૨ અને હા ૬૫ માંથી લેવામાં આવ્યાં છે.

**પાંચ ગાહો.** ગાથાનાં લખાણો[1]માં 'ઉષા', 'અરૅમપિથ્વા' અને 'ક્ષપા' (એટલે અનુક્રમે, બામદાદ, બપોર અને રાત) એવી રીતે દિવસનાં ત્રણ ભાગો કરવામાં આવ્યા છે. ગાથા પછીનાં અવસ્તા સાહિત્યમાં દિવસના પાંચ ભાગો કરવામાં આવ્યા છે; કે જે 'ગાહ'ને નામે ઓળખાય છે. ગાથાના જમાનામાં ઉષહિન ગાહથી દિવસ શરૂ થયલો ગણવામાં આવતો હતો. નીરંગસ્તાન નામની અવસ્તા-પહેલવી કેતાબ પ્રમાણે પણ દિવસની પાંચ ગાહોમાં ઉષહિન ગાહ પહેલી હતી. આ બીનાને બીજી સહાદતોથી પણ ટેકો મળે છે. દિવસની પાંચ ગાહોમાં પહેલી ગાહ સવારે સૂર્યનાં ઉગવા સાથે શરૂ થાય છે, તે બપોરે સૂર્ય મધ્યમાં આવે ત્યાં સુધી, યાને બપોરે ૧૨ વાગતા સુધી ચાલે છે. આ પહેલી ગાહ 'હાવન ગાહ'નાં નામથી ઓળખાય છે. બીજી ગાહ બપોરે ૧૨ થી સાંજે ૩ વાગતા સુધી ચાલે છે, જે 'રપિથ્વન ગાહ'ના નામથી ઓળખાય છે. ત્રીજી ગાહ સાંજે ૩ વાગતાથી સૂર્ય આથમવાનાં વખત સુધી ચાલે છે, જે 'ઉજયેઇરિન્ ગાહ'નાં નામથી ઓળખાય છે. ચોથી ગાહ સૂર્ય અસ્ત પામવા પછીથી રાત્રે ૧૨ વાગતા સુધી ચાલે છે, જેને 'અઇવિસ્રુથ્રેમગાહ'નાં નામથી ઓળખવામાં આવે છે. પાંચમી અને છેલ્લી ગાહ રાત્રે ૧૨ વાગતાથી સવારે સૂર્ય ઉગવા સુધી ચાલે છે, જે 'ઉષહિન્ ગાહ'નાં નામથી ઓળખાય છે. આ દિવસની પાંચ ગાહોનાં ભણતરો પાંચે ગાહોનાં સરદારોની

---

૧ યજશ્ન, હા ૪૪, ફ. ૫.



વખાણ અને આરાધના માટેનાં ભણતરો છે. આ ભણતરો અસલ કયા અવસ્તા લખાણને લગતાં છે તે આજે જાણી શકાતું નથી.

**આફ્રીનગાન.** 'આફ્રીનગાન'નાં ભણતરો 'ભલી દુઆઓ' અથવા ભલા આશિર્વાદ'નાં ભણતરો છે. સાધારણ રીતે આફ્રીનગાનનાં ભણતરો છ ગણાય છે અને તેની વિગત નીચે પ્રમાણે છે:

(૧) આફ્રીનગાને અર્દાફ્રવષ: આ આફ્રીનગાન અશો ફ્રરોહરની આરાધના માટે ક્રિયા સાથે ભણવામાં આવે છે. એની ક્ષનુમનમાં અશો લોકોનાં ભલાં, શૂરા અને આબાદી કરનાર ફ્રરોહરોની આરાધના કરવામાં આવે છે. તે પછી કેટલાક ટોળાઓમાં યજશ્નના હા ૬૦ નો 'તાઓ અહ્મિ ન્માન' શબ્દોથી શરૂ થતો કરદો અને કેટલાક ટોળાઓમાં ફ્રરવરદીન યશ્તનો 'યાઓ વીસાધ' શબ્દોથી શરૂ થતો કરદો ભણવામાં આવે છે.

(૨) આફ્રીનગાને ગાથા: આ આફ્રીનગાનનું ભણતર ફ્રરવરદીન યશ્ત (ફ. ૪૯-૫૨ અને ૧૫૬-૧૫૭) ઉપરથી લેવામાં આવ્યું છે; જેમાં અશો લોકોનાં ફ્રરોહરોની આરાધના અને સ્તુતિ કરવામાં આવી છે.

(૩) આફ્રીનગાને દહ્‌માન્: આ ભણતર યજશ્ન, હા ૬૦ (ફ. ૨-૭) ઉપરથી લેવામાં આવ્યું છે. 'આફ્રીનગાને દહ્‌માન્' એ શબ્દોનો અર્થ 'ભલા માણસોનાં આશિર્વાદ' એવો થાય છે. આ ભણતરમાં મુખ્યત્વે ભલી દુઆ અને ભલા આશિર્વાદના કલામો સમાયલા છે.

(૪) આફ્રીનગાને ગાહમ્બાર: વર્ષના છ ગાહમ્બારોના હીંગામ ઉપર ગાહમ્બારનું આફ્રીનગાન ક્રિયા સાથે ભણવામાં આવે છે. 'શકિત તેવી ભકિત.' એ રૂડો જરથોશ્તી નિયમ આ ભણતરમાં જાહેર કરવામાં આવ્યો છે. આ આફ્રીનગાનમાં જણાવવા મુજબ

ગાહમ્બારનાં જશનો[1]માં દરેક જરથોશ્તીએ ફાલો આપવો; પરંતુ તે ફાલો પોતાની શકિત પ્રમાણેજ હોવો જોઈએ. જો આપણી શકિત હોય તો એક પશુની કિંમતની ભેટ આપણે ગાહમ્બારનાં જશનમાં આપીએ, પરંતુ જો તેવી શકિત નહિં હોય તો તેથી ઉતરતી કોઈપણ કિંમતની ભેટ આપણે આપીએ તો પણ તે વાજબી છે. જો કાંઈપણ ચીજ અર્પણ કરવાની આપણી શકિત નહિં હોય તો પણ માત્ર ગાહમ્બારનાં જશનમાં સામેલ થઈ બંદગીનાં કલામો ઉચ્ચાર્યે તો તે પણ એકસરખી રીતે ફાયદેમંદ છે, એમ ગાહમ્બારનાં આફ્રીનગાનમાં જણાવવામાં આવ્યું છે. જરથોશ્તીધર્મનું આ ઉમદા શિક્ષણ ધર્મને નામે શકિત ઉપરાંત ખર્ચ કરવાની મના ફરમાવે છે.

ગાહમ્બારનાં જશનમાં સામેલ થવાનો હકક સર્વથી વધારે કિંમતની ભેટ અર્પણ કરનાર માટેજ અનામત રાખ્યો નથી; પરંતુ 'દીનના ફરમાન મુજબ ચાલનાર, દાનેશમંદ, સાચા સખુન બોલનાર, રાસ્ત, નિર્દોષ અંતઃકરણવાળા, દયાળુ, ધર્મફરમાનોથી માહીતગાર અને અશોઇની રાહે ચાલનાર' કોઇપણ જરથોશ્તી–પછી તે જશનમાં કાંઇપણ ભેટ આપે યા માત્ર અવસ્તાના કલામો પઢી પોતાની હમશરીકી દેખાડે તે દરેક જરથોશ્તીને ગાહમ્બારનાં જશનમાં હમશરીક થઇ ચાશ્ની કરવાનો હકક છે. આ પ્રમાણે ભેટની કિંમત ઉપર એક જરથોશ્તીની લાયકાતનો આધાર રહેતો નથી; પણ તેની લાયકાતનો આધાર તેનાં ચરિત્ર, ઉદ્યોગ અને ભલી જીંદગી ઉપર રહે છે, એવું જરથોસ્તીધર્મનું ઉમદા શિક્ષણ છે.

---

૧ કબીસાની તકરારનાં સંબંધમાં કબીસાનો વિરોધ કરનારા સાહેબો તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે 'ગાહમ્બારની પાજંદ આફ્રીનમાં જણાવવા પ્રમાણે ગાહમ્બારો એ રૂતુઓનાં જશનો નથી; પરંતુ તે દાદાર અહુરમજ્દે આ દુનિયા ઉપર પેદાયશો પેદા કીધી તેની યાદનાં જશનો છે.' આવી મતલબ પાજંદ આફ્રીનનાં લખાણ ઉપરથી ઉપજાવી શકાય; પરંતુ અવસ્તા લખાણો પ્રમાણે આ હકીકત વાજબી નથી. અવસ્તામાં એવું કશું લખાણ નથી; એટલુંજ નહિ પણ તેથી ઉલટું વીસ્પરદ (કરદા ૧–૨)માં ગાહમ્બારોનાં નામોની સમજણ આપવામાં આવી છે, તે ઉપરથી ખુલ્લું માલમ પડે છે કે ગાહમ્બારો રૂતુઓનાં જશનો છે. વળી ગાહમ્બારની પાજંદ આફ્રીનમાં પેદાયશોનો જે અનુક્રમ આપવામાં આવ્યો તે અવસ્તા (યજશ્ન હા ૧૯, ફ. ૨–૪)માં જણાવેલા અનુક્રમથી જુદો છે. આ બીના પણ પુરવાર કરે છે કે પાજંદ આફ્રીનના ઉપલા વિચારો અને તેને લગતા બીજા પહેલવી, પાજંદ પુસ્તકોનાં વિચારો અવસ્તા લખાણોને અનુસરતા નથી.



(૫) આફ્રીનગાને રપિથ્વન: 'રપિથ્વન' યાને ગરમીનાં દિવસો (રોજ ૧ માહ ૧ થી રોજ ૩૦ માહ ૭ સુધી) ઉપર રપિથ્વન ગાહમાં આ ભણુતર ભણવામાં આવે છે. હાલની આપણી ભૂલભરેલી ગણત્રીને લીધે 'રપિથ્વન' એટલે 'ગરમી'નો હીંગામ ગણાતા વખતમાં શીયાળાની રૂતુ પણ આવી જાય છે. દરેક થંડા મુલકમાં શિયાળાની રૂતુ ખતમ થઈ વસંત અને ગરમીની રૂતુ આવવાની લોકો રાહ જુએ છે; અને વસંત રૂતુના આવી પુગવાના વખતને તેઓ કુદરતી રીતેજ મહત્વનો ગણે છે. અસલી ઇરાનના થંડા મુલકોમાં પણ શિયાળો પુરો થઇ 'રપિથ્વન' યાને ગરમીની રૂતુ આવી પુગવાનો અવસર અગત્યનો ગણાતો હતો અને તે પ્રસંગ ધાર્મિક ક્રિયાઓથી ઉજવાતો હતો. આ પ્રસંગની ઉજવણી હજી પણ આપણે ધર્મક્રિયાઓ મારફતે જાળવી રાખી છે; જો કે આપણી ખોટી ગણત્રીનાં પરિણામે હાલે એ પ્રસંગ આપણે ખોટે વખતે ઉજવીએ છીએ. આ 'રપિથ્વન' ગરમી આવી પુગવાના હીંગામ ઉપર આપણે રપિથ્વનનું જશન કર્યે છીએ, તેમાં રપિથ્વનનું આફ્રીનગાન ક્રિયા સાથે ભણવામાં આવે છે. આ ભણતરમાં જણાવવામાં આવ્યું છે કે ક્રિયા સાથની ભેટોથી જે કોઇ રપિથ્વનના હીંગામની ઉજવણી કરે, તેને આ ગેતીની દુનિયાને તરોતાજગીવાળી આબાદ અને ખુશાલ બનાવવાના કામનો ભલો બદલો મળે છે. આ બીના પણ પુરવાર કરે છે કે થંડા મુલકોમાં શિયાળામાં થંડી અને બરફને લીધે લીલોતરી ઉગી શકતી નથી, જમીન બરફથી ભરપૂર ઉજ્જડ વેરાન દેખાય છે, તે વસંત અને ગરમી ('રપિથ્વન')ની રૂતુ આવતાં લીલોતરી અને ફળફલાદીથી ભરપૂર, આબાદ બને છે; તેમ અસલી ઇરાનના થંડા મુલકમાં બનતું હતું[1] (અને અમુક દરજ્જે હાલનાં ઇરાનમાં પણ બને છે); અને તેથીજ 'રપિથ્વન'ના હીંગામની ઉજવણી કરનારને દુનિયા તરોતાજગીવાળી આબાદ કરવાના કામ જેટલો ફાયદો હાંસલ થતો હતો એવો વિચાર આફ્રીનગાને રપિથ્વનમાં દર્શાવવામાં આવ્યો છે.

---

૧ અસલી ઇરાનના સખત શિયાળા વિષેના અવસ્તા સાહિત્યમાં મળતા ઈશારાની વધુ વિગતો માટે જુઓ 'જરથોસ્તી વિષયો'માનો વિષય: 'પારસી–હિંદુ પૂર્વજોનો પ્રાચીન સંબંધ', પા. ૧૮૩–૧૮૬.

**(૬) આફ્રીનગાને સરોશ:** આ ભણુતર યજશ્ન હા ૫૭ (ફ. ૨-૮) ઉપરથી લેવામાં આવ્યું છે.

**સીરોજા.**

સીરોજા (ત્રીસ દીવસો)માં સરોશ અને ફરવરદીન સિવાય મહીનાનાં ત્રીસે રોજની ક્ષ્નુમન અને તે સાથે 'અપાંમ્ નપત્'[1], 'હોમ' અને 'દહમ' યજદોની ક્ષ્નુમન યજશ્નનો ૨૬ મો હા અને આફ્રીનગાનના દીબાચાનું પાજંદ ભણુતર સમાયલાં છે. જો કે સીરોજામાં આવેલી ત્રીસે રોજની ક્ષ્નુમનમાં સરોશ અને ફરવરદીનની ક્ષ્નુમનોનો સમાવેશ થતો નથી, છતાં આ સઘળી ક્ષ્નુમન પછી છેવટનાં ભાગમાં ફરવરદીનની ક્ષ્નુમન આવે છે. સીરોજામાં બે જાતની ક્ષ્નુમન આવે છે; એક 'નાની ક્ષ્નુમન' અને બીજી 'મોટી ક્ષ્નુમન'. નાની ક્ષ્નુમનમાં સાધારણરીતે 'ક્ષ્નવરાને'ના ફકરામાં ભણવામાં આવતી ક્ષ્નુમન હોય છે; જ્યારે મોટી ક્ષ્નુમનમાં આરાધના માટેનો ખાસ શબ્દ 'યજમઇદે' વારંવાર વપરાય છે. નાની ક્ષ્નુમનમાં સઘળા ફરેસ્તાઓની સામટી યાદ કરવામાં આવે છે; જ્યારે મોટી ક્ષ્નુમનમાં દરેકને માટે 'યજમઇદે' શબ્દ વાપરી દરેકની જુદી આરાધના કરવામાં આવે છે.

---

૧ 'અપામ નપત્'નું વિશેષણ 'બેરેજતો' (=બુલંદ) આવે છે, પાછળથી આ 'બેરેજતો વિશેષણ વખત જતાં વિશેષનામ તરીકે વપરાવા લાગ્યું; અને હાલે આ 'બેરેજતો' શબ્દ ઉપરથી આ ફરેસ્તાને 'બરજો યજદ'ના નામેજ ઓળખવામાં આવે છે.



## અવસ્તાના છુટા ભાગો.

**અવસ્તાનાં અપૂર્ણ લખાણો.**

હાલના હૈયાત અવસ્તા સાહિત્યની ટૂંક વિગતો આગલાં પ્રકરણોમાં આપણે જોઇ છે, તે ઉપરાંત કેટલાંક 'અપૂર્ણ અવસ્તા' લખાણો હાલે જળવાઇ રહ્યાં છે; કે જે અસલનાં લખાણોનાં અમુક ભાગો અથવા અમુક ટુકડાઓ છે અને તેનાં બીજા ભાગો ગુમ થયા છે. આ ઉપરાંત પહેલવી તેમજ પાજંદ લખાણોમાં શહાદતો તરીકે અવસ્તાનાં વાકયો ટાંકેલાં મળે છે; કે જે હાલનાં અવસ્તા સાહિત્યમાં કોઇ જગ્યાએ પણ માલમ પડતાં નથી. ખાસ કરીને પહેલવી 'નીરંગસ્તાન' અને 'અએરપતસ્તાન' કે જે અસલનાં 'હુસ્પારમ્' નસ્કનો એક ભાગ ગણાય છે, તેમાં આવા ઘણાક અવસ્તા ફકરાઓ મળે છે, કે જે હાલનાં અવસ્તા સાહિત્યમાં દેખાતા નથી. આવી રીતે અપૂર્ણ હાલતમાં બચી રહેલાં અવસ્તા લખાણો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ૧ હાદોખ્ત નશ્ક. | ૨ આફ્રીને પયગમ્બર જરથોશ્ત. |
| ૩ વીશ્તાસ્પ યશ્ત. | ૪ અવસ્તાના છુટા ફકરાઓ. |

**હાદોખ્ત નશ્ક.**

સાધારણ રીતે 'હાદોખ્ત નશ્ક'ને નામે ઓળખાતાં અવસ્તા લખાણની ત્રણ પરગરદો (પ્રકરણો) હાલે મોજુદ છે. પ્રોફેસર વેસ્ટરગાર્ડે આ હાદોખ્ત નશ્કની પહેલી પરગરદને ૨૧ મી યશ્ત અને બીજી તથા ત્રીજી પરગરદોને ૨૨ મી યશ્ત ગણી છે અને તેને 'યશ્તનો છુટો ભાગ' એવાં નામ હેઠળ મૂકી છે. હાદોખ્ત નશ્કની પહેલી પરગરદમાં 'અષેમ્ વોહૂ'ની બંદગીની ખૂબી અને વખાણ સમાયલી છે. બીજાં પ્રકરણમાં એક અશો માણસનાં ગુજરવા પછી ત્રણ દિવસ સુધી તેનાં રવાનની સુખી હાલત અને ત્યારપછી તેની બહેસ્ત તરફની મુસાફરીનું ઘણું અસરકારક અને બોધદાયક વર્ણન કરવામાં આવ્યું છે. ત્રીજી પરગરદમાં એક બુરા માણસનાં ગુજર પામવા પછી ત્રણ દિવસો સુધી તેનાં રવાનની દુ:ખી હાલત

અને પીડાકારી તેમજ ત્યારપછી દોજખ તરફની તેની મુસાફરીનું ગંભીર વિચાર ઉત્પન્ન કરનારૂં અને ઘણું નસિહત કરનારૂં ચિત્ર આપવામાં આવ્યું છે.

**આફ્રીને જરથોશ્ત.** પ્રોફેસર વેસ્ટરગાર્ડ આ આફ્રીનને ૨૩ મી યશ્ત ગણે છે. હાદોખ્ત નશ્કની માફક એનો પણ ફકત એક ભાગ બચી રહ્યો છે. આ આફ્રીનમાં પયગમ્બર અશો જરથુશ્ત્ર પોતાના શહેનશાહ કયગુશ્તાસ્પને ભલી દુઆઓ આપે છે.

**વિશ્તાસ્પ યશ્ત.** આ યશ્તનું લખાણ થોડા હસ્તલેખોમાં મળે છે; ઘણા હસ્ત-લેખોમાં તે મળતું નથી. વળી આ યશ્તના અવસ્તા બગડેલી હાલતમાં છે. આ યશ્તનો શરૂઆતનો ભાગ યશ્ત ૨૩ મીને કાંઈક મળતો આવે છે; જ્યારે છેવટનો ભાગ હાદોખ્ત નશ્ક (યશ્ત ૨૨ મી)ને મળતો આવે છે. આ યશ્તમાં અશો જરથુશ્ત્ર શાહ વિશ્તાસ્પને ભલી જરથોશ્તી દીન સ્વીકારવા આગ્રહ કરે છે તે બીના સમાયલી છે; તે ઉપરથી આ યશ્તનું નામ 'વીશ્તાસ્પ યશ્ત' આપવામાં આવ્યું છે.

શરૂઆતની દુઆગુજારી પછી આ યશ્તમાં અશો જરથુશ્ત્ર દાદાર અહુરમજ્દની ભલી દીન વિષે શાહ વિશ્તાસ્પને સમજણ આપે છે; અને ભલી દીનનો સ્વીકાર કરવા દાદાર અહુરમજ્દનાં નામથી તેને વિનંતિ કરે છે. તેમ કરતાં અવસ્તા લખાણોમાંથી જરથોશ્તી દીનની ઉત્તમતા દેખાડનારા કેટલાક ફકરાઓ આ યશ્તમાં ટાંકવામાં આવ્યા છે. વળી એવું માલમ પડે છે કે શાહ વિશ્તાસ્પ સાથે અશો જરથુશ્ત્રે કરેલી વાતચીતની વિગતો અસલ અવસ્તા લખાણોમાં નોંધાયલી હશે (કે જે અસલ અવસ્તા લખાણો હાલે બચી રહ્યાં નથી), તે લખાણોમાંથી લાયક ફકરાઓ આ યશ્તમાં દાખલ કરવામાં આવ્યા છે; અને તેથી આ યશ્તનું લખાણ સીલ-સીલાબંધ મળતું નથી; પરંતુ ઘણા ઉતારાઓ અને ટાંચણોનું તે બનેલું છે.

આ યશ્તમાં અશો જરથુશ્ત્ર, ભલી દુઆ ગુજાર્યા પછી શાહ વિશ્તાસ્પ ઉપરાંત, દીન-આગાહ જામાસ્પને અને અશોનર ફ્રષઓશ્ત્રને પણ



HANSA MEHTA

દાદાર અહુરમજ્દનાં, અમેશાસ્પંદોનાં અને યઝદોનાં નામથી ભલી દીનનો સ્વીકાર કરી દુનિયા ઉપર તેનો ફેલાવો કરવા વિનંતિ કરે છે. ઉપર જણાવ્યું તેમ આ યશ્તમાં ભલી મઝદયસ્ની દીન કબુલ કરવાથી થનારા અસંખ્ય ફાયદાઓનું વર્ણન શાહ વિશ્તાસ્પ, જામાસ્પ અને ફ્રષઓશ્ત્ર આગળ અશો જરથુશ્ત્ર રજુ કરે છે; અને તેઓ ભલી દીનને લગતા ખુલાસા અશો જરથુશ્ત્રથી મેળવે છે. આ યશ્તના છેવટનાં ભાગમાં એક અગત્યની બાબદ જળવાઈ રહી છે તે ફ્રષઓશ્ત્ર અને દાદાર અહુરમજ્દ વચ્ચે થયલી ગોફતેગો છે. અશો જરથુશ્ત્ર અને ફ્રષઓશ્ત્ર વચ્ચેની વાતચીતની વિગત યજશ્ન હા ૭૧ માં મળે છે. આ બે જગ્યાઓ સિવાય ફ્રષઓશ્ત્રે અશો જરથુશ્ત્ર કે દાદાર અહુરમજ્દ સાથે કરેલી વાતચીતની વિગતો અવસ્તા સાહિત્યમાં બીજે ઠેકાણે મળતી નથી. આ યશ્તનો છેવટનો ભાગ હાદોખ્ત નશ્ક (યશ્ત ૨૨ મી)ને મળતો આવે છે. હાદોખ્ત નશ્કમાં અશો જરથુશ્ત્ર દાદાર અહુરમજ્દને મરણ પછી રવાનની હાલત વિષે સવાલો પૂછે છે અને તેનાં જવાબો મેળવે છે; આ ૨૪ મી યશ્તમાં એવાજ સવાલો ફ્રષઓશ્ત્ર પુછે છે; અને દાદાર અહુરમજ્દ તેના જવાબો આપે છે.

**અવસ્તાના પરચુરણ ફકરાઓ.** અવસ્તાના છુટા ભાગો ઉપરાંત અવસ્તાના છુટા ફકરાઓ, વાકયો અથવા શબ્દો જળવાઈ રહેલાં મળે છે. કેટલાક છુટા ફકરાઓ અવસ્તાના કેટલાક હસ્તલેખમાં આપવામાં આવ્યા છે. આ ફકરાઓ માંહેલા કેટલાક ક્રિયા કરતી વખતે ભણવામાં આવે છે. કેટલાંક અવસ્તા વાકયો અથવા શબ્દો પહેલવી પુસ્તકોમાં જળવાઈ રહ્યા છે. અસલ હસ્તી ધરાવતાં (પણ હાલે નાશ પામેલાં) અવસ્તા નસ્કોમાંથી અવસ્તા શહાદતો કેટલાંક પહેલવી પુસ્તકોમાં આપવામાં આવી છે. આવી શહાદતો તરીકે મૂળ અવસ્તા લખાણોનાં શરૂ-આતનાં વાકયો અથવા શબ્દો પહેલવી પુસ્તકોમાં ટાંકવામાં આવ્યાં છે અને તેથી એ વાકયો અને શબ્દો જળવાઈ રહ્યાં છે. આ મુજબ આ લખાણો માત્ર છુટાં શબ્દો, વાકયો કે ફકરાઓનાં રૂપમાં હોવાથી તેમાં સીલસીલાબંધ લખાણ ઘણું થોડું મળે છે.

આવા અવસ્તાના છુટા ફકરાઓ, વાકયો કે શબ્દોનાં નીચે મુજબ ૮ સંગ્રહો કરવામાં આવ્યા છે; અને તેનો તરજુમો અથવા ભાવાર્થ પ્રો. દારમેસ્ટેટેએ Sacred Books of the East, Vol. IV માં આપ્યો છે.

આ સંગ્રહ અને તેની ટૂંક વિગત નિચે મુજબ રજુ કરી શકાય:

**૧ વેસ્ટરગાર્ડ ફ્રેગમેન્ટ્સ**—પ્રો. વેસ્ટરગાર્ડે પોતાના અવસ્તા પુસ્તકમાં આપેલા ફકરાઓ. આ સંગ્રહમાં 'વીસ્પ હુમત' શબ્દોથી શરૂ થતો ફકરો; અઇર્યમનની બંદગીનો ફકરો; સીરોજામાંની કેટલીક ક્ષ્નુમનો; યજશ્નમાં વપરાતાં 'જીવામ' (દૂધ) લેવાની ક્રિયામાં તેમજ પરગણાની ક્રિયામાં જોર કાઢવાની ક્રિયામાં ભણવાના ફકરાઓ તેમજ બીજા ફકરાઓનો સમાવેશ થાય છે.

'વીસ્પ હુમત'ની બંદગી બોધ શિખાડે છે કે: સારા વિચાર, વચન અને કામો બુદ્ધિથી થયલાં છે; અને તે માણસને બહેસ્ત તરફ લઇ જાય છે. તેથી ઉલટું, બુરા વિચાર, વચન અને કામો કમબુદ્ધિવાળાં છે; અને તે માણસને દોજખ તરફ લઇ જાય છે.

**૨ ઝંદ-પહેલવી ફરહંગ**માં આવેલાં અવસ્તા વાકયો અને શબ્દો.

**૩ યજશ્નના પહેલવી તરજુમાની શરેહ**માં શહાદત તરીકે ટાંકવામાં આવેલાં અવસ્તા વાકયો યા શબ્દો.

**૪ વંદિદાદના પહેલવી તરજુમાની શરેહ**માં શહાદત તરીકે ટાંકવામાં આવેલાં અવસ્તા વાકયો યા શબ્દો.

**૫ તહેમુરસ ફ્રેગમેન્ટ્સ**—મરહુમ વિદ્વાન એર્વદ તહેમુરસ દીનશાહ અંકલેસરીઆની લાયબ્રેરીના કિંમતી પહેલવી હસ્તલેખોમાં મળતાં અવસ્તા વાકયો અને શબ્દો. આ સંગ્રહમાં ૫૩ નાના મોટાં વાકયો અને શબ્દોનો સમાવેશ થાય છે; જેમાંનાં કેટલાંક નીતિવાચક વાકયોનો ભાવાર્થ નીચે મુજબ છે:

(૧) મનના ભલા વિચાર, જીભના ભલા સખુન અને હાથના ભલાં કામો મળીને સદ્દગુણી જીંદગી બને છે.



(૨) દુન્યવી દોલત મેળવવા ખાતર તું મીનોઇ દુનિયાને તરછોડતો ના.

(૩) જે માણસ અશોઇમાં શૂરો નથી તે શૂરો કહેવાય નહિં; જે માણસ અશોઇમાં જોરાવર નથી તે જોરાવર કહેવાય નહિ.

(૪) જે માણસ અશો માણસને ખુશી કરતો નથી તે કોઇને ખુશી કરતો નથી.

(૫) જે માણસ બુરા માણસને સખાવત કરે છે તે અશોઇનો ઘટાડો કરે છે.

(૬) જે માણસ બુરા માણસને માટે ભલો છે તે પોતે બુરો છે (યજશ્ન હા ૪૬, ફ. ૬).[1]

**૬ એરપતસ્તાન્ અને નીરંગસ્તાન્**—આ અવસ્તા-પહેલવી કેતાબમાં મળતાં અવસ્તાનાં છુટાં લખાણો. આ પુસ્તકમાં ધર્મગુરૂ, તેની કેળવણી, લાયકાત, ફરજો તેમજ ભણતર અને ક્રિયામાર્ગની સમજણ અને સૂચનાઓ આપવામાં આવી છે; અને તેને લગતા અવસ્તા ફકરાઓ અવસ્તા નસ્કમાંથી ટાંકવામાં આવ્યા છે. આ અગત્યનું પુસ્તક '**હુસ્પારમ**' નસ્કનો એક ભાગ છે.

**૭ ખોરદેહ અવસ્તાની કેટલીક કેતાબમાં તેમજ પહેલવી કોલોફોનોમાં ટાંકેલાં વાકયો**—આ સંગ્રહમાં ઘણું જાણીતું બોધદાયક અવસ્તા વાકય કે જે ઘણા પહેલવી કૉલોફોનોમાં મળે છે, તેનો સમાવેશ થાય છે; કે જે નીચે મુજબ છે:

**અએવો પન્તાઓ યો અષહે,**
**વીસ્પે અન્યએષાંમ્ અપન્તાંમ્**

'માર્ગ માત્ર એકજ છે અને તે અશોઇનો માર્ગ; બીજા સઘળા માર્ગો ખોટા છે.'

**૮ અઓગમદએચા** નામનાં પાજંદ લખાણમાં ટાંકેલાં અવસ્તા વાકયો. આ પાજંદ લખાણમાં મરણ ઉપર ગંભીર અને બોધદાયક

---

[1] આ સંગ્રહમાં આવેલા કેટલાક ફકરાઓ શેઠ બહેરામગોર તે. અંકલેસરીઆએ પોતાની **યશ્તોની** કેતાબમાં પ્રગટ કર્યા છે.

વાએજ આપવામાં આવી છે. આ લખાણની શરૂઆતમાં યજશ્ન હા ૭ ફ. ૨૪ તેમજ હા ૪૧ ફ. ૫ માં આવતા શબ્દો ટાંકવામાં આવ્યા છે; અને તેના પહેલા શબ્દ ઉપરથી એ લખાણ **અઓગમદએચા** નામથી ઓળખાય છે. આ લખાણમાં આવતાં અવસ્તા વાકયો મરણ વિષે ગંભીર બોધદાયક સબકો શિખાડે છે કે:

(૧) અશો માણસનું રવાન બહેસ્તમાં જાય છે, અને યજદો તેને આવકાર આપે છે.

(૨) દરેક માણસે એવી વર્તણુંક રાખવી, કે જેથી મરણ બાદ તેને બહેસ્ત મળે.

(૩) ઓ નાશવંત શરીર! તારાં મનથી હંમેશાં સારા વિચાર કર, તારા મોઢાં વડે સારાં સખુનો ઉચ્ચાર, અને તારા હાથો વડે સારાં કામો કર!

(૪) ઓ નાશવંત શરીર! તારાં બુરાં કાર્યોથી અંધારા દોજખમાં તું મને ના નાખ!

(૫) અહરેમનની દોરવણીથી માણસ મરણને ભૂલી જાય છે; વખત શું કામ કરે છે તે તે ધ્યાનમાં રાખતો નથી; અને પોતાના અહંકાર અને ઇચ્છા પ્રમાણે કાર્ય કરે છે. તે પોતાના અહંકારથી મસ્ત બને છે; અને છેવટનો વખત આવી પૂગે ત્યારે તે પોતાનાં કાર્યો માટે દિલગીર અને નિરાશ થાય છે.

(૬) માણસે હંમેશાં મરણને ધ્યાનમાં રાખવું જોઇએ. જો કોઈ એમ કહે કે: 'દુનિયામાં કોઇ પણ માણસ મરણ પામનાર છે', તો દરેક માણસે વિચારવું કે: 'કદાચ હું મરણ પામું!' માણસને સમજશકિત હોય તો તેણે જાણવું જોઇએ કે દરેક માણસ મરણને આધીન છે.

(૭) જ્યારે માણસ મુસાફરીએ નીકળે છે ત્યારે તે પોતાની સાથે સામાન, ખોરાકી વિગેરે લઈ જાય છે. જો તે એક દિવસની મુસાફરીએ જાય તો બે દિવસની ખોરાકી સાથે લઈ



જાય; જો બે દિવસની મુસાફરી હોય તો ત્રણ દિવસની ખોરાકી સાથે રાખે; જો તે ૧૦ દિવસની મુસાફરીએ જાય તો ૧૫ દિવસની ખોરાકી સાથે લઇ જાય; અને વળી તે એવી આશા સાથે મુસાફરીએ જાય કે તે તનદુરસ્તી ભરેલો પાછો આવશે અને પોતાના મિત્રો અને માતપિતાને ફરીથી મળશે. પાછા ફરવાની પૂરી આશા સાથે માણસ થોડા વખતને માટે મુસાફરીએ નીકળે છે ત્યારે તે પોતાની સાથે આ પ્રમાણે જોઇએ તે કરતાં વધારે ખોરાકી લઈ જાય છે; તો નહિં અટકાવી શકાય એવી અને હંમેશગીની મુસાફરી (એટલે મરણ) માટે માણસે કેવી મોટી તૈયારી કરી રાખવી જોઇએ?

(૮) માણસનું શરીર નાશવંત છે. કેટલું અજબ જેવું કે મરણને આધીન માણસ બીજાનો નાશ કરવા ઇચ્છે છે! કેટલું અજબ જેવું કે મરણને આધીન માણસ બીજાનાં બચ્ચાં અને તેની માલમીલકતનો નાશ કરવા ઇચ્છે છે! દરેક માણસે સમજવું જોઇએ કે તે પોતે પણ મરણને આધીન છે.

(૯) દયા વગરનો તે છે કે જે માત્ર પોતા તરફજ દયા દેખાડે. (એટલે બીજાની દરકાર નહિં કરે).

(૧૦) એક દિવસ અથવા રાત આવશેજ કે જ્યારે ધણીને ગાય ઢોર છોડવાં પડશે; ગાય ઢોરો ધણીને છોડી જશે; રવાન આશાવંત શરીરને છોડી જશે! પરંતુ એક માણસના શ્રેષ્ઠ અને ઉમદા સદ્દગુણો કદી પણ તેને છોડશે નહિં!

(૧૧) ધર્મગુરૂ કે રાજા મહારાજા, રાય કે રંક, અશો માણસ કે બુરો માણસ—કોઈ પણ મૃત્યુનાં હાથમાંથી છટકયું નથી અને છટકનાર નથી, પછી તે માણસ આકાશમાં ઉંચે ઉડે કે પાતાળમાં છુપાઈ જાય!

(૧૨) મૃત્યુદેવ લાલચને વશ થતો નથી; તેને માણસ લાલચ આપીને દૂર કરી શકતો નથી. મૃત્યુદેવ કોઇની દરકાર કરતો નથી; અને અણદીઠ રીતે માણસનો નાશ કરે છે.

(૧૩) એક બુરો માણુસ ઢોર, બકરાં મેઢાં, અનાજ વિગેરે મેળવે છે; પણ તે સારાં કામોનો જથ્થો મેળવતો નથી.

(૧૪) ઓ માણુસો! સારાં કામોનો જથ્થો મેળવો; તેમાંજ તમારૂં કલ્યાણ છે!

(૧૫) ગાય, બળદ, ઘોડા, સોનુ, રૂપુ, તેમજ જોરેમંદ શરીર છેવટે ખાકમાં મળી જશે; પણ સારાં કામો અમર રહેશે!

(૧૬) ગયોમર્દ, હોશંગ, જમશેદ, ઝોહાક, ફરેદુન વિગેરે જોરેમંદ અને બળવંત પાદશાહો પણ મરણની સામે લડી શક્યા નહિં; અને છેવટે તેઓને પણ મરણને શરણ થવું પડયું!

આ ઉપરાંત બીજી પહેલવી તેમજ પાજંદ કેતાબોમાં અવસ્તાનાં કેટલાક ફકરાઓ, વાકયો કે બીજા શબ્દો સચવાઇ રહેલાં મળે છે.

: સમાપ્ત. :

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE ISSUED

SHML
G17462

ENTERED

G.17462

NOT TO BE ISSUED

7 BL
1515
.M4A8

G.17462